સારસંગ્રહ શ્રેણિ નં. ૨

# દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા

(સારસંગ્રહ)



–આ. વિજયસંયમબોધિસૂરિ

શાસનપતિ શ્રી મહાવીરસ્વામિને નમઃ
શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષ-રાજેન્દ્ર-હેમચંદ્રગુરુભ્યો નમઃ

**પ.પૂ.ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય**
**શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત**

# દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા

## પ્રકરણનો

## (સારસંગ્રહ)


—: સંગ્રહકાર :—
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્
**વિજયહેમચંદ્રસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્યરત્ન
પ.પૂ.આચાર્ય શ્રી **વિજયસંયમબોધિસૂરિજી** મ.સા.



-: પ્રકાશક :-
**જૈનમ્ પરિવાર રિલીજીયસ ટ્રસ્ટ**
૨૨, નાકોડા પાર્ક, સિનેપ્રાઇડની ગલીમાં,
કૃષ્ણનગર-નરોડા રોડ,
અમદાવાદ-૩૮૨ ૩૪૬

| | |
|---|---|
| ગ્રંથનું નામ | : દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા સારસંગ્રહ |
| મૂળ ગ્રંથ | : દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા |
| મૂળ ગ્રંથ પ્રમાણ | : ૧૦૨૪ ગાથા |
| ટીકા ગ્રંથ પ્રમાણ | : ૪૦૨૬ શ્લોક |
| સંપૂર્ણ ગ્રંથ પ્રમાણ | : ૫૦૫૦ શ્લોક |
| મૂળ ગ્રંથકાર | : મહામહોપાધ્યાય પ.પૂ. યશોવિજયજી મ.સા. |
| ટીકાકાર | : મહામહોપાધ્યાય પ.પૂ. યશોવિજયજી મ.સા. |
| ગ્રંથ વિષય | : તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ અને યોગ |
| સારસંગ્રહકાર | : પ.પૂ. પ્રાચીન શ્રુતસમુદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ **વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.** ના શિષ્યરત્ન પ.પૂ.આચાર્ય શ્રી **વિજયસંયમબોધિસૂરિજી મ.સા.** |
| રચના સંવત | : વિ.સં.૨૦૭૬, ઇ.સ.૨૦૨૦ |
| પ્રકાશન સંવત | : વિ.સં.૨૦૭૭, ઇ.સ.૨૦૨૧ |
| પૃષ્ઠ પ્રમાણ | : ૨૩૨ પાના |
| આવૃત્તિ નકલ | : ૧૫૦૦ |
| ગ્રંથ મૂલ્ય | : રૂા. ૨૦૦/- |
| પ્રકાશક | : જૈનમ્ પરિવાર રિલીજીયસ ટ્રસ્ટ |

**-: પ્રાપ્તિ સ્થાન :-**

૧) **જૈનમ્ પરિવાર**
ભુવનભાનુસૂરિ શાસન સેવા સદન, ૨૨, નાકોડા પાર્ક, કૃષ્ણનગર, નરોડા રોડ, અમદાવાદ-૩૮૨ ૩૪૬ મો. ૮૯૮૦૧૨૧૭૧૨

૨) **દેવાંગ અરવિંદભાઇ શાહ**, મુંબઇ. મો. ૯૮૧૯૦ ૯૨૪૨૮

૩) **ઉત્સવ શાહ**, સુરત. મો. ૮૦૦૦૦૭૮૪૯૫

૪) **અમિતભાઇ શાહ**, વડોદરા. મો. ૯૮૯૮૫૮૬૨૨૪

૫) **સૌમ્યભાઇ શેઠ**, પાલડી, અમદાવાદ. મો. ૯૦૯૯૨૭૭૮૩

## પ્રાસ્તાવિકમ્

# શ્રેષ્ઠ શ્રીમંતાઇ



રશિયાના પ્રખ્યાત લેખક, ગર્ભશ્રીમંત ઉમરાવ અને જમીનદાર લિયો ટોલ્સટોય એકવાર વનપરિભ્રમણ કરતા ભૂલા પડી ગયા. કેડીથી થોડે દૂર વૃક્ષની ઘટાઓમાં એક જીર્ણશીર્ણ ઝૂંપડી જોતા રસ્તો પૂછવા ગયા. ત્યાં માત્ર ૧૨ વર્ષની ઉંમરના કિશોરને જોતાં જ મનની કોમળ લાગણીઓ ઉભરાઇ ગઇ. માથે હાથ ફેરવીને કિશોરને પૂછ્યું—'બેટા ! ગરીબાઇના કારણે ખૂબ તકલીફ પડતી હશે ને ?'—અને ટોલ્સટોયના આશ્ચર્ય વચ્ચે તેજસ્વી આંખો ધરાવતા કિશોરે કહ્યું- 'ના ! અમે તો જગતના સર્વશ્રેષ્ઠ શ્રીમંત છીએ !!!' ટોલ્સટોયે ઝીણી આંખ કરી પૂછ્યું—'કઇ રીતે !' કિશોરે જવાબ આપ્યો-'જ્યારથી શ્રેષ્ઠ ઉમરાવ અને વિદ્વાન લિયો ટોલ્સટોયે અમારા ઘરે પગ મૂક્યો, ત્યારથી ગરીબાઇ ભાગી ગઇ અને અમે શ્રેષ્ઠ શ્રીમંત બની ગયા છીએ. ટોલ્સટોયશ્રી ગરીબ ઘરમાં ક્યાંથી પગ મૂકે ?' પ્રભાવિત થયેલા ટોલ્સટોયે બાળકને સુવર્ણમહોરોથી નવડાવી દીધો...

એક ચિંતક-લેખકની હાજરી ઘરને શ્રીમંતાઇનો અનુભવ કરાવી શકે, તો જિનશાસનના અદ્ભૂત ગ્રંથરત્નોના સર્જક અને પૂર્વધર સમકક્ષ શ્રુતમનિષી આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના શ્રુતનિચોડના અવતરણોથી તથા પદાર્થોથી અત્યંત સમૃદ્ધ બત્રીશ-બત્રીશી ગ્રંથનો સ્વાધ્યાય જ્ઞાન—અનુભવની ઉચ્ચતમ શ્રીમંતાઇનો અનુભવ કરાવ્યા વિના કેમ રહે ?..—

માં સરસ્વતીની કૃપા તથા ગુરુઅનુગ્રહના પ્રભાવથી સમૃદ્ધ તેજોમય પ્રજ્ઞાતિશયથી રચાયેલ ગ્રંથમાં પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાએ અનેકાનેક અધ્યાત્મ અને યોગવિષયના ગ્રંથોના પદાર્થોનો સંગ્રહ તથા સ્પષ્ટીકરણ કરેલ છે.

જિનશાસનના અધ્યાત્મમાર્ગને સમજવા સર્ચલાઇટ સમા આ ગ્રંથ પર અનેકાનેક વિદ્વાનશિરોમણિ મહાપુરૂષોએ ટીકા, ભાવાનુવાદ, પરિશીલન, વિવેચન આદિ રચેલા છે...તે મહાપુરૂષોની ઉપકાર-વર્ષાને

નતમસ્તક વંદના... અલ્પ ક્ષયોપશમ ધરાવનારા સંક્ષેપરૂચિ પુણ્યાત્માઓની ભક્તિ માટે તથા શ્રુતપિપાસુ સંક્ષેપરૂચિ શ્રાવક-શ્રાવિકાગણની સહાયતા માટે આ સારસંગ્રહ ગ્રંથ તૈયાર કરેલ છે. આવા ગ્રંથો એ 'Appetizer' 'રૂચિ ઉત્તેજક' સ્વરૂપે કામ કરી મૂળ ગ્રંથના અભ્યાસ માટે જિજ્ઞાસુઓને તત્પર બનાવવાનું કામ કરે છે. 'બત્રીશ-બત્રીશી સારસંગ્રહ' એ એક અપેક્ષાએ સંગ્રહગ્રંથનો પણ સંગ્રહગ્રંથ થયો...

મૂળ ગ્રંથના પદાર્થોને સારસંગ્રહમાં લઇ ટીકામાં આવતા અદ્‌ભૂત પદાર્થોને પરિશિષ્ટમાં લીધેલ છે. પરિશિષ્ટના પદાર્થો આગળ ગ્રંથમાં નહીં મળે તેથી મૂળ સારસંગ્રહ તથા બન્ને પરિશિષ્ટનું અધ્યયન જરૂરી છે. પ.પૂ.મહોપાધ્યાયજી યશોવિજયજી મહારાજાની ઐદંપર્યાર્થગ્રાહી પ્રજ્ઞાનો ઉન્મેષ ટીકા ગ્રંથના પદાર્થોમાં જ જોવા મળશે. સતેજ દીવાદાંડી જેવા સચોટ પદાર્થો શુભમાં વિકાસ માટે ઢાળનું અને અશુભથી અટકવા બમ્પનું કામ કરશે...

પ.પૂ.પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષ-રાજેન્દ્ર-હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા આદિ સુગૃહિતનામધેય ગુરુપરંપરાનો અનુગ્રહ તમામ સુકૃતોના મૂળમાં છે.

મુનિવરશ્રી જિન-કૃપા-તારક-પરાર્થ-ધન્ય-શાસન-વર્ધમાનબોધિવિજયજી આદિ સહવર્તી મુનિવરોની સહાયતા બહુ મજબૂત પીઠબળ બની રહે છે.

લોકડાઉનના સમયમાં પણ જોઇતા તમામ પુસ્તકો વારંવાર પૂરા પાડનાર શ્રી ઉમરા જૈન સંઘના શ્રી સુધર્મસ્વામિ જ્ઞાનભંડારના કાર્યવાહકો તથા કર્મચારીઓની ખૂબ ખૂબ અનુમોદના...

શ્રી ઉમરા સંઘમાં જ તૈયાર થયેલ સારસંગ્રહના પ્રકાશનનો ઉદારતાથી લાભ લેનાર શ્રી ઉમરા જૈન સંઘના ઉદારચરિત ટ્રસ્ટીગણની અંતરથી અનુમોદના..

મુદ્રણકાર્યના સદાના સહાયક શુભાય આર્ટસ્ દિનેશભાઇ મુડકર્ણીનો સ્તુત્ય સહયોગ પ્રશંસનીય છે.

પ્રાન્તે, સાગરને ગાગરમાં અને સિંધુને બિંદુમાં સમાવવાની ચેષ્ટારૂપ સારસંગ્રહ ગ્રંથના વારંવાર અભ્યાસ દ્વારા અધ્યાત્મમાર્ગની પ્રાપ્તિ થાઓ અને આનંદમંગલની શાશ્વત છોળમાં મહાલવા મળો એવી પરમકૃપાળુ પરમાત્માને નતમસ્તક પ્રાર્થના...

—વિજયસંયમબોધિસૂરિ...

# પ્રકાશકીય



પ.પૂ. સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા** તથા પ.પૂ. પ્રાચીનશ્રુતોદ્ધારક વૈરાગ્યદેશનાદક્ષ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના અનુજ્ઞા–આશિર્વાદથી પ્રારબ્ધ સારસંગ્રહ શ્રેણિનું બીજું પુષ્પ–**'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા સારસંગ્રહ'** પ્રકાશિત કરતા અત્યંત ગૌરવ તથા આનંદની અનુભૂતિ થાય છે. પ.પૂ. સરસ્વતીપુત્રસમા આચાર્યદેવ શ્રીમદ્ **હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા** રચિત વિવિધ પ્રકરણોના પદાર્થોનાં ઉદ્ધરણરૂપ પરમ પૂજ્ય મહોપાધ્યાયજી **શ્રી યશોવિજયજી મહારાજા** રચિત આ ગ્રંથ જૈનજગતમાં બત્રીશ બત્રીશીના નામે પ્રસિદ્ધ છે. આવા મહાપુરૂષોની શ્રુતપ્રસાદીને પ્રકટ કરવાનું સૌભાગ્ય મળતા અમારો મનમયુર નાચી ઉઠ્યો છે.

પ.પૂ. ગ્રીષ્મ યુવા ઉપધાનતપ પ્રેરક આચાર્યદેવ શ્રીમદ્ **વિજયસંયમબોધિસૂરિજી** મ.સા.ના કુશળ સંપાદન હેઠળ સંપાદિત આ ગ્રંથને પણ વિદ્વજ્જગત્માંથી પૂર્વપ્રકાશિત **'સંવેગરંગશાલા સારસંગ્રહ'** જેવો જ ઉમળકાભર્યો આવકાર મળશે એવો અમને દૃઢ વિશ્વાસ છે. સંસ્કૃત–પ્રાકૃત ભાષાથી અજાણ આત્માઓને પણ લાભદાયી થઇ શકે તેવી સરળ ભાષામાં તૈયાર થઇ રહેલ આ ગ્રંથ વ્યાખ્યાનકારો, વિચારકો, લેખકો આદિને અનેક રીતે ઉપયોગી બની રહેશે એવી આશા રાખીએ છીએ...

લોકડાઉનના સમયમાં સંપાદિત આ ગ્રંથના પ્રકાશનનો લાભ **શ્રી ઉમરા શ્વે.મૂ.પૂ. જૈન સંઘે** પોતાના જ્ઞાનનિધિમાંથી લઇ જબ્બર શ્રુતભક્તિ પ્રકટ કરી છે. શ્રી સંઘની અંતરથી અનુમોદના...

સુંદર–સ્વચ્છ મુદ્રણ કરી આપનાર **શુભાય આર્ટ**ના **દિનેશ મુડકર્ણી**નો સહકાર પણ સ્તુત્ય છે. અન્ય સર્વે નામી–અનામી સહયોગીઓનો આભાર...

પ્રાન્તે, શાસનસેવાના વિવિધ સત્કાર્યોમાં કેલાતી અમારી પ્રવૃત્તિઓમાં સકલ સંઘના શુભાશિષ–સહકારનું બળ પૂરાતું રહે તથા સ્વ–પરકલ્યાણને સાધી શકીએ એ જ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના...

**લિ...**

**જૈનમ્ પરિવાર રિલીજીયસ ટ્રસ્ટના**

**પ્રણામ**

awpixel

# અનુમોદના

અનુમોદના...
અનુમોદના...

પ.પૂ.મહામહોપાધ્યાય
**શ્રી યશોવિજયજી મહારાજા** રચિત
**'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા'** (બત્રીશ બત્રીશી)
ગ્રંથ પર પ.પૂ. સહસ્રકૂટતપારાધક આચાર્યદેવ શ્રીમદ્
**વિજયસંયમબોધિસૂરીશ્વરજી** મહારાજા દ્વારા આલેખિત
**'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા સારસંગ્રહ'** ના પ્રકાશનનો લાભ

## શ્રી ઉમરા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

**મલબાર હિલ, સોમનાથ મહાદેવ રોડ,**
**સરગમ શોપિંગ સેન્ટરની પાછળ, પાર્લેપોઇન્ટ, સુરત.**

પોતાના જ્ઞાનનિધિમાંથી ખૂબ ઉદારતાપૂર્વક લીધેલ છે.
સંઘના શ્રુતપ્રેમ, સાધુપ્રેમ અને સુકૃતપ્રેમની
ખૂબ ખૂબ અનુમોદના...

# વિષયાનુક્રમ


| વિષય | પાના નં. |
|---|---|
| દાન બત્રીશી | ૧ |
| દેશના બત્રીશી | ૯ |
| માર્ગ બત્રીશી | ૧૪ |
| જિનમહત્ત્વ બત્રીશી | ૧૮ |
| ભક્તિ બત્રીશી | ૨૩ |
| સાધુસામગ્ર્ય બત્રીશી | ૨૯ |
| ધર્મવ્યવસ્થા બત્રીશી | ૩૫ |
| વાદ બત્રીશી | ૪૦ |
| કથા બત્રીશી | ૪૬ |
| યોગલક્ષણ બત્રીશી | ૫૨ |
| પાતંજલયોગ લક્ષણ બત્રીશી | ૬૦ |
| પૂર્વસેવા બત્રીશી | ૬૫ |
| મુક્ત્યદ્વેષ બત્રીશી | ૭૧ |
| અપુનર્બંધક બત્રીશી | ૭૭ |
| સમ્યગ્દષ્ટિ બત્રીશી | ૮૩ |
| ઇશાનુગ્રહ બત્રીશી | ૮૬ |
| દૈવપુરૂષકાર બત્રીશી | ૯૧ |
| યોગભેદ બત્રીશી | ૯૫ |
| યોગવિવેક બત્રીશી | ૧૦૧ |
| યોગાવતાર બત્રીશી | ૧૦૭ |

| વિષય | પાના નં. |
|---|---|
| મિત્રા બત્રીશી | ૧૧૫ |
| તારાદિત્રય બત્રીશી | ૧૨૦ |
| કુતર્કગ્રહનિવૃત્તિ બત્રીશી | ૧૨૬ |
| સદ્દૃષ્ટિ બત્રીશી | ૧૩૧ |
| ક્લેશહાનોપાય બત્રીશી | ૧૩૭ |
| યોગમાહાત્મ્ય બત્રીશી | ૧૪૨ |
| ભિક્ષુ બત્રીશી | ૧૫૧ |
| દીક્ષા બત્રીશી | ૧૫૮ |
| વિનય બત્રીશી | ૧૬૪ |
| કેવલીભુક્તિ બત્રીશી | ૧૬૯ |
| મુક્તિ બત્રીશી | ૧૭૪ |
| સજ્જનસ્તુતિ બત્રીશી | ૧૭૭ |
| પરિશિષ્ટ–૧ | ૧૮૦ |
| બત્રીશ બત્રીશીના ચૂંટેલા શ્લોકો | |
| પરિશિષ્ટ–૨ | ૨૦૫ |
| સ્વોપજ્ઞ ટીકાના માર્મિક ચમકારાઓ | |

## સુપાત્રદાન



## અનુકંપાદાન



શ્રી આદિ-શાન્તિ-નેમિ-પાર્શ્વ-વીરજિનેભ્યો નમઃ
શ્રી ગૌતમ-સુધર્મઆદિગણસંપત્સમૃદ્ધગણધરેભ્યો નમઃ
શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષ-રાજેન્દ્ર-હેમચંદ્રગુરુભ્યો નમઃ
ઐં નમઃ

**પ.પૂ. ન્યાયવિશારદ કૂર્ચાલસરસ્વતી મહામહોપાધ્યાય**
**શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત**

# દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા પ્રકરણનો

## (સારસંગ્રહ)

પ.પૂ.યાકિનીમહત્તરાધર્મપુત્ર ૧૪૪૪ ગ્રંથ રચયિતા પૂર્વધરસમકક્ષક્ષયો-પશમધારક આચાર્યદેવ **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા આદિ અનેકવિધ ગ્રંથકારોના આત્મકલ્યાણકર ઉત્તમ પદાર્થોનો સંગ્રહ આ બત્રીશીઓમાં કરવામાં આવ્યો છે.

૩૨ ગાથાનું એક પ્રકરણ–આવા કુલ ૩૨ પ્રકરણ આ ગ્રંથમાં સમાયેલા છે. ૧૦૨૪ ગાથા પ્રમાણ મૂળ ગ્રંથ, ૪૦૨૬ શ્લોક પ્રમાણ સ્વોપજ્ઞ ટીકા ગ્રંથ–કુલ ૫૦૫૦ શ્લોકમાં-આત્મોન્નતિના વિવિધ પાસાઓ દર્શાવ્યા છે. રત્નની ખાણ સમા આ ગ્રંથના પદાર્થોનું અત્યંત સંક્ષેપથી આચમન કરીએ...

# ૧

# દાનબત્રીશી

❁ માનવજીવનની સફળતા માટે ચાર પુરૂષાર્થ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ...

❁ **સર્વપુરૂષાર્થની સફળતાનું બીજ,** સર્વપુરૂષાર્થનો આધાર **ધર્મ પુરૂષાર્થ છે.**

❁ **ધર્મનું પ્રારંભબિંદુ-પ્રવેશદ્વાર દાન છે.**

દાન-શીલ-તપ-ભાવરૂપ ચાર ધર્મમાં સક્લલોકમાં સ્વીકૃત અને પ્યારો દાનધર્મ છે. માટે સૌ પ્રથમ દાનબત્રીશી રચવામાં આવી છે.

❁ દાન બે પ્રકારે છે.

**૧) અનુકંપાદાન :–** અનુકંપ્યને (દુઃખી, કરૂણાપાત્રને) અપાય–ભૌતિક સુખ પ્રાપ્ત કરાવનાર બને.

**૨) ભક્તિપૂર્વક સુપાત્રદાન :–** સુપાત્રને અપાય–મુક્તિસુખ પ્રાપ્ત કરાવનાર બને.

– **ભગવતી સૂત્ર**માં સુપાત્રદાનને બોધિપ્રાપ્તિની પરંપરા દ્વારા મોક્ષસુખનું કારણ બતાવ્યું છે.

❁ અનુકંપાપાત્રમાં સુપાત્રબુદ્ધિ અને સુપાત્રમાં અનુકંપાબુદ્ધિ અતિચાર લગાડે.

❁ એક મતે સુપાત્ર પ્રત્યે હીન(હલકા)પણાની બુદ્ધિથી રહિત અનુકંપાબુદ્ધિ દોષનું કારણ નથી બનતી. સુપાત્રમાં આવેલી અશાતાનું નિવારણ કરવા અપાતું દાન અનુકંપા કહી શકાય. અહીં 'અનુકંપા' શબ્દનો અર્થ સુપાત્ર પ્રત્યે 'ભક્તિ' કરી શકાય. –જેમ **'કલ્પસૂત્ર'માં પ્રભુવીર માતા ત્રિશલા** પ્રત્યેની અનુકંપાથી સ્થિર થયા તેવું બતાવ્યું છે. તો માતા પ્રત્યે ભક્તિ હોય, દયા ન હોય...

**અહીં એવી વ્યાખ્યા કરી શકાય–**

**અનુકંપાદાન– અન્યના દુઃખને દૂર કરવા અપાતું દાન.**

**સુપાત્રદાન–સ્વના પાપના નાશ દ્વારા આત્મકલ્યાણાર્થે અપાતું દાન...**

❁ ભવિષ્યમાં/પરલોકમાં ભયાનક આપત્તિનું કારણ ન બને તથા અન્ય જીવોને ઓછામાં ઓછી પીડા થાય તે રીતે દુઃખીઓના દુઃખને દૂર કરવાની ઇચ્છા તે **અનુકંપા.**

❀ જિનેશ્વર પરમાત્માની પૂજાના દર્શનથી જીવો પ્રતિબોધ પામે તેનાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય. → તેનાથી સર્વવિરતિનો સ્વીકાર થાય. → તેનાથી સર્વજીવોને અભયદાન અપાય. → તેનાથી કાળક્રમે મોક્ષમાં જઇ સર્વજીવોને સદાકાળ અભયદાન અપાય...આમ અલ્પવિરાધનાથી મોટું ફળ મળે છે.

પ્રભુ પ્રત્યેની ભક્તિથી જિનપૂજા કરાય છે. તથા તેમાં ષડ્જીવનિકાયના જીવો પ્રત્યે અનુકંપાનો ભાવ પણ સમાય છે. ઘણા બધા જીવોની હિંસાથી બહુ ઓછા જીવોને લાભ થાય, તેને અનુકંપા ન કહેવાય. પૂર્વકાળે થતી યજ્ઞ-યાગ તથા વાવ-કૂવા-તળાવ-પરબ-મંદિર-અન્નશાલાદિના નિર્માણની લૌકિક પ્રવૃત્તિઓ બહુ હિંસા, અલ્પલાભવાળી છે. માટે અનુકંપા ન કહેવાય...આ સામાન્યજન/સામાન્ય સંયોગોની વાત થઇ.

❀ વિશેષ કારણને આશ્રયી **સંપ્રતિ-પ્રદેશી** આદિ રાજાઓ, **વસ્તુપાલ** આદિ મંત્રીઓ દ્વારા કરાવાતી દાનશાળા આદિ શાસનપ્રભાવનાનું કારણ બની ઘણા બધા જીવોમાં બોધિબીજની વાવણી કરવા દ્વારા ઉપકારક બનતી હોવાથી અનુકંપારૂપ બને જ છે. તેથી સર્વ જીવો દુ:ખમુક્ત-પાપમુક્ત-દોષમુક્ત-કર્મમુક્ત અને સંસારમુક્ત બને તેવો આશય અહીંયા મુખ્ય છે. દાન ગૌણ છે. આવો આશય (વેદ્યસંવેદ્યપદ=હેય-ઉપાદેયના યથાર્થ સંવેદનયુક્ત જ્ઞાનવાળી અવસ્થા)=સમ્યગ્દૃષ્ટિ આત્માને હોઇ શકે. તેથી નિશ્ચય અનુકંપા સમકિતીને હોઇ શકે છે.

❀ **વ્યવહારનયથી** દાનયોગ્ય પાત્ર (વ્યક્તિ), દ્રવ્ય, અવસર, નિમિત્ત આદિના ભેદથી ફળમાં ભેદ પડે છે. **નિશ્ચયનયથી** ભાવ(અધ્યવસાય)ના પરિવર્તનથી ફળમાં ભેદ પડે છે. વ્યવહારનયથી યોગ્ય અવસરે (દુષ્કાળ, કુદરતી આપત્તિ, મહામારી આદિ અથવા સ્વગૃહે વિશિષ્ટ પ્રસંગે) કરેલું નાનું કાર્ય પણ મોટું ફળ આપે છે, તેથી ઉત્તમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળથી પણ ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે.

❀ યોગ્ય અવસરે કરેલું થોડું પણ અનુકંપાદાન ધર્મનું અંગ કે કારણ બને છે. જેને સ્પષ્ટ કરવા જ તીર્થંકર ભગવંતો સર્વવિરતિસ્વીકાર પૂર્વે ૩,૮૮,૮૦,૦૦,૦૦૦ સોનામહોરો આદિયુક્ત વર્ષીદાન આપે છે.

મહાપુરૂષોએ ધર્મના અવસરે આચરેલું સુકૃત અન્યો માટે પણ તે-તે અવસ્થામાં ઔચિત્યપૂર્વક ધર્મના અંગરૂપ બને છે.

❁ દીક્ષામાં **પ્રભુએ બ્રાહ્મણને** આપેલ અર્ધવસ્ત્રનું દાન કે **આર્યસુહસ્તિસૂરિએ** ભિખારીને આપેલ દાન–**વિશિષ્ટ નિમિત્તના બળે કે વિશિષ્ટ અવસરે સાધુ પણ અનુકંપાદાન કરી શકે છે** તેનું સૂચક છે. તેમાં વિશુદ્ધ અનુકંપાનો ભાવ હોવાથી કોઇ દોષ નથી, ઉપરથી ચડિયાતા ગુણસ્થાનકમાં લઇ જવારૂપે તથા જ્ઞાનાદિ ગુણોમાં વૃદ્ધિ કરવારૂપે લાભદાયી બને છે.

❁ **દશવૈકાલિકાદિ** પ્રમુખ આગમ ગ્રંથોમાં 'સાધુને ગૃહસ્થની વૈયાવચ્ચ કરવાનો જે નિષેધ' સંભળાય છે તે ઉત્સર્ગ માર્ગ છે. વિશિષ્ટ લાભાદિના કારણથી થતી આપવાદિક પ્રવૃત્તિને તે બાધકર્તા બનતો નથી.

❁ **સૂત્રકૃતાંગ શ્રુ.૧ અ. ૧૯ ગા. ૨૦** માં જે કહ્યું છે-`जे य दाणं पसंसंति वहमिच्छंति पाणीणं' – પાપપ્રવૃત્તિથી નહીં અટકેલા સંસારીને અપાતા દાનની જે પ્રશંસા કરે છે તે જીવવધની અનુમતિ આપે છે, અને દાનનો નિષેધ કરે છે તો (તેના પર નભતા લોકોની) આજીવિકાનો નાશ થવાથી અંતરાય બાંધે છે–આમ પ્રશંસા પણ ન કરવાનું વિધાન બતાવ્યું તે ઉત્સર્ગમાર્ગ માટે છે. અપવાદપદે શાસનોન્નતિ-શાસનરક્ષા-સેવા આદિ કારણે સાધુ અનુકંપાદાન કરી શકે.

ટૂંકમાં, **સ્વ-પરકલ્યાણને બાધક ન બને તેવી પ્રવૃત્તિ કરવી,** આ જ ઐદંપર્યાર્થ ફલિત થાય. તે મુજબ પ્રવૃત્તિ કરવી.

**પૂર્વપક્ષ :–** અનુકંપાદાન કરવાથી સાધુને પુણ્યબંધ થાય, જે સોનાની બેડીરૂપ હોવાથી ઇષ્ટ (સ્વીકાર્ય) નથી. માટે જ તો સાધુ ગુપ્તપણે વાપરે છે.

જો સંસારઅત્યાગીને દાન આપે તો પુણ્ય બંધાય, ન આપે તો સામેવાળો હેરાન થાય તેમજ સાધુ પ્રત્યે અપ્રીતિ અને શાસન પ્રત્યે દ્વેષ પેદા થાય. તેનાથી તે દુર્ગતિમાં જાય...'બીજાને ધર્મ પ્રત્યે દુર્ભાવ ન થવા દેવામાં પોતાની પૂર્ણ શક્તિ લગાવવી'–આ શાસ્ત્રવચન બાધિત થાય છે. વળી રાગ-દ્વેષ કરવા તે ચારિત્રવિરોધી છે તેમ શાસનહીલના રોકવામાં શક્તિ ગોપવવી તે પણ ચારિત્રબાધક છે, તેથી સાધુ એકાંતમાં વાપરે છે.

દાનથી પુણ્ય બંધાય, પુણ્યબંધથી ભોગોની પ્રાપ્તિ થાય, તેનાથી ભવોની પરંપરા વધે, કારણ કે ભોગો ભોગવવાથી મોહવૃદ્ધિ થાય છે. મોક્ષ તો પુણ્ય-પાપ ઉભયના નાશથી થાય છે તેથી સાધુને અનુકંપાદાન ઇષ્ટ નથી.

**ઉત્તરપક્ષ (સમાધાન) :–** પ્રાણાતિપાતવિરમણ વ્રત આદિના પાલનમાં પણ કર્મનિર્જરા સાથે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. પુણ્યાનુબંધી પુણ્ય મોક્ષ-બાધક નથી પરંતુ જેમ અગ્નિ ઇંધણનો નાશ કરી સ્વયં બુઝાઇ જાય છે (નાશ પામે છે) તેમ પાપનો નાશ કરી પુણ્યાનુબંધી પુણ્ય સ્વતઃ નાશ પામી જાય છે. તેથી કારણિક / આપવાદિક અનુકંપાદાન નિર્દોષ છે. જેમ શ્રદ્ધાથી પીધેલું મંત્રિત જળ પણ અમૃતનું કામ કરે છે, તેમ સાધુએ શુદ્ધાશયથી કરેલા અનુકંપાદાનથી બંધાયેલા પુણ્યથી મળતી ભોગસામગ્રીમાં પણ આસક્તિનો ભાવ જાગતો નથી અને સંસારવૃદ્ધિ થતી નથી. એક કિંવદંતી પ્રમાણે **આ. હરિભદ્રસૂરિ મ.** ગોચરી વાપરવા પૂર્વે શંખ વગાડવાપૂર્વક યાચકોને દાન અપાવતા હતા તે પ્રવૃત્તિના બચાવ માટે 'સાધુથી અનુકંપાદાન થાય'–આ મુદ્દો તેમણે ઉપાડ્યો હશે આવું મનમાં આવે પણ પૂજ્યશ્રી માટે આવું સંભવિત નથી કારણકે તેઓ સંવિગ્નપાક્ષિક હતા. સંવિગ્ન કે સંવિગ્નપાક્ષિક ક્યારેય જિનાગમવિરુદ્ધ પ્રરૂપણા ન જ કરે.

❀ ભક્તિ=સુપાત્રના આલંબને સંસારસાગર તરી જવાની **ઇચ્છા...**

ભક્તિ=આ મારા માટે આરાધ્ય છે તેવું **જ્ઞાન...**

ભક્તિ=આરાધ્યની પ્રસન્નતામાં નિમિત્ત બને તેવી **ક્રિયા** અથવા તેમની **સેવા...**

ઇચ્છા કે જ્ઞાન બન્નેના ફળમાં વિશેષ ફરક પડતો નથી, તેથી જ્ઞાન કે ઇચ્છા=ભક્તિ.

**ભક્તિથી સુપાત્રને આપેલું દાન પુષ્કળ કર્મોનો નાશ કરે છે.**

❀ **સુપાત્ર=પૂર્વના પાપોને પ્રતિક્રમણથી હણી નાખનાર, નવા પાપોના ત્યાગની પ્રતિજ્ઞા લેનાર વિશુદ્ધસંયમી તે સુપાત્ર...**

❀ **પાત્ર + દાનવિષયક ચતુર્ભંગી...**

૧) સુપાત્રને શુદ્ધદાન → અતિશુદ્ધ – એકાંતે નિર્જરા

૨) સુપાત્રને અશુદ્ધદાન → અપવાદિક દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં શુદ્ધ, તે સિવાય અશુદ્ધ – ઘણી નિર્જરા, અલ્પ કર્મબંધ...

૩) અપાત્રને શુદ્ધદાન → અશુદ્ધ – એકાંતે કર્મબંધ...

૪) અપાત્રને અશુદ્ધદાન → અશુદ્ધ – એકાંતે કર્મબંધ...

❀ સુપાત્રને વિધિશુદ્ધ દાન આપવાથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય,

પાપાનુબંધનો નાશ થાય. પાપનાશથી મોક્ષમાર્ગના વિઘ્ન દૂર થવાથી મોક્ષ-પ્રાપ્તિ સરળ બને છે.

❀ આગમોક્ત ઉગ્ર તપસ્વી આદિ સુપાત્રને દુષ્કાળ, દીર્ઘવિહાર, બિમારી આદિ કારણોથી દોષિત અન્નાદિ વહોરાવવામાં બન્નેને લાભ જ થાય છે, કારણ કે દાતાનું અંતઃકરણ વિવેકશુદ્ધિસભર છે અને ભિક્ષુક ગીતાર્થ, જયણાયુક્ત, કૃતયોગી અને કારણે વહોરતો હોવાથી રાગ-દ્વેષ રહિત છે.

❀ ગોચરીના દોષો વગેરેનો અજાણકાર અથવા પાસત્થાદિ શિથિલાચારી સાધુઓએ 'શિકારી ગમે તે ઉપાયે હરણને પકડે તેમ શુદ્ધ-અશુદ્ધ દ્રવ્યોથી પણ સાધુની ભક્તિ કરી જ લેવી, લાભ છોડવો નહીં' –આ પ્રમાણે જેને ભરમાવ્યો હોય તેવો દાતા અશુદ્ધ ગોચરી વહોરાવે તો ઘણી કર્મનિર્જરા, અલ્પ પાપકર્મનો બંધ થાય. (**ભગવતી સૂત્ર** મુજબ)

અજ્ઞાની દાતા અશુદ્ધ ગોચરી વહોરાવે તો શુભ અલ્પાયુષ્ય બંધાય, અને જાણવા છતાં (દ્વેષ-ઇર્ષ્યા-મલિનભાવ આદિથી) અશુદ્ધ જ વહોરાવવાના કદાગ્રહી આત્માઓને અશુભ દીર્ઘાયુષ્ય બંધાય. (**સ્થાનાંગ** ટીકાનુસાર).

❀ આધાકર્મી દોષ અવિશોધિકોટિનો હોવા છતાં, કારણિક પદે મનની સમાધિ, ભવિષ્યની ઉત્કૃષ્ટ આરાધનાદિને લક્ષમાં રાખીને જયણાપૂર્વક સેવવામાં દોષ નથી. જે વિદ્વાનો તેને એકાંતે દુષ્ટ માની ત્યાજ્ય ગણે છે તેઓ 'જૂ'ના ડરથી વસ્ત્રનો જ ત્યાગ કરી રહ્યા છે, એટલે કે એકાદ દોષના સેવનથી બચવા સમગ્ર સંયમને, સમાધિને, સદ્‌ગતિને ત્યજી રહ્યા છે.

❀ અપાત્રને ગુરુ તરીકેની બુદ્ધિથી શુદ્ધ કે અશુદ્ધ ભિક્ષા વહોરાવનારો એકાંતે કર્મબંધ કરે છે કારણ કે અપાતી ભિક્ષા દોષને પોષનારી છે તે જાણવા છતાં આપનારો ચંદનને બાળી કોલસા બનાવવાનો પીડાદાયક વ્યવહાર કરે છે. હા, અનુકંપાથી અપાતી ભિક્ષા દોષનું કારણ બનતી નથી.

❀ **સુપાત્ર ત્રણ –** ઉત્તમ → સંયમી સાધુ-સાધ્વી ગણ
મધ્યમ → શ્રાવક – શ્રાવિકા ગણ
જઘન્ય → અવિરત સમ્યગ્દૃષ્ટિ

આવા ઉત્તમ પાત્રોના ગુણોની અનુમોદનાના ભાવથી અત્યંત ભક્તિપૂર્વક ઔચિત્ય ચૂક્યા વિના અપાતું દાન પરંપરાએ મહાઆનંદ આપનારું હોવાથી

સર્વસંપત્કર ગણાય છે. જયણાપૂર્વક થતી સાધર્મિકવાત્સલ્યાદિ શુભ પ્રવૃત્તિમાં સુપાત્રદાનના ઇચ્છુક જીવોને જે કોઇ પણ આરંભ-સમારંભાદિ દ્રવ્યદોષ લાગે છે તે આગમમાં બતાવેલ [૧]કૂવો ખોદવાના દૃષ્ટાંતાનુસારે દોષનું કારણ નથી, કારણકે સ્વરૂપથી સાવદ્ય હોવા છતાં અનુબંધથી નિર્દોષ છે. **લક્ષ્યશુદ્ધિ, હેતુશુદ્ધિ, જયણાશુદ્ધિ અને વિધિશુદ્ધિપૂર્વક થતી કારણિક વિરાધનાયુક્ત ક્રિયા સંસારલક્ષી સાવદ્યક્રિયાથી જુદી જ પડે છે,** તેથી બન્નેના ફળમાં ખૂબ મોટો ફરક પડે છે.

❀ દાનવિધિનો જાણકાર, ફળપ્રાપ્તિની અધિરાઇથી રહિત, શાસનપ્રભાવકપણે યથાશક્તિ દાન કરનાર મુક્તિસુખનો ભોકતા બને છે.



**વિશાળ દિલ (ઉદાર દિલ)**
**આનંદનું ઘર**



**સંકુચિત દિલ (કંજુસ દિલ)**
**પીડાનું ઘર**

---

૧. જેમ કૂવો ખોદનાર વ્યક્તિને શ્રમ લાગે, મેલ લાગે, તરસ લાગે, શરીરમાં દાહ લાગે પરંતુ પાતાળમાંથી પાણીની સેર ફૂટતા અને પાણી મળતા થાક ઉતરી જાય, મેલ દૂર થાય, પાણી પીતા તૃપ્તિ થાય અને સર્વાંગે શાતા મળે છે તેમ દ્રવ્યક્રિયામાં સ્વરૂપહિંસા હોવા છતાં શુભભાવની ઉત્પત્તિથી તમામ દોષ દૂર થઇ આત્મા પરમસુખનો ભાગી બને છે.

## પ્રવચન સભા



## ૨

# દેશના બત્રીશી

❁ કુશલ વૈદ્ય → બાલ-યુવા-વૃદ્ધ આદિ શારીરિક અવસ્થા, રોગની માત્રા આદિ જોઇ યથાયોગ્ય દવા આપે તેમ **ગીતાર્થ ગુરુભગવંતો દ્વારા શ્રોતાની કક્ષા, ક્ષમતા આદિ જોઇ અપાતી દેશના ક્લેશનાશક બની શકે.** એનાથી વિપરીત દેશના વિપરીત બોધ કરાવવા દ્વારા ઉન્માર્ગે લઇ જનારી બની શકે.

❁ 'સાંભળનાર શ્રોતાનું એકાંતે હિત થાય કે ન થાય, અનુગ્રહબુદ્ધિથી બોલતા વક્તાનું એકાંતે હિત થાય...'આવું **તત્ત્વાર્થકારિકા** (૨૯)માં આવેલું **વાચકઉમાસ્વાતિનું** વચન પણ ઉપરોક્ત વિવેક જાળવનાર વિશે જ સફળ માનવું.

❁ **આચારાંગ** સૂત્રમાં જે જણાવ્યું છે કે–'સપુણ્યકને જે પ્રમાણે કહે, તે જ પ્રમાણે નિષ્પુણ્યકને પણ કહે'–આ વચન ધર્મદેશના સમયે નિઃસ્પૃહતામાત્ર સૂચવવા માટે છે. તેના પછીના જ સૂત્રમાં–'રાજાને અનુરૂપ ધર્મદેશના ન આપવાથી ગુસ્સે થયેલો રાજા અનેક અનર્થો કરી શકે' તે બતાવવા દ્વારા શ્રોતાઓની પાત્રતા અને ક્ષમતાને અનુરૂપ જ દેશના આપવાનું સૂચિત કર્યું છે. **નન્દીસૂત્ર, આવશ્યક નિર્યુક્તિ** આદિ ગ્રન્થોમાં પર્ષદાના ગુણ-દોષોનું વર્ણન કર્યું તે વિવેકની પ્રધાનતા બતાવવા જ કર્યું છે.

વચનની શુદ્ધતા-અશુદ્ધતા, શ્રોતાની યોગ્યતા-અયોગ્યતાના વિવેક વિનાના, પંડિત તરીકેનું ભારે અભિમાન ધરાવતા વક્તાના વચનમાં જે ઝેર છે, તે તો સાપના મોઢામાં પણ નથી હોતું–**સાપનું ઝેર એક ભવ માટે દુઃખદાયક બને, વક્તાનું અયોગ્ય વચન ભવોભવના દુઃખનું કારણ બને.**

❁ **શ્રોતાની કક્ષા અને તેના લક્ષણો :–**

**૧) બાલ :–** માત્ર બાહ્ય વેશને જ ધર્મ સમજે, વિવેકનો અભાવ, ધર્મના નામે અસત્પ્રવૃત્તિ પણ કરે.

**૨) મધ્યમ :–** આચારને મહત્ત્વ આપે. મધ્યમવિવેકયુક્ત. શુદ્ધ આચાર પાળે.

**૩) પંડિત :–** તમામ પુરૂષાર્થથી શાસ્ત્રીય રહસ્યોને જાણે. ઉત્કૃષ્ટ વિવેકયુક્ત, માર્ગાનુસારિ હોવાથી ઉત્કૃષ્ટ આચાર પાળે...

❁ ઔષધ લીધા વિના માત્ર વૈદ્યનો વેશ પહેરવાથી રોગીનો રોગ દૂર ન થાય, તેમ **પરમતત્ત્વના જ્ઞાન વિના માત્ર ઘરનો ત્યાગ કરી વેશ લેવામાત્રથી આત્મકલ્યાણ ન થાય.**

❁ ઠંડી ઉડાડવા બળતી આગમાં પડવું મૂર્ખામી કહેવાય, તેમ સૂક્ષ્મ (નાના) દોષોને છોડી (કાળજી રાખી) શાસનહીલના જેવા મોટા દોષોના કારણભૂત શુદ્ધ દેખાતા આચાર પણ ત્યાજ્ય છે.

❁ ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર, નય-નિક્ષેપ આદિથી યુક્ત શાસ્ત્ર-વચનને સંપૂર્ણ પરિપ્રેક્ષ્યમાં વિચારવાનું તથા પ્રત્યક્ષ–અનુમાન પ્રમાણથી અબાધિત અને લોકવ્યવહારથી અદૂષિતપણે જાણવાનું તેમજ તેના ઐદંપર્યાર્થ સુધી પહોંચવાનું ગજું માત્ર પંડિતબુદ્ધિનું જ છે.

❁ **શાસ્ત્રવચનનો બોધ મેળવવાના ચાર તબક્કા :–**

**૧) પદાર્થ –** શાસ્ત્રવચનનો શાબ્દિક બોધ.

**૨) વાક્યાર્થ –** વિશેષ ઊંડાણભર્યો સ્પષ્ટ બોધ જાણવાની જિજ્ઞાસાથી થતો પ્રશ્ન.

**૩) મહાવાક્યાર્થ –** પૂર્વાપર (આગળ-પાછળના કે સરખા વિષયવાળા) શાસ્ત્રવચનની સંગતિથી થતો, જિજ્ઞાસાને સંતોષતો, સંદેહ દૂર કરતો બોધ.

**૪) ઐદંપર્યાર્થ –** આજ્ઞા એ જ ધર્મનો / શાસનનો પ્રાણ છે, સાર છે આવા નિષ્કર્ષ સુધી પહોંચાડતો બોધ...

❁ **ક્ષયોપશમ આધારે થતા ત્રણ પ્રકારના જ્ઞાન :–**

**૧) શ્રુતજ્ઞાન–**સર્વશાસ્ત્રોથી અવિરોધી (પદાર્થરૂપ), પ્રમાણ-નયના બોધરહિત શાસ્ત્રવચનના પ્રચલિત અર્થનું જ્ઞાન...સ્વમતનો કાંઇક કદાગ્રહ હોય...

**૨) ચિન્તાજ્ઞાન :–**પાણીમાં પડતા તેલના ટીપાંની જેમ સંલગ્ન અનેક પદાર્થોથી વિસ્તાર પામતું, સપ્તભંગીમય સ્યાદ્વાદથી યુક્ત, વાક્યાર્થ-મહાવાક્યાર્થથી ઉત્પન્ન થતું, સૂક્ષ્મબુદ્ધિથી જ જાણી શકાય તેવા તત્ત્વોનું સાંગોપાંગ જ્ઞાન...

બુદ્ધિની મધ્યસ્થતાપૂર્વકના ચિંતનના કારણે અહીં ક્યારેય કદાગ્રહ ન હોય..

**૩) ભાવનાજ્ઞાન :–** સર્વત્ર તીર્થંકર-ગણધર આદિ શાસ્ત્રકારોના અભિપ્રાયા-નુસારિ, આજ્ઞાને જ સર્વસ્વ માનતું જ્ઞાન.

– આ જ્ઞાન સર્વ જીવો પર કરૂણાથી યુક્ત હોવાથી સર્વને હિતકારી પ્રવૃત્તિ થાય.
– ઉત્સર્ગ-અપવાદ, વ્યવહાર-નિશ્ચય, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, લાભ-નુકશાન આદિનો વિચાર કરી છેવટની જિનાજ્ઞા શું છે-તેને અનુસારે પ્રભુવચનનું અર્થઘટન થાય.
– ખૂબ જ ઊંડી વિવેકબુદ્ધિ, દીર્ઘદૃષ્ટિ આદિ હોવાથી ધર્મનું હાર્દ સમજી શકે. ગ્લાન મુનિની સેવાનો અભિગ્રહ લઇ કોઇ મુનિ ગ્લાન ન થતાં 'મને સેવાનો લાભ ન મળ્યો' આવું દુ:ખ રાખવાની તુચ્છતા ન રાખે. નૈમિત્તિક (નિમિત્ત વિશેષને આશ્રયી કરાતા) ઉપવાસ કરતા સ્વાધ્યાય-વૈયાવચ્ચાદિ સર્વ આરાધનામાં સહાયક એકાસણારૂપ નિત્યતપને નબળો ન આંકે...

ભાવનાજ્ઞાન વિનાના દીક્ષા, દાન...આદિ અનુષ્ઠાન પણ ક્યારેક અનર્થકારી નિવડે. તેથી આધ્યાત્મિક વિશ્વમાં ભાવનાજ્ઞાનથી ભાવિત શાસ્ત્રવચન જ એકમાત્ર માર્ગદર્શક છે.

❁ **બાલજીવને** → ઉત્તમ લોચ, ખુલ્લા પગે વિહાર, માત્ર રાત્રિના બે પ્રહર નિદ્રા લેવી, ભૂમિસંથારો, ઉત્કૃષ્ટ તપસેવન, પરીસહ સહવા, અલ્પ પ્રમાણોપેત ઉપધિ રાખવી, નિર્દોષ ભિક્ષા, વિવિધ અભિગ્રહ લેવા, વિગઇત્યાગ, કાઉસગ્ગાદિ આરાધનાની દેશના આપવી.

**મધ્યમ જીવને** → અષ્ટ પ્રવચનમાતાનું પાલન, રાગ-દ્વેષ-મોહરૂપ ત્રણ, અથવા કરણ-કરાવણ-અનુમોદન અથવા જીવહિંસા કરવી, પકાવવું, ખરીદવું રૂપ ત્રણ કોટિથી રહિત પરિશુદ્ધ ભિક્ષાનું ગ્રહણ કરવું–આદિ સાધુજીવનની સામાચારીનું વર્ણન કરવું.

નાની વયમાં અભ્યાસ, મધ્ય વયમાં સૂત્રાર્થનું શ્રવણ-ચિંતન અને મોટી ઉંમરે ધ્યાનાભ્યાસ કરે, ગુરુને સમર્પિત રહે ઇત્યાદિ આચારોનું વર્ણન કરવું.

**પંડિત જીવને**–જિનવચનની આરાધનાથી જ ધર્મ, તેની વિરાધનાથી અધર્મ જ, આ ધર્મનું રહસ્ય પંડિત જીવને બતાવવું–આ પ્રમાણે આજ્ઞા પ્રત્યેના બહુમાન દ્વારા સતત પ્રભુનું સ્મરણ અંતઃકરણમાં રમવાથી સાક્ષાત્ સ્વયંમાં પરમાત્મતત્ત્વની સમાનતાનો અનુભવ થાય છે.

❁ શાસ્ત્રોમાં **ધર્માનુષ્ઠાનના ચાર પ્રકાર** બતાવ્યા છે–

૧. **પ્રીતિ અનુષ્ઠાન :–** પ્રેમની લાગણીથી થતું અનુષ્ઠાન.

**૨. ભક્તિ અનુષ્ઠાન :–** બહુમાનની સંવેદનાસહ થતી આરાધનાઓ.

**૩. વચનાનુષ્ઠાન :–** શાસ્ત્રવચનને અનુસારે કરાતું અનુષ્ઠાન.

**૪. અસંગાનુષ્ઠાન :–** વારંવાર આરાધના કરવાથી ઊભા થયેલા સંસ્કારથી સહજ થતી આરાધનાઓ...

❁ બાલ/મધ્યમ જીવને પ્રારંભમાં વ્યવહાર નયપ્રધાન દેશના આપવી. સૌ પ્રથમ રૂચિ ઓળખી તદનુસાર સંભળાવવું. ધીમે ધીમે તેને દેશનાદાતા પર શ્રદ્ધા-વિશ્વાસ પેદા થાય, બુદ્ધિ પરિકર્મિત થાય, પછી આગળના નયની દેશના અપાય...આ ધ્યાન ન રખાય તો સદ્દેશના પણ ઉન્માર્ગદેશના જ બની જાય..

– શ્રોતા પાસે જે નયનું જ્ઞાન નથી, તે આપવા માટે જ વક્તાનો પુરૂષાર્થ હોય છે.

| | |
|---|---|
| ❁ પાર્શ્વસ્થભાવિત મુગ્ધ (કદાગ્રહ રહિત અજ્ઞાની) બાલ<br>–પાર્શ્વસ્થભાવિત અભિનિવિષ્ટ (કદાગ્રહી) બાલ | આ બન્નેને સૌ પ્રથમ સુપાત્રદાનની મહત્તા દેખાડી પછી શુદ્ધ ગોચરચર્યા બતાવવી... |

❁ સંવિગ્નભાવિત બાલ – પ્રથમ ઉત્સર્ગ સમજાવી પછી અપવાદ સમજાવવો...
પંડિતજીવ – અપવાદપદ સમજાવવા...

❁ ઉત્તમ વક્તા જે શ્રોતાને જે દુષ્ટ નયનો કદાગ્રહ હોય, તે નયનો વિરોધ કરી તેનો આગ્રહ છોડાવે. પગમાં ઘૂસેલો ઝેરી કાંટો કાઢી નાખીએ તો જ તે પગને બગાડતો અટકે, તેમ દુર્નયને દૂર કરવાથી જ બાકીના નયોની માન્યતાને બગાડતો અટકે.

❁ જે ગીતાર્થ મહાત્મા આ પ્રમાણે ધર્મદેશના આપી શકે,
તેના પ્રભાવથી વિશ્વમાં ધર્મની વૃદ્ધિ થાય છે.

# મોક્ષના બે માર્ગ



# ૩

# માર્ગ બત્રીશી

સંસારની રિબામણોથી છૂટકારાનો તથા અનંત સુખને પામવાનો વીતરાગ ભગવંતોએ પ્રરૂપેલો **માર્ગ → વીતરાગ ભગવંતે પ્રકાશેલા શબ્દો** અથવા
**સંવિગ્ન અશઠ ગીતાર્થોની આચરણા...**

તીર્થંકર-ગણધરોની આજ્ઞાની જેમ ભવભીરુ સ્વચ્છહૃદયધારી બહુશ્રુત મહાત્માઓનું આચરણ પણ પ્રવર્તક (નિયામક) છે...

❀ 'વર્તમાનમાં જીતવ્યવહાર મુખ્ય માર્ગ છે'–આવા વ્યવહાર પ્રતિપાદક શાસ્ત્ર-વચનના આધારે કહી શકાય કે **બહુમતી ગીતાર્થોની આચરણાનો અનાદર કરનાર વાસ્તવમાં જિનવચનનો જ અનાદર કરે છે...**જિનવચનનો અનાદર થવાથી નાસ્તિકતા જ આવી જાય...

❀ આગમમાં વિહિત (કરવા માટે કહેલી) આરાધના/આચારનો પુષ્ટઆલંબને (વિશિષ્ટ કારણે) નિષેધ કરાય છે, તો આગમમાં નિષિદ્ધ પ્રવૃત્તિની પુષ્ટ આલંબને (વિશિષ્ટ કારણે) છૂટ અપાય છે, કારણ કે જિનશાસનમાં એકાંતે સર્વથા વિધિ (કરવા લાયકપણુ) કે નિષેધ (વિરોધ, બાધ) હોતો નથી. નફાની ઇચ્છાવાળો વેપારી જેમ લાભ-નુકશાનને વિચારી પ્રવૃત્તિ કરે છે તેમ **સાધકે આત્મહિત-અહિતને ધ્યાનમાં રાખી પ્રવૃત્તિ કરવાની છે.**

કોઇ પણ સૂત્રમાં વિધિ અને નિષેધ પરસ્પર સંકળાયેલા જ પ્રતિપાદિત થાય છે, અન્યથા અનેકાંતની વ્યવસ્થાનું ઉલ્લંઘન થઇ જાય. તેથી

**આગમ જેમાં ઉદાસીન હોય, તેમાં જ અપવાદ પ્રવૃત્તિ થાય,** પણ

**આગમનો જેમાં નિષેધ હોય, તેમાં અપવાદપ્રવૃત્તિ ન થઇ શકે, આવી શંકા ન કરવી.**

❀ શાસ્ત્રમાં ન દેખાતી પરંતુ વર્તમાનમાં પ્રચલિત આચાર પરંપરાની બાબતમાં–'તેના પ્રવર્તક સંવિગ્ન અશઠ ગીતાર્થ હતા કે નહીં ?, તેમાં સમકાલીન–ઉત્તરકાલીન ગીતાર્થોની સંમતિ હતી કે નહીં ?' આવો કોઇ ખુલાસો ન થયો હોવા છતાં તે આચાર પરંપરા દીર્ઘ પરંપરાથી ચાલતી હોય અને

આગમથી નિષિદ્ધ ન હોય તેમાં પ્રાજ્ઞપુરૂષો પોતાની મતિકલ્પનાથી વિરોધ કરતા નથી, તો જે નિશ્ચિત સંવિગ્ન અશઠગીતાર્થ પુરૂષોથી ચાલતી આચરણા હોય તેનો વિરોધ તો ન જ હોય. આમાં કોઇ ઘેટાદોડ કે અંધશ્રદ્ધાની વાત પણ નથી.

❁ **આચરણા બે પ્રકારે :–**

**૧) સંવિગ્નઅશઠગીતાર્થ આચરણ :–** દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-સંઘયણબળ-શિષ્ટાચાર આદિમાં પરિવર્તન આદિના જ્ઞાનથી થાય. ગોચરી માટે કપડો વાપરવો, ઝોળીને ગાંઠ મારવી, કાંઠાવાળી તરપણી વાપરવી, તેમાં દોરી નાખી વાપરવી ઇત્યાદિ...

**૨) અસંવિગ્ન આચરણ :–** રસગારવ-ઋદ્ધિગારવ-શાતાગારવ આદિરૂપ મોહથી થાય છે. શ્રાવકો પર મમત્વ કરવું, શરીરશોભા કરવી, ગાદલા-ઓશિકા આદિ વાપરવા, દોષિત ઉપધિ-ભોજન આદિ વાપરવા ઇત્યાદિ...

❁ 'બહુમતી દ્વારા આચરાતી પ્રવૃત્તિ અમે કરીએ છીએ, આ ગણ્યા-ગાંઠ્યા પોતાને શુદ્ધ માનનારા દંભી છે'–આમ નિંદા કરી શિથિલાચારીઓ પોતાના શિથિલાચારને બહુમતિ આચરણના નામે પોષવાનું કરી છેવટે મિથ્યાત્વની તરફેણ કરે છે–કારણ કે મિથ્યાત્વ બહુમતીમાં છે.

❁ સમૂહમાં (ગચ્છમાં) કલહ, વિશોધિકોટિના ગોચરીના અલ્પ દોષો તો લાગી જ જવા આદિથી કંટાળી ચુસ્ત આચાર પાળવાના નામે સ્વચ્છંદતાથી અલગ વિચરે તો તે ઉગ્ર આચાર પાળવા છતાં શિથિલાચારીથી ચડિયાતો નથી...

**ગીતાર્થતા અથવા ગીતાર્થમિશ્રિતતામાં** (નિશ્રાવર્તીપણામાં) **જ જ્ઞાન-ક્રિયારૂપ મોક્ષમાર્ગ છે...**

અગીતાર્થ પણ ગીતાર્થનિશ્રાવર્તી હોય તો જ્ઞાની કહેવાય. ગીતાર્થનિશ્રા છોડનારા અજ્ઞાનીની શુદ્ધચારિત્રક્રિયા પણ નિષ્ફળ અથવા નુકસાનકારક બની રહે છે...ગુરુકુલવાસનો ત્યાગ એ નિર્મળ પાણીના સરોવરને છોડી મૃગજળ તરફ જનારા કાગડા જેવી મિથ્યાત્વજનિત ક્રિયા છે. વળી વેશથી ગીતાર્થ સુસંયમી જેવા જ લાગતા હોવાથી ભોળા બાળ જીવો પણ તેમના તરફ ઠગાતા હોવાથી વિશ્વાસઘાતરૂપ મહાપાપનું કારણ બને છે.

❁ **સંવિગ્નપાક્ષિક :–** જે વીર્યાંતરાય કર્મના ઉદયથી આચારોમાં શિથિલ થવા છતાં ધર્મશ્રદ્ધાળુ, શુદ્ધ આરાધનાના પક્ષપાતવાળા, ભાવસાધુતાનો આદર કરનારા, સુવિશુદ્ધ મોક્ષમાર્ગની જ પ્રરૂપણા કરનારા, ઉત્તમ સંયમીઓની ગ્લાનપણામાં સેવા-ભક્તિ કરનારા સંવિગ્નપાક્ષિક હોય છે...

તેમનો **મુખ્ય ગુણ મોક્ષમાર્ગની શુદ્ધ પ્રરૂપણા...**આમાં ઝળકતા સમ્યગ્દર્શન અને ઇચ્છાયોગની આરાધનાના પ્રભાવે જેટલા અંશે જયણા પાળે, તેટલા અંશે કર્મનિર્જરા થાય...

પોતાની શિષ્યસંપદા વધારવા કે સેવા કરાવવા શિષ્ય કરવાનો સંવિગ્નપાક્ષિકને આગમમાં નિષેધ છે, પરંતુ જ્ઞાન માટે પોતાની ઉપસંપદાપૂર્વક દીક્ષા આપી શકે. અપુનર્બંધકાદિ મંદમિથ્યાત્વીના કદાગ્રહનો ત્યાગ કરાવવા દીક્ષા આપી શકે. ઉત્તમજનોને પ્રતિબોધ કરી સુસાધુને સોંપે...

શુદ્ધ આરાધના પ્રત્યેના અહોભાવને જીવંત રાખી ઉલ્લાસાનુસારે શક્ય આચારને આરાધતા–અર્થ આદિના ઉપયોગથી, શ્રદ્ધા-મેધા-ધૃતિ-ધારણાદિના યોગથી તેમની આરાધના નિષ્ફળ જતી નથી...ગીતાર્થોએ મોક્ષમાર્ગમાં પ્રવેશ પામી શકાય તે માટે મિથ્યાત્વીઓની પણ આવશ્યકાદિ આરાધના અભ્યાસરૂપ ગણી સંમતિ આપી છે.

❀ 'અમે શુદ્ધ આચાર પાળવા અસમર્થ છીએ, બાકી સાચો આચાર તો આ મુજબ છે'–આવો સ્વીકાર અને શુદ્ધ પ્રરૂપણા કરનારા જીવોમાં આચારદીનતારૂપ પ્રથમ બાલતા હોય છે. જ્યારે શુદ્ધ આચાર નહીં પાળવા છતાં પોતાની નબળાઇનો બચાવ કરવા-'આજના કાળે સંઘયણાદિ નબળા હોવાથી મધ્યમ જ આચાર પળાય, ઉત્સર્ગમાર્ગનો હાલ અવસર નથી.' આવું બોલનારામાં આચારહીનતા સાથે પ્રરૂપણાભ્રષ્ટતારૂપ દ્વિગુણ બાલતા આવે છે.

❀ અસંયમીને સંયમી માનવામાં પાપ માન્યું હોવાથી **મોક્ષમાર્ગ ત્રણ પ્રકારનો થશે–૧) શુદ્ધ સંયમધારી ૨) શુદ્ધ શ્રાવક ૩) સંવિગ્નપાક્ષિક સાધુ**

**સંસારવૃદ્ધિના ત્રણ માર્ગ – ૧) ગૃહસ્થપણુ ૨) શિથિલાચારી જૈન સાધુ ૩) મિથ્યાત્વી સંન્યાસીઓ...**

❀ **ઉત્તમ બુદ્ધિ → ગુણવાન → સંયમમાં સ્થિર**
**મધ્યમ બુદ્ધિ → ગુણરાગી → સમ્યક્ત્વમાં સ્થિર**
**અધમ બુદ્ધિ → ગુણદ્વેષી → મિથ્યાત્વમાં દઢ...**

❀ **સંવિગ્ન-સંવિગ્નપાક્ષિકનું વચન નિઃશંકપણે તહત્તિ કરવું.**
અન્યના વચનમાં ગુણ-દોષ વિચારી લાભકારી હોય તો સ્વીકારવું.

❀ જિનવચન/ જીત વ્યવહાર = **પ્રવર્તક** (પ્રવૃત્તિ કરાવનાર) **મોક્ષમાર્ગ...**
સંવિગ્ન સાધુ - શ્રાવક - સંવિગ્નપાક્ષિક = **પ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગ...**

# વર્ષીદાન



૪

# જિનમહત્ત્વ બત્રીશી

❀ ત્રણ ગઢ, ઇન્દ્રધ્વજ, છત્ર, ચામર, ધર્મચક્ર આદિ **ઐશ્વર્યથી પરમાત્માનું મહત્વ નથી**, કારણ કે આવું ઐશ્વર્ય ઇન્દ્રજાલિકોમાં પણ દેખાય છે. પરંતુ પરમાત્માના **યથાર્થ** (ઇષ્ટ ફળ પ્રાપ્ત કરાવવામાં સમર્થ), સ્યાદ્વાદની મર્યાદા-યુક્ત, ન્યાયસંગત અને કુતર્કરૂપ અંધકારને હણવા સૂર્યકિરણ સમાન **વચનથી જ પ્રભુનું મહત્ત્વ છે.**

❀ ક્ષાયિકભાવથી યુક્ત પુણ્યોદયજન્ય ઔદયિકભાવો દ્વારા પૂજનીય પરમાત્માનું બાહ્ય-અભ્યંતર મહત્ત્વ જણાય છે.

અભ્યંતર દૃષ્ટિવાળા જીવો કેવળજ્ઞાનાદિ ગુણોથી,

બહિર્દૃષ્ટિવાળા જીવો પુણ્યોદયજન્ય અનુપમ રૂપ-સંઘયણ-સત્ત્વ આદિથી પરમાત્માનું મહાનપણુ સ્વીકારે છે. વસ્ત્રથી ઢંકાયેલા પણ મણિનું તેજ બહાર પ્રગટ થાય છે તેમ આત્મિક ગુણો પણ બહાર અભ્યુદયને બતાવે છે.

❀ જેમ જાત્યરત્ન=શ્રેષ્ઠ-વિશિષ્ટ રત્ન ખાણમાં હોય ત્યારથી અન્ય રત્નથી જુદા પડે છે તેમ મિથ્યાત્વાદિદશા સમયે પણ તીર્થંકરનો આત્મા અન્ય આત્માઓથી ચડિયાતો હોય છે.

❀ **અન્ય દર્શનીઓ દ્વારા 'તીર્થંકર પ્રભુ મહાન નથી' તેવી ઉઠાવાયેલી શંકા–**

૧) વીતરાગ અનાદિકાલથી નિર્દોષ નથી.

૨) વીતરાગ જગતકર્તા (વિશ્વનું સર્જન કરનારા) નથી.

૩) અગણિત-અસીમિત દાન આપનારા નથી, મર્યાદિત દાન આપનારા છે, (વર્ષીદાનમાં ૩૮૮,૮૦,૦૦૦,૦૦ સોનામહોર આપી.)

૪) વારસદારોને આરંભ-સમારંભના કારણભૂત રાજ્યાદિનો વારસો આપે છે.

૫) ઋષભદેવ પ્રભુ જેવા શિલ્પાદિ સાંસારિક પ્રવૃત્તિઓ ચલાવનારા છે.

૬) 'જગતના સર્વ પાપો પોતાના માથે લઇ, પોતાના પુણ્યથી સર્વજીવોની મુક્તિ થાય' એવી ઉત્કૃષ્ટ કરૂણાના ધારક નથી માટે વીતરાગ મહાન નથી. આવો આક્ષેપ નિરર્થક છે.

**સ્યાદ્વાદીઓ દ્વારા અપાયેલું સચોટ સમાધાન :-**

૧) અનાદિકાલથી નિર્દોષ તો આકાશ પણ છે. તેથી કાંઇ મહાનતા સિદ્ધ ન થાય... વિશ્વમાં અનાદિ નિર્દોષ એવો કોઇ આત્મા અસ્તિત્વમાં છે જ નહીં... હા, અનાદિકાળથી સોનામાં રહેલો મેલ યોગ્ય પ્રક્રિયાથી જેમ સર્વથા નાશ પામે છે તેમ **આત્માના તમામ કર્મો / દોષોને સાધનાની યોગ્ય પ્રક્રિયાથી નાશ કરનારા વીતરાગ મહાન છે.**

૨) સુખ-દુઃખની વિવિધ પીડાઓથી ભરેલા જગતનું સર્જન કરવાનું ઇશ્વરને કોઇ કારણ નથી. તેઓ વિશ્વને સંપૂર્ણપણે જાણે છે. **આ સર્વજ્ઞતાથી તેઓ મહાન છે.**

૩) બૌદ્ધો કહે છે કે–વીતરાગ તો ૧ વર્ષમાં માત્ર ૩૮૮ ક્રોડ ૮૦ લાખ સોનામહોરનું જ દાન કરે છે જ્યારે ગૌતમબુદ્ધ અગણિત દાન આપે છે તેનો જવાબ એ છે કે–દાન મર્યાદિત અપાયું છે તે આપવાયોગ્ય દ્રવ્યના અભાવના કારણે નહીં, યાચકોના અભાવથી દાન ઓછું અપાયું છે. દેવતાઓ દ્વારા સર્વત્ર 'ઇચ્છા મુજબનું દાન ગ્રહણ કરવા પધારો' આવી ઘોષણા થવા છતાં પરમાત્માના સિદ્ધિપ્રાપ્ત સંતોષગુણના પ્રભાવથી તથા પ્રભુના જ પ્રભાવે સંસારીજીવોમાં જાગેલ ધર્મમાં વિશિષ્ટ પુરૂષાર્થ અને સંસારની અસારતાના જ્ઞાનથી જ સંસારીઓ દ્વારા દાન ઓછું લેવામાં આવ્યું છે.

પ્રભુના પ્રભાવે વૈરાગ્ય પરિણતિ પ્રગટવા છતાં પુષ્કળ જીવોએ પ્રભુની શેષ (કરૂણાના કે આશિર્વાદના પ્રતિક)રૂપે દાન સ્વીકારવાથી આટલું દાન અપાયું છે. દાન આપવું પડ્યું–એ પરમાત્માની સાધનાની કે કૃતાર્થતાની કચાશ નથી પરંતુ પુણ્યાનુબંધી પુણ્યરૂપ તીર્થંકર નામકર્મ આ જ રીતે ફળે છે–આ તીર્થંકરનો આચાર છે.

**સર્વજીવોમાં સંતોષ અને વૈરાગ્યનો ગુણ પ્રગટાવવો આ જ પ્રભુની મહાનતા છે.**

❀ પુણ્ય-પાપના ચાર ભાંગા–

૧) પુણ્યાનુબંધી પુણ્ય – શુભ ફળ, શુભ પરંપરા – શાલિભદ્ર

૨) પાપાનુબંધી પુણ્ય – શુભ ફળ, અશુભ પરંપરા–મમ્મણ

૩) પાપાનુબંધી પાપ – અશુભ ફળ, અશુભ પરંપરા – કાલસૌરિક કસાઇ

૪) પુણ્યાનુબંધી પાપ – અશુભ ફળ, શુભ પરંપરા–ચંડકૌશિક

પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી તીર્થંકરને ગર્ભકાળથી જ ઉચિત પ્રવૃત્તિ હોય. **પ્રભુવીરે** માતા-પિતાના ઉદ્વેગને દૂર કરવા, કૃતજ્ઞતાગુણને સફળ કરવા ગર્ભકાળમાં લીધેલો નિયમ સાર્થક હતો. **ઉચિત પ્રવૃત્તિ એજ મોક્ષનું કારણ બને. અનુચિત પ્રવૃત્તિ મોક્ષમાં વિઘ્નરૂપ બને.** ઔચિત્યપાલન કરીને લીધેલી દીક્ષા પણ ન્યાય્ય (બહુફલદાયી) બને.

માતા-પિતાની સેવા એ પ્રવ્રજ્યારૂપ શુભકાર્યનું પ્રારંભમંગલ છે, તેના વિના પ્રવ્રજ્યા સફળ ન બને. વૈરાગ્યભાવ દૃઢ થતાં ઉચિત સમયે માતા-પિતાને નમ્રભાવે પ્રવ્રજ્યાની સંમતિ આપવા સમજાવવા છતાં ન માને તો વિવિધ ઉપાયો કરે, અંદરથી નિષ્કપટ રહી બહારથી માયા કરે...છેવટે ન માને તો ગ્લાનૌષધ ન્યાયથી સંમતિ વિના સ્વયં દીક્ષા ગ્રહણ કરી લે.

૪-૫) પુત્રોને રાજ્ય આપવામાં કે અજ્ઞાન એવા યુગલિકોને જીવનનિર્વાહ માટે આવશ્યક શિલ્પ આદિ શીખડાવવામાં-પરમાત્માનો આશય વધુ મોટા દોષના નિવારણનો હતો. પરસ્પર ઝઘડા, ચોરી, લૂંટફાટ, શિકારાદિ નિવારવા તથા અલ્પાતિઅલ્પ હિંસક જીવનપદ્ધતિ શીખવાડવા પ્રભુએ કરૂણા કરી હતી. આ જ રીતે પ્રભુનું પુણ્ય ભોગવાય છે, આ જ લૌકિક જીવો પર તેમનો ઉપકાર હોય છે.

આમ **પ્રભુ ઉપકારી હોવાથી મહાન છે.**

૬) ગૌતમબુદ્ધમાં કલ્પેલું કુશલચિત્ત તાત્વિક રીતે અસંભવિત છે કારણ કે કોઇના પણ કર્મ / ધર્મ કોઇમાં સંક્રમી શકતા નથી. જો આવું થતું હોત તો એકે'ય બોધિસત્ત્વો નિર્વાણ ન પામ્યા હોત, જ્યારે બૌદ્ધશાસ્ત્રો તો ગંગાની રેતીના કણ જેટલા બુદ્ધો મુક્ત થયા છે તેમ જણાવે છે. તથા ઉપર જણાવ્યા મુજબનું કુશલચિત્ત–એ કરૂણાયુક્ત નહીં, મોહગ્રસ્ત છે, જે અશક્ય વિચારણા કરાવે છે.

સર્વવિરતિ સામાયિક–સર્વસાવદ્યયોગ નિવૃત્તિરૂપ, સમતારૂપ હોવાથી ચડિયાતું છે. વીતરાગ દશામાં કુશલચિત્ત સંભવી શકતું નથી અને સરાગદશા સમયે તો બોધિલાભાદિ પ્રાર્થના વધુ શ્રેષ્ઠ છે.

પોતાનું માંસ ખાવા આવનાર વાઘ મારા કર્મક્ષયમાં ઉપકારી છે–આવું

માનવું એ સ્વાર્થિતા અને બીજાના નુકશાનથી નિરપેક્ષતા–આ બે મોટા દોષનું સૂચક છે.

❁ પરોપકારમાત્રના રસિયા, અનુપકારી પર પણ ઉપકાર કરનારા, લક્ષ્યના વિષયમાં **મૂઢતારહિત પ્રભુ મહાન છે.**

❁ 'અર્હં' શબ્દનું ધ્યાન ધરવાથી, સ્વરૂપના ધ્યાનથી અરિહંતપણું પ્રાપ્ત થાય છે. આવા પ્રભુની સેવા-પૂજા-સ્મરણ અને તેમના શાસનની સેવા કરવી એ જ સદ્બુદ્ધિ છે, પરમાનંદનું બીજ છે.



## જિનપૂજા



## જિનાલય નિર્માણ



# ૫

# ભક્તિ બત્રીશી

❀ જિનની સર્વભક્તિ → સર્વવિરતિધરને → આગમોક્ત પંચાચારનું પાલન... જિનની દેશ (આંશિક) ભક્તિ → ગૃહસ્થને → દ્રવ્યસ્તવ (જિનાલયનિર્માણ, પૂજા આદિ દ્વારા)

## દ્રવ્યસ્તવ અધિકાર

### ❀ જિનાલયનિર્માણ :–

**૧) અધિકારી :–** ન્યાયસંપન્ન વૈભવવાળો, બુદ્ધિશાળી, સદાચારી, શુભભાવથી ભાવિત, માતા-પિતાદિ વડીલજનોથી સંમત **ગૃહસ્થ** જિનાલયનિર્માણનો અધિકારી બને.

**૨) જમીન :–** વાસ્તુશાસ્ત્ર-ધર્મશાસ્ત્રમાં બતાવેલ નિયમાનુસારી, આસપાસના લોકોને ખેદ ન થાય તેવી, ભવિષ્યમાં કલ્યાણનું કારણ બનનારી જમીન માલિકને પીડા આપ્યા વિના મેળવવી. **કોઇને પણ દુર્ભાવ ન થાય તે રીતે પ્રવૃત્તિ કરવી.** આસપાસના લોકોને પણ દાન-સન્માન વગેરે દ્વારા સાનુકૂળ અને શુભાશયવાળા બનાવવા જેથી ધર્મવૃદ્ધિ થાય.

**૩) નિર્માણદ્રવ્ય :–** ઇંટ-લાકડા આદિ સુંદર મજબૂત દ્રવ્ય ઉચિત મૂલ્ય ચૂકવીને તેના વેપારી આદિથી મેળવવા. શુભ શુકન જોઇ લેવા.

**૪) સોમપુરા-શિલ્પીઓ :–** નિર્મળ સ્વભાવવાળા જ કારીગરો, સોમપુરા, નોકરો આદિ નક્કી કરવા. ધર્મમાં મિત્ર સમાન તેમને પૂર્ણ સંતોષ આપવો, પણ ઠગવા નહિ.

**૫) નિર્માણ પ્રક્રિયા / જયણા :–** સંસારના અન્ય આરંભ-સમારંભનો ત્યાગ કરી સ્વયં જળ આદિની જયણા કરતા રહી નિયાણારહિત અત્યંત ઉછળતા શુભભાવથી જિનાલય નિર્માણમાં આગળ વધવું એ ભાવપૂજારૂપ બને છે.

**૬) સાધારણફંડ :–** આ રીતે જિનાલય નિર્માણ થઇ જતા નિભાવ આદિ માટે સક્ષમ સ્થાયી ફંડ બનાવી તેને સાચવે, વધારે...

**૭) જિનબિંબનિર્માણ :–** અવ્યસની, પવિત્ર શિલ્પીનું વૈભવોચિત સન્માન કરી જિનબિંબ નિર્માણ કરાવે. જિનબિંબસહિતનું જિનાલય જ પ્રભાવશાળી બને છે.

મનના ઉછળતા અહોભાવ-આનંદપૂર્વક જિનપ્રતિમાનું નિર્માણ કરાવવાથી મહાન લાભ મળે છે, તેના પ્રભાવે તેટલો જ લાભ વધે છે. વળી તેના શિલ્પી પ્રત્યે અનાદર તે પ્રભુ પ્રત્યેનો જ અનાદર છે, તેથી તેને પ્રસન્ન રાખીને જ આગળ વધવું જોઇએ, તે માટે તેની વયજન્યઆદિ અવસ્થામાં પ્રભુજીની જ ત્રણ અવસ્થા કલ્પી તેની તમામ ઇચ્છાઓ પરિપૂર્ણ કરવી. તેનાથી જ પ્રભુની ઉત્કૃષ્ટ ભક્તિ સિદ્ધ કરી શકાય છે.

**૮) આશયશુદ્ધિ :–** પોતાના નીતિપૂર્વકના ધનમાં અજાણતા પણ બીજાનું ધન આવી ગયું હોય તો તેનું પુણ્ય તેમને જ મળો, આવી ભાવના કરવી જોઇએ.

**૯) અંગન્યાસ :–**તૈયાર થયેલા પ્રતિમાજી પર **<u>ૐ પ્રભુજીનું નામ *સ્વાહા*</u>** આ મંત્રાક્ષરપૂર્વક અંગન્યાસ કરવો જોઇએ. મનન અને રક્ષણ કરનાર મંત્રનો અવશ્ય જાપ કરવો જોઇએ...

પ્રતિમા સોનાની, રત્નની કે મણિની હોય, વિશાળકાય હોય કે સામાન્ય દ્રવ્યથી નિર્મિત અને નાની પ્રતિમા હોય, તેનાથી પ્રતિમાજી કે ફળમાં કોઇ વિશેષતા નથી આવતી, પરંતુ જિનવચનના સ્મરણપૂર્વકના ભક્તિ-બહુમાન-વિનય આદિ ભાવોથી વિશેષતા આવે છે. આવા ભાવોપૂર્વક જિનબિંબનિર્માણ એ લોકોત્તર આરાધનારૂપ અને મોક્ષદાયક બને છે. તે સિવાયના ભાવોથી થતું નિર્માણ લૌકિક અને ભૌતિક અભ્યુદયરૂપ ફળ આપનાર બને છે.

**૧૦) પ્રતિષ્ઠા :–** જિનબિંબ નિર્મિત થયાના દશ દિવસમાં અંજનશલાકારૂપ પ્રાણપ્રતિષ્ઠા કરી લેવી જોઇએ. પ્રતિષ્ઠા ૩ પ્રકારની છે.

**i) વ્યક્તિ પ્રતિષ્ઠા :–** જેમનું શાસન ચાલી રહ્યું છે તે પરમાત્માની અથવા એક પરમાત્માની પ્રતિષ્ઠા...ઉદા. **પ્રભુવીર.**

**ii) ક્ષેત્ર પ્રતિષ્ઠા :–** સ્વક્ષેત્રમાં થયેલા ચોવીશ તીર્થંકર આદિની પ્રતિષ્ઠા... ઉદા. **શ્રી ઋષભદેવથી શ્રી મહાવીરસ્વામિ** ભગવાન...

**iii) મહાપ્રતિષ્ઠા :–** ઉત્કૃષ્ટ કાળે થયેલા ૧૭૦ ભગવાન (ભરત-ઐરવત મહાવિદેહના બધા ભગવાન હોવાથી સર્વક્ષેત્રાપેક્ષયા)ની પ્રતિષ્ઠા...

❀ પરમાત્માને ઉદ્દેશીને પોતાના આત્મામાં વીતરાગત્વાદિથી યુક્તરૂપે–'**હું**

**વીતરાગ છું, હું તીર્થંકર છું' આવી આત્મબુદ્ધિની પ્રતિષ્ઠા તે મુખ્ય પ્રતિષ્ઠા.** તે રીતે વીતરાગ સાથે આત્માની સમરસાપત્તિ=સમાનતા/તુલ્યપણું સિદ્ધ થાય છે. બાહ્ય જિનપ્રતિમામાં તો ઉપચારથી આ પ્રતિષ્ઠા થાય છે. (પ્રતિમામાં 'આ વીતરાગ છે' એ ભાવનો ઉપચાર પ્રાણપ્રતિષ્ઠાકારક આચાર્ય કરે છે.)

❀ અભેદ અધ્યવસાયનો નાશ થતાં પ્રભુપ્રતિષ્ઠાનો પણ નાશ થઇ જશે આવી શંકા ન કરવી કારણ કે પ્રતિમામાં કરેલો પ્રતિષ્ઠાનો ઔપચારિક ભાવ અખંડ હોવાથી પ્રતિષ્ઠા અખંડ રહેશે.

**ઉપચરિત સ્વભાવ બે પ્રકારે–**

i) **સ્વાભાવિક ઉપચાર :–** પરજ્ઞતા / પરદર્શકત્વરૂપ એટલે કે કેવળજ્ઞાન-કેવલદર્શનરૂપ સ્વભાવનો પ્રતિષ્ઠાચાર્યના આત્મામાં કરાતો ઉપચાર.

ii) **ઔપાધિક ઉપચાર :–** અલ્પકાલીન કે દીર્ઘકાલીન ઉપચાર, જે પ્રતિમા આદિમાં કરાય છે. અહીં સંકલ્પ દીર્ઘકાલીન હોવાથી નાશ પામતો નથી.

❀ મોક્ષમાં રહેલા વીતરાગ પરમાત્મા પ્રતિમામાં સાન્નિધ્ય નથી આપતા, પરંતુ **'આ પ્રતિમા પ્રતિષ્ઠિત છે' આવા જ્ઞાનથી** અથવા પ્રાચીન પ્રતિમામાં પણ પૂર્વપૂર્વના બીજા પૂજકોની પૂજા આદિ જોઇને **પૂજ્યત્વ બુદ્ધિ પેદા થતા પૂજાનું ફળ પ્રાપ્ત થાય છે.**

❀ મન્ત્રાદિ દ્વારા પ્રતિમામાં દેવતાવિશેષનું અવતરણ થાય છે, અને તે પૂજાનું ફળ આપે છે. અથવા પ્રતિષ્ઠાચાર્યના આત્મામાં પ્રતિષ્ઠા વિધિથી ઊભુ થયેલું પુણ્ય પૂજકોને પૂજાનું ફળ આપે છે.

આવી બધી માન્યતાઓ પણ વ્યર્થ છે કારણ કે 'આ હું છું'–આવા અહંકારરૂપ કે 'આ મારી પ્રતિમા છે' આવા મમત્વરૂપ ભાવ વીતરાગને સંભવતા નથી. તેથી પ્રથમ વિકલ્પ સંભવતો નથી. પ્રતિષ્ઠાચાર્યનું પુણ્ય બીજાને ફળ ન આપી શકે...પ્રતિષ્ઠાચાર્યના નાશ સાથે તેના પુણ્યનો પણ નાશ થશે તેથી પ્રતિમા હાજર હોવા છતાં ફળ નહીં આપી શકે તથા પ્રતિષ્ઠાના નાશ કે પ્રતિમાના નાશના સંયોગોમાં પણ પ્રતિષ્ઠાચાર્યનું પુણ્ય અકબંધ હોવાથી ફળદાયકતા ઉભી રહેવાની આપત્તિ આવશે માટે બીજો વિકલ્પ પણ યોગ્ય નથી.

❀ શુદ્ધવિધિ અને શુદ્ધ ભાવથી ભરાવેલા પ્રતિમાની પ્રતિષ્ઠા સ્વસામાચારી મુજબના મંત્રોચ્ચાર-વિધિવિધાનપૂર્વક કરવી. ક્ષેત્રદેવતાદિના બલિ-બાકુળા આદિના વિધાન–ઔચિત્ય અને વિઘ્નનાશ માટે જરૂરી હોય છે.

પરમાત્માના આત્માની ગેરહાજરીમાં જેમ દેવોએ નિર્વાણ કલ્યાણકના અભિષેક વિગેરે કરેલા, તેમ પ્રતિમાજીના અભિષેક આદિથી ભાવવૃદ્ધિ અને ઇષ્ટફળની પ્રાપ્તિ થાય છે, તેથી સર્વસાવદ્યના ત્યાગી સંયમધર સિવાયના સર્વ માટે કર્તવ્ય છે.

❀ પ્રતિષ્ઠા પછી આઠ દિવસ સુધી સતત પ્રતિષ્ઠિત પ્રભુજીની પૂજા કરવી તથા વૈભવાનુસારે શાસનપ્રભાવના નિમિત્તે દાન કરવું.

**૧૧) પૂજા :–** પ્રતિષ્ઠિત પરમાત્માની ભક્તિપૂર્વક અભિષેક-વિલેપન-પુષ્પ-ધૂપ આદિ ઉત્તમ દ્રવ્યોથી પૂજા કરવી–**પૂજા ત્રણ પ્રકારે–**

i) **પંચોપચારા** – બે જાનુ (ઢીંચણ), બે હાથ, મસ્તક રૂપ પાંચ અંગથી.

ii) **અષ્ટોપચારા** – મસ્તક, છાતી, પેટ, પીઠ, બે હાથ, બે સાથળ...

iii) **સર્વોપચારા** – દશાર્ણભદ્ર પ્રતિબોધક ઇન્દ્રની જેમ સર્વસમૃદ્ધિથી, સર્વ ઐશ્વર્યથી ભક્તિ કરવી.

આ પૂજા – i) **વિત્તશુદ્ધિ** – ન્યાયસંપન્ન વૈભવથી,

ii) **વસ્ત્રશુદ્ધિ**–લાલ-પીળા વિ. વિશુદ્ધ પટ્ટયુગ્મ વિગેરે તથા સફેદ ઉત્તમ વસ્ત્ર વડે,

iii) **દેહશુદ્ધિ** – દેશ કે સર્વ (સંપૂર્ણ) સ્નાન દ્વારા પવિત્ર થઇ,

iv) **ભાવશુદ્ધિ** – વિશુદ્ધ અધ્યવસાયપૂર્વક, અંગ-ઉપાંગ તથા ઇન્દ્રિયોના વિષયોના રાગ-દ્વેષનો નિગ્રહ કરવાપૂર્વક પૂજા કરવી.

❀ આ પૂજા સ્તોત્રપાઠપૂર્વક હોવી જોઇએ–**સ્તોત્રો**

i) **પિંડસ્તુતિ :–** ૧૦૦૮ લક્ષણયુક્ત શરીર, અતિશયો આદિથી ગર્ભિત સ્તુતિ...

ii) **ક્રિયાસ્તુતિ :–** અતિકષ્ટદાયક ઉપસર્ગ-પરીષહો પર વિજય, (સર્વસાવદ્ય-ત્યાગ, ખડા ખડા કાઉસગ્ગ આદિરૂપ) આચારોથી ગર્ભિત સ્તુતિ...

iii) **ગુણસ્તુતિ :–** શ્રદ્ધા-જ્ઞાન-વિરતિપરિણામ અને કેવળજ્ઞાન-કેવલદર્શન વિગેરે ગુણોનું વર્ણન કરતી સ્તુતિ...

iv) **પ્રણિધાનસ્તુતિ :–** રાગ-દ્વેષ-મોહથી પોતે કરેલા પાપોની ભગવાનની સાક્ષીએ નિંદારૂપ સ્તુતિ...

❀ **અન્ય આચાર્યો ત્રણ પ્રકારે પૂજા જણાવે છે...**

i) **કાયયોગપ્રધાન :–** સુંદર પુષ્પો પ્રભુને ચડાવવા, માળા (હાર) બનાવવા, ચડાવવા ઇત્યાદિ...**વિઘ્નશમની** કહેવાય છે.

ii) **વચનયોગપ્રધાન :–** વચન દ્વારા બીજા પાસે પુષ્પ, હાર આદિ મંગાવે... **અભ્યુદયકારિણી** કહેવાય છે.

iii) **મનોયોગપ્રધાન :–** મનથી અતિસુંદર પારિજાત આદિના પુષ્પોથી પૂજા કરે...**મોક્ષદાયિની...**

❀ કૂવો ખોદતા શરૂઆતમાં શ્રમ લાગવો, તરસ વધવી, કાદવથી લેપાવું આદિ ઉભી થતી તકલીફો પાણીનો પ્રવાહ પ્રગટતા દૂર થઇ તૃપ્તિ, સ્વચ્છતા, આરામ-આદિ લાભો પ્રાપ્ત થાય છે તેમ પ્રભુપૂજામાં જલ, વનસ્પતિ આદિ જીવોની વિરાધના હોવા છતાં ચડિયાતા-શ્રેષ્ઠતમ શુભભાવોનો લાભ થતો હોવાથી ગૃહસ્થ તેનો અધિકારી છે. સાધુ સતત ભાવપૂજામાં રત રહેવાથી તેમને દ્રવ્યપૂજાથી કોઇ વિશિષ્ટ લાભ થતો ન હોવાથી સાધુ અધિકારી નથી. જે સ્વભાવથી જ અત્યંત પાપભીરુ હોય, અથવા સતત સામાયિક આદિ કરનારા હોય તેવા શ્રાવકને પણ જિનપૂજા કરવાની જરૂર નથી.

સંસારમાં પાપપ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેનાર છતાં માત્ર ધર્મક્ષેત્રમાં (જિનપૂજાદિમાં) જયણાપૂર્વકની અલ્પતમ સાવદ્ય પ્રવૃત્તિમાં આરંભ (જીવહિંસા)ની શંકા કરનારમાં વિવેક અને ઉદારતાનો નાશ થવાથી દુર્લભબોધિતા જ થાય.

❀ શાસ્ત્રમાં 'ધર્મની આરાધના માટે ધન કમાવાની પ્રવૃત્તિ અને આરંભ-સમારંભની પ્રવૃત્તિને કાદવમાં હાથ બોળી પછી પાણીથી હાથ ધોવા જેવી છે.' આવું જે કહ્યું છે, તે સર્વવિરતિ આદિની અપેક્ષાએ કહ્યું છે. તથા માળી આદિ પાસેથી પુષ્પ આદિ પૂજાની સામગ્રી લેતા વેપારકળા/ભાવતાલકળા ન વાપરવી, પણ ઉદારતા રાખવી એ અપેક્ષાએ કહ્યું છે. બાકી ''પ્રમાદથી થયેલા દેવદ્રવ્યના ભક્ષણથી ખૂબ લાંબો સમય સંસારમાં ભમી, અનંતકાળે મનુષ્યભવ પામી કેવળી પાસેથી પૂર્વભવો જાણી-કેવળીએ બતાવેલ ઉપાયરૂપે 'રોટી-કપડાના ખર્ચ છોડી બધી કમાણી દેવદ્રવ્યમાં (દેરાસરમાં) વાપરીશ' આવી પ્રતિજ્ઞા કરી **સંકાશ શ્રાવકના** જીવે ધંધો કર્યો અને રકમ ભરી દેવદ્રવ્યના ભક્ષણદોષમાંથી મુક્ત થયો.'' આમ સંકાશ શ્રાવકે ધર્મ માટે જ ધંધો કર્યો-જે કેવળી ભગવંતે જ ઉપાયરૂપે દર્શાવેલ હતો, માટે **ધર્મ માટે ધંધો અકર્તવ્ય છે તેવું નથી.**

❀ ચિંતામણિ રત્નને કોઇ લાભ ન થવા છતાં પૂજકને તેનું ફળ મળે છે, તેમ પોતાને કોઇ લાભ ન હોવા છતાં પરમાત્મા પૂજકને પરમાનંદનું દાન કરે છે.

# અદ્ભુત સાધુજીવન



# ૬

# સાધુસામગ્ર્ય બત્રીશી

❀ સંયત એવા મહાત્માઓ જ્ઞાનથી જ્ઞાની થાય, ભિક્ષા દ્વારા ભિક્ષુક થાય, વૈરાગ્ય દ્વારા વિરક્ત થાય...

❀ **સંયમની અખંડતાનું પ્રથમ પરિબળ – જ્ઞાન ત્રણ પ્રકારે :–**

**૧) વિષયપ્રતિભાસ જ્ઞાન :–** વિષયના હેયોપાદેયતાદિ (ત્યાજ્ય-સ્વીકાર્ય આદિ) ગુણધર્મોના બોધ વિનાનું સામાન્ય જ્ઞાન... **મિથ્યાત્વીને** હોય...

**અજ્ઞાનાવરણના ક્ષયોપશમથી** પ્રાપ્ત થાય. **મુગ્ધ**=અજ્ઞાન વ્યક્તિને થતા **રત્નના જ્ઞાન** (ચળકાટ દેખાય, મૂલ્ય-મહત્તા ન સમજાય) જેવું જ્ઞાન હોય. અહીં **નિષ્કંપપણે** (નિષ્ઠુરતાપૂર્વ) **પાપપ્રવૃત્તિ થાય...**

**૨) આત્મપરિણામવત્ જ્ઞાન :–** સ્વના આધ્યાત્મિક લાભ-નુકશાનની સમજ-યુક્ત જ્ઞાન. **અષ્ટકવૃત્તિના** મતે સમ્યક્ત્વની પ્રાપ્તિ બાદ પદાર્થનું હેય-ઉપાદેય-ઉપેક્ષ્ય આદિનું થતું જ્ઞાન. **સમકિતીને** હોય. **જ્ઞાનાવરણના ક્ષયોપશમથી** થાય. ચારિત્ર મોહનીયના ઉદયથી ચારિત્રના અંતરાય હોવા છતાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી ચારિત્રની ભાવનાવાળું અને કર્મોદયજન્ય (જાણવા છતાં પાપપ્રવૃત્તિ આદિથી ન અટકી શકવાથી) સુખ-દુઃખયુક્ત જ્ઞાન. **પશ્ચાત્તાપ સાથે પાપપ્રવૃત્તિ** થાય.

**૩) તત્ત્વસંવેદન જ્ઞાન :–** તત્ત્વ=પરમાર્થ, તેનું પ્રવૃત્તિ-નિવૃત્તિ આદિથી યુક્ત સમ્યક્વેદન=સંવેદનરૂપ જ્ઞાન તે તત્ત્વસંવેદન જ્ઞાન. સ્વસ્થવૃત્તિવાળા **વિરતિધરને** જ્ઞાન હોય. **સજ્જ્ઞાનાવરણના ક્ષયોપશમથી** મળે. 'તત્ત્વ' શબ્દથી મિથ્યાત્વીના જ્ઞાનની બાદબાકી થઇ. સંવેદનના 'સમ્' શબ્દથી અવિરત સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનની બાદબાકી થઇ. મિથ્યાત્વીને પદાર્થમાં અમુક જ અંશનું (એકાંત નિત્યત્વ/એકાંત અનિત્યત્વ, અથવા અનુકૂળ/આકર્ષક અથવા પ્રતિકૂળ/જુગુપ્સનીયરૂપે) જ જ્ઞાન થાય છે. સંપૂર્ણ તાત્વિક જ્ઞાન થતું નથી. અહીં **નિષ્પાપપ્રવૃત્તિ** જ હોય. અવિરત સમકિતીનું જ્ઞાન-'જ્ઞાનસ્ય ફલં વિરતિઃ' વિરતિના ફળને આપતું નથી માટે સંવેદનરૂપ બનતું નથી.

❀ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ મિથ્યાત્વ મોહનીય+ચારિત્ર મોહનીય ઉદયથી સહકૃત હોય=**અજ્ઞાનાવરણ ક્ષયોપશમ...**

જ્ઞાનાવરણનો ક્ષયોપશમ મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમ+ચારિત્રમોહનીયના ઉદયથી સહકૃત હોય=**જ્ઞાનાવરણ ક્ષયોપશમ...**

જ્ઞાનાવરણનો ક્ષયોપશમ મિથ્યાત્વ મોહનીય+ચારિત્રમોહનીય ક્ષયોપશમથી સહકૃત હોય=**સજ્જ્ઞાનાવરણ ક્ષયોપશમ...**

**પ્રશ્ન :**–શાસ્ત્રમાં તો આવા ભેદ બતાવ્યા નથી, તો તેની સંગતિ કેવી રીતે કરવી ?

**ઉત્તર :**– કાર્યના સ્વભાવમાં ભેદ હોય, તો કારણના સ્વભાવમાં ભેદ (જુદાઇ) માનવી આવશ્યક છે. ઉપર ત્રણે પ્રકારના જ્ઞાનની લિંગભૂત (ઓળખસમી) ત્રણ પ્રવૃત્તિઓ જો ભિન્ન ભિન્ન બતાવી છે તો તેના કારણભૂત જ્ઞાન પણ ભિન્ન ભિન્ન પ્રકારના હોવા જોઇએ. જ્ઞાન જુદા જુદા હોય તો તેના ક્ષયોપશમ પણ જુદા જુદા હોય, તેના આવારક કર્મ પણ જુદા જુદા હોવા જોઇએ તેથી ત્રણ પ્રકારના કર્મ બતાવ્યા.

❀ તત્ત્વસંવેદન જ્ઞાન નામના ત્રીજા જ્ઞાનના **સંસ્કારરૂપ સંબંધથી** જ સાધુ પૂર્ણતાને પામે છે, પરંતુ તત્ત્વસંવેદન હોવા છતાં એના સંસ્કારની ગેરહાજરીમાં છઠ્ઠા ગુણસ્થાનકને પામવાની યોગ્યતા રહેલી હોય તો શંકા, આકાંક્ષા આદિથી છઠ્ઠેથી પાંચમે-ચોથે, ફરી છઠ્ઠે આમ આવ-જાવ ચાલે, જો યોગ્યતા ગુમાવી બેસે તો સાધુવેશ હોવા છતાં છઠ્ઠાથી પતિત જ થાય. ફરી છઠ્ઠે ન આવે.

તત્ત્વસંવેદન જ્ઞાનનો સંસ્કારરૂપ સંબંધ એટલે – જિનવચન પરની પૂર્ણશ્રદ્ધા, હેયોપાદેયનો બોધ અને તેને અનુરૂપ પ્રવૃત્તિ-નિવૃત્તિ એટલા આત્મસાત્ થઇ જાય (હાડોહાડ વસી જાય) કે ઉંઘમાં પણ વિપરીત બોધ કે પ્રવૃત્તિ-નિવૃત્તિ ન થાય તે તત્ત્વસંવેદન જ્ઞાનનો સંસ્કારરૂપ સંબંધ થયો કહેવાય. (દા.ત. ઉંઘમાં પણ કાચું પાણી ન પીવાય, વાહનમાં ન બેસાય,બોલતા મુહપત્તીનો ઉપયોગ કે પૂંજવા-પ્રમાર્જવાનું થઇ જ જાય.)

## અખંડ-ઉત્તમ સાધુપણા માટે બીજો વિભાગ-ભિક્ષા-૩ પ્રકારે–

**૧) સર્વસંપત્કરી ભિક્ષા :**– મોક્ષ સુધીની સર્વસંપત્તિઓને આપવાના સ્વભાવવાળી, સદાકાળ માટે આરંભ-સમારંભ(જીવહિંસાયુક્ત પ્રવૃત્તિ) રહિતપણાના હેતુભૂત ભિક્ષા. સંવેગી ઉત્તમ સંયમી ભગવંતોને આ ભિક્ષા હોય છે. સદા અનારંભહેતુતા–કાયમ માટે હનન(જીવોની હિંસા), પાચન (પકાવવું), ક્રયણ (ખરીદવું) આદિ હિંસક પ્રવૃત્તિના ત્યાગથી તથા અહિંસક જીવનશૈલીની

અનુમોદનાથી, અહોભાવથી ઊભા થનારા વિશિષ્ટ પરિણામથી આવેલી જયણા દ્વારા આવે છે. સંવિગ્નપાક્ષિક સાધુઓ તથા ૧૧મી શ્રાવક પ્રતિમા વહન કરનારને સર્વસંપત્કરી ભિક્ષા જેવું ફળ મળતું હોવાથી તેમની પણ ભિક્ષા દ્રવ્ય સર્વસંપત્કરી ભિક્ષા હોય છે.

**૨) પૌરુષઘ્ની ભિક્ષા :–** દીક્ષાવિરોધી ભિક્ષા પૌરુષઘ્ની કહેવાયેલ છે. હૃષ્ટપુષ્ટ હોવા છતાં જીવહિંસાથી ઉત્પન્ન થતી ભિક્ષા લે તથા શુદ્ધ ગોચરી વહોરનારની નિંદા કરે તે પૌરુષઘ્ની ભિક્ષા લેનાર ધર્મની લઘુતામાં કારણ બને છે. દાનશ્રદ્ધાળુ વ્યક્તિના મનમાં પણ તેના કારણે ધર્મની લઘુતા થાય છે.

**૩) વૃત્તિભિક્ષા :–** ગરીબ, સુરદાસ જીવો આદિ ધંધો-નોકરી કરવાની અસમર્થતાના કારણે ભિક્ષાવૃત્તિ કરીને જીવે તે વૃત્તિભિક્ષા કહેવાય...દીક્ષા ત્યજેલા સારૂપિક, સિદ્ધપુત્ર આદિને પણ આ ભિક્ષા હોય તેવું કેટલાક કહે છે. (માથું મુંડાવેલ, રજોહરણરહિત, તુંબડીપાત્રથી ભિક્ષા, પત્ની ન હોય તે સારૂપિક કહેવાય...પુત્રયુક્ત, ભિક્ષા માટે નીકળે અથવા ન નીકળે, કોડી–વાટકી આદિ દ્વારા દેવતાને બોલાવે, લાકડીને ધારણ કરે તે સિદ્ધપુત્ર કહેવાય.) આ માત્ર બાલદીક્ષિત આદિ માટે છે જેને અન્ય આજીવિકાની પ્રવૃત્તિ આવડતી ન હોય. બાકી ચારિત્રથી પતિત થવા છતાં અત્યંત પાપભીરુ અને સંવેગની તીવ્રતાથી ફરી દીક્ષા માટે મન ઢળેલું જ હોય તેવા જીવોને સર્વસંપત્કરી ભિક્ષા જ હોય. અન્ય સર્વેને પૌરુષઘ્ની ભિક્ષા હોય...

❁ નવકોટિશુદ્ધ ભોજનના ગ્રહણથી સર્વસંપત્કરી ભિક્ષા થાય...

ક્રયણ=ખરીદવું, હનન=ઝાડ પરથી ફળ તોડવા, શાક સમારવું (જીવઘાત કરવો), પાચન=રાંધવું...

કૃત=જાતે કરવું, કારિત=અન્ય પાસે કરાવવું, કલ્પિત=સાધુની સૂચના ન હોવા છતાં ગૃહસ્થ જાતે જ સાધુને વહોરાવવાની કલ્પનાથી બનાવે.

૩ x ૩ = ૯...

– સ્વયં ખરીદ્યું ન હોય, બીજા પાસે ખરીદાવ્યું ન હોય, ગૃહસ્થે પોતે સાધુની કલ્પનાથી ખરીદ્યું ન હોય...

– આ જ પ્રમાણે હનન, પચનમાં સમજી લેવું...

❁ આટલું મારા માટે, આટલું સાધુ માટે જ, આટલું દાન માટે જ, આટલું પુણ્ય

માટે જ,– આવો સંકલ્પ કરીને રાંધેલું હોય તે ન ખપે, પણ રંધાઇ ગયા પછી સાધુ ભગવંતને, અતિથિઓને, યાચકોને આપીને પછી જ વાપરીશ એવો સંકલ્પ ગૃહસ્થ કરે તો દોષ નથી, કારણ કે હવે એમાં આરંભ-સમારંભ નથી...અહીં શાસ્ત્રમાં ચાર ભાંગા બતાવ્યા છે–

કૃતિ = રાંધવાનો પ્રારંભ, નિષ્ઠા = રાંધવાનો અંત

a) સાધુ માટે કૃતિ, સાધુ માટે નિષ્ઠા b) અન્ય માટે કૃતિ, સાધુ માટે નિષ્ઠા.
c) સાધુ માટે કૃતિ, અન્ય માટે નિષ્ઠા d) અન્ય માટે કૃતિ, અન્ય માટે નિષ્ઠા,
છેલ્લા બે ભાંગા શુદ્ધ છે. તેમાં સાધુને વહોરવું ખપે.

❁ સાધુને સંપૂર્ણ અસંકલ્પિત ગોચરી મળવી અશક્ય છે, તેવું માનવાની જરૂર નથી. દુર્લભ-દુષ્કર જરૂર છે. આમ પણ **અતિદુર્લભ મોક્ષની પ્રાપ્તિ માટે અતિદુષ્કર ધર્મ જ કારણભૂત બની શકશે...**તેથી જ આવો દુષ્કર ધર્મ બતાવનાર વીતરાગ ભગવંતો વિશ્વસનીય બની શકશે.

❁ 'પોતાના માટે બનાવેલું છે'–એ જાણવા છતાં સ્વયં કરણ-કરાવણ ન કર્યું હોઇ, મન-વચન-કાયાથી વિશુદ્ધ હોઇ ગોચરી વહોરવામાં શું વાંધો ? –આવું વિચારવું અનુચિત છે કારણ કે તેનાથી પ્રેરાઇ શ્રાવક વારંવાર તેવી પ્રવૃત્તિ કરશે, તેનાથી પાપવૃદ્ધિ થશે...તદુપરાંત આધાકર્મી કુલનો ત્યાગ કરવાની પ્રભુની મર્યાદા ન પળાવાથી ચારિત્રની ગુણશ્રેણિ ખંડિત થશે...

**સંયમની અખંડિતતાનું ત્રીજું પરિબળ–વૈરાગ્ય-ત્રણ પ્રકારે :–**

**૧) દુઃખગર્ભિત વૈરાગ્ય :–** આર્તધ્યાનરૂપ હોય...મોક્ષમાર્ગમાં યથાશક્તિ પ્રવૃત્તિનો અભાવ હોય. 'ન મળે નારી, ત્યારે બાવા બ્રહ્મચારી' એ ન્યાયે પોતાની ઇચ્છાનુસાર લાભ ન મળવાથી સાંસારિક સુખ વિશે મંદકક્ષાની ત્યાગપરિણતિ જાગી હોય...આવો વૈરાગ્ય શરીર-મનને પીડાદાયક બને છે. વૈરાગ્ય મંદ હોવાથી મોક્ષના ઉપાયમાં યથાશક્તિ પણ પ્રવૃત્તિ ન હોય.

**–ભોગસુખ પ્રત્યે નિઃસ્પૃહતા બે રીતે જાગે**–૧) ભોગસુખ નહીં મળી શકે એવા જ્ઞાનથી ૨) ભોગસુખ પ્રત્યેના દ્વેષથી.

પ્રથમ વિકલ્પમાં ઇષ્ટની પ્રાપ્તિ નહીં થાય...આવા જ્ઞાનના કારણે દુઃખ-પીડા છે. બીજા વિકલ્પવાળાને નહીં...

**૨)મોહગર્ભિત વૈરાગ્ય :–** શરીરમાં દબાયેલા તાવ જેવો–અતત્ત્વમાં તત્ત્વની ગાઢ બુદ્ધિથી ઉત્પન્ન થયેલી સંસારઅસારતાની બુદ્ધિયુક્ત ભાવ...વૈરાગ્ય પ્રબળ

હોવાથી પ્રશાંતતા હોય છે, પરંતુ મિથ્યાત્વ ગાઢ હોવાથી દુર્ગતિમાં પડવાની અને ઘોર આધ્યાત્મિક નુકશાનની શક્યતા છે. સ્વમાન્ય સાધનામાં ઉત્કટતા હોય...

**૩) જ્ઞાનગર્ભિત વૈરાગ્ય :**–કર્માધીન જીવોની દુઃખપરંપરાને સ્યાદ્વાદવિદ્યાથી જાણી સંસારથી ભયભીત જીવોને પ્રગટતો વૈરાગ્ય...

મોક્ષના ઉપાયરૂપ રત્નત્રયના સામ્રાજ્યમાં ઉત્કૃષ્ટ પ્રવૃત્તિ થાય..

જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી જ ચારિત્રની સંપૂર્ણતા થાય. ગુણવાન ગુરુની પરતંત્રતાથી ક્યારેક દુઃખ-મોહગર્ભિત વૈરાગ્ય નાશ પામી મોક્ષના અંગભૂત બની શકે...જ્ઞાનીની નિશ્રામાં રહેવું એજ જ્ઞાનરૂપ છે. તેથી દુઃખ-મોહગર્ભિતતા જ્ઞાનગર્ભિતતામાં પલટાય છે.

ગીતાર્થગુરુના ઉપદેશને સ્વીકારવાની તત્પરતા વિનાના આત્મામાં મૂલગુણ (યમ)–ઉત્તરગુણ (નિયમ)ની આરાધનાથી પ્રગટતી મનની અસંક્લિ-ષ્ટતા (ભાવશુદ્ધિ) પણ આગમોક્ત નીતિ મુજબ માન્ય નથી, કારણ કે શાસ્ત્ર પ્રત્યેની શ્રદ્ધા કરતાં પોતાની માન્યતાની પકડ વધારે હોવાથી ભાવશુદ્ધિ માર્ગને અનુસરનારી, ઉપર ઉપરના ગુણસ્થાનકને પ્રાપ્ત કરાવનારી હોતી નથી.

ગુણવાન ગુરુની પરતંત્રતા એ કદાગ્રહના બીજ સમાન મોહને ઘટાડનાર છે, તેથી જ તમામ અનુષ્ઠાનો (દીક્ષા, પદવી, જોગ આદિ)માં 'ક્ષમાશ્રમણ-હસ્તેન' એમ કહે છે. જે બીજાના ગુણોને અને પોતાના ગુણ-દોષને ન જાણે, તે જ ગુરુપારતંત્ર્યને સ્વીકારતો નથી. જેનો મોક્ષ નજીકમાં હોય તે તો સ્વીકારે જ. ગુણવાન ગુરુ પ્રત્યેના બહુમાનથી **જે** (ગુણપ્રશંસા દ્વારા) અન્ય જીવોમાં શાસનબહુમાન પેદા કરે, તે શાસનપ્રશંસકો પણ તેનાથી ભાવિમાં શાસનની પ્રાપ્તિ અને પાલન કરે છે, તેના દ્વારા શાસનની પરંપરા અવિચ્છિન્ન રહેવારૂપ ઉન્નતિ થાય છે, **તેની** પણ તીર્થંકરત્વ પ્રાપ્તિરૂપ ઉન્નતિ થાય છે.

જે અનાભોગથી પણ લોકવિરુદ્ધ પ્રવૃત્તિ–ગુણવાનની નિંદા આદિ દ્વારા શાસનની હીલનાની પ્રવૃત્તિ કરે છે તે તેજ સમયે મિથ્યાત્વના ઉદયનો ભોગ બની અનંત સંસાર પરિભ્રમણના કારણરૂપ મિથ્યાત્વકર્મ બાંધે છે. 'આ જૈન ધર્મ અવિવેકપ્રધાન છે'.–આવી ખ્યાતિ ફેલાવાથી શાસનનું માલિન્ય (અપયશ) થાય છે. ગુરુપારતન્ત્ર્યથી જ જ્ઞાનાદિ ગુણોની પૂર્ણતા થાય છે.

આમ જાણી બુદ્ધિશાળી સાધુ ગીતાર્થ નિશ્રાએ તત્ત્વસંવેદન જ્ઞાન, સર્વસંપત્કરી ભિક્ષા અને જ્ઞાનગર્ભિત વૈરાગ્યપૂર્વક ધર્મ આચરી પરમાનંદનો ભોક્તા બને છે.





# ૭

# ધર્મવ્યવસ્થા બત્રીશી

❀ **ધર્મની વ્યવસ્થા** – ભક્ષ્યાભક્ષ્યના વિવેકથી, ગમ્યાગમ્યના વિવેકથી, તપ અને દયાવિશેષથી થાય છે. અહીં એ ચાર વિષયમાં બૌદ્ધમત, બ્રાહ્મણમત આદિ સાથે સરખામણી કરાય છે.

❀ **ભક્ષ્યાભક્ષ્યવિવેક** – શિષ્ટલોક અને શાસ્ત્રો દ્વારા ભક્ષ્યાભક્ષ્યની વ્યવસ્થા નક્કી થાય છે.

– જેનું ભક્ષણ કરી શકાય તે ભક્ષ્ય – આવી વ્યાખ્યા નથી. પરંતુ

**અધર્મને ઉત્પન્ન ન કરે તેવું ભક્ષણ – તે ભક્ષ્ય...**

❀ **બૌદ્ધમત :–** ભાત જેમ એકેન્દ્રિય જીવનું અંગ હોવાથી ભક્ષ્ય છે, તેમ માંસ પંચેન્દ્રિય જીવનું અંગ હોવાથી ભક્ષ્ય ગણાય.

**સમાધાન :–** ૧) જેમ ગાયનું દૂધ પી શકાય, પરંતુ લોહી નહીં, તેમ ભાત ખવાય પરંતુ માંસ નહીં, આ શિષ્ટ લોકોની તથા આગમમાન્ય વ્યવસ્થા છે. જો આવું ન માનો તો તમારા ભિક્ષુનું માંસ પ્રાણીના અંગસ્વરૂપ હોવાથી ભક્ષ્ય થઇ જશે.

૨) તદુપરાંત, માત્ર 'પ્રાણીનું અંગ છે' આટલી સમાનતાના આધારે ભક્ષ્યતાનો નિયમ તારવશો, તો સ્ત્રીત્વની સમાનતાનો આધાર લઇ પત્ની જેવો વ્યવહાર માતા સાથે અથવા માતા જેવો વ્યવહાર પત્ની સાથે કરવાની આપત્તિ તમારા માથે આવશે.

૩) અમે પંચેન્દ્રિય જીવનું અંગ હોવાથી માંસને અભક્ષ્ય નથી કહેતા, પરંતુ કાચી, પાકી અને પકાવાતી માંસપેશીઓમાં નિગોદ જીવોની અત્યંત ઉત્પત્તિ શાસ્ત્રોમાં બતાવી હોવાથી બહુશ્રુતોએ માંસભક્ષણનો નિષેધ કર્યો છે.

**એક સ્પષ્ટીકરણ :– આચારાંગ સૂત્ર** આદિમાં આવતા ગોચરીમાં માંસ આદિ વહોરવા સંબંધી પાઠો–અપવાદપદ પ્રવૃત્તિના અને માત્ર બાહ્ય વપરાશના (બહારથી ચોપડવા આદિ સંબંધી, ભોજન સંબંધી નહીં) હોવાથી – 'જૈનો મદ્ય-માંસનું ભક્ષણ ન કરે'–એવી પ્રસિદ્ધિ સાથે કોઇ વિરોધ નહીં આવે.

ઉત્સર્ગથી તો માંસભક્ષણને દુષ્ટ જ માન્યું છે.

–બૌદ્ધોના પણ **લંકાવતાર, શીલપટલ** વગેરે ગ્રન્થોમાં માંસભક્ષણનો નિષેધ મળે જ છે.

❀ **બ્રાહ્મણ મત :–** માંસભક્ષણમાં, મદ્યપાનમાં અને મૈથુનમાં કોઇ દોષ નથી, કારણ કે જીવોને તે બધું સહજસ્વભાવરૂપ છે. હા, તેનો ત્યાગ એ મહાન અભ્યુદયરૂપ ફળ આપે છે. તદુપરાંત **મનુસ્મૃતિ** આદિમાં માંસભક્ષણના અપાય પણ બતાવ્યા છે. તો યજ્ઞ આદિમાં માંસભક્ષણ ફરજિયાત બતાવ્યું છે. મુખ્યત્વે–શાસ્ત્રવિહિત માંસભક્ષણ કર્તવ્ય છે, જ્યારે શાસ્ત્રબાહ્ય માંસભક્ષણ પાપકર્મ બંધાવશે.

**પ્રતિવિચારણા :–** આ માન્યતા ઉચિત નથી...નિવૃત્તિ મહાફલવાળી બતાવી તે જ બતાવે છે કે માંસભક્ષણનિવૃત્તિ એ મુક્તિનો રાજમાર્ગ છે. તેથી ધર્મના નામે માંસભક્ષણ ઉચિત નથી.

❀ **મદ્યપાનમાં** ધનનાશ-લજ્જાનાશ આદિ આલોકના નુકશાન તથા સંધાનજીવ (આથો-સડો આદિમાં ઉત્પન્ન થતા જીવ)થી મિશ્ર હોવાના કારણે પારલૌકિક દોષ પણ બહુ મોટા છે...

**હિંદુ પુરાણોમાં આવતી એક કથા**–મહાતપસ્વીને ભ્રષ્ટ કરવા ઇન્દ્રે મોકલેલી અપ્સરાઓએ પૂર્ણવિનયથી તેમને વશ કરતા ઋષિએ વરદાન માંગવા કહ્યું ત્યારે અપ્સરાઓએ ઋષિની ઇચ્છાનુસાર દારૂપાન, હિંસા, મૈથુનસેવન-ત્રણમાંથી એકનું સેવન કરવાનું વરદાન માંગ્યું ત્યારે અલ્પદોષ જાણી દારૂપાન કર્યું, અતિભૂખ લાગતા વિદંશ માટે બકરાને હણ્યો, અબ્રહ્મનું સેવન પણ કર્યું–આમ એકમાં બધા પાપ સમાયા. આમ અનેક દોષોનો ભંડાર દારૂપાન છે.

❀ **ગમ્યાગમ્યવિવેક :–** મૈથુન નિયમા રાગપૂર્વક જ થતું હોવાથી, મહાઅસંયમકારી (ઘોરજીવહિંસાકારી) હોવાથી અધર્મના મૂળ જેવું બતાવ્યું છે. બાલ્યકાળથી સાધુપણુ પાળવાની ક્ષમતા ન હોય, તેઓ ઘરબારી બને, પરંતુ એ વાસનાની ઉત્તેજનારૂપ કામરાગયુક્ત તથા આરંભ-પરિગ્રહરૂપ દોષથી ભરેલું હોવાથી અપવાદરૂપ જ માનવું જોઇએ.

અપવાદે મૈથુનસેવન કરવું પડે, તો તેમાં ય ગમ્યાગમ્યનો વિવેક જોઇએ. **મંડલતંત્રવાદીઓ** મધ્યસ્થતા કેળવવાના નામે સ્વસ્ત્રી-પરસ્ત્રી-મા-બહેન-

પત્ની આદિના વિવેકનો ત્યાગ કરે છે જે ઉપરથી મધ્યસ્થતાનો નાશ કરી તીવ્ર મોહવિકારની વૃદ્ધિ કરે છે.

❁ **તપ → બૌદ્ધમાન્યતા :–** તપ એ કષ્ટરૂપ હોવાથી આર્તધ્યાનનું નિમિત્ત બનવાથી તથા અશાતાવેદનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ હોવાથી આ કરવાલાયક નથી...– આ માન્યતા ઉચિત નથી.

**જૈન મત :–** i) મન, ઇન્દ્રિય અને આરાધનાના યોગોની **સમાધિ જાળવીને** તપ **કરવાનો હોવાથી,**

ii) **ભાવઆરોગ્યની** પ્રાપ્તિની **સંભાવનાથી** માનસિક પ્રસન્નતા વધતી રહેવાથી,

iii) ચારિત્ર મોહનીયના ક્ષયોપશમથી ઉત્પન્ન થતો હોવાથી **જ્ઞાન, શમ, સંવેગાદિથી યુક્ત** હોવાથી **પ્રસન્નતાના કારણભૂત તપ પરમઆદરણીય છે.**

❁ **તપ** અપ્રમત્તતાદિ ગુણના સમુહરૂપ હોવાથી **આત્માના ગુણસ્વરૂપ જ છે,** ક્ષાયોપશમિક છે, તેથી ઉપાદેય છે.

❁ તપમાં ક્યારેક આર્તધ્યાનાદિની શક્યતા છે, તો જ્ઞાનમાં અહંકારાદિની શક્યતા રહે છે. તમામ પ્રકારની વિકૃતિઓ પર વિવેકથી વિજય મેળવી શકાય. તેથી ઉપાદેયતા અખંડ રહે છે.

❁ **જીવો પ્રત્યે દયા :–** લૌકિક વનવાસી તાપસ વિગેરેને ષડ્જીવ-નિકાયનો બોધ ન હોવાથી તેમની લૌકિક જીવદયા લાભદાયી બની શકતી નથી... વ્યવહારનિશ્ચયનો બોધ ન હોવાથી એકાન્તિકી દયા પણ ઇષ્ટ નથી. તાત્ત્વિક દયા જ્ઞાનસાધ્ય છે, અને તત્ત્વજ્ઞાન અહીં ગેરહાજર છે.

**વ્યવહાર જીવદયા**=જયણાની કાળજીપૂર્વક અન્ય જીવોના પ્રાણનું રક્ષણ કરવું.

**નિશ્ચય જીવદયા**=પવનની લહેરી અટકી જવાથી સ્થિર થયેલા સમુદ્ર જેવી નિર્વિકલ્પ શાંતદશારૂપ પોતાના ભાવપ્રાણનું રક્ષણ કરવું. તથા બીજાના પ્રાણની રક્ષાના અવસરમાં પણ અશુભ ભાવસમુદ્રમાં ડૂબતી પોતાની જાતને બચાવનાર તરાપા સમાન શુભભાવના રક્ષણને જ નિશ્ચયનય જીવદયા માને છે.

❁ **નૈગમનયથી જીવદયા**=જીવ-અજીવ ઉભયને વિષે અહિંસાનો ભાવ.

**સંગ્રહવ્યવહારનયથી જીવદયા**=ષડ્જીવનિકાયની અહિંસા.

**ઋજુસૂત્રનયથી જીવદયા**=એક એક જીવની હિંસા / અહિંસા જુદી જુદી ગણાય.

**શબ્દ-સમભિરુઢ-એવંભૂત નયથી જીવદયા**=આત્મા વિભાવરૂપ પ્રમાદથી

પરિણત થાય તો હિંસા, સ્વભાવ પરિણામથી પરિણત થાય તો અહિંસા કહેવાય.

❁ આગમોક્ત જયણાપૂર્વક પોતાના આંતરિક ભાવથી જીવરક્ષાની પ્રવૃત્તિ કરતાં સંયોગવશ જીવને પીડા થાય તો પણ સાંપરાયિક (દીર્ઘકાલીન) કર્મબંધનું કારણ બનતું નથી, અને અજયણાપૂર્વક વર્તતા દૈવયોગે પ્રાણીને પીડા ન થાય તો પણ હિંસાજન્ય કર્મબંધ થાય જ છે.

❁ દ્વાદશાંગીના અભ્યાસથી જ્ઞાનના રહસ્યને પામી જનારા અને તેથી જ નિશ્ચયનયમાં સ્થિર ચિત્તવાળા મહાત્માઓ ચિત્તના પરિણામને કર્મના ફળનું મુખ્ય કારણ માને છે.

❁ અશુભ નિમિત્તમાં રહેનારને શુભભાવ જાગતા નથી, રહેતા નથી તેથી સદાચાર અને શુભભાવ ઉભયમાં લીન રહેવું જોઇએ...જે વ્યવહાર માર્ગની ઉપેક્ષા કરી એકાંતનિશ્ચયને જ માને છે, તેઓ ખરેખર હેતુ-સ્વરૂપ અને અનુબંધથી શુદ્ધ નિશ્ચયનયનું સ્વરૂપ ન જાણતા હોવાથી પરમાર્થથી (વાસ્તવિક) નિશ્ચયનયને જાણતા જ નથી.

❁ કલિકાલના મોટા ભાગના જીવો સ્વેચ્છાથી કલ્પિત આચારમાં આસક્ત છે, એમ જાણી 'ઘણા લોકો આચરે તે જ અમારે આચરવું' આવી લોકસંજ્ઞાનો ત્યાગ કરી પૂર્વોક્તવ્યવસ્થા મુજબનો ધર્મ આચરવાથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે.




ગૌતમસ્વામી
ધર્મસંવાદ
કેશીસ્વામી

## ૮

# વાદબત્રીશી

ધર્મવ્યવસ્થાની યોગ્યાયોગ્યતા, સત્યતા-અસત્યતા ચકાસવા વાદની વ્યવસ્થા છે.

## વાદ ત્રણ પ્રકારે–

**૧) શુષ્કવાદ :–** અત્યંત ક્રોધ-માનયુક્ત ચિત્તવાળા દુષ્ટવાદી સાથે વાદ કરવામાં આવે તેમાં વાદીનો વિજય થાય તો પ્રતિવાદી આપઘાત કરે, કાંતો પાગલ થાય, વેરનો અનુબંધ બંધાય, સંસારપરિભ્રમણ વિગેરે નુકસાન થાય, અથવા ગુસ્સે થઇ સાધુને મારે, અથવા રાજસત્તા વિગેરેના માધ્યમથી જિનશાસનનો ઉચ્છેદ કરે.

❀ વાદી (સ્યાદ્વાદી)નો પરાજય થાય તો જિનશાસન અસાર છે તેવી નિંદા-હીલના આદિ થાય..

**૨) વિવાદ :–** દરિદ્ર, ધનલાભ કે પ્રસિદ્ધિના અર્થી અપ્રામાણિક પ્રતિવાદી સાથે છલ (ખોટું, કપટમય, અન્યાયી અર્થઘટન), જાતિ (જૂઠ બોલવું) આદિના વારંવારના વચનપ્રયોગપૂર્વકનો વાદ તે વિવાદ. આમાં–

❀ છલ-કપટનો વારંવાર પ્રયોગ થતો હોવાથી વિજયની શક્યતા ઓછી રહે. તેથી શાસનનિંદાની શક્યતા રહે.

❀ ખૂબ અપ્રમત્તપણે છળકપટનું નિવારણ કરતાં વિજય મેળવે તો પ્રતિવાદીને ધનપ્રાપ્તિ-પ્રસિદ્ધિપ્રાપ્તિમાં અંતરાય થાય. બીજાના અંતરાયમાં નિમિત્ત બનવાથી પોતાની પરલોકસાધના નબળી પડે છે.

આમ, ઉપરોક્ત બન્ને પ્રકારના વાદમાં જય કે પરાજય, બન્નેમાં કશો લાભ થતો નથી.

**૩) ધર્મવાદ :–** પોતાને માન્ય ધર્મશાસ્ત્રના પૂરા જાણકાર, મધ્યસ્થ અને પાપભીરુ પ્રતિવાદી સાથે તત્ત્વનિર્ણયની બુદ્ધિથી ચર્ચા કરાય તે ધર્મવાદ.

❀ ધર્મશાસ્ત્રનો જાણકાર–પોતાને માન્ય સિદ્ધાંતમાં દૂષણ લાગે છે કે નહીં તે સ્પષ્ટ જાણી શકે.

❁ મધ્યસ્થ=સ્વદર્શનનો આત્યંતિક અનુરાગ અને પરદર્શનના દ્વેષથી રહિત. તે જ સત્યતત્ત્વ સ્વીકારી શકે.
❁ પાપભીરુ=વિજય માટે અનીતિ ન કરે, આડેધડ ન બોલે.

વાદીનો વિજય થાય તો પ્રતિવાદી તથા અન્ય મધ્યસ્થ સભ્યોને સાચા ધર્મની પ્રાપ્તિ થાય, અને વાદીનો પરાજય થાય તો પોતાના મોહનો, ભ્રમણાનો–અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિનો નાશ થાય. આમ બન્ને રીતે લાભ થાય. માટે તત્ત્વવેત્તાએ ધર્મવાદ જ કરવો જોઇએ.

દેશ-કાળ-રાજા-મધ્યસ્થ સભ્યો-પ્રતિવાદિ આદિને જોઇ તથા લાભ-નુકશાનને વિચારી અન્ય વાદ પણ કરી શકાય. અહીં અયોગ્ય પર્ષદામાં ધર્મદેશના ન કરી, બીજે જઇ યોગ્ય પર્ષદામાં જ ધર્મદેશના આપનાર **ભગવાન વર્ધમાનસ્વામી** દૃષ્ટાંતરૂપ છે.

**ધર્મવાદનો વિષય :– સાંખ્ય** આદિ દર્શનોના **ષષ્ટિતંત્ર** આદિ ધર્મશા-સ્ત્રોમાં બતાવેલ ધર્મના સાધનભૂત અહિંસાદિ તત્ત્વો ધર્મવાદનો વિષય છે, જેનો નિર્ણય થતાં અસત્ પક્ષપાતનો નાશ થઇ, સત્ય તત્ત્વને અભિમુખ થઇ આત્મા મોક્ષનો સાધક બને છે.

**ધર્મના સાધન પાંચ છે-અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ–**

જૈનશાસનમાં 'મહાવ્રત' નામથી, તો ભાગવતો 'વ્રત' નામથી ઓળખે છે.

**ભાગવતશાસ્ત્ર-**

'पञ्च व्रतानि पञ्चोपव्रतानि, व्रतानि यमाः । उपव्रतानि नियमाः'

❁ **પાશુપતો ધર્મ** પદથી ઓળખાવે છે–

'अहिंसा सत्यवचनमस्तैन्यं चाऽप्यकल्पना ।'

ब्रह्मचर्य तथाऽक्रोधो ह्यार्जवं शौचमेव च । सन्तोषो गुणशुश्रूषा इत्येते दश कीर्तिताः ।।

❁ **વ્યાસમતાનુસારી સાંખ્યો** 'યમ' પદથી ઓળખાવે છે.

'पञ्च यमाः पञ्च नियमाः । तत्र यमाः' अहिंसा सत्यमस्तैन्यं ब्रह्मचर्यमव्यवहारश्चेति, नियमास्तु अक्रोधो गुरुशुश्रूषा शौचमाहारलाघवम् अप्रमादश्च ।'

❁ **બૌદ્ધો** 'કુશલધર્મ' પદથી ઓળખાવે છે–

'दशाकुशलानि, तद्यथा-'हिंसा-स्तेयाऽन्यथाकामं पैशून्यं परुषाऽनृतम् ।

सम्भिन्नालापं व्यापादमभिध्या दृग्विपर्ययम् । पापकर्मेति दशधा कायवाङ्मानसैस्त्यजेत् ।। एतद्विपर्ययाच्च दश कुशलधर्मा भवन्तीति ।।'

કેટલાક પારિભાષિક શબ્દોના અર્થ–અન્યથાકામ=પરસ્ત્રીનો ભોગ, સમ્ભિન્નાલાપ=અસંબદ્ધ વાણી, વ્યાપાદ=પરપીડાચિંતન, અભિધ્યા=પરિગ્રહ, દૃગ્વિપર્યય=મિથ્યાભિનિવેશ.

**વૈદિક** વિગેરે દ્વારા **બ્રહ્મ** આદિ પદ દ્વારા ધર્મસાધન ઓળખાવાય છે.

❀ પોતપોતાના જ ધર્મના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને આ અહિંસા આદિ ધર્મસાધનો પોતાના ધર્મમાં કહ્યા મુજબ યુક્તિસંગત થાય છે કે નહીં-આનો વિચાર ધર્મવિચારમાં નિષ્ણાત વાદીઓએ કરવો જોઇએ. આ સિવાય પ્રમાણલક્ષણ વિગેરે કશું વિચારવાની જરૂર નથી, નહીં તો ધર્મવાદ નહીં રહે... અન્ય ધર્મના સિદ્ધાંતથી તો બીજા ધર્મની આરાધના અસંગત જ થશે, માટે પોતાના સિદ્ધાંતથી પોતાની સાધનાની સંગતતા ચર્ચવાની/ ચકાસવાની રહે છે.

❀ પ્રમાણ, પ્રમેય, પ્રમા આદિના લક્ષણોની ચર્ચા અત્રે અનાવશ્યક છે, તેથી તે ચર્ચા ન કરતાં સીધા અહિંસાના લક્ષણ/પ્રવૃત્તિ વિશે ચર્ચા કરાય.

❀ અહિંસાદિ સાધનો તે તે દર્શનના સિદ્ધાંતો મુજબ યુક્તિસંગત-યથાર્થ છે કે નહીં તેવી શંકા વિચારવલોણા દ્વારા તત્ત્વજ્ઞાન માટે ઉપયોગી છે અને તત્ત્વબોધ દ્વારા શુદ્ધવિષયના બોધ દ્વારા સદાગમનો સ્વીકાર થશે, જેના દ્વારા ધર્મના સાધનનું જ્ઞાન થઇ જશે. આમ અહીં પ્રમાણાદિના લક્ષણની ચર્ચા જરૂરી નથી.

❀ **સાંખ્ય-નૈયાયિક** આદિ જેઓના મતે 'આત્મા એકાંતે નિત્ય છે' આવી માન્યતા છે, તેઓના મતે હિંસા અનૌપચારિકપણે (વાસ્તવિક રીતે/મુખ્યવૃત્તિથી) કેવી રીતે ઘટશે ? કારણ કે શરીરનો નાશ થવા છતાં આત્માનો તો નાશ થતો નથી.

❀ સાંખ્યમતે બુદ્ધિમાં દુઃખની ઉત્પત્તિનું પ્રતિબિંબ આત્મામાં પડવું તે હિંસા.

❀ નૈયાયિકમતે સર્વથા ભિન્ન દુઃખરૂપ ગુણનું સમવાય સંબંધથી આત્મામાં રહેવું તે હિંસા. પ્રતિબિંબ-સમવાય બન્ને કાલ્પનિક છે, તેથી હિંસા કાલ્પનિક થઇ જશે. હિંસા કાલ્પનિક તો અહિંસા પણ કાલ્પનિક થઇ જશે.

આત્માને એકાંત નિત્ય માનવામાં શરીર સાથે સંબંધ પણ સંભવી નહીં શકે, કારણ કે આગળના દેહનો ત્યાગ અને નવા દેહનો સ્વીકાર–જુદા જુદા સ્વભાવ છે. સ્વભાવનું પરિવર્તન એ તો અનિત્યપણાનું લક્ષણ છે. નિત્ય

આત્માની બીજી ખાસિયત સર્વવ્યાપીપણું છે. આવું સર્વવ્યાપીપણું હોય તો પરલોકગમનરૂપ સંસાર સંભવી નહીં શકે. કર્મબંધન, કર્મના માધ્યમે આત્મા અને દેહનો સંયોગ, આત્માનું સક્રિયપણું આ કશું ઘટી નહીં શકે–આમ આત્માને એકાંતનિત્ય માનવામાં અનેક સમસ્યાઓ ખડી થાય છે.

❀ 'આત્મા એકાંતે ક્ષણિક (ક્ષણમાત્ર રહી વિનાશ પામનાર) છે.' આવું માનનારા **બૌદ્ધ** વગેરેના મતે પણ હિંસા-અહિંસાદિ ભાવોની સંગતિ નહીં થાય... કોઇપણ પદાર્થ ઉત્પત્તિની બીજી જ ક્ષણે નાશ પામે છે, તો જે સ્વયં મરી જનાર છે તેને કોણ મારશે ? મરનાર-મારનાર બન્ને ક્ષણવારમાં મરી જનાર છે.

વિશ્વવ્યવસ્થાના સંચાલન માટે બૌદ્ધો ક્ષણપરંપરા (સતત ચાલ્યા કરતી પદાર્થના/જ્ઞાનક્ષણના અસ્તિત્વની પરંપરા)ને સંતાન કહે છે. આ સંતાન કાલ્પનિક હોય છે. વળી તે દીર્ઘકાલીન હોવાથી–'જે સત્ હોય તે ક્ષણિક હોય' એ સિદ્ધાંત મુજબ અસત્ ઠરે. અસત્‌ની હિંસા ન થઇ શકે.

બૌદ્ધો ઉત્પાદક ક્ષણને પણ હિંસક ક્ષણ માનવાની કહે છે–આમ હિંસક અને રક્ષક બન્ને સમાન થઇ જશે, તો હિંસાવિરતિ વિગેરે શક્ય જ નહીં બને. તથા સર્વથા વિનાશી આત્મા ભવિષ્યમાં જીવહિંસા ન કરવાની પ્રતિજ્ઞા કઇ રીતે લઇ શકશે ? વળી, કરેલી હિંસા કે અહિંસાનું ફળ જ નથી મળવાનું તો આ માટે કોને ઉલ્લાસ રહેશે ?–અહિંસાની શક્યતા વિના બાકીના વ્રતો પણ નિરર્થક થઇ જશે, કારણ કે મુખ્ય અહિંસા વ્રત છે, બાકીના બધા વ્રતો અહિંસાને રક્ષવા વાડ સમાન છે.

❀ **વીતરાગ સર્વજ્ઞ ભગવંતના** શાસનમાં આત્માને પરિણામી નિત્ય=દ્રવ્યથી આત્મત્વ રૂપે નિત્ય, પર્યાયથી મનુષ્યપણા આદિરૂપે અનિત્ય માન્યો છે. તે જ રીતે સ્વભાવભેદના કારણે આત્માને દેહથી કથંચિદ્ ભિન્ન (દેહ રૂપી, આત્મા અરૂપી) અને કથંચિદ્ અભિન્ન (શરીરને કાંટો વાગે, આત્માને વેદનાનો અનુભવ થાય) માન્યો હોવાથી હિંસા-અહિંસા આદિ ઘટી શકશે.

## ત્રણ પ્રકારે હિંસા :–

**૧) પીડાકર્તૃત્વ :–** બીજાને પીડા કરવામાં સ્વયં પ્રવૃત્ત થવું.

**૨) દેહવિનાશથી :–** બીજાના દેહનો નાશ કરવાથી આત્માની હિંસા થાય.

**૩) દુષ્ટભાવથી :–** 'હું આને હણું'– એ પ્રકારના દુષ્ટભાવથી સંકલેશથી હિંસા થાય.

❁ મરનાર વ્યક્તિના પાપકર્મના ઉદયમાં દુશ્મન-હિંસક કે શિકારીનો દુષ્ટ આશય પણ નિમિત્ત બને છે, તેથી જ તેને હિંસાનું પાપ લાગે છે.

ઉપચાર કરનારા, શસ્ત્રક્રિયા કરનારા વૈદ્ય-ડોકટરથી કોઇ દર્દીનું મૃત્યુ થાય, તો'ય દુષ્ટાશય ન હોવાથી હિંસા લાગતી નથી.

❁ આત્માને પરિણામિનિત્ય માનતા જેમ હિંસા માન્ય બને છે, તે જ રીતે જ્ઞાનીગુરુના ઉપદેશ, વિનય, પરાક્રમ આદિથી સોપક્રમ ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ થવાથી–'કોઇને હણું નહીં'– એવા પવિત્ર આશયની વૃદ્ધિ થવાથી હિંસાનિવૃત્તિ થવી પણ શક્ય છે.

સુસાધુસેવા, પ્રભુભક્તિ આદિ સદાચારોની રૂચિ થવાથી તથા પ્રવૃત્તિના સંયોગ મળવાથી પોતાનું કર્મ સોપક્રમ હશે–એવી સંભાવના ઉભી થાય છે. તેનાથી પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ જાગશે. જેમ ખેતી વગેરેની પ્રવૃત્તિમાં વરસાદનો નિર્ણય નહીં, તેની સંભાવના પણ ખેતીની પ્રવૃત્તિ કરાવે છે તેમ આત્મલાભની સંભાવના ધર્મમાં જોડશે.

આમ અહિંસા એ મોક્ષરૂપી વૃક્ષનું બીજ છે. તેમાંથી સત્ય, અચૌર્ય વગેરે વ્રતોરૂપી નવા ફણગા ફૂટે છે.



## ધર્મકથા



૯

# કથા બત્રીશી

**કથા ચાર પ્રકારે :–અર્થકથા, કામકથા, ધર્મકથા, મિશ્રકથા...**

**૧) અર્થકથા :–** અર્થોપાર્જન માટેના વિવિધ ઉપાયો, વિદ્યા-મંત્ર, શિલ્પ, અર્થશાસ્ત્રવર્ણિત ઉપાયો, અપ્રમત્તભાવ, સંગ્રહની વ્યવસ્થાઓ, હોંશિયારી, સામનીતિ, ભેદનીતિ, દંડનીતિ તથા દામનીતિ વર્ણવાય તે અર્થકથા કહેવાય. તે અર્થ (ધનઆદિ) પ્રત્યેના આકર્ષણને પેદા કરે છે.

**૨) કામકથા :–** ભોગઆનંદ આપી શકનાર સજાતીય-વિજાતીય વ્યક્તિના રૂપવર્ણન, વયવર્ણન, વેષવર્ણન, દાક્ષિણ્યનું શિક્ષણ, ભોગપ્રકારોનું શિક્ષણ તથા જોયેલું, સાંભળેલું અને અનુભવેલું જ્યાં વર્ણવાય તે કામકથા કહેવાય. તે કામભોગની ઇચ્છાને ઉત્તેજિત કરે છે.

**૩) ધર્મકથા :–** ધર્મના હેતુ, સ્વરૂપ, વિધિ આદિનું વર્ણન જેમાં આવે તે ધર્મ પ્રત્યેના આકર્ષણને પેદા કરે છે.

**ધર્મકથા ચાર પ્રકારે :–**

**a) આક્ષેપણી કથા :–** જૈન ધર્મને નહી જાણનાર બાલ શ્રોતાને જિનશાસન પ્રત્યે આકર્ષણ પેદા કરાવનાર કથા. **ચાર પ્રકારે–**

**i) આચાર આક્ષેપણી :–** સાધુપણાના ઉત્કૃષ્ટ આચાર-લોચ, સ્નાન ન કરવું આદિ બતાવે. અન્ય મતે **આચારાંગ** સૂત્રની કથા. બાળશ્રોતા માટે.

**ii) વ્યવહાર આક્ષેપણી :–** કોઇક રીતે લાગેલા દોષની શુદ્ધિ અર્થે પ્રાયશ્ચિત્ત કરવું આદિ બતાવે. અન્ય મતે **વ્યવહાર** સૂત્રની કથા કરે. મધ્યમ શ્રોતા માટે...

**iii) પ્રજ્ઞપ્તિ આક્ષેપણી :–** આચાર કે તત્ત્વજ્ઞાનમાં શંકા પડે, તેનું મધુર આલાપપૂર્વક સમાધાન બતાવવું ઇત્યાદિ...અન્ય મતે **ભગવતી સૂત્ર**ની કથા. મધ્યમ શ્રોતા માટે...

**iv) દૃષ્ટિવાદ આક્ષેપણી :–** શ્રોતાની ભૂમિકા અનુસારે સૂક્ષ્મ જીવાદિતત્ત્વનું નિરૂપણ કરવું ઇત્યાદિ...અન્ય મતે **દૃષ્ટિવાદ** સૂત્રની કથા કરે...પંડિત શ્રોતા માટે–

આ કથાઓથી શ્રોતા આશ્ચર્યચકિત સ્તબ્ધ બની જાય છે. શુદ્ધબુદ્ધિના

ધારક ધર્મોપદેશકોની વાણી દિવ્યશસ્ત્રની જેમ ક્યારેય નિષ્ફળ જતી નથી. જ્ઞાન-ક્રિયા-તપ-આરાધનામાં ઉત્સાહ જાગવો, સમિતિ-ગુપ્તિ આદિ પ્રત્યે ઉત્કૃષ્ટ અહોભાવ જાગવો એ આક્ષેપણીકથાનો સાર / ફળ છે.

**b) વિક્ષેપણી કથા :–** અન્ય મિથ્યા ધર્મની શ્રદ્ધા હટાવનાર કથા...ચાર પ્રકારે–

**i) સ્વશાસ્ત્રવિક્ષેપણી :–** સ્વઆગમની મહત્તાને-ગુણોને પહેલા બતાવી, પછી પરશાસ્ત્રના દોષો બતાવે.

**ii) પરશાસ્ત્રવિક્ષેપણી :–** પહેલા પરશાસ્ત્રના દોષો-નબળાઇઓને બતાવી, પછી સ્વસિદ્ધાન્તના ગુણો બતાવે.

**iii) મિથ્યાસમ્યગ્વાદ વિક્ષેપણી :–** મિથ્યાશાસ્ત્રની વિરોધી વાતોના દોષ બતાવી, અજાણતા તેમાં આવી ગયેલી સત્ય આત્મહિતકર તત્ત્વની વાતો જણાવે. અથવા પહેલા નાસ્તિકતાની પ્રરૂપણા કરી, પછી આસ્તિકતાની પ્રરૂપણા કરે.

**iv) સમ્યગ્મિથ્યાવાદ વિક્ષેપણી :–** મિથ્યાશાસ્ત્રોમાં પણ આવી ચડેલી આત્મહિતકર સત્યતત્ત્વની પ્રરૂપણા કરી પછી વિરોધી બાબતોના દોષ બતાવે અથવા પહેલા આસ્તિકતાની પ્રરૂપણા કરી, પછી નાસ્તિકતાની પ્રરૂપણા કરે.

❁ અતિમુગ્ધ અને કદાગ્રહી જીવો સામે આવી કથા કરવા જતાં મોક્ષમાર્ગથી દૂર ફેંકાઇ જાય માટે તેઓ સામે આવી કથા ન કરવી. રામાયણાદિ પ્રસિદ્ધ કથા અથવા બહુલોકમાન્ય સિદ્ધાંતોમાં દૂષણ દેખાડવાથી ઉપદેશક દોષદૃષ્ટિવાળો છે એવું તે જીવોને લાગે છે, અથવા પોતાના ઉન્માર્ગમાં તત્ત્વબુદ્ધિ દૃઢ થઇ જાય. તેથી કડવું ઔષધ પીવડાવવા તુલ્ય આ કથા શ્રોતાઓને તેવા પ્રકારની રૂચિ કરાવી પછી કહેવી, અન્યથા માર્ગરૂચિ ન થાય...

મધ્યસ્થ જીવને તેના મિથ્યા ધર્મની સારી વાત કરવા સાથે જિનશાસનની પણ એજ વિષયની વધુ સારી વાત દેખાડવી, ત્યારબાદ તે મિથ્યાધર્મની વાતોને સિદ્ધાંતની દૃષ્ટિએ દૂષિત કરવી, જેથી વિશ્વાસ બેસતાં જૈનધર્મ પ્રત્યે આકર્ષણ થાય.

**c) સંવેજની કથા :–** સાંસારિક પ્રવૃત્તિના કડવા ફળો (ભયંકર નુકશાનો) દેખાડવાથી શ્રોતા સંવેગસભર બને તે સંવેજની કથા...ચાર પ્રકારે–

**i) સ્વશરીરસંવેજની :–** અશુચિથી બનેલું, અશુચિથી ભરેલું, અશુચિને છોડતું, ઉત્તમને પણ અશુચિરૂપ બનાવતું આ શરીર રોગોનું ઘર છે તેમ વર્ણવવું.

**ii) પરશરીરસંવેજની :–** અન્યના દેહની કે મૃતદેહની અશુચિતાને વર્ણવવી.
**iii) આલોકસંવેજની :–** આ ભવના સંબંધો, સંયોગો આદિની અસારતા અને વિરસતાની વાતો કરી શ્રોતાને સંવેગ પેદા કરવો.
**iv) પરલોકસંવેજની :–** દેવો આદિ પણ ઇર્ષ્યા, વિષાદ, મદ, ક્રોધ, લોભ આદિથી દુઃખી છે, તો તિર્યંચ-નરકગતિના જીવોના દુઃખોની શું વાત કરવી ? આમ દરેક ગતિના દુઃખોનું વર્ણન કરી સંવેગ પેદા કરે.

વૈક્રિયલબ્ધિ તથા અન્ય ઋદ્ધિ આદિ ગુણો, જ્ઞાનસમૃદ્ધિ, તપસમૃદ્ધિ, ચારિત્રસમૃદ્ધિ, પુણ્યનો ઉદય, પાપોદયનો નાશ આદિ સંવેજની કથાનો સાર/ફળ છે.

**જ્ઞાનસમૃદ્ધિ**=ચૌદ પૂર્વધર એક ઘડામાંથી હજાર ઘડા બનાવે.

**તપસમૃદ્ધિ**=પ્રચુર કર્મનિર્જરા, **ચારિત્રસમૃદ્ધિ**=સંપૂર્ણ ફળની સિદ્ધિરૂપ.

**d) નિર્વેજની કથા :–** કર્મના ભયંકર ફળ સાંભળી શ્રોતા સંસારથી નિર્વેદ પામે તે નિર્વેજની કથા...ચાર પ્રકારે-
**i) આલોકમાં કર્મ, આલોકમાં ફળ :–** ચોરી, પરસ્ત્રીગમન વગેરે કરનારને રાજ્ય તરફથી મળતી સજાનું વર્ણન...
**ii) પરલોકમાં કર્મ, આલોકમાં ફળ :–** પૂર્વભવના દુશ્ચરિત-દુર્ભાવ આદિના કારણે ગર્ભકાળથી જ ઘોર રોગ, દારૂણ ગરીબાઇ, હલકા-નીચકુળમાં જન્મ આદિનું વર્ણન...
**iii) આલોકમાં કર્મ, પરલોકમાં ફળ :–** અહીં ચોરી આદિ કરનારને પરલોકમાં નરકાદિની થતી પીડા આદિનું વર્ણન.
**iv) પરલોકમાં કર્મ, પરલોકમાં ફળ :–** પૂર્વભવના પાપોના લીધે હિંસક પશુ, પંખી આદિ તરીકે જન્મી પરલોકમાં નરકગમન કરે તેનું વર્ણન.

થોડા પણ પ્રમાદના આવતા અતિ ભયંકર ફળનું વિસ્તારથી વર્ણન કરવું તે નિર્વેજની કથાનો રસ છે.

અન્ય મતે–

શુભ કર્મોના ફળના વર્ણન દ્વારા આરાધના તરફ આકર્ષણ **સંવેજની કથા.** પાપકર્મોના ફળના વર્ણન દ્વારા પાપત્યાગ તરફ આકર્ષણ **નિર્વેજની કથા.**

❁ આક્ષેપણી કથાના શ્રવણથી જીવો જૈનધર્મ પ્રત્યે આકર્ષાઇ સમ્યક્ત્વ પામે,

જ્યારે વિક્ષેપણી કથાના શ્રવણના ફળમાં વિકલ્પ છે. મધ્યસ્થ વિચારક જીવો સમ્યક્ત્વ પામે, મધ્યસ્થ અવિચારક જીવો સમ્યક્ત્વ ન પામે, કદાગ્રહી જીવો મિથ્યાત્વ વધુ ગાઢ બનાવે. તેથી પહેલા શ્રોતાને મૂળમૂડી જેવી આક્ષેપણી કથા કરવી. ત્યાર બાદ પાત્રતા જોઇ (પદાર્થને બરાબર ગ્રહણ કર્યા પછી) વ્યાજ કમાવવા તુલ્ય વિક્ષેપણી કથાને કરવી. આક્ષેપણી જેવા શુભભાવને પ્રગટાવે, તેવા વિક્ષેપણી ન પ્રગટાવે.

અમૃત સ્વભાવથી જ લાભકર્તા છે, જ્યારે ઝેર તો વૈદથી સંસ્કારિત કરાયેલું હોય તો જ ગુણ કરે. તેમ આક્ષેપણી કથા સ્વભાવથી લાભકર્તા છે, વિક્ષેપણી કથા વિવેકપૂર્વક પાત્રતા ચકાસીને કરાય તો જ લાભદાયક બને.

૪) **મિશ્રકથા :–** જે સૂત્ર અને કાવ્યમાં ધર્મ, અર્થ અને કામ–આ ત્રણેની ઘણી વાતો વણી લેવામાં આવી હોય તે મિશ્રકથા.

**વિકથા :–** અધિકૃત પુરૂષાર્થથી વિમુખ કરે તેવી કથાના લક્ષણ વિનાની કથા તે **વિકથા–ચાર પ્રકારે–**

**ભક્તકથા, સ્ત્રીકથા, દેશકથા, રાજકથા...**

વક્તાના આશયને અનુસારે ઉપરોક્ત કથાઓ અકથા, વિકથા કે કથા બની શકે.

**૧) અકથા :–** મિથ્યાત્વી, દ્રવ્યસાધુ કે ગૃહસ્થ બોલે તે અકથા=પુરૂષાર્થમાં પ્રગતિ ન કરાવે...સામાન્યથી વક્તાના ભાવને અનુસરી શ્રોતાને ભાવ જાગે.

**૨) કથા :–** જ્ઞાની, ક્રિયાશીલ, તપસ્વી ઉપદેશકો જગતના જીવોને હિતકારી યથાર્થ વાતો કરે તે કથા...પુરૂષાર્થમાં ગતિ કરાવે...

**૩) વિકથા :–** સંયમી પણ વિષય-કષાયાદિ પ્રમાદને વશ થઇ જે બોલે તે વિકથા પુરૂષાર્થનો નાશ કરે...

વક્તા-શ્રોતાના આશયભેદથી પરિણામ બદલાઇ શકે. વકતાનો આશય સારો, પણ શ્રોતાને પરિણામ ખરાબ, તો વક્તા માટે કથા, શ્રોતા માટે અકથા / વિકથા. તેથી ઉલટું, વક્તા પ્રમાદી, પણ શ્રોતાને શુભાશયની ઉત્પત્તિ થાય તો તેને કથાસ્વરૂપ બને.

સિદ્ધિના ઇચ્છુક સાધુભગવંતે કામવાસનાને ઉત્તેજિત કરે તેવી-શ્રૃંગારરસ પ્રચુર કથા ન જ કરવી જોઇએ.

**પંડિત પુરૂષોએ તપ-વ્રત-નિયમના સારવાળી, સંવેગ કે નિર્વેદને પમાડનારી કથા શ્રોતાને કરવી જોઇએ.**

❁ વિશાળ=ઊંડાણભર્યા અર્થવાળી પણ કથાને બુદ્ધિશાળી વક્તા ખૂબ લંબાણથી ન કહે. નહીંતર શ્રોતા રસ ગુમાવે, વક્તા ક્ષમતા ગુમાવે...શ્રોતા શિષ્ય વિસ્તારને જાણવાની જિજ્ઞાસા-ક્ષમતા ધરાવતો હોય તો તેના માટે વિસ્તારથી કથા કરી શકાય. તેથી અનુયોગ (સૂત્રનું વિવેચન) ત્રણ પ્રકારે કહેવાયો છે–

૧) સૂત્રનો માત્ર અર્થ...

૨) વ્યુત્પત્તિઓ સહિત સૂત્રાર્થ

૩) નય-નિક્ષેપના વિસ્તારસહિત સંપૂર્ણ સૂત્રાર્થ...

❁ આગમમાં વિવિધ પ્રકારના સૂત્રો આવતા હોય છે. કોઇ વિધિપ્રતિ-પાદક, કોઈ પુરૂષાર્થપ્રેરક, કોઇ ભયદર્શક, કોઇ ઉત્સર્ગવિષયક તો કોઇ અપવાદવિષયક તો કોઇ ઉત્સર્ગ-અપવાદ ઉભયને જણાવનાર, કોઇ વર્ણનપરક ઇત્યાદિ...જો વક્તા યોગ્ય વિભાગ જાણી ન શકે અને અયોગ્ય રીતે પ્રતિપાદન કરે તો શ્રોતાને એકાંતબુદ્ધિ પેદા થતા સમ્યક્ત્વનો નાશ થઇ શકે, માટે યોગ્ય વિભાગ કરીને બોલી શકનારા જ ધર્મકથા કરવાના અધિકારી બની શકે.

❁ આચારપાલનમાં હીન પણ વિધિપૂર્વક ધર્મકથા દ્વારા શ્રુતની પ્રભાવના કરનાર સારો, પરંતુ દૃઢ આચારપાલક પણ મૂઢપણાથી આડેધડ ધર્મકથા કરે તે સારો નહીં, ઉપરથી ધર્મમાર્ગનો લોપ કરનાર થાય.

# મોક્ષ સાથે જોડી આપે તે યોગ



# ૧૦

# યોગલક્ષણ બત્રીશી

❁ **જીવને મોક્ષની સાથે જોડી આપે તે યોગ...**

**મોક્ષના મુખ્ય કારણોની પ્રવૃતિ એ યોગ** છે આવું લક્ષણ મળે છે.

❁ જે હેતુ અંતરંગ (ઉપાદાન કારણ) હોય અને વિના વિલંબે ફલોત્પાદક (ફળ ઉત્પન્ન કરનાર) હોય તે મુખ્ય હેતુ કહેવાય...–ચરમાવર્ત કાળમાં જ મોક્ષના મુખ્ય હેતુરૂપ યોગ સંભવિત બનશે. – ભવ્યજીવની ક્રિયા સ્વયં સર્વગુણમય મોક્ષરૂપે પરિણમી શકે છે એટલે કે મોક્ષનું ઉપાદાનકારણ બની શકે છે. અભવ્યની ક્રિયા તેવી નથી. દુર્ભવ્ય જીવમાં કાળવિલંબ ઘણો છે–આમ અહીં **ચરમાવર્તમાં આવેલા ભવ્યજીવની ધર્મક્રિયા જ યોગ બનશે.**

❁ **ચરમાવર્ત**=જીવને મોક્ષમાં પહોંચવા માટેનો છેલ્લો પુદ્‌ગલપરાવર્ત. **અચરમાવર્ત**=જીવના સંસાર પરિભ્રમણમાં અંતિમ સિવાયના તમામ પુદ્‌ગલપરાવર્ત.

❁ અચરમ પુદ્‌ગલાવર્તોમાં જીવની બુદ્ધિ મિથ્યાત્વથી આવરાયેલી હોવાથી દિઙ્‌મૂઢ જીવોની જેમ મોક્ષમાર્ગને (સન્માર્ગને) અભિમુખ થઇ શકતા નથી. માટે યોગનો સંભવ હોતો નથી.

❁ અચરમાવર્તમાં જીવ ભવાભિનંદી હોય છે. આવા જીવોમાંથી કોઇક જ આત્મા ક્યારેક લોકમાં ધર્માત્મા તરીકેની ખ્યાતિ-નામનાને મહત્વ આપી સંજ્ઞાઓથી અટક્યા વિના (સંજ્ઞાઓને પોષવાનું જીવંત રાખીને) લૌકિક-લોકોત્તર ધર્મ કરતો હોય છે.

–સંજ્ઞાઓનું વિષ્કંભણ=**સંજ્ઞાઓથી અટકવું-ત્રણ પ્રકારે થાય–**

૧) શ્રેષ્ઠ ખોરાક જોવા છતાં આહારસંજ્ઞાનો **ઉદય જ ન થાય,** ભોજનનું આકર્ષણ જ ન થાય.

૨) ભોજનની સારી વાનગી જોઇ ખાવાનું મન થયું, પણ સત્ત્વ ફોરવીને, મન મારીને ભોજન ન કર્યું–સંજ્ઞાના **ઉદયને નિષ્ફળ બનાવ્યો.**

૩) ભોજનની લાલસાને વશ થઇ ગયા. પછી **દુષ્કૃતનો પશ્ચાત્તાપ કર્યો...**

❁ અચરમાવર્તમાં રહેલા **ભવાભિનંદી જીવના ૮ લક્ષણ –**

i) **ક્ષુદ્ર** = કૃપણ...
ii) **લોભરતિ** = માગણિયા સ્વભાવવાળો...
iii) **દીન** = ક્યારેય શાંતિ-પ્રસન્નતા ન અનુભવી શકનારો...
iv) **મત્સરી** = બીજાની ઉન્નતિ જોઇને દુઃખી થનારો...
v) **ભયવાન્** = સદા ડરતો...
vi) **શઠ** = લુચ્ચો...
vii) **અજ્ઞ** = મૂર્ખ...
viii) **નિષ્ફલારંભસંગત** = સદાય અતત્ત્વનો કદાગ્રહ હોવાથી કલ્યાણકર ક્રિયાઓ પણ નિષ્ફળ બની રહે. 'અસાર પણ સંસાર દૂધ-દહીં-પાણી-પાન-કરિયાણુ-ધન-રૂપવતી વેશ્યાઓ આદિથી સારભૂત લાગે છે.' આવું માનનારો હોય.

❁ કીર્તિની સ્પૃહા વગેરેથી મલિન બનેલા ચિત્ત દ્વારા લોકમાનસમાં પોતાના માટે આકર્ષણ પેદા કરવાના ઉદ્દેશથી જે શિષ્ટાચારપાલનરૂપ ક્રિયા થાય તેને યોગશાસ્ત્રના જાણકારો યોગનિરૂપણના અવસરે **લોકપંક્તિ** કહે છે.

❁ કલ્પવૃક્ષ, ચિંતામણિ, કામધેનુ ગાય કરતાં પણ અતિશય ચડિયાતા ધર્મને અતિતુચ્છ કીર્તિ આદિના ઉત્પાદકરૂપે જ સમજવાથી ભવાભિનંદી જીવની લોકપંક્તિથી=જનમનરંજનના આશયથી થતી ધર્મક્રિયા અતિદીર્ઘકાલીન સંસાર પરંપરાને લાવનારી બની રહે છે એટલે કે માત્ર નિષ્ફળ જ જાય છે તેમ નહીં, પરંતુ વિપરીત ફળ લાવનારી બની રહે છે.

લોકોમાં ધર્મપ્રશંસા દ્વારા સમ્યગ્દર્શનાદિ મોક્ષબીજની વાવણી કરવાના આશયથી દાન, માન, સન્માન, ઉચિતભાષણ આદિ વિવિધ ઉપાયો કરવા એ શુભ અનુબંધનું કારણ બને છે, પરંતુ લોકોને ખુશ કરવા કરાતો ધર્મ કલ્યાણકારી બનતો નથી. જેમ ધનોપાર્જન માટે કષ્ટ સહેવું પડે એ પણ ઇષ્ટ લાગે છે પરંતુ ક્લેશવૃદ્ધિ માટે ધનોપાર્જન કોઇ બુદ્ધિશાળી ન કરે. (મનના ઉપયોગ વિનાનો) સંમૂર્ચ્છિમ તુલ્ય સ્વભાવવાળા, સર્વના વિનય કરવાની આદતવાળા જીવની લોકપંક્તિથી કરાયેલી ધર્મક્રિયા પણ ભવાભિનંદી કરતા સારી કહેવાય, કારણ કે ધર્મના યથાવસ્થિત મહત્ત્વનું અજ્ઞાન છે, પરંતુ સંસારની ઉત્કટ લાલસા નથી. તેથી મહાન ધર્મ પ્રત્યે તુચ્છતાનો ભાવ ન લાવવાથી ધર્મની હાનિ કરી નથી.

❁ તાત્ત્વિક રીતે ધર્મક્રિયાની શુદ્ધિના હેતુભૂત પ્રણિધાનાદિ આશયરહિતની એક પણ ધર્મક્રિયા સારી નથી=શુભલાભ કરાવનારી નથી. ધર્મક્રિયાને પુણ્યયોગે પુષ્ટ કરનાર અને ઘાતિકર્મના ક્ષયોપશમ કરાવી ધર્મશુદ્ધિ કરાવનાર પાંચ શુભાશયો–

**૧) પ્રણિધાન :–** 'મારે અહિંસાને-ક્ષમાને-ગુરુ સમર્પણને...આત્મસાત્ કરવા છે' આમ તે તે ધર્મસ્થાનને સિદ્ધ કરવાના સંકલ્પવાળું ચિત્ત=પ્રણિધાન.

a) સંકલ્પ અવિચલિત / દૃઢ સ્વભાવવાળો જોઇએ.

b) પોતાનાથી ધર્મક્ષેત્રે પાછળ રહેલા માટે કરૂણા સ્ફુરે, દ્વેષ નહીં.

c) પરોપકાર કરવાના સ્વભાવવાળું મન જોઇએ.

d) સાવદ્યના ત્યાગપૂર્વક નિર્દોષ વસ્તુવિષયક સંકલ્પ જોઇએ.

**૨) પ્રવૃત્તિ :–** પ્રારંભેલા ધર્મસ્થાનને સિદ્ધ કરવા ઉત્તરોત્તર પ્રબળ પ્રયત્નવાળો અને લક્ષ્યથી વિપરીત અભિલાષાથી રહિત સ્થિર ચિત્ત પરિણતિપૂર્વક પુરૂષાર્થ કરવો તે પ્રવૃત્તિ.

**૩) વિઘ્નજય :–** અન્યનગરમાં જવા નીકળેલ વ્યક્તિને

જઘન્યવિઘ્ન → કાંટાવાળો રસ્તો → અસ્ખલિત ગમનમાં વિઘ્ન કરે, તેના પર વિજયથી પ્રયાણ અખંડ.

મધ્યમવિઘ્ન → તાપ આવે, પગ ડગમગે, અશક્તિ લાગે તો ખચકાટ વિના ચાલી ન શકે, તેના પર વિજયથી પ્રયાણ અખંડ ચાલે...

ઉત્કૃષ્ટવિઘ્ન → પૂર્વમાં જવા નીકળેલો, પશ્ચિમને પૂર્વ માની ચાલ્યા કરે, રસ્તામાં મળતા લોકો વારંવાર સાચી સલાહ આપે, તો ચાલવામાં ઉત્સાહ તૂટી જાય, મન શંકાગ્રસ્ત બની જાય...તેના પર વિજયથી પ્રયાણ અખંડ રહે...

એ જ રીતે ધર્મસ્થાનની સિદ્ધિમાં આગળ વધતા જીવને

જઘન્યવિઘ્ન → ઠંડી, ગરમી વિગેરે બાહ્ય તકલીફો...

મધ્યમવિઘ્ન → તાવ, માથું દુઃખવું, બેચેની આદિ આંતરિક રોગો...

ઉત્કૃષ્ટવિઘ્ન → પ્રભુવચન પર અશ્રદ્ધા, મિથ્યાશ્રદ્ધા રૂપ મિથ્યાત્વ..

તેમના દ્વારા ઉભી થતી ખામી, આવતા અંતરાયો આદિને દૂર કરી ધર્મસ્થાનની આરાધનામાં અખંડપણે આગળ વધ્યા કરવું તે વિઘ્નજય...

**૪) સિદ્ધિ :–** સાક્ષાત્ અનુભવાત્મક તાત્વિક ધર્મની પ્રાપ્તિ તે સિદ્ધિ, નહીં કે

અભ્યાસકાલીન અપૂર્ણતાયુક્ત ધર્મની પ્રાપ્તિ...સ્વયં આત્માને આત્મા દ્વારા આત્મામાં ધર્મમયતાની અનુભૂતિરૂપ/સંવેદનારૂપ, જ્ઞાન-દર્શન-ચારિત્રના અભેદરૂપ અનુભવ હોય...દા.ત. 'હિંસા કરાય નહીં' એમ નહીં, 'હિંસા મારા સ્વભાવમાં જ નથી.'...આવો અનુભવ હોય... સિદ્ધિ નબળા જીવો પ્રત્યે કૃપાસભર, મધ્યમ જીવો પ્રત્યે ઉપકાર-સહાયસભર અને ચડિયાતા/ઉત્તમ જીવો પ્રત્યે વિનય-વૈયાવચ્ચસભર બનાવે છે.

**૫) વિનિયોગ :–** સિદ્ધ થયેલા ધર્મનું બીજા યોગ્યને દાન કરવું તે વિનિયોગ. ભવાંતરમાં પણ અવિચ્છેદપણે ઉત્તરોત્તર પ્રાપ્તિ કરાવવા દ્વારા પરાકાષ્ઠાના ધર્મ સુધી પહોંચાડે છે. આમ વિનિયોગ અમોઘ ફળદાયક છે.

આ પ્રણિધાનાદિ આશયરૂપ યોગ વિના બાહ્ય કાયાની પ્રવૃત્તિરૂપ ક્રિયા ભાવધર્મ માટે થતી નથી. ઉપરથી ભૌતિક ફળની અપેક્ષારૂપ મલિનતા અંદર હોવાથી ઇષ્ટસુખના પ્રતિપક્ષભૂત (વિરોધી) દુઃખ-અંતરાય માટે થાય છે. જેમ લોભથી ખોટા તોલમાપ વગેરે કાર્ય કરવાથી જેલમાં જવું અથવા ક્રોધથી વધુ શક્તિશાળી સામે થતા યુદ્ધ આદિથી મોત થવું.

❀ આત્મામાં યોગની સ્વરૂપયોગ્યતા હોવા છતાં પ્રણિધાન વગેરે આશયોરૂપ સહકારિયોગ્યતા ન હોવાથી અચરમાવર્તમાં યોગમાર્ગ સંભવતો નથી. જેમ ઘાસમાં ઘી બનવાની સ્વરૂપયોગ્યતા હોવા છતાં ઘાસપણાના કાળે સહકારિયોગ્યતાના અભાવે ઘી આદિપણું સંભવતું નથી.

ઘાસ → ગાય દ્વારા ચરાવું → વાગોળાવું → દૂધ → દહીં → છાશ → માખણ → ઘી...આમ ક્રમશઃ પરિણામ આવે.

❀ સ્વરૂપયોગ્યતા=સ્વભાવમાં જ શક્યતા હોવી.

સહકારિયોગ્યતા=સહકારી કારણો મળવાની યોગ્યતા...

❀ જીવ → ચરમાવર્તમાં → પ્રણિધાનાદિ પાંચ આશય → ઉત્તરોત્તર વિવિધ ગુણોના પ્રકટીકરણ → મોક્ષ.

❀ ઘી માટે માખણ → દહીં → દૂધ આદિ કારણ બને તેમ જીવને યોગપરિણામની પ્રાપ્તિ માટે કારણભૂત ચરમાવર્તમાં જ સંસારઆસક્તિ ઘટવાથી જ નિર્મળભાવ પ્રાપ્ત થશે. યોગાચાર્ય **ગોપેન્દ્ર પણ** અન્ય શબ્દો દ્વારા આ જ વાત બતાવે છે.

❁ આંતરપરિણામાત્મક ભાવ જ મોક્ષ પ્રત્યે મુખ્ય હેતુ છે. ચરમાવર્તમાં શુભભાવના યોગથી જ ક્રિયા પણ યોગસ્વરૂપ બની મોક્ષનું મુખ્ય કારણ બને છે. તાંબું સિદ્ધરસનો યોગ થવાથી જેમ સોનું બની જાય છે તેમ ક્રિયા પણ ભાવનો અનુવેધ થવાથી (એકમેકરૂપે ભળવાથી) મોક્ષસંપાદન માટે શક્તિશાળી બને છે. એટલે જ ભાવથી સાત્મ્ય(ઓળઘોળપણું) ક્રિયામાં આવી જાય તો તેવા પ્રકારના કષાય ઉદયે ક્રિયાનો નાશ થવા છતાં ભાવની પરંપરા અક્ષત રહે છે. આવી ક્રિયાને બૌદ્ધો પણ સોનાના ઘડા જેવી કહે છે. જેમ સોનાનો ઘડો ફૂટી જાય તો'ય સોનુ અખંડ રહેવાથી સોનાની પૂરેપૂરી કિંમત મળે છે, તેમ ભાવથી વણાયેલી ક્રિયા ક્યારેક પરલોકગમન કે કષાયવશ નષ્ટ થાય તો'ય ભાવ અખંડ રહ્યો હોવાથી જીવને લાભદાયી બને જ છે. ભાવશૂન્ય ક્રિયા માટીના ઘડા જેવી છે. માટીનો ઘડો ફૂટતાં હાથમાં ઠીકરા જ આવે, તેમ ક્રિયા નાશ થતાં કશું ન બચે...

❁ ક્રિયા કૂવો ખોદવા જેવી છે, ભાવ પાણીની સેર સમાન છે. પેટાળમાં પાણીની સેર વહેતી હોય ત્યાંજ કૂવો ખોદો તો સહજ પાણીની પ્રાપ્તિ થાય છે, અને પ્રાપ્તિ ચાલુ જ રહે છે, તેમ ભાવપૂર્વકની ક્રિયાથી ભાવવૃદ્ધિ નક્કી થતી જ રહે છે. પાણીની વૃદ્ધિમાં કૂવો ખોદવાની ક્રિયા કારણ છે તેમ ભાવ-વૃદ્ધિમાં ધર્મક્રિયા હેતુ છે. ભાવનું અંતરંગ કારણ ભાવ જ છે છતાં ધર્મક્રિયાની હાજરીમાં જયણા, જિનવચનબહુમાન, અપ્રમત્તતા આદિ અનેકવિધ ભાવો ભેગા થાય છે અને ધર્મક્રિયાની ગેરહાજરીમાં તેવા પ્રકારના ભાવો ભેગા થતા નથી માટે 'ક્રિયાથી ભાવની વૃદ્ધિ થાય છે' –આમ કહેવું યુક્તિયુક્ત છે.

કેવલક્રિયાથી થતો રાગાદિ દોષોનો ક્ષય મૃત દેડકાના ભૂકા જેવો હોય છે. (દેડકો મરી ગયા પછી તેનું ક્લેવર સૂકાઇ જઇ વિવિધ કુદરતી પ્રક્રિયા દ્વારા ભૂકા જેવો થઇ જાય). વરસાદ પડતા જળસંપર્ક થતાંવેંત તેમાંથી સેંકડો નવા દેડકા ઉત્પન્ન થઇ જાય છે, તેમ કેવલ ક્રિયાઓના જોરે થોડો સમય મૃતપ્રાયઃ થઇ ચૂકેલા આહારસંજ્ઞાદિ દોષો નિમિત્ત મળતાં જ અનેકગણું જોર કરીને અનેક બીજા દોષોને પણ સક્રિય બનાવી આત્મભૂમિનો કબજો લઇ લે છે. ભાવપૂર્વકની ક્રિયાથી કરાતો દોષનાશ દેડકો બળી જતાં ઉત્પન્ન થતી રાખ (ભસ્મ) જેવો હોય છે. લાખ નિમિત્ત મળે તો પણ ફરી ઉત્પન્ન જ ન થઇ શકે.

આ રીતે દોષનાશ કરી આપતી એક ચોક્કસ શક્તિ જ ક્રિયામાં રહેલ ભાવવર્ધક પરિબળ છે એમ ફલિત (નીર્ણિત) થાય છે.

જેમ કુંભારના ચાકડા પર રહેલ દાંડો–ચાકડાને ભમાવવા દ્વારા ઘટ પ્રત્યે કારણ બને છે તેમ ક્રિયા અધ્યાત્મઆદિ વિવિધ ભાવોને પેદા કરવા દ્વારા મોક્ષ પ્રત્યે કારણ બને છે. આમાં ક્રિયા (ભાવોત્પાદક) શક્તિવિશેષ-યુક્ત હોવાથી કારણ બને છે, નહીં કે ભાવરૂપે. જ્ઞાનનયની માન્યતા મુજબ મોક્ષ આત્મામાં જ છે. ક્રિયા તો માત્ર એને અભિવ્યક્ત (પ્રગટ) કરે છે. નયની પ્રધાનતાથી (એક ચોક્કસ દૃષ્ટિકોણથી) આ વાત છે. વાસ્તવિક્તા સંપૂર્ણપણે એવી નહીં માની શકાય, કારણ કે તો પછી મોક્ષ મેળવવા કશું કરવાની જરૂર જ નહીં રહે...

❀ જ્ઞાનપરિણામથી અને આત્મશક્તિને ફોરવવારૂપ વીર્યોલ્લાસથી થયેલ વ્યાપાર (પ્રવૃત્તિ) એ યોગ છે. ક્રમિક પ્રવૃત્તિનો વિષય વ્યાપાર કહેવાય છે. આવું કહેવાથી આત્મદ્રવ્ય વગેરેની યોગરૂપે બાદબાકી થઇ ગઇ.

બે પ્રકારના નય છે.

i) **અભેદનય :**–જુદા જુદા પરિણામોનો પરસ્પર અભેદ માને, અને પરિણામ-પરિણામી વચ્ચે પણ અભેદ માને.

ii) **ભેદનય :**– જુદા જુદા પરિણામોનો પરસ્પર ભેદ માને, અને સ્વઆધારભૂત પરિણામીથી પણ પરિણામને જુદા માને.

❀ ૧૪ પ્રકારના જીવસ્થાનો, ૧૪ પ્રકારના ગુણસ્થાનો, અને ૧૪ મૂળભેદ તથા ૬૨ પેટાભેદવાળી માર્ગણાઓ–આ બધા આત્માની જ ભિન્ન ભિન્ન અવસ્થારૂપ પરિણામો છે. પરંતુ ભેદનયને અનુસારે જીવ સર્વથા ભિન્ન હોવાથી જરા પણ બદલાતો નથી. એ તો વસ્તુઓનો બોધ કરવારૂપ શુદ્ધ જ્ઞાયકભાવ જ જાળવી રાખે છે.

**શ્રી આચારાંગ સૂત્રમાં** કહ્યું છે કે ચૌદ ગુણસ્થાન વગેરે ઔપાધિક ભાવો કર્મથી જ થાય છે. આ ઔપાધિક ભાવો અનિત્ય હોવા છતાં આત્મા સ્વભાવથી નિત્ય જ રહે છે.

**પૂર્વપક્ષ** – ઉપાધિ નિમિત્તે થયેલી આત્માની અવસ્થાઓ છેવટે આત્માની છે, પુદ્‌ગલની નહીં, માટે આત્મસ્વરૂપ જ માનવી જોઇએ.

**ઉત્તરપક્ષ** – તમારી વાત અશુદ્ધનયથી સાચી છે પરંતુ શુદ્ધનયની દૃષ્ટિએ આત્માનું કાર્ય શુદ્ધ ઉપયોગ જ છે અને તે જ આત્મરૂપ છે. પુદ્ગલનું કાર્ય વર્ણ-ગંધાદિ પરિણામો છે, અને તે પરિણામો પુદ્ગલરૂપ જ છે. પરંતુ જીવસ્થાન, ગુણસ્થાન આદિ આત્મા-પુદ્ગલ ઉભયના કાર્યરૂપ છે. પરંતુ અહીં **ભેદનય**-શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિને કેન્દ્રમાં રાખી વિચારણા કરીએ ત્યારે જીવસ્થાન-ગુણસ્થાન આદિનો ન તો આત્મામાં સમાવેશ કરી શકાય, ન પુદ્ગલમાં...આથી ભેદનયની દૃષ્ટિએ તે ભાવો મિથ્યા=કાલ્પનિક પુરવાર થાય છે. નયપ્રધાન દેશના અપાય છે ત્યારે કથંચિદ્ અભિન્ન એવા આત્માદિ દ્રવ્યો અને તેના અધ્યવસાય કે અવસ્થાઓ વચ્ચે ભેદ માનવો યુક્તિસંગત છે.

આમ, અભેદનય-દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ યોગપરિણત **આત્મા** યોગ છે. ભેદનય/પર્યાયાર્થિક નયની અપેક્ષાએ આત્માનો **યોગપરિણામ** (અધ્યવસાય) એ યોગ છે.

જિનશાસનના આ યોગલક્ષણને જાણીને જૈનેતરશાસ્ત્રમાં બતાવેલ યોગલક્ષણની પરીક્ષા કરવી જોઇએ...





# ૧૧

# પાતંજલયોગલક્ષણ બત્રીશી

મહર્ષિ પતંજલિરચિત પાતંજલયોગસૂત્રના આધારે યોગલક્ષણની વાતો–

❀ પતંજલિ ઋષિના મતે યોગલક્ષણ–**'ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવો તે યોગ.'** ચિત્ત=આત્માનું અવિકારી ચૈતન્યમાત્રસ્વરૂપમાં રહેવું.

**પુરૂષ**=જ્ઞાનસ્વરૂપ=ચિત્‌શક્તિ=આત્મા..

**ચિત્ત**=અંતઃકરણ=બુદ્ધિ=સત્ત્વ-રજસ્-તમસ્ આ ત્રણ ગુણનો ત્રિગુણાત્મક પરિણામ. પાતંજલ મતે – પુરૂષ અને ચિત્ત એકાંતે ભિન્ન છે, છતાં સતત સાથે રહેવાના લીધે પુરૂષને પોતાનું ભિન્ન સ્વરૂપ જણાતું નથી. પુરૂષ(આત્મા)ને બન્નેના વિલક્ષણ સ્વરૂપનો ખ્યાલ આવતા 'હું ચેતન અકર્તા છું. ચિત્તથી ભિન્ન છું'–આ પ્રમાણે ભેદજ્ઞાન=વિવેકખ્યાતિ ઉત્પન્ન થાય છે. ત્યાર બાદ પુરૂષમાં અન્ય વૃત્તિઓનો સંક્રમ નથી થતો, તેથી ચિત્ત વૃત્તિશૂન્ય-અવિકારી બની જાય છે. તે સમયે પુરૂષ માત્ર ચૈતન્યસ્વરૂપ, અવિકારી, અનાદિ નિત્યતાને ધારણ કરનાર ચિત્તવૃત્તિરહિત બની જાય છે.

❀ ઇન્દ્રિયની વૃત્તિના માધ્યમે ચિત્ત વિષયના આકારરૂપ વિકારને ધારણ કરે, તે સમયે નિર્મળ પુરૂષ(આત્મા)માં તેનું પ્રતિબિંબ પડતા તેવા જ આકારને ધારણ કરે તે ચિત્ત કહેવાય. આ ચિત્તની પાંચ પ્રકારની વૃત્તિઓ છે.

**૧) માન**–અવિસંવાદી (જેવું હોય તેવું જ) યથાર્થ જ્ઞાન.

**૨) ભ્રમ**–અયથાર્થ જ્ઞાન (વિપર્યય, ભ્રમણા, વિસંવાદી જ્ઞાન, ઝાડના હુંઠાને માણસ માનવો.)

**૩) વિકલ્પ**–અવસ્તુ (અસ્તિત્વહીન) વિષય માટે શબ્દકલ્પના. જેમકે સસલાનું શિંગડું. દુનિયામાં જે વસ્તુ છે જ નહીં તેનું શબ્દથી કલ્પનાચિત્ર બનાવવું. અહીં 'પુરૂષનું ચૈતન્ય' એવું ઉદાહરણ આપેલ છે. આત્મા ચૈતન્યસ્વરૂપ જ છે, છતાં છઠ્ઠી વિભક્તિથી ભેદની કલ્પના કરાય છે, તેને વિકલ્પ કહેવાય છે.

**૪) નિદ્રા**–ચિત્તની ત્રણ દશા છે–**જાગૃત** દશા, **સ્વપ્ન** દશા, **નિદ્રા** દશા...પ્રથમ

બેમાં બાહ્ય પદાર્થોના આલંબને સુખ-દુઃખ-મોહાદિ પરિણામ પેદા થાય છે, જ્યારે નિદ્રામાં 'હું સુખપૂર્વક સૂતો' આવી કોઇ પણ બાહ્ય આલંબન વિના સુખ-દુઃખ આદિ વૃત્તિઓ થાય છે તે...

**૫) સ્મૃતિ**–ઉપરની ચારે વૃત્તિમાં થયેલા અનુભવનું સંસ્કારરૂપે બુદ્ધિમાં સ્થાપન તે સ્મૃતિ=સ્મરણ.

ઉપર કહેલી ચિત્તની વૃત્તિઓનો બે પ્રકારે નિરોધ થઇ શકે છે–

| a) **બહિર્હતિઃ-** **વ્યાખ્યા** | **સ્વરૂપ** | **નામ** |
|---|---|---|
| i) નવું-નવું જાણવાની-'કોણ આવ્યું ? કોણ ગયું ?' વિ. જાણવાની કુતુહલ વૃત્તિઓ... | સાત્વિક વૃત્તિની બહિર્મુખતા | પ્રકાશ |
| ii) દેહ-ઇન્દ્રિયના અનુકૂળ વિષયો ઉપસ્થિત થતા ચિત્તને તેમાં પ્રવર્તાવવું, રાગનું પોષણ... | રાજસિક વૃત્તિની બહિર્મુખતા | પ્રવૃત્તિ |
| iii) કષાયોની વૃત્તિઓની ઉગ્રતાથી ઉપરની બે વૃત્તિઓ દબાવી સંક્લેશમય રહેવું | તામસિક વૃત્તિની બહિર્મુખતા | નિયમ |

આ ત્રણ વૃત્તિઓને દૃઢ સંકલ્પપૂર્વક રુંધવી, સફળ ન થવા દેવી એ બહિર્હતિ નામનો ચિત્તવૃત્તિનિરોધ.

b) **અન્તઃસ્થિતિ :**– બહિર્હતિના વારંવાર અભ્યાસથી થતો સંપૂર્ણ વૃત્તિનિરોધ. શક્તિરૂપે વૃત્તિઓનું અંતર્મુખતયા ચિત્તમાં રહેવું તે.

આ વૃત્તિનિરોધ–અભ્યાસથી અને વૈરાગ્યથી થાય છે.

**I) અભ્યાસ :**– અનાદિકાલીન સંસ્કારવશ વિષય-કષાયની પ્રવૃત્તિ માટે થનગની રહેલી વૃત્તિઓને વારંવાર ચિત્તમાં જ સ્થિર કરવી (શાંત કરવી), વારંવાર સ્થિર કરવી, ખૂબ જ લાંબા સમય સુધી વૃત્તિઓનું નિયંત્રણ કરવું. તે પણ સંકલ્પ, સમજ અને સત્ત્વપૂર્વક એટલે આદરપૂર્વક કરવાથી ચિત્તવૃત્તિઓ શાંત થાય. આમ દીર્ઘકાળ-નિરંતર-આદરપૂર્વક વૃત્તિઓને સ્વરૂપમાં સ્થિર કરવાનો શ્રમ કરવો તે અભ્યાસ...

**II) વૈરાગ્ય :**– બે પ્રકારે છે–

i) **અપરવૈરાગ્ય-વશીકાર (પાતંજલ પરિભાષા)** – મનુષ્યલોકમાં ભોગવાતા વિષયો=**દૃષ્ટ**, દેવલોક આદિ પરલોકસંબંધી વિષયો–**આનુશ્રવિક.** બન્ને વિષયોની અતૃપ્તિજનકતા (તૃપ્તિનો અનુભવ કરાવવાની અસમર્થતા) વિપાક-દારૂણતા (ભયંકર નુકશાન) આદિનું ચિંતન કરવાથી આસક્તિ ઘટે, તે વશીકાર વૈરાગ્ય.

'વિષયો મને આધીન છે, હું વિષયને આધીન નથી'–આવી વિચારણા થકી વિષયપ્રવૃત્તિ કરવા છતાં તૃષ્ણા વધે નહીં, શાંત થાય...

**ii) પરવૈરાગ્ય–ગુણવૈતૃષ્ણ્ય** (પાતંજલ પરિભાષા) :– જેને પુરૂષ અને બુદ્ધિના ભેદનો નિશ્ચય થઇ ગયો છે એને બુદ્ધિના ગુણો પરની આસક્તિ નષ્ટ થઇ જતાં જાગતો વૈરાગ્ય....પહેલા વૈરાગ્યથી વિષયપ્રવૃત્તિમાં નીરસતા આવે, બીજા વૈરાગ્યથી-પ્રકૃતિથી આત્માનો ભેદ સમજાતાં ક્ષાયોપશમિક ગુણોની પ્રવૃત્તિ પણ નીરસ લાગે છે.

આમ ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવાનો વારંવારનો અભ્યાસ અત્યંત બળવાન સ્થિતિને પેદા કરે છે, જેનાથી હિલોળા લેતા સુખના સાગર જેવા શાંતરસનું દર્શન થાય છે. તેનાથી શાન્તરસરૂપ સુખમાં મગ્ન મન બીજે ક્યાંય ભટકતું નથી. આમ ચિત્તવૃત્તિનિરોધ એ યોગનું લક્ષણ થયું.

આ પતંજલ ઋષિનું મંતવ્ય થયું. **હવે મહોપાધ્યાયજી તેમાં ક્ષતિઓ જણાવે છે.**

❀ જો આત્માને સર્વથા અપરિણામી (અપરિવર્તનશીલ)–કમળપાંદડાની જેમ સર્વથા નિર્લેપ સ્થિર એક સ્વભાવવાળો (કૂટસ્થ) માનવામાં આવે (આવી પતંજલિની માન્યતા છે જ) તો આ યોગલક્ષણ સર્વથા અયોગ્ય ઠરશે કારણ કે એવા આત્માને ક્યાં તો સર્વથા સંસારનો અભાવ હોય, અથવા સર્વથા મોક્ષનો અભાવ હોય. જો બુદ્ધિના વિકારોથી સર્વથા નિર્લેપ છે તો સંસાર નહીં ઘટે, જો બુદ્ધિના વિકારયુક્ત માનશો તો મોક્ષ નહીં ઘટે...પહેલા વિકાર હતો પછી નાશ પામ્યો, આવું માનવામાં સ્વભાવપરિવર્તન માનવાથી સ્થિર-એક સ્વભાવ માની નહીં શકાય.

બીજું, કર્તૃત્વના અભિમાનના કારણે દુઃખ, તેનાથી છૂટવાની તીવ્ર ઇચ્છા અને તેના માટે પુરૂષાર્થ–આ બધું પ્રકૃતિ સાથે સંબંધિત છે, અને પુરૂષ તો

અબદ્ધ જ છે તો મોક્ષ પણ પ્રકૃતિનો માનવો પડે, આત્માનો નહીં...જ્યારે પાતંજલ યોગદર્શનકારો / સાંખ્યવાદીઓ તો કહે છે કે (તેમને માન્ય) ૨૫ તત્ત્વને જે જાણે–તે સંસારી હોય કે સંન્યાસી હોય, બધાનો મોક્ષ અવશ્ય થઇ જાય. આમ મોક્ષ તો આત્માનો બતાવ્યો છે.

તથા, 'પ્રકૃતિને એક માની તેના વિકારભૂત ચિત્ત=બુદ્ધિને અનેક માની દરેક આત્માનું સ્વતંત્ર ચિત્ત માન્યું...જે આત્માને વિવેકખ્યાતિ થઇ જાય છે–(પુરૂષ-પ્રકૃતિમાં ભેદનો નિર્ણય થઇ જાય છે) તેની સર્વ ચિત્તવૃત્તિઓનો નિરોધ થતાં ચિત્ત અવિકારી બની જાય છે, તે આત્માનું ચિત્ત પ્રકૃતિમાં વિલીન થઇ જતાં તેનો મોક્ષ થઇ જાય છે...જે આત્માઓનું ચિત્ત અવિકારી નથી બન્યું, પ્રકૃતિમાં વિલીન નથી થયું તેમનો સંસાર ઊભો રહે છે.' આવું જે પાતંજલયોગ દર્શનકારો માને છે તેમાં મોટી સમસ્યા એ છે કે પ્રકૃતિને સર્વથા એક માનેલી છે, તો મોક્ષની આધારતા અને સંસારની આધારતા – આ બે વિરુદ્ધ ધર્મો તેનામાં રહી ન શકે. જો પ્રકૃતિને આત્મા દીઠ જુદી જુદી માનો તો એ તો શબ્દાંતરે કર્મ જ થયું. (સ્યાદ્વાદમતે દરેક આત્માના કર્મ અલગ અલગ હોય, કર્મ હોય તો સંસાર, કર્મના ક્ષયે મોક્ષ હોય.) બુદ્ધિને આત્માનો ગુણ માની લો તો પાતંજલ યોગદર્શન અને જૈનદર્શનની માન્યતા એક થઇ જશે. બુદ્ધિ સતત બદલાતી હોવાથી આત્માનો સ્વભાવ સતત બદલાતો માનવો પડે, તો એમાં ય કોઇ વાંધો નથી, કારણ કે પુરૂષમાં સંસારસ્વભાવ / મોક્ષસ્વભાવ વિરોધી હોવા છતાં એક જ રૂપે તમે માનો છો, તો બે વિરોધી એવા ધર્મોનું સાપેક્ષપણે રહેવું એ જ તો જૈનદર્શનનો સ્યાદ્વાદ છે...

**આવો...સ્યાદ્વાદમય જૈનદર્શનમાં તમારું સ્વાગત હો...**

❁ અમારી દૃષ્ટિએ યોગનું લક્ષણ–

મોક્ષનો મુખ્ય હેતુભૂત આત્મવ્યાપાર (આત્માની ક્રિયાઓ/અધ્યવસાય)=યોગ.

આ જ લક્ષણ યુક્તિસંગત છે.

(મૂળ ગ્રંથમાં તર્કશાસ્ત્ર, લક્ષણશાસ્ત્ર સંલગ્ન અનેક ચર્ચાઓ છે. અહીં પદાર્થની ટૂંકનોંધ આપવાનો આશય મુખ્ય હોવાથી મુખ્ય સિદ્ધાંતોનો ઉલ્લેખ કરી સમાપન કર્યું છે.)







# ૧૨

# પૂર્વસેવા બત્રીશી

❁ જેના લક્ષણની વિચારણા કરી–તે યોગની પ્રધાન-યોગ્યતા (સાર્થક યોગ્યતા) આત્મામાં પેદા કરવા માટેની ઉપાયભૂત પૂર્વસેવા બતાવે છે–

## પૂર્વસેવાના પાંચ કર્તવ્ય

**1) ગુરુપૂજન :–** માતા, પિતા, વ્યાવહારિક શિક્ષક અને કળાશિક્ષક તથા તેમના સ્વજનો,શાસ્ત્રોના જ્ઞાનથી વૃદ્ધ તથા ઉંમરથી વૃદ્ધ અનુભવીજનો તથા ધર્મોપદેશકો–આ સજ્જનોને ગુરુવર્ગ તરીકે માન્ય છે. **ગૌરવ કરવાયોગ્ય તે ગુરુજન.** આ ગુરુવર્ગનું પૂજન કઇ રીતે કરવું ?

**i) ત્રિસન્ધ્યનમન :–** માતા-પિતાદિ વિશિષ્ટ ઉપકારીને ત્રિકાળ નમસ્કાર કરવો. હાજર ન હોય તો મનથી નમસ્કાર કરવા.

**ii) પર્યુપાસના :–** યથાયોગ્ય સેવાચાકરી કરવી.

**iii) અવર્ણઅશ્રવણ :–** તેમની નિંદા કદી સાંભળવી નહીં.

**iv) નામશ્લાઘા :–** યોગ્ય સ્થાને નામને આગળ કરી, અયોગ્ય સ્થાને નામ ન લેવા દ્વારા પ્રશંસા થાય તેવું કરવું...

**v) ઉત્થાન-આસનદાન :–** આવે ત્યારે ઊભા થયું, બેસવા માટે આસન આપવું.

**vi-vii) તેમને અનિષ્ટનો ત્યાગ-ઇષ્ટમાં પ્રવૃત્તિ :–** ધર્માદિ પુરૂષાર્થોને હાનિ ન પહોંચે તે રીતે તેમને નાપસંદ બાબતોનો ત્યાગ કરવો, તેમને પસંદ હોય તેવી પ્રવૃત્તિ કરવી...પુરૂષાર્થનો કાળ અતિદુર્લભ હોવાથી પુરૂષાર્થને ગૌણ કરીને કોઇ પ્રવૃત્તિ ન કરવી...

**viii) સાર પદાર્થોને અર્પણ કરવા :–** ઉત્કૃષ્ટ અલંકારાદિને અર્પણ કરવા. અહીં સુધી જીવંત આત્માઓની ભક્તિ બતાવી. હવે તેમના મૃત્યુ પછીના આચાર બતાવે છે.

**ix) તેમની જંગમ મિલકત તીર્થમાં વાપરવી :–** ગુરુવર્ગની માલિકીના મૂડી-માલ-મિલકત પોતાની માલિકીમાં ન રાખતા તીર્થક્ષેત્રમાં વાપરવા, જો પોતાના માટે વાપરે તો 'સારું થયું, તેઓ મર્યા તો મને વાપરવા મળ્યું' આવા

પ્રકારનો મૃત્યુની અનુમતિનો દોષ લાગે.

**x) તેમના આસનાદિ ન વાપરવા :–** તેમના ઉપયોગમાં આવતા આસન-શયન-ભોજન-પાત્ર આદિ ન વાપરવા...

**xi-xii)** તેમની મૂર્તિની સ્થાપના કરવી, મૂર્તિની પૂજા કરવી...

**2) દેવપૂજન :–** પવિત્રતા અને શ્રદ્ધા વગેરેપૂર્વક સુંદર પુષ્પો, ચંદનાદિ વિલેપનો, ધૂપ, નૈવેદ્ય અને ભાવવાહી સ્તુતિ-સ્તવન-સ્તોત્રો વડે દેવોની ભક્તિ થાય તે...કોઇ પણ પ્રકારના બુદ્ધિના મોહથી દેવતાઓમાં પરસ્પર શું વિશેષતા અને ભેદ છે એ નિર્ણય નહીં કરી શકનારા પરલોકસાધક આત્માઓ બધા જ દેવોને માને છે, અથવા વિશેષ શ્રદ્ધા જેમના પ્રત્યે હોય તેમને પૂજે છે. બુદ્ધિના કદાગ્રહથી એક જ દેવને પકડી રાખ્યા વિના સર્વદેવોને નમસ્કાર કરે છે. વિષય-કષાયની ભયંકરતાથી ધ્રૂજેલા તેઓ દુર્ગતિપાત વગેરે આપત્તિઓને ઓળંગી જાય છે. બીજી બત્રીશીમાં બતાવેલા 'ચારિસંજીવની ચાર' ન્યાયથી સર્વદેવોને નમસ્કાર કરવાથી યોગાનુયોગ વીતરાગપરમાત્માની પ્રાપ્તિ થશે. તેનાથી વીતરાગમાં કંઇક અધિક ગુણનો ભાસ થવાથી શુદ્ધ દેવની ભક્તિરૂપ માર્ગમાં પ્રવેશ થશે. આ જેણે સૌ પ્રથમ સ્થૂલ ધર્માચારોનો પ્રારંભ કર્યો છે તેવા આદિધાર્મિક અત્યંત મુગ્ધ, વિશિષ્ટ ધર્મવિચાર માટે અયોગ્ય જીવો માટેની વાત છે. જેઓને વીતરાગની વિશિષ્ટતા જણાઇ ચૂકી છે, તેઓ પણ અન્ય દેવતા કરતા પોતાનામાં વધુ શુદ્ધ આચાર હોવા છતાં તે તે દેવતા પ્રત્યે દ્વેષ-ઇર્ષ્યાનો ત્યાગ કરી ઇષ્ટદેવની પૂજા કરે.

**3) સદાચાર :–** પાત્રતાના વિકાસ માટેની પારાશીશી –

**i) પાત્ર-દીનાદિવર્ગમાં દાન** — પોતાના આશ્રિતવર્ગને હાનિ ન પહોંચે તે રીતે પાત્ર અને દીનાદિના સમૂહમાં દાન કરવું. દાન રોગીને અપથ્ય આપવા જેવું અહિતકર બનનાર ન જોઇએ. **પાત્ર**=સાધુવેશ ધારણ કરનાર, જાતે રસોઇ ન કરનાર તથા સાધુતાના શુદ્ધ આચાર પાળનાર પાત્ર કહેવાય.

**દીનાદિવર્ગ** – ભિક્ષા સિવાય કમાણી કરવામાં અસમર્થ કોઢી, ગરીબ, અંધ, કૃપણ વગેરે જીવોનો સમૂહ...

**ii) દાક્ષિણ્ય** — અતિગંભીર અને ધીર ચિત્તવાળા, સ્વભાવથી જ બીજા જીવોના કામ કરવામાં તત્પર જીવો.

**iii) દયાલુતા** — નિઃસ્વાર્થપણે બીજાના દુઃખ દૂર કરવાની ઇચ્છા...

iv) **દીનોદ્ધારયત્ન** — ગરીબો પર ઉપકાર કરવાનો પ્રયત્ન...

v) **કૃતજ્ઞતા** — બીજાએ પોતાના પર કરેલા ઉપકારોને યાદ રાખવા.

vi) **જનાપવાદભીરુત્વં** — મરણતુલ્ય લાગતી લોકનિંદાથી સતત ભયભીત રહી તેવા અપકાર્યો કરવાથી દૂર રહેવું...

vii) **ગુણવાન** આત્માઓ **પર પ્રેમ**-બહુમાન.

viii) જઘન્ય-મધ્યમ-ઉત્તમ તમામ જીવોની **નિંદાનો ત્યાગ.**

ix) આપત્તિમાં **દીનતા ન કરે.**

x) લીધેલી **પ્રતિજ્ઞાને અખંડપણે પાળે.**

xi) સંપત્તિની પુષ્કળતામાં પણ **ઉચિત નમ્રતા...**

xii) ધર્મસિદ્ધાંતોને સાનુકૂળ **કુલાચારોનું પાલન કરે.**

xiii) પ્રસંગે અલ્પ અને **હિતકર બોલે.**

xiv) પ્રાણ ગળે આવી જાય (ખૂબ મુશ્કેલીમાં ભીંસાય) તો પણ **લોકનિંદ્ય** ચોરી, પરસ્ત્રીગમન, જુગાર, દારૂપાન આદિ **પ્રવૃત્તિ ન કરે.**

xv) વિશિષ્ટ **ફળદાયક કાર્યો જ કરવાનો** આગ્રહ રાખવો.

xvi) સત્કાર્યોમાં **ધન વાપરવું.**

xvii) પુરૂષાર્થબાધક વ્યર્થ / **દુષ્ટ કાર્યોમાં ધન ન વાપરવું.**

xviii) ધર્મમાં વિરોધી ન થાય તેમ **લોકમાનસને સંતોષ આપવો.**

xix) ૫ અથવા ૮ પ્રકારના **પ્રમાદનો ત્યાગ કરવો.**

4) **તપ :–** આદિધાર્મિક જીવોને લૌકિક પણ તપ ઉત્તમ (સ્વભૂમિકા ઉચિત શુભ અધ્યવસાયપોષક) આરાધના બની શકે. અહીં બતાવેલ બે તપ લૌકિક છે, બે લોકોત્તર છે.

a) **ચાન્દ્રાયણ તપ :–** શુક્લપક્ષમાં પડવાના દિવસથી એક કોળિયાથી શરૂ કરી ૧-૧ કોળિયો વધારવો, વદ પક્ષમાં ૧-૧ કોળિયો ઘટાડવો. અમાસે ઉપવાસ કરવો...આમ ચન્દ્રની વધ-ઘટથી ખોરાકની વધ-ઘટ કરવી તે ચાન્દ્રાયણ તપ.

b) **કૃચ્છ્ર તપ :–** જેમાં કઠિનાઇ હોય તે કૃચ્છ્ર તપ.

i) **સંતાપનકૃચ્છ્ર** — ૩ દિવસ ઉષ્ણ પાણી, ૩ દિવસ ઉષ્ણ ઘી, ૩ દિવસ ઉષ્ણ મૂત્ર, ૩ દિવસ ઉષ્ણ દૂધ પીવું તે. ઉષ્ણ=અતિગરમ.

ii) **પાદકૃચ્છ્ર :–** પ્રથમ દિવસે એકાસણું, બીજા દિવસે રાત્રે એકવાર ભોજન,

ત્રીજા દિવસે માગ્યા વગરનું એકવાર ભોજન, ચોથા દિવસે ઉપવાસ કરવો...
iii) **સંપૂર્ણકૃચ્છ્ર :–** ઉપરનું ચારગણું કરવું.

નરકાદિ મહાદુર્ગતિને અટકાવનાર તપ છે. – આ બે લૌકિક તપ બતાવ્યા. હવે લોકોત્તર તપ બતાવે છે.

**મૃત્યુંજય તપ :–** એક મહિનાના ઉપવાસ, પંચ પરમેષ્ઠિ નમસ્કાર રૂપ મૃત્યુંજય મંત્રનો જાપ, આલોકની આશંસાથી રહિત, કષાયનિરોધ-બ્રહ્મચર્ય-દેવપૂજા વગેરે પૂર્વક તપ કરવો. મૃત્યુના ભયનો નાશ કરનાર હોવાથી મૃત્યુંજય તપ કહેવાય.

**પાપસૂદન તપ :–** સાધુદ્રોહ વગેરેરૂપ જે તે તીવ્રપાપ થયું હોય તેનો નાશ કરવાની ગણતરીથી કરાતો અત્યંત વૈરાગ્ય અને પશ્ચાત્તાપપૂર્વકનો તપ પાપસૂદન તપ છે–**મથુરા** નગરીમાં **યમુન** રાજા–**યમુનાવક્ર** ઉદ્યાનમાં સાધના કરતા **દંડમુનિ**ને તલવારથી હણ્યા-મુનિ અંતકૃત કેવલી થઇ મોક્ષે- મહોત્સવાર્થે પધારેલ ઇન્દ્રે વજ્રથી હણવાની ધમકી આપતા યમુનરાજાની દીક્ષા-'સાધુ-હત્યા યાદ આવશે, તે દિવસે ભોજન નહીં કરું'–આ પ્રતિજ્ઞા લીધી – છ મહિના ચોવિહારા ઉપવાસ કર્યા – મૃત્યુ પામી વૈમાનિક દેવલોકમાં...
આ તપમાં '**ॐ असिआउसा नमः**' આદિ વિવિધ મન્ત્રજાપ આદિ આરાધના કરાય છે.
5) **મુક્તિઅદ્વેષ :–** સૌ પ્રથમ મુક્તિદ્વેષને વિચારીએ...

ભોગના સંક્લેશ વિનાનો સર્વથા કર્મક્ષય એટલે મોક્ષ...

સંસારમમત્વના અભાવના કારણે અનિષ્ટ નહીં લાવનાર એવા પણ મોક્ષ માટે ગાઢ મિથ્યાજ્ઞાનથી અનિષ્ટના કારણ તરીકે દ્વેષ થાય છે. સાંસારિક સુખની તીવ્ર ઇચ્છાથી ભવાભિનંદી જીવોને મુક્તિદ્વેષ જાગે છે, તેથી લોકોમાં અને લૌકિક શાસ્ત્રોમાં નિમ્નોક્ત કથનો સંભળાય છે.

'યુવાનીના ઉન્માદથી વિહ્વળ થયેલી સ્ત્રી જ્યાં ન હોય તેને જડ લોકો મોક્ષ કહે છે. પત્ની એ જ મોક્ષ છે, આ અમારો મત છે'. આ લૌકિક ઉન્માદી પ્રલાપ છે. 'હે ગૌતમ ! રમણીય વૃંદાવનમાં શિયાળપણું માંગવું સારું, પરંતુ ઇન્દ્રિયના વિષયોથી રહિત મોક્ષ ઇચ્છવો ક્યારેય સારો નહીં' **ગાલવ** ઋષિએ **ગૌતમ** નામના શિષ્યને ઉદ્દેશીને કરેલો શાસ્ત્રીય બકવાટ છે. ઋષિવચન હોવાથી શાસ્ત્રવચન ગણાય – આ મોક્ષ પ્રત્યેનો દ્વેષ દીર્ઘકાલીન સંસારની વૃદ્ધિ કરાવનાર હોવાથી અનર્થકારી છે. જ્યારે મુક્તિઅદ્વેષ-જીવોને સંસારની તીવ્ર ઇચ્છા ઘટવાથી કર્મમેલ ઓછો થવાથી ઉત્પન્ન થાય. મોક્ષનો રાગ પેદા

કરાવનાર ગુણ ન હોવાથી મોક્ષરાગ ન હોવા છતાં ગાઢ મિથ્યાત્વનો દોષ ન હોવાથી મુક્તિના દ્વેષનો અભાવ થાય છે. કર્મમેલ=સહજમલ...

**મલ એટલે યોગ અને કષાયરૂપે પરિણમવાની આત્માની સહજ યોગ્યતા...** તે જેમ જેમ વધે, તેમ તેમ દોષો અને કર્મબંધ વધે, અને જેમ જેમ ઘટે તેમ તેમ દોષો અને કર્મબંધ ઘટે. સહજમલને જીવત્વરૂપ નહીં મનાય કારણકે જીવત્વ તો મોક્ષમાં પણ હોવાથી ત્યાં પણ કર્મબંધ થવાની આપત્તિ આવશે.

સહજમલના ભેદથી કર્મબંધમાં વિવિધતા આવે છે. કર્મબંધ પ્રત્યે કાર્મણવર્ગણામાં બહિરંગ યોગ્યતા છે. સંસારી આત્મામાં અંતરંગ યોગ્યતા છે. યોગ્યતાના પરિપાક માટે જ બીજા હેતુઓની અપેક્ષા રહે છે.

**સાંખ્યો**એ **દિદક્ષા, શૈવ** દર્શનકારોએ **ભવબીજ, વેદાન્તીઓ**એ **અવિદ્યા** અને **બૌદ્ધો**એ **અનાદિવાસ**ના નામથી આ યોગ્યતાને સ્વીકારી છે.

પ્રત્યેક પુદ્ગલપરાવર્તે કર્મબંધયોગ્યતા(સહજમલ)માં ઘટાડો થાય છે, કારણ કે દોષોના ક્રમશઃ ઘટાડા સિવાય ભવ્ય જીવનું મોક્ષમાં જવું શક્ય ન બને. સહજમલ ઘટવાથી મુક્તિનો અદ્વેષ ઉત્પન્ન થાય છે અને મુક્ત્યદ્વેષથી પણ કુશલ / શુભ અનુબંધોની પરંપરા પ્રાપ્ત થાય છે, તો મુક્તિરાગ તો ખુબ સુંદર પરિણામ આપે તે સહજ છે.

મુક્તિનો અદ્વેષ એ જ મુક્તિનો રાગ છે એવું ન કહેતા, કારણ કે શાસ્ત્રમાં મુક્તિરાગ (સંવેગ) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–એમ ત્રણ પ્રકારે બતાવ્યો છે. (મુક્ત્યદ્વેષ તો એક જ પ્રકારનો હોય.) અને સાધના (મુક્તિના ઉપાયરૂપ) પણ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારની બતાવી છે, અને તેના આધારે નવ પ્રકારના યોગીઓ બતાવ્યા છે.

i) જઘન્ય સંવેગ, જઘન્ય સાધના ii) જઘન્ય સંવેગ, મધ્યમ સાધના
iii) જઘન્ય સંવેગ, ઉત્કૃષ્ટ સાધના iv) મધ્યમ સંવેગ, જઘન્ય સાધના
v) મધ્યમ સંવેગ, મધ્યમ સાધના vi) મધ્યમ સંવેગ, ઉત્કૃષ્ટ સાધના
vii) ઉત્કૃષ્ટ સંવેગ, જઘન્ય સાધના viii) ઉત્કૃષ્ટ સંવેગ, મધ્યમ સાધના
ix) ઉત્કૃષ્ટ સંવેગ, ઉત્કૃષ્ટ સાધના...

દ્વેષના અભાવરૂપ હોવાથી અદ્વેષ એક જ હોય, તેથી તેનાથી યોગીઓના ભેદ ન ઘટે.

મુક્તિના રાગથી નિર્વાણસુખ જલ્દી મળે, મુક્તિના અદ્વેષથી પરંપરાએ મળે.

## મોક્ષ પ્રતિ બહુમાન



# ૧૩

# મુક્ત્યદ્વેષપ્રાધાન્ય બત્રીશી

❀ આગલી બત્રીશીમાં બતાવેલા પૂર્વસેવાના અનેકભેદોમાં યોગીન્દ્રો મુક્તિઅદ્વેષની પ્રશંસા કરે છે કારણ કે તેનાથી મોક્ષસાધક ઉપાયો વિનાશ પામતા નથી (નિષ્ફળ જતા નથી). સાંસારિક સુખના ઉપાયરૂપે પૂર્વસેવાને સાધવાની ઉત્કૃષ્ટ ઇચ્છાથી તે નાશ પામે છે પરંતુ મુક્તિઅદ્વેષ હોય તો સાંસારિક સુખની ઉત્કટ ઇચ્છા થઇ શકતી નથી.

વ્રતોને દુષ્ટ આશયથી સ્વીકારવા એ ઝેરી અન્નથી તૃપ્તિ મેળવવા જેવું છે, કારણ કે પ્રારંભે સુખની ભ્રમણા કરાવનાર પણ અંતે અતિ દુઃખદાયક બને છે. યોગનિરૂપક શાસ્ત્રોમાં વ્રતોનો અયોગ્ય રીતે સ્વીકાર કરવો એ શસ્ત્ર, અગ્નિ કે સાપને અયોગ્ય રીતે પકડવા તુલ્ય ગણાવેલ છે.

શુદ્ધ આચારપાલક સાધુઓનું ચક્રવર્તી આદિ દ્વારા થતું પૂજા-સન્માન વિગેરે જોઇ તેવા સત્કાર-સન્માનાદિ મેળવવાની ઇચ્છાથી કે અન્ય કારણવશ દીક્ષા લેનાર શ્રદ્ધાભ્રષ્ટ કે માર્ગભ્રષ્ટ જીવોને થતી નવમા ગ્રૈવેયક (દેવલોક)ની પ્રાપ્તિ પણ ભયંકર દુઃખદ પરિણામવાળી થાય છે. વળી, **નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિમાં** અખંડ દ્રવ્યચારિત્રપાલનસ્વરૂપ માત્ર ક્રિયા કારણ નથી, પરંતુ **મુક્તિઅદ્વેષ કારણ છે.** સ્વર્ગસુખને મોક્ષસુખતુલ્ય માનવાથી, સંયમપાલન દ્વારા જ ઇષ્ટપ્રાપ્તિની શક્યતા હોવાથી સંયમજીવન પ્રત્યે રાગ હોવાના કારણે અને સ્વર્ગપ્રાપ્તિરૂપ ફળ અટકી ન જાય એ આશયથી મોક્ષ પ્રત્યે દ્વેષ જાગતો નથી. બાકી, મોક્ષ, મોક્ષના ઉપાય અને મોક્ષમાર્ગના યાત્રિક પ્રત્યે જેને દ્વેષ ન હોય તેની જ ગુરુ-દેવાદિપૂજન આદિરૂપ પૂર્વસેવા પ્રમાણભૂત ગણાય.

'મોરપીંછા મેળવવાની લાલસાથી ભૌતસાધુ પાસે મોરપીંછ માંગવા છતાં તેમણે ન આપતાં શસ્ત્રપ્રયોગથી પરાભવ કરી છિનવી લીધાં, પરંતુ તેમને પગનો સ્પર્શ ન થાય તેની કાળજી લીધી' આ પ્રસિદ્ધ દૃષ્ટાંતકથા જેવી ભારે દોષધારકની નાનકડી પણ સત્ક્રિયા લાભ માટે નહીં, પરંતુ નુકશાન

માટે થાય છે. મહાપાપની નિવૃત્તિકારક મુક્તિઅદ્વેષયુક્ત પૂર્વસેવાથી જેટલો લાભ થાય છે, એટલો એકલી પૂર્વસેવાથી ન થાય...

❁ જેમ નિરોગી-સરોગી આત્મા એક જ પ્રકારનું ભોજન વાપરે, તો'ય બલવૃદ્ધિકારક કે રોગ વધારનારું–આમ બે પરિણામ મળે, તેમ એક જ પ્રકારનું અનુષ્ઠાન–ચરમાવર્ત/અચરમાવર્તના જીવોની પાત્રતાના આધારે જુદા જુદા પ્રકારનું થાય છે તથા જુદા જુદા પ્રકારના ફળ આપનારું થાય છે. **કર્તાભેદે ક્રિયાભેદ થાય છે.** આલોક-પરલોકના ફળની અપેક્ષા / આસક્તિરૂપ ભવાભિષ્વઙ્ગ અને ક્રિયાને ઉચિત એવા ભાવથી રહિતપણુ તે અનાભોગ–આ બન્ને પ્રથમ ત્રણ અનુષ્ઠાનને નિષ્ફળ બતાવે છે અને તેનાથી વિપરીત ભૂમિકા પાછળના બે અનુષ્ઠાનને સફળ બનાવે છે.

## અનુષ્ઠાન પાંચ પ્રકારે :–

**૧) વિષાનુષ્ઠાન :–** જેમ સ્થાવર-જંગમ બન્ને પ્રકારના દ્રવ્યઝેર તુર્ત જ મૃત્યુનું કારણ બને છે તેમ આલોકમાં લબ્ધિ-કીર્તિ-ભોગપ્રાપ્તિ આદિની સ્પૃહાથી થતું અનુષ્ઠાન. તુર્ત જ અનુષ્ઠાનપ્રભાવે મળેલ ભોગસુખોમાં આસક્તિ આદિ રાગ-દ્વેષના પરિણામોથી શુભ આંતરભાવોનો નાશ કરે છે.

**૨) ગરાનુષ્ઠાન :–** દુષ્ટદ્રવ્યોના સંયોગથી થતું અમુક પ્રકારનું ઝેર=ગર. દીર્ઘકાળ પછી પોતાનું ફળ બતાવે. તેમ આલોકના સુખથી નિરપેક્ષ પરલોકના સ્વર્ગસુખ આદિની ઇચ્છાથી થતું અનુષ્ઠાન. ભવાંતરમાં ભોગ-પ્રાપ્તિ-પુણ્યનાશથી અનર્થકર બને...

આલોક-પરલોક બન્નેના સુખની ઇચ્છા હોય ત્યારે પણ જેની ઇચ્છા વધુ તીવ્ર હોય તે બળવાન બનતા તે મુજબના અનુષ્ઠાનરૂપે ગણી શકાય.

**૩) અનનુષ્ઠાન :–** સન્નિપાત રોગીની જેમ વગર વિચાર્યે થતી આરાધના તે અનનુષ્ઠાન. અહીં આરાધના અનુષ્ઠાનરૂપ બનતી જ નથી માટે.

**૪) તદ્ધેતુ અનુષ્ઠાન :–** તાત્ત્વિક દેવ-ગુરુની પૂજા આદિ આચારો પ્રત્યે ભાવપૂર્ણ બહુમાનથી આદિધાર્મિકપણાના કાળમાં થતાં દેવ-ગુરુપૂજાદિ આરાધના તદ્ધેતુ અનુષ્ઠાન કહેવાય છે. મુક્તિઅદ્વેષ અથવા યત્કિંચિત્ મુક્તિ-રાગના પ્રભાવે આંશિક શુભભાવના જોડાણથી તે સદનુષ્ઠાનનો હેતુ બને છે.

**૫) અમૃત અનુષ્ઠાન :–** જિનોક્ત માર્ગ વિશે 'આ જ સાચું તત્ત્વ છે' આવા

અધ્યવસાયરૂપ ઝળહળતી શ્રદ્ધાથી થતું અનુષ્ઠાન અનંતકાલીન અમરપણાનો હેતુ બનવાથી અમૃત અનુષ્ઠાન કહેવાય છે.

આમ ચરમાવર્તમાં કર્તાના ભેદથી (કર્તાના ભાવના ભેદથી) સર્વ અનુષ્ઠાન બદલાઇ જાય છે. યોગશાસ્ત્રોની દૃષ્ટિએ જીવમાં બે પ્રકારની યોગ્યતા છે.

**૧) સામાન્ય યોગ્યતા :–** મોક્ષના ઉપાયોને પ્રાપ્ત કરવાની સ્વરૂપ યોગ્યતા.

**૨) સમુચિત યોગ્યતા :–** સહકારિયોગ્યતા...અન્ય અનેક સામગ્રી મળે ત્યારે કાર્યને યથાનુરૂપ ઘાટ આપવાની શક્તિ...

અચરમાવર્તમાં ગુણપ્રાપ્તિની સામાન્ય યોગ્યતા હોય. ચરમાવર્તમાં સમુચિતયોગ્યતાપૂર્વક હોય.

આથી બન્ને અનુષ્ઠાનની પ્રવૃત્તિ અને પરિણતિમાં ફરક પડી જાય છે.

❁ **ચરમાવર્તમાં પ્રાયઃ તદ્ધેતુ અનુષ્ઠાન હોય, ક્યારેક** અનાભોગ આદિના કારણે **અનનુષ્ઠાન પણ હોઇ શકે.**

❁ શું તદ્ધેતુ અનુષ્ઠાનનો હેતુ મોક્ષ પ્રત્યે અદ્વેષ કે રાગ છે ?

–જો અદ્વેષને હેતુ માનશો તો અભવ્યને પણ તદ્ધેતુ અનુષ્ઠાન માનવું પડશે કારણ કે નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિમાં મુક્તિઅદ્વેષને કારણ બતાવ્યો છે જે અભવ્યને પણ છે.

–જો મુક્તિરાગને કારણ માનશો તો મુક્તિઅદ્વેષવાળા જીવોને આ અનુષ્ઠાન નહીં માની શકાય.

મુક્તિઅદ્વેષ કાંઇક રાગથી વિશિષ્ટ છે એવું કહેશો તો તો એમાં અદ્વેષસ્વરૂપ જ નહીં રહે...તેથી આમાંના એકપણ વિકલ્પ માન્ય રાખી શકાય તેમ નથી.

બીજી દૃષ્ટિએ વિચારીને મુક્તિદ્વેષના ઉત્કટ-અનુત્કટ એમ બે ભેદ પાડી, નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિવાળા અભવ્યને અનુત્કટ મુક્તિદ્વેષ માની સમાધાન આપવાનો પ્રયત્ન કરશો તો પણ એ શક્ય નહીં બને કારણ કે નવમા ગ્રૈવેયકયોગ્ય ચારિત્રને પાળનારા અભવ્યને મોક્ષ પ્રત્યે ઉપેક્ષા હોવાથી ઉત્કટ-અનુત્કટ બેમાંથી એક પણ પ્રકારનો દ્વેષ સંભવી શકતો નથી. બાકી પોતાને ઇષ્ટ સાંસારિક સુખનું મોક્ષસુખ વિરોધી હોવાથી ઉત્કટ દ્વેષ જ હોય...

**નિષ્કર્ષ :– મુક્તિરાગ કે મુક્તિઅદ્વેષથી ઉત્પન્ન થયેલો સદનુષ્ઠાનસંબંધી ક્રિયારાગ એ તદ્ધેતુ અનુષ્ઠાનનું બીજ બની જશે.** અભવ્યને મુક્તિઅદ્વેષ છે

પણ તે સત્ક્રિયારાગ લાવનાર નથી. સદ્ગુરુવચન કે શાસ્ત્રવચનથી ઉત્પન્ન થયેલી ભૌતિક ફળની ઇચ્છા એ (રોહિણીતપ સૌભાગ્ય મેળવી આપે છે એ સાંભળીને કરાતી આરાધનામાં રહેલી સૌભાગ્યની ઇચ્છા) બાધ્યફલાપેક્ષા છે એટલે કે તીવ્ર નથી. સદ્ગુરુની પ્રેરણાથી એ આશંસા અટકાવી શકાય તેવી હોય છે. – જે ફળની અપેક્ષાને બાધિત ફરી શકાય તે બાધ્યફલાપેક્ષા. આવી બાધ્યફલાપેક્ષાયુક્ત મુક્તિઅદ્વેષ જ સત્ક્રિયારાગ પેદા કરી શકે છે.

અબાધ્યફલાપેક્ષા તો મોક્ષસાધક શાસ્ત્રશ્રવણ કરતાં ય અટકાવનારી છે કેમકે તેમાં વિરોધીપણાનો ભાવ પેદા થાય છે. તદુપરાંત શ્રદ્ધાભ્રષ્ટ જીવો કદાચ શાસ્ત્ર સાંભળે તો પણ તેમાં રસ હોતો નથી. આમ બાધ્યફલાપેક્ષાયુક્ત મુક્તિઅદ્વેષ → સમુચિત યોગ્યતા → સ્વેચ્છાપૂર્વક મોક્ષસાધક શાસ્ત્રનું શ્રવણ → માર્ગાનુસારી બુદ્ધિ → તીવ્ર પાપક્ષય → સદનુષ્ઠાન રાગ પેદા થાય...

માટે ચરમાવર્તવર્તી જીવોને મોક્ષમાર્ગમાં પ્રવેશ કરાવવા સૌભાગ્યાદિ ફળની પ્રાપ્તિ માટે શાસ્ત્રમાં બતાવ્યા મુજબનો રોહિણી વિગેરે તપ ગીતાર્થો દ્વારા અપાય છે. બાધ્યફલાપેક્ષાથી યુક્ત હોવાથી ભૌતિક આશંસા હોવા છતાં તે તપ આદિ અનુષ્ઠાન વિષ-ગર નહીં બને કે તદ્ધેતુ અનુષ્ઠાન બનવામાં કોઇ બાધ નહીં આવે.

❁ **શાસ્ત્રીય દૃષ્ટાંત :– કૌશાંબી** નગરી-**ધન**શ્રેષ્ઠિનો પુત્ર **ધનપાલ**, **યક્ષ**શ્રેષ્ઠિનો પુત્ર **વસ્તુપાલ**–પરસ્પર અતિસ્નેહ, વિચારોમાં અત્યંત સામ્ય હોવાથી **એકચિત્તિયા** તરીકે સમગ્ર નગરમાં ખ્યાતિ–નગરમાં **પ્રભુવીરની** પધરામણી-સહુ સાથે બન્ને મિત્રો દ્વારા દેશનાશ્રવણ-ધનપાલને સમ્યગ્દર્શન પ્રાપ્તિ, વસ્તુપાલને નહીં-કારણ પૂછતાં પ્રભુવીરે પ્રકાશ્યું–પૂર્વભવમાં ગામમુખીના પુત્રો-વ્યસનગ્રસ્ત બની ચોરીના રવાડે-રંગેહાથ પકડાતા ભાગ્યા-છૂપાવા ગુફામાં-સાધુના દર્શન-એકને અહોભાવ **(પંચાશક-ઉપદેશપદના મતે)** બીજાને ઉપેક્ષા, **(અષ્ટકજીના મતે)** દ્વેષ, તેના પરિણામે એકને પ્રભુ પર અહોભાવ, બીજાને ગુણાનુરાગ ન થતા ઉપેક્ષાથી દીર્ઘ સંસારભ્રમણ. ગુણરાગ વિનાનો ગુણઅદ્વેષ ક્રિયારાગ ઉત્પન્ન કરનાર ન બને.

❁ મુક્તિઅદ્વેષ – સદનુષ્ઠાનોનો પ્રાણ...
મુક્તિઅદ્વેષ – ગુણાનુરાગનું બીજ...

મુક્તિઅદ્વેષ – ધારાબદ્ધ શુભભાવોની પ્રાપ્તિ...
મુક્તિઅદ્વેષ – આંતરશુદ્ધિથી કદાગ્રહની નિવૃત્તિ...
મુક્તિઅદ્વેષ – સિદ્ધિ નજીક હોવાથી આનંદ ઉછળવાથી થતો ભયનો અભાવ...

❁ અનંત પુદ્‌ગલપરાવર્ત સામે છેલ્લો ૧ પુદ્‌ગલપરાવર્ત (ચરમાવર્ત) – સમુદ્ર સામે ટીપા સમાન.

❁ **મોક્ષની નિકટતાનો માનસિક આનંદ, ક્રિયા થકી ઊભા થતા કષ્ટને કષ્ટરૂપ લાગવા ન દે.**

❁ કતકચૂર્ણથી પાણી નિર્મળ થાય તેમ ધર્મક્રિયાના રાગથી ઉત્પન્ન થતી શ્રદ્ધાથી મન પ્રસન્ન થાય → પ્રસન્નતાથી વીર્યોલ્લાસ ઉછળે → વીર્યોલ્લાસથી જિનવચનની ધારદાર સ્મૃતિ થાય → સ્મૃતિથી સમાધિ પ્રાપ્ત થાય → સમાધિથી સ્થિરતા મળે...

આમ ધર્મનું અધિકારીપણું મળે જે અપુનર્બંધક દશાથી શરૂ થાય...



## મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ફરીથી ન બાંધે તે અપુનર્બંધક



# અપુનર્બંધક બત્રીશી

❁ ભવાભિનંદીપણાના દોષોના નાશથી તથા સુદ પક્ષના ચંદ્રની જેમ પ્રાયઃ વર્ધમાન ઔદાર્ય-દાક્ષિણ્યાદિ ગુણયુક્ત આત્મા અપુનર્બંધક કહેવાય.

(અપુનર્બંધક=મિથ્યાત્વ મોહનીયની ૭૦ કોડાકોડિ સાગરાપમની ઉત્કૃષ્ટ સ્થિતિ ફરી ક્યારેય ન બાંધે.) અપુનર્બંધકને જ મુખ્ય પૂર્વસેવા હોય. તે સિવાયના દ્વિર્બંધક-સકૃદ્બંધક આદિને ભવવૈરાગ્યના અભાવથી ઔપચારિક પૂર્વસેવા હોય. માર્ગ=વિશિષ્ટ ગુણસ્થાનની પ્રાપ્તિ કરાવનાર સ્વૈચ્છિક વિશિષ્ટ ક્ષયોપશમ=ચિત્તનું સરળ ભાવે ગમન...

માર્ગમાં પ્રવેશેલો=**માર્ગપતિત**...માર્ગમાં પ્રવેશયોગ્યપણાને પામેલો= **માર્ગાભિમુખ**...આ બન્નેમાં પ્રભુની આજ્ઞાને જાણવાની યોગ્યતા છે. તેથી અપુનર્બંધકની જ અવસ્થાવિશેષ રૂપ છે.

❁ **જીવનો સમ્યગ્દર્શનપ્રાપ્તિનો વિકાસક્રમ...**

**ઉપદેશપદ-ધર્મસંગ્રહ-યોગબિન્દુ**વૃત્તિ મુજબ → દ્વિર્બંધક, સકૃદ્બંધક, અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત, અવિરત સમકિતી...

**પંચાશક વૃત્તિમાં અભયદેવસૂરિ** મુજબ–દ્વિર્બંધક, સકૃદ્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત, અપુનર્બંધક, અવિરત સમકિતી...

સકૃદ્બંધક આદિ અપુનર્બંધકની નજીક હોવાથી ઉપચારથી પૂર્વસેવા તેમનામાં પણ હોય.

પરિણામી કારણ-કાર્ય વચ્ચે એકદમ ભેદ નથી હોતો. જેમ માટીના પિંડથી ઘડામાં એકદમ ભેદ નથી હોતો. તેથી કારણમાં કાર્યના ઉપચાર દ્વારા પૂર્વસેવા ગણાય છે.

❁ કેટલાક આચાર્યનો મત–સકૃદ્બંધકને સંસારની અસારતાનું સંવેદન કરાવનાર સંસારસ્વરૂપનું ચિંતન નથી હોતું તેથી અમુખ્યતા/ ગૌણતાના કારણે **ઉપચાર...**

❁ ભાવમલ અત્યુત્કટ હોય ત્યારે સંસારની આસક્તિ તૂટતી નથી. **સ્હેજ પણ**

**ભાવમલ ઘટે તો અપુનર્બંધકપણું આવી જ જાય.**

ફરી તીવ્ર સંક્લેશ પેદા ન થાય તો જ પૂર્વસેવા મુખ્ય ગણાય. ઉત્તરોત્તર ભવવૈરાગ્ય આદિ કલ્યાણનું નિમિત્ત બનવાથી મુખ્ય પૂર્વસેવા બને. અન્યથા નહીં એવી શાસ્ત્રમર્યાદા છે.

કલ્યાણકર ભાવિ ધરાવનાર અપુનર્બંધક →

**શાંત** =ઇન્દ્રિય-કષાયના વિકારોથી રહિત,

**ઉદાત્ત**=ઉચ્ચ-ઉચ્ચતર આચરણ કરનાર હોય. શાન્તોદાત્તપણાના અભાવમાં પૂર્વસેવા કાલ્પનિક જેવી રહે છે કારણ કે અંદર સુખપ્રવાહ નથી અનુભવાતો.

❁ અપુનર્બંધક સંસારના બીજ, સ્વરૂપ અને ફળને વિચારે.

**સંસારનું બીજ** = આત્મા-કર્મનું ભેદાભેદભાવે નિત્યાનિત્યરૂપે જોડાણ...

**સંસારનું સ્વરૂપ** = સંસાર જન્મ-જરા–મૃત્યુમય દુઃખરૂપ અનાદિકાલીન છે. છતાં જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ઉપાયોથી મુક્તિ શક્ય છે.

**સંસારનું ફળ** = જેમ લીમડાનો રસ દૂધમાં પડે ત્યારે દૂધની મધુરતાને દબાવી કડવાશ જ ફેલાવે છે તેમ આત્માના સુખસ્વભાવને ઢાંકી ખૂબ લાંબી પરંપરા સુધી દુઃખ જ આપવું એ ફળ છે.

બળવાનથી નબળું ઢંકાય...સંસારદશામાં કર્મ બળવાન, ત્યારે આત્મસ્વભાવ દબાય, જો આત્મસ્વભાવ બળવાન બને તો દુઃખનો નાશ કરવો પણ શક્ય છે.

આ જ રીતે સંસારમુક્તિ માટે પણ બીજ-સ્વરૂપ-ફળને આશ્રયી સમ્યગ્ વિચાર જાગે છે, જે વિવિધ શાસ્ત્રોના અભ્યાસથી શુદ્ધબોધ થતા શુદ્ધ નિશ્ચય તરફની ગતિ શરૂ થાય છે. કર્મના બંધ-અનુબંધ કાંઇક નબળા પડવાથી અને વિષય-કષાયની પ્રતિકૂળ ચિત્તવૃત્તિરૂપ પ્રતિશ્રોતગામીપણાથી રોજ શુભ પરિણામ પેદા થાય છે. આ યોગનું ફળ છે. અપુનર્બંધક જીવને દ્રવ્યયોગ હોય છે.

મોક્ષનું અખંડ લક્ષ્ય ધરાવનાર, અતિતીવ્ર રાગ-દ્વેષની ગ્રંથિને તોડનારા સમકિતીને ભાવયોગ હોય છે. પરપુરૂષમાં આસક્ત સ્ત્રીની પતિસેવા આદિ પ્રવૃત્તિ પણ જેમ પાપકર્મબંધ માટે થાય છે તેમ સમકિતીને કુટુંબના પાલન-પોષણાદિના વ્યવહાર વખતે પણ શુદ્ધપરિણામથી શુભાનુબંધ જ હોય. આશય (ભાવ-સંકલ્પ)ની વિશુદ્ધિથી સંસારના કારણો પણ મોક્ષના કારણ તરીકે

પરિણમે છે. જિનવચનમાં પ્રામાણ્યના દઢ સ્વીકારથી વણાયેલ શુદ્ધ શ્રદ્ધાને અનુસરનારી ક્રિયા પણ મોક્ષનું કારણ બને છે. પરિશુદ્ધ ચિંતન-મનનના કારણે અશુભ પ્રવૃત્તિ ન કરાવવામાં, શુભપ્રવૃત્તિ કરાવવામાં સહાયક કર્મપ્રકૃતિ સદનુષ્ઠાનનું અવંધ્ય કારણ બને છે. તેથી સમકિતી પાસે પ્રાયઃ શુભક્રિયા જ હોય છે.

નિશ્ચયમયના મતે ચારિત્રના આવારક અનંતાનુબંધી કષાય રવાના થતાં અલ્પ ચારિત્રના ગુણો પ્રગટ થાય છે. તેથી સમકિતીથી ભાવયોગના અસ્તિત્વને સ્વીકાર્યો છે. વ્યવહારનયના મતે ચારિત્રની અવિવક્ષા કરી હોવાથી દ્રવ્યયોગ માન્યો છે.

## શ્રોતાની ભૂમિકા મુજબ પદાર્થ ૩ પ્રકારે છે.

**૧) સુખાધિગમ :–** ચિત્રકાર્યમાં નિપુણ સ્પષ્ટ આંખવાળા વ્યક્તિને ચિત્રનું જ્ઞાન–**સુગમ.**

**૨) દુરધિગમ :–** ચિત્રકાર્યમાં અનિપુણ વ્યક્તિને ચિત્રનું જ્ઞાન–**દુર્ગમ.**

**૩) અનધિગમ :–** અંધવ્યક્તિને ચિત્રનું જ્ઞાન – **અગમ્ય...**

આ જ રીતે તત્ત્વબોધ વિષે જાણવું...દુર્ગમ-અતીન્દ્રિય પણ પદાર્થોના વિષયમાં પહેલા-ત્રીજાને શંકા-ગેરસમજ-ડામાડોળપણું થવાની શક્યતા નથી. પહેલા નંબરનાને સાચો બોધ છે, ત્રીજાને કશું જ્ઞાન જ નથી. તેથી તે બન્ને નિશ્ચિંત છે. બીજા નંબરની વ્યક્તિને સ્થળ-સમય-સ્વભાવથી દુર્જ્ઞેય (ખૂબ મુશ્કેલીથી જાણી શકાય તેવા) પુણ્ય-પાપ આદિ પદાર્થમાં ગેરસમજ-શંકાદિ થાય તો તે મહાઅનર્થકર બને છે. ચિત્તસમાધિથી કે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી વિરોધીપણુ થાય છે, તેથી શ્રદ્ધા જન્માવવા ચિત્તશુદ્ધિની પ્રાપ્તિ માટે શાસ્ત્ર જ પરમઆદરણીય બને છે. તેથી સમકિતી શાસ્ત્રથી અને ત્રિધા શુદ્ધિથી અનુષ્ઠાન આચરે છે. તેથી જ તે ભાવયોગને પામે છે.

## ત્રણ પ્રકારે શુદ્ધ અનુષ્ઠાન :–

ક્રમશઃ ઉત્તરોત્તર ચડિયાતા હોય છે.

**૧) વિષયશુદ્ધ અનુષ્ઠાન :–** મોક્ષની ઇચ્છાથી પર્વત પરથી ઝંપાપાત, કાશીએ કરવત મૂકાવવી, ગીધડાઓને પોતાની જાત સોંપી દેવી આદિ આપઘાતરૂપ પણ અનુષ્ઠાન કરવું...સ્વરૂપથી સાવદ્ય હોવા છતાં મોક્ષનો ભાવ હોવાથી

આંશિક ઉપાદેય બને છે. આનાથી દોષનાશ ન થાય કારણકે અજ્ઞાન ગાઢ છે. કેટલાક આચાર્યો આના પ્રભાવે દોષનાશને અનુકૂળ ઉચિત જન્મ મળે તેમ કહે છે. સાવદ્ય અનુષ્ઠાન હોવા છતાં મોક્ષની ઇચ્છાથી અલ્પશુદ્ધિ માની છે.
**૨) આત્મ(સ્વરૂપ)શુદ્ધ અનુષ્ઠાન :–** જીવાદિતત્ત્વોને નહીં જાણતા પ્રથમ ગુણસ્થાનવર્તી સ્થૂલ લોકવ્યવહારપાલક લોકોને માન્ય યમ-નિયમ આદિનું પાલન કરનારને આ અનુષ્ઠાન માન્યું છે. (મંડુક ચૂર્ણની જેમ) ફરી ફરી દોષો જન્મે તેવી અલ્પકાલીન દોષનિવૃત્તિ અહીં થાય છે. આ વિવેકરહિત અનુષ્ઠાન બેદરકાર / મલિનાશયવાળા રાજાના કિલ્લા જેવું હોય છે. નબળા કિલ્લાવાળાને લૂંટારાના ઉપદ્રવ જેમ નડે તેમ અહીં અજ્ઞાનજન્ય દોષોનું આક્રમણ અવશ્ય જીવને નડે છે.

**૩) અનુબન્ધશુદ્ધ અનુષ્ઠાન :–** આત્મદૃષ્ટિ, સાચી સમજ અને ઉપશમ–ભાવપૂર્વક થતી યમ-નિયમાદિની આરાધનાનો અહીં અધિકાર છે. ગુણ-દોષની, લાભ-નુકશાનની, ગુણ-લાઘવની ચિંતા અને સત્ત્વશીલ પ્રવૃત્તિ દ્વારા ઉત્તરોત્તર દોષનો નાશ કરનાર અને ફરી દોષને ન આવવા દેનાર અનુષ્ઠાન અહીં હોય છે. અન્યદર્શનીઓએ ઘરના મજબૂત પાયા કે કણપીઠ તુલ્ય આ અનુષ્ઠાન ગણાવ્યું છે. ઘરનો પાયો મજબૂત હોય તો ઉપરના માળો તૂટે નહીં, મજબૂતપણે ટકી રહે તેમ ઉદારફળ આપનાર આ અનુષ્ઠાન પરંપરાએ સર્વદોષનાશક છે. આ મત જિનશાસનને પણ માન્ય છે.

❁ **૩ પ્રકારે પ્રત્યયશુદ્ધિ :–**

આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય, લિંગપ્રત્યય શુદ્ધ અનુષ્ઠાન...જે પોતાને ઇષ્ટ હોય તે જ ગુરુ દ્વારા સૂચવાય અને વાજિંત્રના નાદ વિગેરે શુભનિમિત્તો પણ સિદ્ધિને સૂચવે. આ ત્રણ તેની બાબતો અવશ્ય સિદ્ધિને=સફળતાને સૂચવે છે. તેથી ત્રિવિધ પ્રત્યય પર સિદ્ધિના ઇચ્છુક જીવે વિશેષધ્યાન આપવું.

❁ જેમ શ્રેષ્ઠ મોર ઇંડા આદિની અવસ્થામાં પણ હીનજાતિના મોરથી સર્વદા બધી રીતે ચડિયાતો હોય છે તેમ સદ્યોગારંભક જીવ અન્ય જીવ કરતાં ચડિયાતો જ સાબિત થાય છે. શાસ્ત્રમાં આવા જીવોના પ્રભાવે ગર્ભકાળથી જ માતામાં પણ વિશિષ્ટતા પ્રગટે છે.
'માતાને બધી બાબતમાં શુભમતિ પ્રગટવાથી બાળકનું નામ **સુમતિ** પડ્યું.'

'બાળક ગર્ભમાં હોતે છતે માતા સુંદર ધર્મમાં લીન થયા માટે **ધર્મ** નામ રખાયું'.

'સાધુની જેમ સુંદર વ્રતવાળા થવાથી **મુનિસુવ્રત** નામ રખાયું'–આ બધી બાબતો શાસ્ત્રમાં જણાવેલ છે.

જેમ ગર્ભાવસ્થામાં ઉચિત પ્રવૃત્તિ હોય, તેમ ત્યાર બાદ પણ સદ્યોગારંભક જીવોને ઉચિત પ્રવૃતિ જ હોય...

❁ અનુબંધશુદ્ધ અનુષ્ઠાન સમકિતીને જ હોય.

કદાગ્રહ દૂર થવાથી તથા સમ્યક્તત્ત્વનો નિશ્ચય અને દૃઢ પ્રતિબંધ હોવાથી અપુનર્બંધકને વિવિધ દર્શનોમાં જણાવેલ મુમુક્ષુયોગ્ય તમામ અનુષ્ઠાનો હોય....

માર્ગાભિમુખ, માર્ગપતિત આદિને અપુનર્બંધકના વિવિધ સ્વરૂપો જ માન્યા હોવાથી કોઇ પણ અનુષ્ઠાન કોઇને કોઇ આત્મસ્થિતિમાં ઉપશમ આદિ ગુણોને પ્રગટાવે છે.



પ્રભુની પૂજા



ગુરુની સેવા



# સમ્યગ્દૃષ્ટિ બત્રીશી

❁ અતિતીવ્ર રાગ-દ્વેષના પરિણામરૂપ ગ્રંથિને ભેદવાથી પ્રગટતો

**સમ્યગ્દર્શનનો પરિણામ ત્રણ લિંગથી જણાય.**

**૧) શુશ્રૂષા :–** યૌવન, કલાનિપુણતા, પ્રિયતમાનું સાન્નિધ્ય આદિથી યુક્ત કામી પુરૂષને કિન્નરાદિ વિશિષ્ટ ગાયકોના ગીત–શબ્દપલટા–સુરપલટા-તાલનો રિયાઝ-કથાકથન આદિના શ્રવણના રસ કરતાં અધિક શ્રવણેચ્છારૂપ શુશ્રૂષા સમકિતીને હોય. વિશેષજ્ઞ હોવાના કારણે અનંતવાર પ્રાપ્ત ધનકુટુંબાદિની પ્રાપ્તિ માટે મન તેટલું ન દોડે, જેટલું ભવભ્રમણના નાશક, પરમસુખદાયક જિનવચન માટે દોડે છે કારણ કે પૂર્વે આ વીતરાગવચન ક્યારેય પ્રાપ્ત નથી થયું...ધનાદિમાં અપૂર્વત્વનો ભ્રમ અને આસક્તિરૂપ દોષ નાશ પામવાથી **વીતરાગવચન પરમધનસ્વરૂપ લાગે છે.**

ઉંઘ લાવવા કથા સાંભળી રહેલા રાજા જેવું આ શ્રવણ નથી હોતું કારણ કે તેવા શ્રવણમાં જ્ઞાન ઓછું અને અભિમાન વધારે હોય છે.

**૨) ધર્મરાગ :–** ભોગીજીવને સ્ત્ર્યાદિ ભોગ્ય પદાર્થનો રાગ હોય તેનાથી કંઇકગણો ચારિત્રધર્મનો અભિલાષ આંતરપરિણતિથી સમકિતીને હોય છે. ઘેબરપ્રેમી બ્રાહ્મણને (ગરીબાઇ, ભિક્ષાપ્રાપ્તિનો અભાવ આદિ) વિષમ સંયોગોમાં લુખુ-સુકુ-સડેલું ભોજન વાપરવું પડે તો'ય ઘેબરપ્રેમ અકબંધ હોય છે તેમ બળવાન ચારિત્ર મોહનીયના વિપાકોદયે ચારિત્રથી વિપરીત પ્રવૃત્તિ કરવી પડતી હોવા છતાં ચારિત્રરાગ બળવાન હોય છે.

**૩) ગુરુ-દેવાદિ પૂજા :–** ચક્રવર્તીને સ્ત્રીરત્ન ભોગવવામાં જે ઉમળકો હોય તેથી અનંતગુણ બહુમાનભાવવાળી ગુરુ-દેવ આદિની પૂજા સંસારના કાર્યોને ગૌણ કરી શક્તિ ઓળંગ્યા વિના કે શક્તિ છૂપાવ્યા વિના કરે.

❁ ગ્રંથિપ્રદેશની પ્રાપ્તિ સુધી **યથાપ્રવૃત્તકરણ** હોય,

ગ્રંથિનું ઉલ્લંઘન (ભેદ) કરતી વખતે **અપૂર્વકરણ** હોય, અને

ગ્રંથિભેદ થયા બાદ ત્રીજું **અનિવર્તિકરણ** હોય છે.

આ રીતે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય.

❁ સમ્યગ્દર્શનથી પડવા છતાં ભાવોની ઉત્તમતાના કારણે ૭૦ કોડાકોડિ

સાગરોપમની મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતા નથી → સૈદ્ધાંતિક મત. મોહનીય કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોઇ શકે, ઉત્કૃષ્ટ રસબંધ ન હોય → કાર્મગ્રંથિક મત.

❁ જિનશાસનના સમકિતીમાં બૌદ્ધોના બોધિસત્ત્વના લક્ષણ સંગત થાય છે.

❁ સાંસારિક પાપપ્રવૃત્તિ કરવી પડે તો પણ તપેલા લોખંડ પર પગ મૂકવાની જેમ અત્યંત કકળતા હૃદયે કરે →

– કાયાથી પાપ કરે, મનથી નહીં...
– પરોપકારના રસિયા હોય
– માર્ગાનુસારી બુદ્ધિથી યુક્ત હોય.
– કલ્યાણને પ્રાપ્ત કરાવનાર માર્ગમાં આગળ વધનાર હોય.
– પવિત્ર, ઉદાર ભાવવાળો હોય
– ગુણાનુરાગી હોય
– ઇત્યાદિ ગુણો બન્નેમાં ઘટે.

❁ બોધિસત્ત્વ → બોધિ=સમ્યગ્દર્શનયુક્ત, સત્ત્વ=જીવ+સમકિતી જીવ, અથવા સદ્‌બોધિ=તીર્થંકરપદ પ્રાયોગ્યસમ્યક્‌ત્વયુક્ત, જે તથાભવ્યત્વથી ભાવિતીર્થંકર થવાના છે તે બોધિસત્ત્વ...

❁ જે શ્રેષ્ઠ સમ્યક્‌ત્વધારી આત્મા વિશુદ્ધ આગમબોધ, અત્યંત પ્રભાવશાળી ધર્મકથા, આત્મલાભકારી અમોઘ નિમિત્તોનું દાન આદિ વિવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓથી ભવ્ય જીવોના ઉપકાર માટે મોક્ષબીજની વાવણી/સ્થાપના કરે છે, તે તીર્થંકર બને છે.

❁ સ્વજનો આદિના કલ્યાણની ઝંખનાથી થતી સદ્‌બોધદાયક પ્રવૃત્તિ ગણધર નામકર્મ બંધાવે છે.

❁ હિંસક અનુષ્ઠાનો રહિત ધર્મ, રાગ-દ્વેષ-મોહાદિથી મુક્ત પરમાત્મા અને સર્વ બાહ્ય-આંતર આગ્રહોથી મુક્ત સાધુ વિષે નિશ્ચલ અનુરાગ તે સંવેગ.

❁ સંસારની અસારતાના ભાનવાળો નિર્વેદ–આ બધાથી પ્રેરાઇ જે માત્ર પોતાને ભવભ્રમણથી બહાર કાઢવા સતત ચિંતનશીલ રહે તે બાહ્ય માહાત્મ્યથી રહિત માત્ર મુંડકેવલી બને.

❁ આંશિક દોષનો ક્ષય સમ્યગ્દૃષ્ટિ જીવમાં રહેતો હોવાથી શિષ્ટપણું તેમાં પણ રહેશે. સંપૂર્ણ દોષક્ષય સિદ્ધજીવ કે કેવલીમાં હોવાથી સંપૂર્ણ શિષ્ટપણું ભલે ત્યાં રહે, પણ સમકિતીથી પ્રારંભિક આંશિક વિવિધતા ધરાવતું શિષ્ટત્વ તમામ અવસ્થાઓમાં વૃદ્ધિ પામી છેલ્લે કેવલીમાં વિશ્રામ પામશે. અત્યુચિત પ્રવૃત્તિ, સંવેગ, પ્રશમાદિલિંગોથી આંશિક રાગ-દ્વેષાદિ દોષક્ષય/શિષ્ટતા જાણી શકાય છે.



પ્રભુની વરસતી કરુણા

# ૧૬

# ઇશાનુગ્રહવિચાર બત્રીશી

❁ **પાતંજલ મતે ઇશાનુગ્રહ વિચાર :–** (ઇશાનુગ્રહ=ભગવાનની કૃપા)

–મહેશ્વરના અનુગ્રહથી યોગસાધનોની પ્રાપ્તિ=યોગ તેમજ રક્ષણ=ક્ષેમરૂપ સિદ્ધિ થાય છે.

**મહેશ્વર**=ક્લેશ, કર્મ, વિપાકાશયથી ત્રણે કાળમાં અસ્પૃષ્ટ આત્મા.

**ક્લેશ** પાંચ પ્રકારે → અવિદ્યા-અસ્મિતા-રાગ-દ્વેષ-અભિનિવેશ.

ક્લેશમૂલક **કર્માશય** (સંસ્કાર)=બે પ્રકારે.

૧) **દૃષ્ટજન્મવેદનીય :–** તીવ્ર સંવેગથી કરેલ દેવતાઆરાધન આદિ કર્મો આ જન્મમાં જ ફળ આપે.

૨) **અદૃષ્ટજન્મવેદનીય :–** પરલોકમાં ભોગવવા યોગ્ય.

–કારણમાં ઉત્કૃષ્ટતા લાવવા દ્વારા કાર્યને ઉત્કૃષ્ટ બનાવવું તે સિદ્ધિ.

❁ **કર્મથી ત્રણ પ્રકારના ફળ :–**

૧) **જાતિ**–મનુષ્યાદિ. ૨) **આયુષ્ય**–દીર્ઘકાલીન શરીરસંબંધ.

૩) **ભોગ**–ત્રણ પ્રકારે-વિષયો, ઇન્દ્રિયો અને સુખ-દુઃખનો અનુભવ કરવો.

❁ અન્ય રીતે **કર્મ ચાર પ્રકારે** –

૧) **શુક્લ** → શુભફલક. સાધક પુરૂષોને હોય...

૨) **કૃષ્ણ** → અશુભફલક. નારકી જીવોને હોય...

૩) **શુક્લ–કૃષ્ણ** → મિશ્ર. મનુષ્યને હોય.

૪) **અશુક્લાકૃષ્ણ** → યોગીઓનું આ કર્મ હોય...

❁ **બે પ્રકારે ચિત્ત :– ૧) અનાશય :–** નિરપેક્ષ, યોગીઓને...

૨) **સાશય :–** સાપેક્ષ (સ+અપેક્ષ)–સામાન્ય મનુષ્યોને/અયોગીઓને...

❁ **બે પ્રકારે કર્મવાસના :–**

૧) **સ્મૃતિમાત્ર ફલક :–** કર્મપ્રદત્ત ભવમાં ઊભા કરેલા સંસ્કાર સેંકડો ભવો પછી ફરીથી એવો જ ભવ મળે ત્યારે ફરીથી જાગે...

**૨) જાતિ-આયુષ્ય-ભોગફલક :–** અનાદિકાળથી આત્મામાં સંચિત થયેલી કર્મવાસનાનો જેમ જેમ વિપાક થાય તેમ તેમ વિવિધ જાતિ આદિ ફળ આપે છે.

–આવા બીજા જીવો કરતાં સર્વથા વિલક્ષણ અનાદિસિદ્ધ–જગતના સર્જક અને સંચાલક ઇશ્વર છે તેવી માન્યતા પાતંજલ દર્શનની છે.

સ્યાદ્વાદ દર્શન આવી માન્યતાને યોગ્ય માનતું નથી.

**સ્યાદ્વાદદર્શન દ્વારા અન્ય ધર્મની યોગ્ય માન્યતાનો સ્વીકાર**

૧) ઇશ્વરીય અનુગ્રહ / સામર્થ્યથી ઇશ્વરની આજ્ઞાનું પાલન થાય છે- જેનાથી જીવોનું હિત થાય.

૨) ઇશ્વરીય અનુગ્રહથી પ્રણવ સહિતનો ઇશ્વરનામનો જાપ કરવાથી વિઘ્નો વિલીન થાય છે, જ્ઞાનની પ્રાપ્તિ કે આત્મસાક્ષાત્કાર થાય છે.

**વિઘ્નો નવ પ્રકારે છે–**

**a) વ્યાધિ :–** ધાતુની વિષમતાથી થતા તાવ-ઝાડા વિગેરે...

**b) સ્ત્યાન :–** પહેલેથી જ કામ શરૂ ન કરવું...

**c) પ્રમાદ :–** શરૂ કરેલા કાર્યમાં ઉત્સાહ/પ્રયત્ન છોડી દેવો.

**d) આળસ :–** સમાધિના કારણોમાં પક્ષપાતના બદલે મધ્યસ્થતા=ઉદાસીનતા રાખવી.

**e) વિભ્રમ :–** ચાંદીના ચળકાટમાં કલઇનો ભ્રમ થાય તેમ લાભકારી સાધનામાં અનિષ્ટપણાનો ભ્રમ થવો...

**f) સંદેહ :–** આ સાધના સફળ થઇ શકશે કે નહીં તેવી શંકા.

**g) અવિરતિ :–** બાહ્ય ઇન્દ્રિયવિષયોમાં આકર્ષણના કારણે વિષયસેવનથી ન અટકવું.

**h) ભૂમિઅલાભ :–** સમાધિની તે-તે પ્રકારની અવસ્થાની પ્રાપ્તિ ન થવી.

**i) અનવસ્થિતિ :–** સમાધિની અવસ્થામાં મનને સ્થિર ન રાખવું–

આ બધા રજોમય-તમોમય દોષોના લીધે મનની એકાગ્રતા તોડનારા વિક્ષેપો છે. જાપથી સોપક્રમ કર્મજનિત વિઘ્નો નાશ પામે છે અને નિરુપક્રમ કર્મજનિત વિઘ્નોની અનુબંધશક્તિ તૂટે છે. આધ્યાત્મિક જ્ઞાન અથવા આત્મજ્ઞાન પણ જાપ દ્વારા ઉત્પન્ન થાય છે. આત્માના ઉત્કૃષ્ટ આંતરિક ભાવોથી જ ક્રોડસ્તોત્રનું ફળ જાપથી મળે છે. વાગ્યોગની અપેક્ષાએ મનોયોગ બળવાન

છે, તેથી વિશિષ્ટ મૌનપૂર્વકનો જાપ પ્રશંસનીય બને છે. ધ્યાનમાં આત્મા સ્થિર ન થઇ શકે ત્યારે યોગી પુરૂષો જાપનું આલંબન લે છે. જાપના આલંબને આત્મા સ્થિર થતાં ફરી ધ્યાનમગ્ન બને છે.

**૩) યોગાચાર્ય કાલાતીતની માન્યતાને સમર્થન :–**

મુક્ત, બુદ્ધ, અરિહંત, ઇશ્વર આદિ નામ કોઇપણ હોય, જે જ્ઞાનાદિના અતિશયરૂપ ઐશ્વર્યથી યુક્ત હોય તે ઇશ્વરરૂપે માન્ય છે.

–અવિદ્યા-ક્લેશ-કર્મ-વાસના-પાશ આદિ નામભેદ ભલે હોય, સંસારના કારણ તરીકે મૂળભૂત તત્ત્વ એક જ છે.

ઉપરોક્ત બાબતોમાં– i) છદ્મસ્થને ભેદનું સંપૂર્ણ જ્ઞાન શક્ય નથી.
ii) અનુમાન માટે કરાતા તર્કો/યુક્તિઓ હેતુના દોષો દ્વારા નિષ્ફળ જાય છે.
iii) તમામ દર્શનકારોની યુક્તિઓ / હેતુઓ પરસ્પર વિરોધી હોય છે.
iv) સ્વરૂપ કોઇપણ પ્રકારનું માનો, ફળમાં કોઇ ફરક પડતો નથી.

–આ ચાર કારણથી ભેદભાવ નિરર્થક છે.

–સંસારના કારણનું જ્ઞાન મેળવો, તેને દૂર કરવા સમર્થ ઐશ્વર્યવાન આત્માને ઓળખી, તેમની ભક્તિ કરો અને સંસારના બંધનને દૂર કરો–બસ આટલું પૂરતું છે...

બાકી તત્ત્વના આટાપાટાની માથાફોડ વ્યર્થ છે.

ઉપરોક્ત મત **કાલાતીત યોગીનો** છે. જેની પાસે વિશેષ વિચારક્ષમતા નથી તે પોતાનામાં કદાગ્રહ ન પેસે તે માટે આવું વિચારે તે બરાબર છે :–

આ જ દૃષ્ટિથી **પૂ.આ. હરિભદ્રસૂરિ મહારાજે** આ મતને માન્ય કરેલ છે. પરંતુ વિરોધીમત પ્રત્યે પણ સહિષ્ણુ જીવનો શાસ્ત્રાનુસારે વિશિષ્ટ વિચારવિમર્શ એ ભગવાનની વિશિષ્ટ ભક્તિરૂપ બની આત્મામાંથી અશ્રદ્ધારૂપ મેલની સફાઇ કરે છે. તેથી તે તત્ત્વજ્ઞાનગર્ભિત વૈરાગ્યને જીવંત રખાવવા અમૃતતુલ્ય બની વિશિષ્ટ કર્મનિર્જરાનો હેતુ બને છે–માટે પ્રાજ્ઞજીવોએ મધ્યસ્થ બુદ્ધિથી તત્ત્વવિમર્શ કરવો જ જોઇએ...

❁ અતીન્દ્રિય પદાર્થો (આત્મા, પરલોક આદિ) છદ્મસ્થના જ્ઞાનનો વિષય બની જ ન શકે, ત્યારે શાસ્ત્ર જ તેનો આધાર બને. જેમ પ્રજ્ઞાચક્ષુને હાથના સ્પર્શથી બધી વસ્તુની ઓળખ થાય, તેમ ચંદ્રગ્રહણ-સૂર્યગ્રહણ આદિ સર્વજ્ઞ

દ્વારા જ જાણી શકાય તેવા અતીન્દ્રિય પદાર્થો પણ શાસ્ત્ર દ્વારા જ જાણી શકાય છે.

શાસ્ત્રો પણ સંપૂર્ણ બોધ ન ધરાવતા હોવાથી અધૂરા છે, તેથી શાસ્ત્રઅ-વિરોધી યુક્તિઓ દ્વારા જે મહાપુરૂષોના વચન અને ધર્મના ઉપદેશના તાત્પર્યને પકડવાનો પ્રયત્ન કરે છે તે જ સાચો ધર્મ જાણી શકે છે.

❁ દૃષ્ટ=પ્રત્યક્ષથી દેખાતા અને ઇષ્ટ=આત્મહિત માટે લાભદાયી તત્ત્વનો વિરોધી ન હોય તેવા શાસ્ત્રના આલંબને સ્યાદ્વાદપદ્ધતિ (દોષનાશક/ગુણપોષક)નું આચરણ આચરવું તે જ પરમાત્માનો પરમ-અનુગ્રહ છે. જ્ઞાન-દર્શન-ચારિત્રમય મોક્ષમાર્ગ જે પરમાત્માએ આપણને આપવાનો છે તે તો એક જ વારમાં પરમાત્માએ આપી દીધો છે, તેની આરાધના કર્યા વિના, માત્ર ઊંચા ઊંચા ધર્મના ખ્યાલ સેવીને પરમાત્મા પાસે તેની માંગણી કર્યા કરતો ભાગ્યહીન વિહ્વલ વ્યક્તિ કયા મૂલ્યથી (બળથી) તે ઉત્તમ ધર્મ મેળવશે ? માટે પરમાત્માનો અનુગ્રહ માનીને ઉછળતા અહોભાવથી પ્રભુગુણોથી ભાવિત થઇ પરમાનંદપૂર્વક સાધના કરવી જોઇએ.



**પુરુષાર્થવાદી**



**ભાગ્યવાદી**

૧૭

# દૈવ-પુરૂષકાર બત્રીશી

❁ ઇશ્વરના અનુગ્રહથી જ યોગસિદ્ધિ થાય છે, આ એકાંતવાદનું નિરાકરણ કરી પ્રારબ્ધથી જ અથવા પુરૂષાર્થથી જ યોગસિદ્ધિ થાય છે તેવા એકાંતવાદના મતનું નિરાકરણ કરતા જણાવાય છે.

વાસ્તવિક રીતે ભાગ્ય=સ્વકર્મ અને પુરૂષાર્થ=ઉદ્યમ–બન્ને સરખા બળવાળા છે. નિશ્ચય–વ્યવહારનયના મતથી વિચારણા કરીએ તો,

❁ **નિશ્ચયનય :–** પોતપોતાનું કાર્ય કરવામાં નસીબ અને પુરૂષાર્થને–કોઇને–એકબીજાના આધારની જરૂર નથી. નિરપેક્ષપણે જ બન્ને કાર્ય કરે. 'સાપેક્ષમસમર્થં' એ ન્યાયે બીજા પર આધાર રાખનાર નિર્બળ ગણાય. તેથી જ્યારે જેના મુખ્ય આધારે કાર્ય થાય તે કર્મ કે પુરૂષાર્થ કારણ ગણાય...બીજું અસદ્ ગણાય. વાસ્તવિકતામાં અર્થક્રિયાકારિત્વ એ વસ્તુનું લક્ષણ છે. તેનાથી રહિત એ અસદ્ છે. મુખ્ય કારણની સાથે રહેલી અન્ય સામગ્રી ટાળી ન શકાય તેવી હોવા છતાં ન હોવા તુલ્ય ગણાય છે.

❁ **વ્યવહાર નય :–** કાર્ય હોય તો કારણ હોય જ → અન્વય વ્યાપ્તિ...
કારણ ન હોય તો કાર્ય ન જ હોય → વ્યતિરેક વ્યાપ્તિ....
→ અન્વય-વ્યતિરેકથી સર્વત્ર નસીબ અને પુરૂષાર્થને બન્નેને ગૌણ-મુખ્યભાવે કારણ તરીકે સ્વીકારે. સામાન્યથી બન્ને વગર કોઇ કાર્ય થતું નથી.

ગૌણપણું–અનુત્કટપણું, (નબળું)...મુખ્યપણું–ઉત્કટપણું (બળવાન)...

બળવાન ભાગ્યથી કરાયેલું કાર્ય ભાગ્યનિર્મિત તરીકે ઓળખાય છે, તો બળવાન પુરૂષાર્થથી થયેલું કાર્ય પુરૂષાર્થની સફળ કહાણી તરીકે ઓળખાય છે. કોઇ કાર્યમાં વર્તમાનનો પુરૂષાર્થ નબળો દેખાય અથવા ઓછા પુરૂષાર્થે ફળ દેખાય ત્યાં પણ પૂર્વભવનો પુરૂષાર્થ કારણ માનવો, કારણ કે ઉત્કૃષ્ટ ભાગ્ય ઉત્કૃષ્ટ પુરૂષાર્થ (સાધના)થી બને છે.

'ચડિયાતા ભાગ્યથી ચડિયાતું ફળ દેખાય છે, તેથી ફળ પ્રત્યે ભાગ્ય જ

કારણ છે'–આવી માન્યતા સામે વ્યવહારનય કહે છે કે ક્યારેક કર્મ તો ક્યારેક તીવ્ર પુરૂષાર્થ પણ મુખ્ય કારણ બની શકે છે. વળી આ ભવનો પ્રયત્ન પુરૂષાર્થ કહેવાય છે, પૂર્વભવનો પુરૂષાર્થ કર્મ કહેવાય છે. તથા પૂર્વભવીય કર્મ આ ભવના રાજસેવા-ધંધો-ખેતી આદિ પુરૂષાર્થ વિના ફળપ્રાપ્તિ કરાવી શકતા નથી. તેથી પુરૂષાર્થ પણ મહત્ત્વનો છે.

❀ 'કોઇ પણ કાર્યમાં-ઘટનામાં દેખીતું કારણ માનવું, ન દેખાતા કારણ તરીકે કર્મને માનવું વ્યર્થ છે'. આવો નાસ્તિકપ્રાયઃનો મત બરાબર નથી, કારણ કે સમાન સામગ્રી–સમાન પુરૂષાર્થ ધરાવનારામાં પણ ફળનો ફરક (ભેદ) દેખાય છે–તેમાં કર્મને કારણ માનવું જ પડશે.

એક સમયે એકસરખું દૂધ પીવા છતાં એકને સુખનો અનુભવ, એકને દુઃખો અનુભવ થાય છે–તેમાં કર્મને કારણ માનવું જ પડશે...

❀ શુભ-અશુભ ક્રિયાઓ તો સમયાંતરે નાશ પામે છે, પરંતુ તેનું ફળ પરલોકમાં દેખાય છે-ત્યાં વચ્ચેની કડીરૂપ કારણ કર્મ માનવું જ પડશે.

❀ શાસ્ત્રવિહિત-નિષિદ્ધ ક્રિયા પુણ્ય-પાપ વિના ફળ આપવા સમર્થ નહીં થાય. બાકી તો પ્રાયશ્ચિત્તની વિધિ પણ નિષ્ફળ જશે, કારણ કે પાપ જ નહીં, તો પ્રાયશ્ચિત્ત કોનું ?

❀ બળવાન ભાગ્ય કે પુરૂષાર્થ દ્વારા નબળા એવા પુરૂષાર્થ કે નસીબ હણાય છે, બન્ને એક જ દિશામાં ચાલતા હોય તો કાર્ય ઘણું સરળતાથી થઇ શકે છે, તેમાં ય પુરૂષાર્થ વધુ હોય તો અનેકગણી સફળતા મેળવી શકાય છે.

❀ એકલું કર્મ પોતાને બળવાન કે નબળું બનાવી શકતું નથી, પરંતુ કર્મ અને પુરૂષાર્થ પરસ્પર એકબીજા પર અનુગ્રહ કે ઉપઘાત કરી શકે છે. આમ જીવના સવળા કે અવળા પુરૂષાર્થ વિના કર્મ કશું સુધારી કે બગાડી શકતું નથી.

❀ સમાન બળવાળા અને વિરોધી દિશાવાળા કર્મ અને પુરૂષાર્થ હોય ત્યારે કાળ, નિયતિ વગેરે પરિબળો જેના પક્ષમાં હોય, તેની જીત થાય છે.

❀ અનિયત સ્વભાવવાળું કર્મ પુરૂષાર્થ દ્વારા દૂર કરી શકાય છે.
(અનિયતસ્વભાવ=ફળ અવશ્ય આપે જ, એવો નિયમ ન હોય. અનિકાચિત)

❀ કર્મમાં ફળ આપવાની યોગ્યતા છે જ, સવળા પુરૂષાર્થથી જલ્દી, પૂર્ણ ફળ આપે. અવળા પુરૂષાર્થથી નબળું, ઓછું, મોડું ફળ આપે. પુરૂષાર્થ ન કરે તો ફળ આપ્યા

વિના કર્મ રવાના પણ થઇ જાય...પરંતુ આ બધું કર્મની યોગ્યતાથી જ થાય છે.
❁ એકલા કર્મથી ફળ નથી મળતું, ભાવરૂપ પુરૂષાર્થ પણ તેમાં ભાગ ભજવે છે. તેથી શાલિભદ્ર-મમ્મણમાં પૂર્વભવોમાં ભાવ બદલાઇ જવાથી દાનના ફળમાં કેટલો ફરક પડી ગયો ?
❁ કર્મથી ભાવ ઉત્પન્ન થાય છે અને ભાવથી કર્મ ઉત્પન્ન થાય છે. આમ પરંપરા ચાલ્યા જ કરે છે, તેથી પ્રવાહથી=પરંપરાથી બન્ને એકબીજાને સાપેક્ષ છે. બળવાનપણામાં બન્ને એકબીજાના બાધક પણ છે.
❁ પ્રાયઃ ચરમાવર્તમાં પુરૂષાર્થ દ્વારા કર્મ બાધિત થાય છે. (**નંદિષેણ** જેવાનો પ્રસંગ અપવાદરૂપ ગણાય.) તેથી ગ્રંથિભેદ પણ અતિબળવાન પુરૂષાર્થથી જ થાય છે, અને ધર્મ-અર્થ-કામ આદિ સંબંધી ન્યાયોચિત પ્રવૃત્તિ પણ ગ્રંથિભેદ બાદના પ્રબળ પુરૂષાર્થની અંતઃપ્રેરણાથી જ થાય છે.
❁ સમકિતીને નવા ઉપરના ગુણસ્થાનકને પામવા કે પડી રહેલા અધ્યવસાયથી બચવા (ગુણસ્થાનકમાં સ્થિર થવા) ઉપદેશની જરૂર પડે છે. સ્થિર અધ્યવસાય-વાળાને ઉપદેશ વિના કામ સરી જાય છે. ચક્રભ્રામક દંડ ભ્રમણ વધારવા કે નબળા પડી રહેલા વેગને ટકાવવા માટે ઉપયોગી બને છે, તેવું જ ઉપદેશનું છે.
❁ સમકિતી જીવની મોહનીયકર્મની સ્થિતિ અંતઃકોડાકોડિ સાગરોપમની હોય છે, અતિબળવાન ઔચિત્યપૂર્ણ પ્રયત્નો દ્વારા ચારિત્રમોહનીયની સ્થિતિમાંથી ૨ થી ૯ પલ્યોપમ સ્થિતિ ઓછી થાય ત્યારે દેશવિરતિ, સંખ્યાતા સાગરોપમ ઓછા થાય ત્યારે સર્વવિરતિ ચારિત્ર પામે.
❁ **ભાવચારિત્રના લક્ષણો :–**
**૧) માર્ગાનુસારિતા :–** અનાભોગથી પણ 'સદન્ધન્યાય'થી–મોક્ષમાર્ગને અનુસરીને જ ચાલે...
**૨) શ્રદ્ધા :–** શુદ્ધાનુષ્ઠાન વિશે તીવ્ર રૂચિ...
**૩) પ્રાજ્ઞપ્રજ્ઞાપનારતિ :–** બુદ્ધિશાળી પંડિત પાસેથી વિશિષ્ટ અર્થપ્રાપ્તિની દેશના સાંભળવાની અને પાલનની તીવ્ર રૂચિ / આનંદ...
**૪) ગુણરાગ :–** ગુણો પ્રત્યે બહુમાન...
**૫) શક્યારંભ :–** શક્ય ધર્મ આદિ સંબંધી પ્રવૃત્તિઓનો પુરૂષાર્થ કરવો.



૧૮

# યોગભેદ બત્રીશી

❀ પુરુષાર્થની પ્રધાનતાથી ચારિત્ર પ્રાપ્ત થયા પછી યોગની પ્રવૃત્તિ થાય છે. તેથી યોગના ભેદો બતાવે છે–**યોગના પાંચ પ્રકાર છે–**

**૧) અધ્યાત્મ :–** ઉચિત પ્રવૃત્તિપૂર્વકના અણુવ્રત-મહાવ્રતનો પાલક જીવ જિનવચનાનુસારી મૈત્રી આદિ ભાવોથી સંયુક્ત જીવાજીવાદિ પદાર્થોના સમૂહનું ચિંતન કરે તે...

**a) મૈત્રી :–** બીજાના સુખની ચિંતા મૈત્રી...ચાર પ્રકારે–

**i) ઉપકારી મૈત્રી :–** પોતાના પર ઉપકાર કરનાર જીવોના સુખની ચિંતા...

**ii) સ્વજન મૈત્રી :–** લોહીના સંબંધથી જોડાયેલા જીવોના સુખની ચિંતા...

**iii) સ્વઆશ્રિત મૈત્રી :–** પૂર્વજોના સંબંધથી સંબંધિત કે પોતાના આશ્રિતના સુખની ચિંતા...

**iv) સર્વ મૈત્રી :–** સર્વજીવોના સુખની ચિંતા...

**b) કરૂણા :–** બીજાના દુઃખને દૂર કરવાની ઇચ્છા...ચાર પ્રકારે–

**i) મોહથી:–**ગ્લાને (બિમાર વ્યક્તિએ) માંગેલી અપથ્ય વસ્તુ આપવાની ઇચ્છા.

**ii) દુઃખીદર્શનથી :–** જીવનજરૂરિયાતના અભાવથી પીડાતા દુઃખીને જરૂરી સામગ્રી આપવી.

**iii) સંવેગથી :–** પોતાના પ્રત્યે પ્રીતિયુક્ત સુખી જીવોને મોક્ષે પહોંચાડવાની અભિલાષાથી સાંસારિક દુઃખથી છોડાવવાની ઇચ્છા...

**iv) સ્વભાવથી :–** કેવળીની જેમ સર્વજીવો પર કરૂણામય સ્વભાવ ધરાવનાર મહાત્માઓની સ્વાભાવિક જીવોના ભાવદુઃખ દૂર કરવાની ઇચ્છા.

**c) મુદિતા :–** પ્રમોદ=સંતોષ=આનંદ...ચાર પ્રકારે–

**i) આપાતરમ્ય સુખમાં :–** તત્કાલ પ્રીતિકારી, પરિણામે ભયજનક વૈષયિક સુખની પ્રાપ્તિમાં આનંદ...

**ii) સદ્હેતુમાં :–** હિતકર-પ્રસિદ્ધ-પરિમિત સ્વાદિષ્ટ ભોજનમાં આનંદ...

iii) **અનુબંધયુક્ત સુખમાં :–** અતૂટ સુખની પરંપરાથી દેવ-મનુષ્ય ભવમાં તેના પ્રાયોગ્ય સુખના અનુભવથી...

iv) **પર (સર્વશ્રેષ્ઠ) :–** મોહનીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થતા સર્વજીવોના અવ્યાબાધ સુખનો આનંદ...

d) **ઉપેક્ષા :–** માધ્યસ્થ્ય..–ચાર પ્રકારે–

i) **કરૂણાથીઃ–**અહિતના વિષયમાં સ્વચ્છંદતાથી પ્રવર્તતા જીવની કરૂણાથી ઉપેક્ષા.

ii) **અનુબંધથી :–** 'અત્યારે અકાળ છે અને ભવિષ્યમાં સમજાવવાથી વધુ લાભ થશે' તેવું જાણી અત્યારે ઉપેક્ષા કરે...

iii) **નિર્વેદથી :–** સંસારસુખની અસારતાને જાણી યોગી જીવોની સંસાર-સુખ વિષે ઉપેક્ષા.

iv) **તત્ત્વચિંતનથી :–** પદાર્થ રાગ-દ્વેષનું કારણ નથી, પોતાનો સંક્લેશભાવ જ તેનું કારણ છે તેમ વિચારી બાહ્ય અનુકૂળ-પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે ઉપેક્ષા રાખવી.

આ ચારે ભાવનાના ભેદો ઉત્તરોત્તર વિશુદ્ધ-વિશુદ્ધતર સ્વભાવવાળા છે, તેથી જ તે અધ્યાત્મમાં ઉપયોગી બને છે. **સુખી જીવો પ્રત્યે** 'એમનું સુખીપણુ સારું છે' એમ **મૈત્રીભાવ ભાવી ઇર્ષ્યા છોડે, દુઃખી જીવો માટે** 'કેમ તેઓ દુઃખથી છૂટે ?' આવી **કૃપા રાખી ઉપેક્ષા છોડે,** જીવોના સુકૃતની અનુમોદના દ્વારા **હર્ષ અનુભવી દ્વેષ છોડે, અધર્મી જીવો પ્રત્યે ઉપેક્ષાભાવ કેળવી રાગ-દ્વેષ છોડે** એ જ પરિણતિશુદ્ધ મૈત્ર્યાદિ ભાવનાઓ કેળવી **અધ્યાત્મને** પામી શકે. (મૈત્રી ઇર્ષ્યા છોડાવે, કરૂણાભાવના ઉપેક્ષા છોડાવે, મુદિતા દ્વેષ છોડાવે અને ઉપેક્ષા ભાવના રાગ-દ્વેષ છોડાવે...)

યોગની ઉચ્ચ ભૂમિકાને પામેલા નિષ્પન્નયોગીઓનું ચિત્ત મૈત્રી વિગેરે ભાવનાઓથી રહિત માત્ર જ્ઞાનમય અને સ્વભાવથી પરોપકારપ્રધાન હોય છે. યોગની પ્રારંભિક ભૂમિકાએ રહેલા જીવો અભ્યાસ દ્વારા સુખીઓ પ્રત્યે ઇર્ષ્યાદિત્યાગ દ્વારા મૈત્ર્યાદિભાવોની વિશુદ્ધિ કરે છે.

❁ અધ્યાત્મથી ક્લિષ્ટ પાપનો ક્ષય, વીર્યમાં/સત્ત્વમાં ઉછાળો, ચિત્તસમાધિ અને વસ્તુના બોધરૂપ શાશ્વત જ્ઞાન આદિ પ્રાપ્ત થાય છે. મોહરૂપી અતિભયંકર ઝેરની વિકૃતિનો નાશ કરનાર હોવાથી આ અધ્યાત્મ જ અનુભવસિદ્ધ અમૃત છે.

**૨) ભાવના :–** તત્ત્વજ્ઞાનગર્ભિત અને સતત વૃદ્ધિને અનુભવતો **અધ્યાત્મનો વારંવાર અભ્યાસ એ ભાવના** કહેવાય છે.

**ભાવનાનું ફળ** – કામ-ક્રોધના સંસ્કારોથી પાછા ફરવું અને ઉત્તમ સાત્ત્વિકતાની વૃદ્ધિ. વિષય(Subject)ના ભેદથી–જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વૈરાગ્યના ભેદથી ભાવના પાંચ પ્રકારની થાય છે.

❀ ભાવનાઓથી શીઘ્ર સ્મૃતિકારક સંસ્કાર પડે, અને તે સંસ્કારોથી નવી શ્રેષ્ઠ ભાવનાઓ ઉત્પન્ન થાય છે.

**૩) ધ્યાન :–** બીજી-ત્રીજી બાબતોનો અંતરાય અતિસૂક્ષ્મ કાળ માટે પણ ન આવે તે રીતે સ્થિર દીવાની જ્યોતતુલ્ય ધારાબદ્ધ પ્રશસ્ત એક વિષયનો બોધ તે **ધ્યાન** કહેવાય. તે એકાગ્રબોધ વીતરાગ સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલ 'ઉપ્પન્ને...ઇ... વા...' આદિની સૂક્ષ્મ વિચારણાથી યુક્ત હોય છે.

યોગમાર્ગથી અભાવિત–સામાન્ય જીવને સતાવતા **આઠ દોષોના ત્યાગથી** ધ્યાનમાર્ગ ઉત્તરોત્તર સાનુબંધ થઇ શકે છે.

**ધ્યાનમાર્ગને બાધિત કરનારા આઠ દોષ :–**

**i) ખેદ** – ક્રિયામાં માનસિક પ્રણિધાનની એકાગ્રતા–એ યોગસાધનાનો મુખ્ય હેતુ છે. ક્રિયાના વ્યાયામથી ઊભો થતો માનસિક થાક/કંટાળો તે ખેદ. ક્રિયામાં એકાગ્ર ન થવા દે.

**ii) ઉદ્વેગ** – ક્રિયા શરૂ કર્યા વિના જ ક્રિયામાં અનુત્સાહરૂપ થાક તે ઉદ્વેગ. ક્રિયાઅનાદરરૂપ યોગદ્વેષથી પરાધીનપણાની વેઠ ઉતારવા જેવી ક્રિયા થાય. ભવાંતરમાં શ્રીમંત અને શ્રદ્ધાસંપન્ન યોગીકુળમાં જન્મ ન મળે.

**iii) ભ્રમ** – વસ્તુના મૂળ સ્વરૂપને બદલે તેનાથી સંપૂર્ણ વિરોધી રૂપને સ્વીકારવું તે ભ્રમ. 'મેં ક્રિયા કરી કે ન કરી ?'–આના સંસ્કાર (સ્મૃતિ)ન હોય તેવી ક્રિયા યોગસિદ્ધિની વિરોધી બની રહે છે.

**iv) ઉત્થાન** – પ્રશાંતતા-સ્વસ્થતાની ગેરહાજરી, મનના વિચારોનો અતિરેક/ ચંચળતા...એકાગ્રતા ખંડિત થવાથી યોગસાધનાનું સાચું ફળ ન મળે...આવી સાધના છોડવાલાયક, પરંતુ આંશિક સારપ હોવાથી છોડી પણ શકાતી નથી.

**v) ક્ષેપ**– ડાંગર વાવ્યા પછી વારંવાર વચ્ચે ઉખાડીએ તો ફળ ન દેખાય, તેમ યોગક્રિયામાં વચ્ચે વચ્ચે મન વારંવાર અનધિકૃત કામમાં જાય તો ફળ ન મળે...

**vi) આસંગ** – 'આ જ આરાધના સારી' આવી કદાગ્રહયુક્ત આસક્તિ આસંગ દોષરૂપ છે, તેનાથી નિરંતર અનાસક્ત પ્રવૃત્તિ ન થાય. ઉપરના ગુણસ્થાનકે ન જવા દે. (મોહક્ષય દ્વારા કેવલપ્રાપ્તિ એ લક્ષ્ય હોવાથી આત્મોન્નતિ ન થવા દેનાર અનુષ્ઠાન નિષ્ફળ જાય.)

**vii) અન્યમુદ્** – પ્રસ્તુત સિવાયના કર્તવ્ય કે અકર્તવ્ય વિષયમાં પ્રીતિ કરવી તે અન્યમુત્. ચાલુ અનુષ્ઠાનમાં રાગ નહીં અને અપ્રસ્તુતમાં રાગ હોવો–આ ભયંકર અનાદરરૂપ આરાધના અંગારાની વૃષ્ટિ સમાન થાય છે. ભયંકર અનર્થકર બને છે.

**viii) રોગ** – માનસિક પીડા કે ક્રિયાભંગરૂપ...પરાણે કરાતું અનુષ્ઠાન સફળ બનતું નથી. અનુષ્ઠાનપણું જ નાશ પામે છે. તેથી  આઠ દોષોને છોડી ક્રોધ વિગેરે વિકારોથી મુક્ત અને ઉદાર આશયવાળા યોગીપુરૂષ દ્વારા થતું ધ્યાન કુશલાનુબંધી (શુભ પરંપરા લંબાવનારું) થાય છે.

❀ ધ્યાનથી સર્વકાર્યમાં સ્વાધીનતા, ભાવોની સ્થિરતા, પાપના અનુબંધો તથા અન્ય કર્મોને નિષ્ફળ કરવા–તેને ધ્યાનના મર્મજ્ઞો ધ્યાનના ફળ તરીકે જાણે છે.

**૪) સમતા :–** અજ્ઞાન-અવિવેકથી ઇષ્ટ-અનિષ્ટરૂપે કલ્પાયેલ વિષયોમાં વિવેકદષ્ટિથી તુલ્યતાબુદ્ધિ (બધું પુદ્ગલના ખેલરૂપ છે તેવી માન્યતા) લાવવી તે સમતા કહેવાય...

ધ્યાન વિના સમતા નહીં કારણકે મનના પ્રતિભાવો અટકતા નથી અને સમતા વિના ધ્યાન નહીં...બન્ને પરસ્પર પૂરક છે.

❀ લબ્ધિઓનો ઉપયોગ ન કરવો, કેવલજ્ઞાનાદિના આવારક સૂક્ષ્મ કર્મનો ક્ષય કરવો અને અપેક્ષારૂપ બંધનનો નાશ કરવો આ સમતાનું ફળ છે.

**૫) વૃત્તિસંક્ષય :–** સ્વભાવથી નિસ્તરંગ સમુદ્ર જેવા આત્મામાં મન-શરીર-અન્ય દ્રવ્યોના સંયોગે શારીરિક-માનસિક વિવિધ ચેષ્ટાઓ, સંકલ્પ-વિકલ્પો આદિ ઉઠે છે તેને વૃત્તિ કહે છે. ફરીથી ઉત્પન્ન જ ન થઇ શકે તે રીતે વૃત્તિઓનો ત્યાગ તે વૃત્તિસંક્ષય...કેવલજ્ઞાનપ્રાપ્તિસમયે અને અયોગીકેવલી-પણાના કાળમાં તે હોય છે.

કેવલજ્ઞાનની પ્રાપ્તિ, શૈલેશીપણાનો લાભ અને અનાબાધ મોક્ષપ્રાપ્તિ એ આનું ફળ છે.

ચિત્તવૃત્તિનિરોધને યોગનું લક્ષણ માનવામાં આવે, તો પણ મન-વચન-કાયાની વૃત્તિઓને રોકતા પ્રવૃત્તિઓ બદલાય છે, તેથી ત્યાં પણ યોગના પાંચ ભેદ પડશે.

❁ પ્રાથમિક અભ્યાસ=પ્રવૃત્તિ, ઉત્કર્ષની ચરમસીમા પ્રાપ્ત કરવી=સ્થિરતા. આ બે દ્વારા મનોગુપ્તિના પ્રથમ બે ભેદમાં અધ્યાત્મ આદિ ચાર ભેદ અને ત્રીજી મનોગુપ્તિમાં વૃત્તિસંક્ષય-પાંચમો ભેદ સમાઇ જશે.

❁ જાણકારોના મતે મનોગુપ્તિના ત્રણ પ્રકાર–

a) **વિમુક્તકલ્પનાજાલ** – સંકલ્પ-વિકલ્પનું જાળુ જેણે છોડી દીધું છે.

b) **સમત્વે સુપ્રતિષ્ઠિત** – સમતાભાવમાં સારી રીતે પ્રતિષ્ઠિત.

c) **આત્મારામ** – સ્વભાવમાં લીન મન...

અન્ય પણ બે ગુપ્તિ-પાંચ સમિતિ આદિનો અંતર્ભાવ ઉપરોક્ત યોગભેદોમાં વિચારી લેવો. સમિતિ-ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચનમાતાથી અલગ કોઇ યોગપદાર્થ નથી. તેથી યથાયોગ્ય રીતે યોગના ભેદોમાં સમાવેશ કરાય.

❁ ૧ થી ૪ ગુણસ્થાનકમાં યોગની પૂર્વસેવારૂપ યોગ ઉપાય હોય છે.

પાંચમાં ગુણસ્થાનકથી માંડી યોગની સાનુબંધ=ઉત્તરોત્તર ઉત્કૃષ્ટતર યોગની પ્રાપ્તિરૂપ પ્રવૃત્તિ જ હોય છે.

ભગવાનના વચનની વ્યવસ્થાથી આ પાંચે પ્રકારનો યોગ સર્વોત્તમ ફળ આપે છે.





१९

# યોગવિવેક બત્રીશી

અહીં યોગના વિવિધ અવાંતર ભેદો બતાવે છે.

સકપટ આરાધના તો આરાધનાભાસ છે, આરાધના તરીકે ગણાતી નથી, તેથી યોગશાસ્ત્રના જાણકારોએ નિષ્કપટપણે કરાતા ત્રણ પ્રકારના યોગ બતાવ્યા છે–

**૧) ઇચ્છાયોગ :–** જરૂરી ક્ષયોપશમ ન હોવા છતાં નિષ્કપટપણે યોગસાધના કરવાની ઇચ્છાવાળો જીવ–શાસ્ત્ર સાંભળેલ હોય, જ્ઞાની હોય છતાં'ય વિકથા આદિ પ્રમાદથી ભરેલો હોવાથી કાલ-વિનય-બહુમાન આદિ આરાધનાના અંગોથી રહિત જે સાતિચાર ચૈત્યવંદનાદિ ક્રિયા કરે તે ઇચ્છાયોગ. ક્યારેક કોઇક એકાદ આરાધના સર્વાંગસંપૂર્ણ પણ કરી હોય છતાં દીર્ઘકાલવ્યાપી મુખ્ય યોગમાં પ્રમાદ કરનારનો તે અખંડ યોગ પણ ઇચ્છાયોગનો જ ગણાય...

**૨) શાસ્ત્રયોગ :–** શક્તિ ગોપવ્યા વિના, તીવ્ર શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વક, અપ્રમત્ત વ્યક્તિ તમામ આરાધનાના અંગોને અખંડપણે સાચવી જે આરાધના કરે તે શાસ્ત્રયોગ કહેવાય...

**૩) સામર્થ્યયોગ :–** મોક્ષસાધક શાસ્ત્રો વડે જેનો ઉપાય સામાન્યથી જણાવાયો છે તથા પ્રબળ આત્મશક્તિથી શાસ્ત્રવિષયને ઓળંગી જે સાધના થાય તે સામર્થ્યયોગ કહેવાય...

– મોક્ષના બધા જ હેતુઓ બધા પ્રકારે શાસ્ત્રથી જણાતા નથી, નહીંતર શાસ્ત્રશ્રવણમાત્રથી જ બધાને સર્વજ્ઞપણું પ્રાપ્ત થઇ જશે. કારણ કે–જો શાસ્ત્રથી મોક્ષના બધા જ હેતુઓનું જ્ઞાન થતું હોય તો–

૧) તાત્કાલિક કેવળજ્ઞાન લાવી આપનાર ઉત્કૃષ્ટ હેતુનું જ્ઞાન થવું જરૂરી છે.

૨) તે જ્ઞાનનું સંવેદન કરવારૂપ સ્વરૂપરમણાત્મક ચારિત્રની પ્રાપ્તિમાં પણ વિલંબ નહીં થાય...

૩) મોક્ષના તમામ ઉપાયનું જ્ઞાન હોય ત્યાં સર્વજ્ઞતા હોય આવો સિદ્ધાંત છે.

❀ સામર્થ્યયોગ પ્રાતિભજ્ઞાનથી જાણી શકાય છે. તે શ્રુતજ્ઞાનથી ચડિયાતું અને કેવલજ્ઞાનની પૂર્વભૂમિકારૂપ છે. જેમ અરૂણોદય દિવસ અને રાતથી જુદો નથી, તેમ પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનથી જુદું નથી, અન્ય દર્શનીઓ તેને **ઋતમ્ભરા પ્રજ્ઞા, તારક જ્ઞાન** આદિ શબ્દોથી ઓળખાવે છે. **મહર્ષિ વ્યાસ** પણ કહે છે–**આગમથી, અનુમાનથી** અને **ધ્યાનના અભ્યાસથી**- એમ ત્રણ પ્રકારે પ્રજ્ઞાને ઘડતો સાધક ઉત્કૃષ્ટ યોગને પ્રાપ્ત કરે છે.

❀ **સામર્થ્યયોગ બે પ્રકારે–**

**૧) ધર્મસંન્યાસ :–** ક્ષાયોપશમિક ક્ષમા વિગેરે ધર્મોની નિવૃત્તિરૂપ, તાત્વિક રીતે ક્ષપકશ્રેણિના પ્રારંભે બીજું અપૂર્વકરણ કરનારને આ ધર્મસંન્યાસ હોય... ક્ષાયોપશમિક ધર્મ છોડી ક્ષાયિક ધર્મની પ્રાપ્તિ થાય છે. અતાત્વિક રીતે દીક્ષા સમયે પણ પૂજા-પૌષધ આદિરૂપ ગૃહસ્થયોગ્ય ધર્મનો ત્યાગ થતો હોવાથી ધર્મસંન્યાસ હોય, તેથી જ દીક્ષા જ્ઞાનયોગના સ્વીકારસ્વરૂપ છે. માટે જ તેના અધિકારીસ્વરૂપે ભવવિરક્ત જીવને બતાવ્યો છે.

**ધર્મબિંદુ** ગ્રંથ (૪/૩)માં બતાવ્યું છે–

i) આર્યદેશમાં ઉત્પન્ન થયેલ હોય...

ii) વિશિષ્ટ જાતિ અને કુલથી યુક્ત હોય...

iii) કર્મમળ નષ્ટપ્રાયઃ થઇ ગયા હોય...

iv) નિર્મળ બુદ્ધિનો ધારક હોય...

v) 'મનુષ્ય જન્મ દુર્લભ છે, જન્મ એ મરણનું કારણ છે, સંપત્તિ ચંચળ છે, વિષયો દુઃખનું કારણ છે, સંયોગ વિયોગમાં ફેરવાઇ જનાર છે, પ્રતિક્ષણ મરણ ધસી રહ્યું છે, સંસારવાસનું ફળ ભયંકર છે,' આ રીતે સંસારની નિર્ગુણતાને જેણે જાણી લીધી છે...

vi) સંસારથી વૈરાગી બનેલ હોય...

vii) અલ્પકષાય હોય...

viii) હાસ્યાદિથી મુક્ત હોય...

ix) કૃતજ્ઞ હોય...

x) વિનયી હોય...

xi) પૂર્વે પણ રાજમાન્ય-લોકમાન્ય હોય...

xii) વિશ્વાસઘાત ન કરનાર.....

xiii) લક્ષણસંપન્ન શરીરથી શોભતો...

xiv) શ્રદ્ધાળુ...

xv) સ્થિર હોય...

xvi) દીક્ષા લેવા ઉત્સાહિત અને ગુરુને સમર્પિત હોય...

–આવા ગુણોથી રહિત જ્ઞાનયોગને આરાધી ન શકે, આવા ગુણવાળો ન આરાધે તેવું બની ન શકે...

❀ આગમ એ સર્વજ્ઞનું વચન છે, તે સર્વજ્ઞે ન જોયેલા વિષયનું નિરૂપણ ક્યારેય ન કરે...

**૨) યોગસંન્યાસ :–** આયોજ્યકરણ પછી શૈલેશી અવસ્થામાં મન-વચન-કાયાના નિરોધસ્વરૂપ અયોગીપણામાં યોગસંન્યાસરૂપ ઉત્કૃષ્ટ યોગની પ્રાપ્તિ થાય છે.

❀ સામાન્યથી અન્ય **બે પ્રકારે** પણ **યોગ** સંભવે છે–

a) **તાત્વિક યોગ :–** મોક્ષ સાથે ખરેખર જોડનાર. વ્યવહાર નયથી અપુનર્બંધક, સમકિતી આદિને અધ્યાત્મ અને ભાવનારૂપ આ યોગ હોય છે. નિશ્ચય નયથી ચારિત્રીને તાત્વિક-વાસ્તવિક યોગ હોય...

b) **અતાત્વિક યોગ :–** યોગાભાસ–સકૃદ્બંધક, દ્વિર્બંધક આદિને ભાવશૂન્ય માત્ર યોગીના વેશ, વર્તન, ભાષા આદિરૂપ આ યોગ હોય છે. શ્રદ્ધાશૂન્ય પ્રવૃત્તિ હોવાથી મોટે ભાગે અનર્થકારી બને છે. ઉત્તરોત્તર શુદ્ધિ તરફ લઇ જનાર તાત્વિક યોગ માત્ર ચારિત્રધરને જ હોય...

❀ અન્ય પણ **બે રીતે યોગના પ્રકાર** સંભવે છે–

a) **સાનુબંધ યોગ –** કોઇપણ વિઘ્ન વિના ઉત્તરોત્તર જીવને મોક્ષપ્રાપ્તિ પ્રતિ આગળ વધારે...દા.ત. ધન્ના અણગાર આદિને...

b) **નિરનુબંધ યોગ –** નિરૂપક્રમ (ઘોર સાધનાથી પણ નાશ ન પામનાર), ફળોત્પાદક શક્તિ પણ દૂર ન થાય તેવા ચારિત્રમોહનીય કર્મરૂપ વિઘ્નથી યુક્ત યોગ તે નિરનુબંધ યોગ...

❀ અન્ય પણ **બે રીતે યોગના ભેદ** સંભવી શકે–

a) **સાશ્રવ યોગ –** નિરુપક્રમ કર્મોના કારણે દેવ-મનુષ્યાદિ અનેક જન્મોનું કારણ તે સાશ્રવ યોગ...

b) **નિરાશ્રવ યોગ** – ચરમશરીરી જીવને...મુખ્ય નિરાશ્રવપણું ૧૪ મા ગુણસ્થાનકે હોય, પરંતુ નિશ્ચયપ્રાપક વ્યવહાર નયની અપેક્ષાએ ઇર્યાપથિક કર્મબંધવાળાને નિરાશ્રવ યોગ માન્યો છે.

**ચાર પ્રકારના યોગી :–**

1) **ગોત્રયોગી** – કુળમાં જન્મ લેવા માત્રથી યોગી.–મલિન અંતરાત્માના કારણે યોગનું ફળ ન મળવાનું હોવાથી શાસ્ત્રમાં તેમના માટે કાંઇ નથી.

2) **કુલયોગી** – યોગીકુળમાં જન્મ લે, ભાવથી યોગ આચરે–યોગીકુળમાં જન્મ ન પામવા છતાં યોગીઓના ધર્મનું પાલન કરે તે પણ કુલયોગી...આ કુલયોગીઓને કોઇપણ પ્રકારનો આગ્રહ ન હોવાથી સર્વત્ર દ્વેષરહિત, પોતાના ધાર્મિક આચાર મુજબના દેવ-ગુરુ-બ્રાહ્મણ પર પ્રેમ રાખનારા, સ્વભાવથી દયાળુ, સ્વભાવથી કુશલાનુબંધી થવાથી વિનયી, રાગ-દ્વેષની ગ્રંથિનો ભેદ થવાથી સારા બોધવાળા અને ચારિત્રધર હોવાથી જિતેન્દ્રિય હોય છે.

3) **પ્રવૃત્તચક્ર યોગી :–** ઇચ્છા-પ્રવૃત્તિયમથી યુક્ત, સ્થિર-સિદ્ધિયમની તીવ્ર ઇચ્છાયુક્ત, શુશ્રૂષા-શ્રવણ-ગ્રહણ-ધારણા-વિજ્ઞાન-ઊહાપોહ આદિ ગુણોથી યુક્ત હોય. શાસ્ત્રદ્વારા યોગની પરંપરાને પ્રાપ્ત કરવાના અધિકારી છે.

4) **નિષ્પન્ન યોગી :–** અસંગ અનુષ્ઠાનની પરંપરાથી નિદર્શિત યોગસિદ્ધિ ધારક જીવો હોય છે. શાસ્ત્રોપદેશની જરૂર નથી.

❁ શાસ્ત્રોમાં **યોગસાધનામાં ઉપકારી ચાર પ્રકારની યમકક્ષાઓ** બતાવી છે–

**૧) ઇચ્છાયમ :–** અહિંસા આદિ પાંચ યમના સાધકોની કથાના શ્રવણના આનંદયુક્ત યમપાલનની ઇચ્છા=ઇચ્છાયમ...પૂર્ણ નિયમપાલન ન હોવાથી ત્રુટિયુક્ત સાધના હોય...

**૨) પ્રવૃત્તિયમ :–** ઉપરોક્ત પાંચ વ્રતોનું ઉપશમસહિત અખંડ આચારસેવન સહ પાલન કરવું તે પ્રવૃત્તિયમ...સંવિગ્નપાક્ષિકને પ્રવૃત્તચક્રયોગી માનનારા મત મુજબ તેમને પ્રવૃત્તિયમ માનવાનું આવે. સાતિચાર પ્રવૃત્તિ છતાં ઉપશમભાવ યુક્ત ક્રિયા છે, માટે પ્રવૃત્તિયમ...

**૩) સ્થિરયમ :–** સુંદર ક્ષયોપશમ હોવાથી, નિશ્ચિંતપણે થતી અહિંસાદિ આરાધના=સ્થિરયમ. અતિચાર નહીં જ લાગે તેવો દૃઢ વિશ્વાસ હોવાથી નિશ્ચિંતતા હોય...

૪) **સિદ્ધિયમ :–** પાપસંસ્કારોથી મુક્ત નિર્મળ અંતરાત્માવાળા યોગીની અપૂર્વ વીર્યોલ્લાસયુક્ત આરાધનાપ્રવૃત્તિ બીજા જીવોની વૈરભાવના વગેરેનો ત્યાગ કરાવી ઉપકાર કરનારી હોય છે, તેને સિદ્ધિયમ કહેવાય છે.

**ત્રણ પ્રકારના અવંચક યોગ :–**

૧) **યોગાવંચક :–** વિશિષ્ટ પુણ્યશાળી અને દર્શનમાત્રથી પાપમુક્ત કરનાર ઉત્તમ પુરૂષોનું ઉત્તમ ગુણવાન તરીકે દર્શન થવું તે અવંચક યોગ.

૨) **ક્રિયાવંચક :–** તે મહાપુરૂષોને પ્રણામાદિ કરવાનો નિયમ–અત્યંત બળવાન ક્રિયાઅવંચક યોગ. તેનાથી નીચગોત્ર આદિ મહાપાપોનો ક્ષય થાય છે.

૩) **ફલાવંચક :–** તે મહાપુરૂષો પાસેથી જ અવશ્ય ધર્મસિદ્ધિદાયક સાનુબંધ ઉત્તરોત્તર ચડિયાતા ફળની પ્રાપ્તિ થાય છે તે ફલાવંચક...





# ૨૦

# યોગાવતાર બત્રીશી

અન્યદર્શનમાં બતાવેલ યોગોનો સમવતાર જૈનદર્શનમાન્ય યોગપ્રકારમાં કરી બતાવવો તે યોગાવતાર...

પાતંજલ યોગદર્શનના વિદ્વાનો યોગના બે પ્રકાર માને છે–




## ૧) સંપ્રજ્ઞાત સમાધિયોગ

પદાર્થો સારી રીતે સંશય-વિપર્યય-અનધ્યવસાય આદિથી રહિતપણે પ્રકૃષ્ટપણે જેનાથી જણાય તે સંપ્રજ્ઞાત સમાધિયોગ...ભાવ્ય (ભાવવા/વિચારવાયોગ્ય) પદાર્થના વિષયાંતરનો ત્યાગ કરી વારંવાર ચિત્તમાં એક પદાર્થને સ્થિર કરવારૂપ ભાવનાના ભેદથી ચાર પ્રકારે હોય છે.

a) **સવિતર્ક સંપ્રજ્ઞાત સમાધિયોગ :–** પાંચ મહાભૂતો અને ઇન્દ્રિયસ્વરૂપ સ્થૂલ વિષયમાં પૂર્વાપરસંબંધથી અને શબ્દાર્થના ઉલ્લેખથી ભાવના થાય તે...

b) **નિર્વિતર્ક સંપ્રજ્ઞાત સમાધિયોગ :–** પાંચ મહાભૂતો અને ઇન્દ્રિયસ્વરૂપ સ્થૂલ વિષયમાં પૂર્વાપર સંબંધ વિના અને શબ્દાર્થના ઉલ્લેખ વિના ભાવના થાય તે...

c) **સવિચાર સંપ્રજ્ઞાત સમાધિયોગ :–** શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શરૂપ પાંચ તન્માત્ર અને અંતઃકરણસ્વરૂપ સૂક્ષ્મ વિષયની દેશ-કાલના ગુણધર્મથી થતી ભાવના...

d) **નિર્વિચાર સંપ્રજ્ઞાત સમાધિયોગ :–** શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શરૂપ પાંચ તન્માત્ર અને અંતઃકરણસ્વરૂપ સૂક્ષ્મ વિષયની દેશ-કાલના ગુણધર્મથી નિરપેક્ષ થતી ભાવના...

e) **સાનંદ સંપ્રજ્ઞાત સમાધિયોગ :–** રજસ્-તમસ્ ગુણના અંશથી યુક્ત મન (અંતઃકરણ) વિશે ભાવના કરાય ત્યારે ભાવનાના વિષયભૂત સુખમય-પ્રકાશમય સત્ત્વ ગુણના ઉછાળાથી અને ચેતનાની ગૌણતાથી થાય છે સાનંદ સંપ્રજ્ઞાત સમાધિ...આ સમાધિમાં બાંધેલી વૃત્તિવાળા વિદેહ કહેવાય છે કારણ કે દેહમાંથી અહંકારબુદ્ધિ નષ્ટ થયેલી છે. તેઓ આત્મતત્ત્વ નહીં જોનારા, માત્ર પ્રકૃતિતત્ત્વને જોનાર છે.

f) **સાસ્મિત સંપ્રજ્ઞાત સમાધિયોગ :–** રજો-તમોગુણથી સંપૂર્ણપણે રહિત સત્ત્વગુણની ભાવના કરાય તે...અહીં ચેતનાની મુખ્યતા, સત્ત્વગુણપ્રધાન મનની ગૌણતા હોય છે. 'હું'પણાના સંવેદનપૂર્વક વિષયને વેદે તે અહંકાર... પ્રતિલોમ (ઉલટા) પરિણામથી પ્રકૃતિમાં મન લીન થાય–માત્ર અસ્તિત્વ જ જણાય તે અસ્મિતા...

**અનુલોમ પરિણામ :–** પ્રકૃતિમાંથી → બુદ્ધિ → અહંકાર → ઇન્દ્રિયાદિ ષોડશક (સોળ તત્ત્વનો ગણ...)

**પ્રતિલોમ પરિણામ :–** ઉલટા ક્રમે પદાર્થોનું ઉપાદાન કારણ (મૂળ કારણ)માં લીન થવું.

❀ સાસ્મિત સમાધિમાં લીન યોગીઓ પ્રકૃતિલીન કહેવાય છે. પ્રકૃતિમાં લીન હોવાથી પરમાત્માને જોઇ શકતા નથી.

❀ **સાસ્મિત સમાધિના છેડે** પરમાત્માને જાણી વિવેકખ્યાતિ (આત્મા/પ્રકૃતિ (કર્મ) જુદા છે તેવી બુદ્ધિ) થતાં **ગૃહીતા સમાપત્તિ વિશ્રાન્ત** થાય છે.

**સાનંદ સમાધિના છેડે ગ્રહણ સમાપતિ વિશ્રાન્ત** થાય છે.

**નિર્વિચાર સમાધિના છેડે ગ્રાહ્ય સમાપતિ વિશ્રાન્ત** થાય છે.

❀ નિર્મલ (શુદ્ધ) અને શ્રેષ્ઠ સ્ફટિકાદિ મણિ પાસે–જે રાખવામાં આવે, મણિ તેના જેવો દેખાય છે, તેમ સ્વચ્છ અંતઃકરણમાં તે-તે ભાવનાના વિષયભૂત પદાર્થના સાંનિધ્યથી–તદ્રૂપતા (તેના જેવા જ રૂપવાળાપણું) આવે છે. પછી તત્સ્થતા=તેમાં એકાગ્રતા...તદઞ્જનતા=તન્મયતા...આવે...

પહેલા ગ્રાહ્યનિષ્ઠ સમાધિ, પછી ગ્રહણનિષ્ઠ સમાધિ અને ત્યારબાદ ગ્રાહકનિષ્ઠ સમાધિ આવે. કેવલ આત્મા ભાવનાનો વિષય બનતો નથી.

❁ **સમાપત્તિ ચાર પ્રકારે છે–**

a) **સવિતર્ક સમાપતિ :–** તે પણ ચાર પ્રકારે છે–

i) **શબ્દ સવિતર્ક સમાપત્તિ :–** 'સાધુ' એવો શબ્દ...

ii) **અર્થ સવિતર્ક સમાપત્તિ :–** સાધુ સાક્ષાત્ નજર સામે આવે...

iii) **જ્ઞાન સવિતર્ક સમાપત્તિ :–** સાધુનું જ્ઞાન થાય...

iv) **વિકલ્પ સવિતર્ક સમાપત્તિ :–** શબ્દજ્ઞાનને અનુસરવા છતાં અર્થશૂન્ય...

આ તમામથી સંકીર્ણ (મિશ્ર) સમાપત્તિ પ્રસ્તુતમાં સવિતર્ક સમાપત્તિ કહેવાય છે–જ્યાં ચારે એકબીજાથી મિશ્રરૂપે અનુભવાય છે.

b) **નિર્વિતર્ક સમાપત્તિ :–** મહાસ્મૃતિની પરિશુદ્ધિ થતાં જાણે સ્વરૂપશૂન્ય હોય તેવી અર્થનિર્ભાસમાત્રસ્વરૂપ સમાપત્તિ તે નિર્વિતર્ક સમાપત્તિ...

c) **સવિચાર સમાપત્તિ :–** સૂક્ષ્મ શબ્દ-રૂપ-રસાદિ પાંચ તન્માત્ર અને ઇન્દ્રિય વગેરે અર્થનું શબ્દ-અર્થ-વિકલ્પસહિતરૂપે અને દેશ-કાળના ગુણધર્મોથી યુક્તપણે જ્ઞાન કરતી સમાપત્તિ તે સવિચાર સમાપત્તિ...

d) **નિર્વિચાર સમાપત્તિ :–** ઉપરની જ સમાપત્તિ શબ્દાદિના ઉલ્લેખ વિના થાય તો નિર્વિચાર સમાપત્તિ...

❁ **ચાર પર્વો :–** સત્ત્વ, રજો અને તમોગુણના પરિણામમાં ચાર પર્વો બતાવેલ છે–

i) **વિશિષ્ટ લિંગ** → પૃથ્વી, પાણી આદિ પાંચ ભૂતતત્ત્વ...

ii) **અવિશિષ્ટ લિંગ** → શબ્દાદિ તન્માત્ર અને ઇન્દ્રિયો...

iii) **લિંગમાત્ર** → બુદ્ધિ...

iv) **અલિંગ** → પ્રધાન=પ્રકૃતિ...

આ બધી સમાપત્તિઓ સંપ્રજ્ઞાત સમાપત્તિરૂપ છે, તે જ સબીજ સમાધિ છે. –અન્ય તમામ સમાપત્તિઓનું ફળ નિર્વિચાર સમાપત્તિ છે.

નિર્વિચાર સમાપત્તિનું ફળ → નિર્વિચાર સમાપત્તિ ઉત્કૃષ્ટ અભ્યાસથી નિર્મલ થતા અધ્યાત્મ=શુદ્ધ સાત્વિક **મન** ક્લેશ-વાસનાથી શૂન્ય અને સ્થિર ભાવોના પ્રવાહને યોગ્ય બને છે. તેનાથી શ્રુતજ્ઞાન અને અનુમાનથી ચડિયાતી **ઋતમ્ભરા** પ્રજ્ઞા પ્રગટ થાય છે...

ઋત=સત્ય, સદા સત્યને જ ધારણ કરે અને ભ્રમણાનો ભોગ ન બને તે ઋતમ્ભરા પ્રજ્ઞા....

## ૨) અસંપ્રજ્ઞાત સમાધિયોગ :–

ઋતમ્ભરા પ્રજ્ઞાથી ઉત્પન્ન થતો તત્ત્વસંસ્કાર–વ્યુત્થાનજ સંસ્કાર (૧૧મી બત્રીશી) અને સમાધિજ સંસ્કારને બાધક તત્ત્વસંસ્કાર ઉત્પન્ન થાય છે. ત્યારબાદ તત્ત્વસંસ્કાર પણ બાધિત થતા તમામ ચિત્તવૃત્તિઓનો પોતાના કારણમાં વિલય થતાં સંસ્કારમાત્રથી વૃત્તિઓનો ઉદય થતા અસંપ્રજ્ઞાત સમાધિ ઉત્પન્ન થાય છે.

વિરામપ્રત્યય=વિચારોનો ત્યાગ. સતત વિચારોના ત્યાગના અભ્યાસથી તથા વચગાળામાં પ્રગટતી લબ્ધિ-સિદ્ધિઓના વિષયમાં 'નેતિ-નેતિ' એટલે કે 'આ મારું સ્વરૂપ નથી' આવી નિરંતર ભાવનાના પ્રવાહથી અસંપ્રજ્ઞાત સમાધિ મળે છે અને તેનાથી આત્માનું સ્વસ્વભાવમાં રહેવાસ્વરૂપ કૈવલ્યની પ્રાપ્તિ થાય છે–અહીં સુધી પાતંજલયોગદર્શનસંમત સંપ્રજ્ઞાત/અસંપ્રજ્ઞાત યોગભેદોની વાત કરી. હવે જૈનદર્શનમાન્ય યોગભેદોમાં સમાવેશ બતાવે છે.

❁ સંપ્રજ્ઞાત સમાધિયોગ અધ્યાત્મથી માંડી ધ્યાન સુધીના ભેદોમાં ઉતરતા ચડિયાતાપણાના ક્રમમાં સમાવિષ્ટ થાય છે.

પ્રાથમિક સંપ્રજ્ઞાત સમાધિયોગ = અધ્યાત્મ યોગ...

મધ્યમ સંપ્રજ્ઞાત સમાધિયોગ = ભાવના યોગ...

ઉત્કૃષ્ટ સંપ્રજ્ઞાત સમાધિયોગ = ધ્યાન યોગ...

❁ આત્માને ભાવનાનો વિષય માન્યા વિના તાત્વિક પરમાત્મસમાપત્તિ વાસ્તવિક રીતે સંગત થઇ શકતી નથી. 'જે પરમાત્માનું સ્વરૂપ તે જ મારું સ્વરૂપ'–

આ પ્રમાણે પરમાત્મા સાથે અભેદધ્યાનરૂપે જીવાત્મા પોતાની-પરિણમનશક્તિથી ધ્યાન ધરે ત્યારે આત્મા પરમાત્માસ્વરૂપે જણાય...

❁ જીવાત્મામાં પરમાત્મપણાના અસ્તિત્વને હેતુસંગત કરવા ત્રણ પ્રકારના આત્મા બતાવાય છે–

**૧) બાહ્યાત્મા** – 'હું જાડો છું, પતલો છું, ગોરો છું, કાળો છું'...વગેરે પ્રતીતિથી આત્મારૂપે જણાતું શરીર તે બાહ્યાત્મા...ધ્યાનમાં વિઘ્નરૂપ છે.

**૨) અંતરાત્મા** – કાયિક પ્રવૃત્તિઓનો આધાર-અધિષ્ઠાયક સંસારી આત્મા અંતરાત્મા તરીકે ઓળખાય છે. તે ધ્યાતા છે.

**૩) પરમાત્મા :–** ધ્યાનથી જેને ભાવિત કરવાના છે તે પરમાત્મા...ધ્યેયરૂપ છે. અન્તરાત્મામાં બાહ્યાત્માનો એકત્વ પરિણામ અતાત્ત્વિક છે, અને પરમાત્મા

સાથે એકત્વ પરિણામ તાત્વિક છે. પ્રભુ સાથે અભેદભાવ દૃઢ થતા અતાત્ત્વિક એકત્વ પરિણામ દૂર હટતા–આત્મ-પરમાત્મઅભેદ સંપન્ન થાય છે...

❀ અન્ય મતે બાહ્યાત્મા=મિથ્યાત્વ (૧ થી ૩ ગુણસ્થાનક)
અંતરાત્મા=સમકિતી તથા સંયમી (૧ થી ૧૨ ગુણસ્થાનક) અને,
પરમાત્મા=કેવલી (૧૩-૧૪ ગુણસ્થાનક)

❀ બાહ્યાત્માપણામાં → અન્તરાત્મા-પરમાત્મા બનવાની શક્તિ છે. (આમ આમાંથી અભવ્યની બાદબાકી થઇ.)
અન્તરાત્મપણામાં → બાહ્યાત્મા સાથે ભૂતપૂર્વ નયથી યોગ થાય છે, પરમાત્મા બનવાની શક્તિ છે.
પરમાત્મપણામાં → બાહ્યાત્મા-અંતરાત્મા બન્નેનો ભૂતપૂર્વ નયથી યોગ હોય છે.

❀ આત્મા સિવાયના પદાર્થને ભાવનાનો વિષય બનાવવામાં આવે તો વિષયની સમાપત્તિ=તે તે ભાવસૂચક શબ્દની ઉત્પત્તિ કહેવાય...દા.ત. અગ્નિની ભાવના ભાવતો માણવક (એક પુરૂષનું નામ) એ પણ અગ્નિ જ છે.–કારણ કે શબ્દ, અર્થ અને પ્રતીતિનો આકાર સમાન હોય છે.
આત્માની સમાપત્તિ=પરમાત્મદશાપ્રાપ્તિના ઉપાદાનકારણભૂત આત્માનો સહજ શુદ્ધ પરિણામ...

❀ **દિગંબરાચાર્ય મહર્ષિ કુંદકુંદનો મત :–** જે શુદ્ધાત્મરૂપ દ્રવ્ય, કેવલજ્ઞાનરૂપ ગુણ અને સ્વભાવપરિણમન આદિ પર્યાયોથી (દ્રવ્ય-ગુણ-પર્યાયથી) અરિહંત પરમાત્માને જાણે છે તે જ સાધક તાત્વિક રીતે પોતાને જાણે છે. જેવું જ્ઞાન, તેવું ધ્યાન તથા જેવું ધ્યાન તેવી સમાપત્તિ થાય...
નિર્દોષ સત્યતત્ત્વનું નિરૂપણ કરનાર દિગંબર આચાર્ય કે અજૈન દર્શનકારોને મહર્ષિ, મહાત્મા, ભગવાન આદિ તરીકે નવાજવા એ ગુણાનુરાગ છે.

❀ અસંપ્રજ્ઞાત સમાધિયોગ=વૃત્તિસંક્ષય

❀ સયોગી કેવલી અવસ્થામાં મનના વિકલ્પો, અયોગી કેવલી અવસ્થામાં કાયા આદિની પ્રવૃત્તિઓનો ક્ષય થાય છે તેથી વૃત્તિસંક્ષય...ધર્મમેઘ, અમૃતાત્મા, ભવશત્રુ, શિવોદય, સત્ત્વાનંદ, પર–આ બધી વિવિધ દર્શનમાન્ય સમાધિઓનો અધ્યાત્માદિ યોગમાં સમવતાર કરી લેવો.

❀ અધ્યાત્માદિ યોગોનું ફળ વૃત્તિસંક્ષય બતાવ્યું-તેનાથી પાપનો અકરણનિયમ ફલિત થાય છે. માત્ર તત્ત્વજ્ઞાનથી મિથ્યાજ્ઞાનનો સર્વથા નાશ ન થાય, તે

'સર્વથા પાપ નહીં કરું' આવા અકરણનિયમથી જ નાશ પામે, તો જ મોક્ષ પ્રાપ્ત થાય...પાપ ન કરવાના નિયમથી તે-તે પ્રકારની નરકાદિગમન કરાવનારી અનાદિ મિથ્યાવૃત્તિઓ નાશ પામે છે.

❁ જિનોક્ત યોગ એક હોવા છતાં ક્ષયોપશમની વિચિત્રતાથી વિવિધ પ્રકારના લાગે છે. જેમ એક જ પ્રકારનું દૃશ્ય વાદળવાળી/વાદળ વિનાની રાત્રિમાં, વાદળવાળા કે વિનાના દિવસમાં જોવામાં ફરક પડી જાય છે તેમ યોગમાં પણ દૃષ્ટિભેદ જાણવો.

❁ **શાસ્ત્રબાહ્ય માન્યતાથી રહિત સદ્વિચારણાસાપેક્ષ શ્રદ્ધાયુક્ત બોધ=દૃષ્ટિ...** કુલ દૃષ્ટિઓ આઠ પ્રકારે છે–

| **દૃષ્ટિ** | **મિત્રા** | **તારા** | **બલા** | **દીપ્રા** | **સ્થિરા** | **કાન્તા** | **પ્રભા** | **પરા** |
|---|---|---|---|---|---|---|---|---|
| ઉપમા | તૃણાગ્નિનો કણ | છાણના અગ્નિનો કણ | લાકડાના અગ્નિનો કણ | દીવાની પ્રભા | રત્નની પ્રભા | તારાની પ્રભા | સૂર્યની પ્રભા | ચંદ્રની પ્રભા |
| તુલના | શેરડી | શેરડીનો રસ | ઇક્ષુરસનો ઉકાળો | ગોળ | ખાંડ | સાકર | મત્સ્યંડી | વર્ષોલક |
| વિશેષતા | બોધ અલ્પ, અલ્પ-કાલીન, વિશિષ્ટ બળથી રહિત... | મિત્રાદૃષ્ટિ સમાન પણ વિકાસના પંથે... | બોધની સ્થિતિ અને શક્તિ વધારે હોય... | અનુષ્ઠાનમાં સ્મૃતિ હોય... | અપ્રતિપાતી અને વર્ધમાન ભાવ, આધ્યાત્મિક વિઘ્નનો અભાવ, બોધ સૂક્ષ્મ અને સ્થિર... | નિરતિચાર શુદ્ધ અપ્રમત્ત વિનિયોગવાળું અનુષ્ઠાન... | વિકલ્પ-સહિત સદ્ધ્યાન, શમભાવની મુખ્યતા, સાન્નિધ્યથી વૈરનાશ... | પર્વત-ચડેલાને પાછું ચડવાનું હોતું નથી તેમ અતિચાર વિનાની શુદ્ધ ક્રિયા હોવાથી પ્રતિક્રમણાદિ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | અનુષ્ઠાન ન કરે... |
| ક્યો યોગ હોય ! | યમ | નિયમ | આસન | પ્રાણા-યામ | પ્રત્યાહાર | ધારણા | ધ્યાન | સમાધિ |
| ક્યો ગુણ હોય ! | અદ્વેષ | જિજ્ઞાસા | શુશ્રૂષા | શ્રવણ | બોધ | મીમાંસા | પરિશુદ્ધ પ્રતિપત્તિ | તત્ત્વવિષ-યક પ્રવૃત્તિ |
| રવાના થનાર ચિત્તદોષ | ખેદ | ઉદ્વેગ | ક્ષેપ | ઉત્થાન | ભ્રાન્તિ | અન્ય-મુદ્ | રોગ | આસંગ |

❁ પ્રથમ ચાર દૃષ્ટિઓ મિથ્યાત્વીને હોય, કર્મની વિચિત્રતાથી દુર્ગતિમાં જતા જીવને અટકાવી ન શકે.

પછીની ચાર દૃષ્ટિઓ સમકિતીને હોય, આત્માનું પતન ન થાય...

**શ્રેણિક** આદિને દુર્ગતિગમન થવા છતાં શુભભાવની અખંડિતતા અકબંધ રહે છે.

❁ સાધનાની પૂર્ણાહુતિના અભાવે–આયુષ્યની પૂર્ણાહુતિના કારણે દેવલોકમાં ઉત્પત્તિ થાય ત્યારે થતો ચારિત્રનો વ્યાઘાત બાધક નથી બનતો...

રાત્રે આરામ કરી ફરીથી યાત્રા શરૂ કરનાર પ્રવાસીની જેમ તે સાધક વળી ભવાંતરમાં સાધના શરૂ કરવાનો જ છે. દેવલોકગમનનું કારણ સરાગસંયમ છે. તેનાથી બંધાયેલા ભોગાવલી કર્મ ભોગવાઇ જતા પ્રશસ્તરાગ વિલીન થઇ જાય છે, રાગનો વિલય થતાં યોગી ફરી યોગપ્રવૃત્તિ કરી શીઘ્રતયા મોક્ષ પ્રાપ્ત કરે.

❁ અચરમાવર્તી જીવમાં મોક્ષની સ્વરૂપયોગ્યતા હોય છે. તે ચરમાવર્તમાં આવે એટલે મિથ્યાત્વ મંદ થતા મોક્ષની સમુચિતયોગ્યતારૂપ અપુનર્બંધકપણા આદિની પ્રાપ્તિ થતા–તે દૃષ્ટિઓ મોક્ષ સાથે જોડી આપે છે. માટે જ સ્વભાવથી જ અનુપમ કલ્યાણમૂર્તિ હોય, ક્રોધાદિ વિકારોથી રહિત શાંત હોય, વિનયી-સરળ-સંતોષી હોય તેવો ઉત્તમ મિથ્યાદૃષ્ટિ જીવ પણ મોક્ષ તરફ આગળ વધી શકે છે.

# આત્માની ઉન્નતિનો પ્રારંભ



# ૨૧

# મિત્રા બત્રીશી

❁ મિત્રાદૃષ્ટિમાં તત્ત્વબોધ તૃણાગ્નિકણના પ્રકાશ સમાન મંદ હોય છે. યોગના અંગભૂત યમ (પાંચ વ્રત) ઇચ્છા-પ્રવૃત્તિ આદિ પ્રકારનો હોય. પરમાત્મા તથા ગુરુદેવના કાર્યો ગુણાનુરાગ-કૃતજ્ઞતા આદિપૂર્વક કંટાળા વગર પીડા વેઠીને પણ કરે. આચારભ્રષ્ટ કે પાપી જીવો પ્રત્યે (ઇર્ષ્યાનું બીજ હાજર હોવા છતાં) ઇર્ષ્યા ન જાગતાં માત્ર કરૂણા જ જાગે...

❁ હિંસાના ત્યાગ રૂપ અહિંસા, મન-વચન-કાયાની એકવાક્યતારૂપ **સત્ય,** બીજાના ધનને પડાવી લેવાના ત્યાગરૂપ **અસ્તેય,** જનનેન્દ્રિય પર નિયંત્રણરૂપ **બ્રહ્મચર્ય,** ભોગસાધનોના અસ્વીકારરૂપ **અકિંચનતા** = આ પાંચ યમ કહેવાય...'તીર્થમાં કોઇને નહીં હણું, ચૌદશે કોઇને નહીં મારું, બ્રાહ્મણોને નહીં મારું, ભગવાન-બ્રાહ્મણોના કાર્ય વિના કોઇને નહીં મારું...' આવી છૂટછાટ વિનાના સર્વ દેશ-કાળ-અવસ્થાને આશ્રયીને લેવાતા યમ મહાવ્રત કહેવાય છે.

❁ યોગ(અહિંસાદિ)ના વિરોધી હિંસાદિને વિતર્ક કહેવાય. તેના પ્રતિપક્ષ અહિંસાદિની ભાવનાથી વિતર્કો અટકી જાય છે, તેના થકી યોગની સામગ્રી સરળતાથી પ્રાપ્ત થતી હોવાથી તેમને યોગના અંગ કહેવાય છે.

હિંસાદિ વિતર્ક → ક્રોધથી–લોભથી–મોહથી=૩

કરણ–કરાવણ–અનુમોદન=૩

મૃદુ (મંદ)–મધ્ય–અધિમાત્ર (તીવ્ર)=૩

૩x૩x૩=૨૭, મૃદુ-મધ્ય-અધિમાત્રના પ્રત્યેકના ફરી મૃદુ-મધ્ય-અધિમાત્ર એમ ત્રણ ભેદ પડતા

૨૭x૩=૮૧ ભેદ પડે.

હિંસા–જૂઠ–ચોરી આદિ પાંચે યમને ગણતા

૮૧x૫=૪૦૫ ભેદ પડે.

આમ વિતર્કનો બાધ કરવાથી ૪૦૫ પ્રકારે યોગના ભેદ પડે...

❁ 'વિતર્કો અનંત દુઃખ અને અનંત અજ્ઞાનરૂપ ફળ આપનારા છે.'–આ પ્રમાણે નિરંતર ભાવવાથી યમ પ્રકર્ષતાને પામી અદ્‌ભૂત ફળ આપે છે.

**પ્રકર્ષપ્રાપ્ત યમનું ફળ → અહિંસા →** જન્મજાત વૈરી સાપ-નોળિયાદિ પણ અહિંસાયમને સિદ્ધ કરનાર પાસે વૈરત્યાગ કરે.

**સત્ય :–** ન કરેલા કાર્યનું પણ ફળ મળે. યોગીવચનથી બીજાને પણ ન કરેલા કાર્યનું ફળ મળે.

**અસ્તેય :–** સર્વદિશામાંથી દિવ્યરત્નો પ્રાપ્ત થાય.

**બ્રહ્મચર્ય :–** વીર્યસ્ખલન અટકાવવું તે બ્રહ્મચર્ય...તેના ઉત્કૃષ્ટ પાલનથી શરીર, ઇન્દ્રિય અને મનમાં વીર્યશક્તિ પરાકાષ્ઠાએ પહોંચે છે.

**અપરિગ્રહ :–** બાહ્ય ભોગસામગ્રી યાવત્ શરીર પ્રત્યે પણ નિઃસ્પૃહ રહી માધ્યસ્થ્યને ધારણ કરે ત્યારે રાગાદિનો ત્યાગ થવાથી સમ્યગ્જ્ઞાનમાં સહાયક જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેનાથી 'હું કોણ હતો ? કેવો હતો ? શું કરતો હતો !'–તે બધું જ જાણવા મળે છે.

❁ ઉપરોક્ત યમાદિના સ્વીકાર પછી — પુણ્યોદયે (જૈન) સદ્‌ગુરુના યોગે જિનાગમમાન્ય યોગબીજોને તે પ્રાપ્ત કરે છે.–**યોગબીજો–**

i) **જિનેષુ કુશલં ચિત્તં =** અરિહંત પરમાત્મા પ્રત્યે દ્વેષરહિત પ્રીતિયુક્ત ચિત્ત-મનોયોગ.

ii) **જિનેશ્વર ભગવંતને નમસ્કાર** – પ્રીતિસહિત કરાતો અરિહંત ભગવાનને નમસ્કાર–વચનયોગ...

iii) **જિનેશ્વર ભગવંતને પ્રણામ** – પંચાંગ પ્રણિપાત, પ્રદક્ષિણા આદિને અહીં ગ્રહણ કરવા...

અહીં બધે સંશુદ્ધ વિશેષણ લગાવ્યું છે તે ચરમાવર્તમાં તથાભવ્યત્વના પરિપાકથી તીવ્ર આસક્તિ, ફળની આકાંક્ષા અને આહારાદિસંજ્ઞાથી રહિત અત્યંત ઉપાદેયબુદ્ધિથી યોગબીજને ગ્રહણ કરાય, તેને સૂચિત કરે છે. તથા-ભવ્યત્વનો પરિપાક=મિથ્યાત્વની કડવાશ ઘટી સમ્યક્ સમજનું માધુર્ય પ્રગટવું.

યોગબીજ સ્વયં સુંદર હોવા છતાં તેની આસક્તિ જીવને ગુણવૃદ્ધિ ન કરાવી શકે, તેજ ગુણસ્થાનમાં સ્થિરતા કરાવે...

❀ સાતમા ગુણસ્થાનકે રહેલા સરાગ અપ્રમત્ત યતિ વીતરાગ દશાનો આંશિક અનુભવ કરે છે, તેમ ગ્રંથિભેદ ન થવા છતાં શુદ્ધ યોગબીજની પ્રાપ્તિથી અપૂર્વ આનંદનો અનુભવ કરે છે. સંસારસમુદ્રમાં કાંઇક ઉપર આવવાના અનુભવરૂપ આ યોગચિત્ત છે. સંસારવૃદ્ધિની શક્તિનો નાશ કરનાર અને ગ્રંથિનો ભેદ કરનાર મિત્રાદૃષ્ટિમાં ઉઘડતું યોગચિત્ત છે–જો નિયતિ સાનુકૂળ હોય તો આવું યોગચિત્ત પામી જીવ સડસડાટ મોક્ષમાર્ગે આગળ વધે છે.

❀ ભાવયોગી=તાત્વિક ગુણોથી શોભતા આચાર્ય-ઉપાધ્યાય-તપસ્વી આદિને વિશે વંદનીયતાની બુદ્ધિરૂપ બહુમાનભાવરૂપ ચિત્ત સંશુદ્ધ ગણાય, પણ દ્રવ્યઆચાર્યમાં વંદનાદિબુદ્ધિ શુદ્ધ ન કહેવાય...ખોટામાં સારાપણાની બુદ્ધિ નુકશાનકારક છે. 'સ્વપ્રશંસા થાય' વગેરે અશુભ આશંસાના ત્યાગપૂર્વક વિધિસહિત અતિશય ચિત્તોત્સાહરૂપ વિશેષભાવથી આવા મહાપુરૂષોની વૈયાવચ્ચ કરવી જોઇએ. તે સંશુદ્ધ બીજ બને છે.

❀ ઇષ્ટવિયોગાદિ બાહ્ય કોઇ પણ નિમિત્ત વિના જાગેલો સંસારત્યાગનો ભાવ, નિર્દોષ ઔષધ વિગેરેના દાનનો અભિગ્રહ (વિશિષ્ટ ક્ષયોપશમરૂપ ભાવાભિગ્રહ ભિન્નગ્રન્થિને જ હોય, મિત્રાદૃષ્ટિવાળાને પવિત્ર આશયપૂર્વકનો દ્રવ્યઅભિગ્રહ સંભવી શકે.) ન્યાયોપાર્જિત સંપત્તિના દાન આદિની વિધિથી આગમશાસ્ત્રાદિ ધર્મગ્રંથોનું લેખન, પુષ્પ-વસ્ત્રાદિથી પૂજન, અભ્યાસુને પુસ્તકોનું દાન, સદ્ગુરુ પાસે શાસ્ત્રના વ્યાખ્યાનનું શ્રવણ, જાતે ગ્રંથોનું વાંચન, અન્ય જીવોને ઉત્તમ તત્ત્વો જણાવવા/સમજાવવા, પાંચ પ્રકારે સ્વાધ્યાય, તે ગ્રંથનું અર્થાનુસારી ચિંતન અને વારંવાર ભાવના ભાવવી-આ બધા યોગબીજ છે.

❀ મિત્રાદૃષ્ટિવાળા જીવો આંતરિક શંકાથી રહિત હોવાથી–યોગબીજનું શ્રવણ કરતાં 'આ આમ જ છે' આવા સ્વીકારરૂપ ઉત્કૃષ્ટ શ્રદ્ધા પ્રગટે છે. અને આલોક-પરલોકની ફળની=ઉન્નતિની ઉતાવળરૂપ ઉત્સુકતાથી રહિત–અતિશય આદરભાવ બન્યો રહે છે.

❀ ભદ્રક પરિણામી મિત્રાદૃષ્ટિવાળા જીવને-સજ્જનોને પ્રણામ વગેરેના નિમિત્તે ઉત્તમ પુરૂષો આદિ સાથેનો સમાગમ અવંચકપણાના ઉદયથી થાય છે. બાણની લક્ષ્ય તરફની ગતિ જેમ ચૂકાતી નથી તેમ યોગાવંચક-ક્રિયાવંચક-ફલાવંચક નામના અવંચક યોગ શુભનિમિત્તને નિષ્ફળ જવા દેતા નથી. આ અવંચકત્રયીને

શાસ્ત્રમાં અવ્યક્તસમાધિ કહી છે. સાધુનો સત્સંગ, બહુમાન, પ્રણામાદિ વિનયક્રિયા કરવામાં કારણ તરીકે ભાવમલની અલ્પતા છે. ભારેકર્મીને સાધુમાં સાધુતાની બુદ્ધિ જ ન થાય.

ચરમ યથાપ્રવૃત્તકરણમાં જ આવી હળુકર્મીપણાની સ્થિતિ આવે. તે અપૂર્વકરણથી નજીક હોવાના કારણે યોગાચાર્યો તાત્ત્વિકપણે અપૂર્વકરણરૂપે જ જાણે છે.

–મિથ્યાત્વ 'ગુણસ્થાનક'–આ સાર્થક નામ મિત્રાદૃષ્ટિમાં જ ગણાય...

કારણ કે સજ્જનોને પ્રણામ આદિ યોગબીજરૂપ ગુણોનું ઉપાદાન અહીંથી જ શરૂ થાય છે. અન્ય ગ્રંથોમાં અહીંથી વ્યક્તમિથ્યાત્વગુણસ્થાનક ગણાય તેવું જણાવ્યું છે.

❀ અવંચકયોગમૂલક અહિંસાદિ પાંચ યમ તત્ત્વરૂચિમાં વૃદ્ધિનું કારણ બને છે.

અહીં ઉત્કૃષ્ટરૂપે કર્મોનો બંધ ન થવાથી અશુદ્ધિ ઘટતી જાય અને આત્મશુદ્ધિ સતત વધતી જાય તેનાથી તત્ત્વરૂચિ ગુણ પ્રવર્તે છે.

❀ આ દૃષ્ટિમાં જીવનો કદાગ્રહ ઘટતો જતો હોવા છતાં સંપૂર્ણપણે નષ્ટ ન થવાથી જો પાપમિત્રનો સંગ થાય તો ગુણાભાસ (ગુણની ભ્રમણા કરાવે તેવી) પ્રવૃત્તિ કરે. સ્ફટિકની જેમ અન્યના સમાગમથી જીવ ગુણ તથા દોષને ધારણ કરે છે, તેથી જેમ ઔષધિઓમાં અમૃત, વૃક્ષોમાં કલ્પવૃક્ષ તેમ જિનશાસનમાં સાધુસમાગમ મુખ્ય ગુણ છે. સાધુસમાગમ વિના ઉત્તમ યોગોની પ્રાપ્તિની ઇચ્છા તે નાવ વિના મહાસાગરને તરવાની ઇચ્છાતુલ્ય છે.

# આત્મવિકાસના પગથિયા



૨૨

# તારાદિત્રય બત્રીશી

❁ **તારાદૃષ્ટિ :–** મિત્રાની અપેક્ષાએ કંઇક સ્પષ્ટ બોધ (છાણના અગ્નિના પ્રકાશ જેવો)=સાચી સમજ હોય છે. પરલોકહિતકર પ્રશસ્ત અનુષ્ઠાનમાં અનુદ્વેગ અને સત્યતત્ત્વ માટેના દ્વેષ વિનાની તત્ત્વજિજ્ઞાસા હોય છે, તેમજ આત્મહિતકર પ્રશસ્ત પાંચ નિયમોનું પાલન હોય છે.

**પાંચ નિયમ :–**

1) **શૌચ** – શુદ્ધિ...બે પ્રકારે–

i) **બાહ્ય :–** પવિત્ર માટી, પાણી આદિથી શરીરશુદ્ધિ...

ii) **અભ્યંતર :–** મૈત્રી આદિ ભાવનાઓથી મનના મેલનું પ્રક્ષાલન કરવું...

2) **સન્તોષ :–** પ્રસન્નતા...

3) **સ્વાધ્યાય :–** ૐકાર સહિત મન્ત્રોના જાપ...

4) **તપ :–** કૃચ્છ્ર, ચાંદ્રાયણ

5) **ઇશ્વરપ્રણિધાન :–** ફળની અપેક્ષા રાખ્યા વિના તમામ પ્રવૃત્તિઓનું ઇશ્વરને સમર્પણ કરવું...

આ પ્રકારે પતંજલિ આદિ યોગાચાર્યોએ નિયમ બતાવ્યા છે.

❁ શૌચ ભાવનાથી કાયાના સ્વરૂપ(અશુચિમય છે તે)ની વિચારણાથી શરીર પ્રત્યે જુગુપ્સા, બીજા સજાતીય-વિજાતીય દેહધારીઓની પણ અશુચિતાને જાણી તેના સંગનો ત્યાગ, પ્રકાશ અને સુખસ્વરૂપ સત્ત્વગુણનો રજોગુણ (ચંચળતા) અને તમોગુણ(પાપિષ્ઠતા)થી પરાભવ ન થાય, મનની પ્રસન્નતા, નિયત વિષયમાં મનની એકાગ્રતા, ઇન્દ્રિયના વિષયોથી પરાઙ્મુખ થઇ આત્મરમણતાની પ્રાપ્તિ અને આત્મદર્શનની યોગ્યતા આ સાત ફળ પ્રાપ્ત થાય છે.

સંતોષથી ઇન્દ્રિયજન્ય સુખથી સેંકડો ગણા ચડિયાતા સુખની પ્રાપ્તિ, સ્વાધ્યાયથી ઇષ્ટ મન્ત્રદેવતાનું દર્શન, સારી રીતે આરાધાઇ રહેલા તપથી ઇચ્છાનુસાર નાના-મોટા થવા રૂપ કાયસિદ્ધિ અને સૂક્ષ્મ પદાર્થ, અતિદૂર કે

વ્યવહિત (વચ્ચે આવરણથી ઢંકાયેલા) પદાર્થના દર્શનના સામર્થ્યની પ્રાપ્તિરૂપ ઇન્દ્રિયસિદ્ધિ પ્રાપ્ત થાય છે. ઇશ્વર પ્રણિધાનથી પ્રસન્ન થયેલા ઇશ્વર અંતરાયો હટાવી સમાધિનો લાભ કરાવે છે.

❀ તપ-સ્વાધ્યાય-ઇશ્વરપ્રણિધાન-ત્રણે શુભ અધ્યવસાયરૂપ હોવાથી અંતરાયો દૂર કરી સમાધિનો લાભ કરાવે છે.

આ રીતે નિયમોને આત્મહિતમાં ઉપકારી જાણીને તેમાં રૂચિપૂર્વક તારાદૃષ્ટિવાળા યોગી પોતાના સંયોગ અને સામર્થ્ય મુજબ નિયમોનું પાલન કરે છે. અહીં આંશિક તત્ત્વસ્વીકાર હોય છે.

❀ તારાદૃષ્ટિવાળા યોગીઓને યોગકથા પર તીવ્રભાવપૂર્વકની અખંડ પ્રીતિ હોય છે, તથા ભાવયોગીઓની યથાશક્તિ ભોજન-પાણી આદિની ભક્તિ કરે છે–તેઓ પધારે ત્યારે ઊભા થવું, ગુણગાન કરવું ઇત્યાદિરૂપ બહુમાન કરે છે...આ ભક્તિ-બહુમાન શુદ્ધ પક્ષપાતવાળા હોવાથી નિર્મલપુણ્ય બંધાવે છે. જેના ફલસ્વરૂપે ઉત્તરોત્તર સાધનાની વૃદ્ધિ, અન્ય લાભ, શિષ્ટજનોને માન્ય બનવું, ક્ષુદ્રોપદ્રવો નાશ પામવા આદિ લાભ પ્રાપ્ત થાય છે. અહીં તેવી અશુભ પાપપ્રવૃત્તિ ન કરતો હોવાથી સંસારનો તીવ્ર ભય નથી હોતો, ધર્મમાં સતત જાગૃતિ હોવાથી ઔચિત્યપાલન ચૂકાતું નથી અને અજાણતા કે અજ્ઞાનથી પણ સજ્જનોની નિંદા આદિ અત્યંત અનુચિત પ્રવૃત્તિ હોતી નથી. પોતાની ખામીવાળી ક્રિયાનો ખૂબ ત્રાસ હોય, પોતાનાથી ચડિયાતી ભૂમિકાના કર્તવ્યો વિશે સતત જિજ્ઞાસા હોય અને સંસારનાશક મુમુક્ષુયોગ્ય વિવિધ ધર્મશાસ્ત્રોમાં બતાવેલ ક્રિયાઓ વિશે–'આ કેવી રીતે થઇ શકે ? કેવી રીતે ઓળખાય ?' આવી બુદ્ધિ થાય છે.

'અમારી બુદ્ધિ વિશાળ નથી, જ્યારે શાસ્ત્રનો વિસ્તાર અતિવિશાળ છે. તેથી શિષ્ટપુરૂષોએ આચરેલું હોય તે જ યથાશક્તિ કરવું તે સામાન્યથી ઉચિત છે', આવું આ દૃષ્ટિમાં રહેલા જીવો સદા માને છે.

❀ **બલાદૃષ્ટિ :–** (લાકડાના અગ્નિકણ સમાન પ્રકાશ જેવો) દૃઢ બોધ = સાચી સમજ હોય છે. યોગનું ત્રીજુ અંગ-આસન અહીં હોય છે. **લાંબો સમય સ્વસ્થચિત્તે જેમાં સાધના કરી શકાય તેવી શારીરિક વિશિષ્ટ મુદ્રાને આસન કહેવાય છે.** તત્ત્વજિજ્ઞાસાથી ઉત્પન્ન થયેલી **તત્ત્વશ્રવણની તીવ્ર રૂચિ**=ઇચ્છા

અહીં હોય છે...મોક્ષસાધક સાધનામાં ઉદ્વેગ ન હોવાથી મનની ચંચળતારૂપ **ક્ષેપ** દોષ નથી હોતો...

❁ **સુખ-સ્થિર આસન :–** ભૌતિક વધુ પડતી લાલસા, વધુ ને વધુ બીજા ફળ જલ્દી મેળવી લેવાની ઉતાવળ ન હોવાથી સ્થિર-સુખ આસન કરી શકાય. વળી ‘સરળતાપૂર્વક આસન કરું’ આવી ઇચ્છાથી અંગ ઢીલું રાખવાથી તથા આકાશની અનંતતાને મનમાં સ્થિર કરવાથી દેહાધ્યાસ નષ્ટ થતાં આસન સિદ્ધ થાય છે.

આસન સિદ્ધ થતાં અંગકંપન વગેરે અંતરાયો પર વિજય મળે છે, ઠંડી-ગરમી, ભૂખ-તરસ આદિ દ્વન્દ્વથી મન વિચલિત થતું નથી, તેમજ–મનઃસ્થિતિ જન્ય ક્લેશ (માન-અપમાન, રાગ-દ્વેષ, કષાય-નોકષાય) આદિ અનુભવાતા દોષોનો સંકલ્પપૂર્વક ત્યાગ થાય છે.

❁ **તત્ત્વશ્રવણની તીવ્ર ઇચ્છા :–** ચતુર, કળાપ્રેમી, પત્નીયુક્ત નિરોગી યુવાનને કિન્નરના દિવ્યગીત સાંભળવાનો જે રસ હોય તેથી અધિક રસ તત્ત્વશ્રવણ માટે હોય. ઉખરભૂમિમાં વાવેલું બીજ નિષ્ફળ જાય તેમ તીવ્ર તત્ત્વશ્રવણેચ્છાના અભાવમાં સાંભળેલું વ્યર્થ છે. શુશ્રૂષા હોય તો શ્રવણ ન હોવા છતાં નિશ્ચિત કર્મક્ષય થાય છે. આમ કર્મનિર્જરામાં તત્ત્વશ્રવણની તીવ્ર ઇચ્છા જ કારણભૂત છે.

❁ ક્ષેપ (સાધનાસમયે પણ મનનું જ્યાં ત્યાં ભટકવું)–દોષ આ દૃષ્ટિમાં નીકળી જવાથી ઉત્તરોત્તર યોગસાધનામાં પ્રવીણતા પ્રાપ્ત થાય છે.

❁ **દીપ્રાદૃષ્ટિ :- પ્રાણાયામ** નામનું યોગાંગ હોય, યોગવિક્ષેપકારક **ઉત્થાન** દોષ અહીં ન હોય, સૂક્ષ્મબોધ વિનાનું **તત્ત્વશ્રવણ** હોય...

**પ્રાણાયામ** – શ્વાસગતિનો વિચ્છેદ=પ્રાણાયામ...

**રેચક** — શ્વાસ, બહાર કાઢવો **પૂરક**—પ્રશ્વાસ, અંદર લેવો...

**કુંભક** – કુંભમાં પાણીની જેમ શ્વાસને સ્થિર ભરી રખાય...

નાકથી નીચે બાર આંગળ સુધી જે વાયુ=બાહ્યવિષયભૂત...

હૃદયભાગ કે નાભિચક્ર સુધી જે પ્રાણવાયુ=અભ્યંતરવિષયભૂત...

તદુપરાંત દેશ, કાળ, સ્થાન અને સંખ્યાથી સૂચિત વિશિષ્ટ દીર્ઘસૂક્ષ્મસંજ્ઞક પ્રાણાયામ, અચાનક બન્ને વાયુ (શ્વાસ-પ્રશ્વાસ) સ્તંભન કરતો ચોથો પ્રાણાયામ આદિ પણ અત્રે જાણી લેવા...

પ્રાણાયામથી ધારણા (સ્મરણશક્તિ)ની યોગ્યતા પ્રગટે છે, રાગાદિક્લે-

શોનો ક્ષય થાય છે. જિનશાસનના મતે સામાન્યથી શ્વાસોશ્વાસ ન રોકવા જોઇએ કારણ કે તેનાથી કોઇ આધ્યાત્મિક લાભ થતો નથી. જે સાધક પ્રાણાયામમાં રૂચિ રાખતો હોય, તેને પ્રાણાયામથી ઉત્સાહવૃદ્ધિ અને ઇન્દ્રિયવૃત્તિનિરોધ થતા હોય તો તેની છૂટ જાણવી...પોતાનો ઉછળતો ઉત્સાહ એ યોગનું મહત્વનું સાધન છે...

**ભાવ પ્રાણાયામ :–** અપ્રશસ્ત કુટુંબ, પત્ની વગેરે પરની આસક્તિના ત્યાગરૂપ રેચક, શાસ્ત્રશ્રવણથી ઉત્પન્ન થયેલ વિવેકદૃષ્ટિના પ્રાગટ્યરૂપ પૂરક, અને શાસ્ત્રીય તત્ત્વજ્ઞાનના સ્થિરીકરણરૂપ કુંભક – આ જ યોગનો હેતુભૂત સાચો ભાવપ્રાણાયામ છે.

ભાવ પ્રાણાયામથી 'ધર્મ એ પ્રાણથી પણ મહાન=ચડિયાતો છે' એવો નિશ્ચય થવાથી ધર્મ માટે પ્રાણ છોડે પરંતુ પ્રાણઘાતક સંકટમાં પણ ધર્મ ન છોડે...

❀ જેમ મીઠા પાણીની મીઠાશ ન ઓળખવા છતાં તેને પામી બીજ વૃદ્ધિ પામે છે તેમ તત્ત્વશ્રવણના અચિંત્ય સામર્થ્યથી સ્પષ્ટ તત્ત્વજ્ઞાનનો બોધ ન થવા છતાં પુણ્યની વૃદ્ધિ થાય જ છે...

તત્ત્વોપદેશક ગુરુ પ્રત્યે આરાધ્યપણાની સુખકારી ભક્તિ જાગે છે, અને ગુરુભક્તિથી સમાપત્તિ વગેરે પ્રકારે તીર્થંકર પ્રભુનું દર્શન થાય છે. અહીં સમાપત્તિ=ધ્યાનજન્ય સ્પર્શના..આદિ શબ્દથી તીર્થંકર નામકર્મનો બંધ, તીર્થંકર નામકર્મનો વિપાકોદય, તીર્થંકરપણાની પ્રાપ્તિ આદિ લેવું...કર્મક્ષયોપશમજન્ય વેદ્યસંવેદ્યપદથી ઊભા થતા વસ્તુના અનંતધર્માત્મક બોધનું સૂક્ષ્મપણું આ દૃષ્ટિમાં નથી...

## અવેદ્યસંવેદ્યપદ

❀ પાણીમાં પડતા વ્યોમવિહારી પક્ષીના પ્રતિબિંબને સાચું માની પકડવા દોડતા માછલા, મગર વગેરે જળચર જીવોના બોધ જેવું પ્રબળ અવેદ્યસંવેદ્યપદ પ્રથમ ચાર દૃષ્ટિમાં હોય છે.

હેય=છોડવા લાયક, ઉપાદેય=સ્વીકારવા લાયક, જ્ઞેય=જાણવા લાયક... આવા પદાર્થોના ગુણધર્મોને પોતાના ક્ષયોપશમને અનુરૂપ યથાવસ્થિત=જેવા છે તેવા, જાણવા=અનુભવવા તે વેદ્યસંવેદ્યપદ...તેનાથી ઉલટું તે અવેદ્યસંવેદ્ય-

પદ...સ્ત્રી આદિ વિષયભોગો નરકનું કારણ છે અને અહિંસાદિ સ્વર્ગનું કારણ છે તે સ્વીકારવામાં કોઇને વાંધો પડતો નથી.

શુદ્ધ વેદ્યસંવેદ્યપદ માષતુષ મુનિ જેવામાં (ક્ષયોપશમઅભાવથી) સંભવતું નથી. તે મિત્રા આદિ દૃષ્ટિમાં યોગ્યતામાત્રથી જ સંભવે છે છતાં પણ 'વેદ્યસંવેદ્યપદ' પદનો પ્રયોગ ગ્રંથિભેદ દ્વારા ઉત્પન્ન થતી રુચિવિશેષમાં જ થાય છે...વજ્રથી બનેલા ચોખા જેમ ચૂલે ચડાવવા છતાં પાકતા નથી, તેમ વેદ્યસંવેદ્યપદધારક સમકિતીમાં સત્‌જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમનો અભાવ કરનાર, નરક આદિમાં લઇ જનારા અપાયોને ઉત્પન્ન કરનાર મલિનતા હોતી નથી...વ્યવહાર નયના મતે દુર્ગતિમાં પણ સમકિતીને માનસિક પીડા નથી તેથી દુર્ગતિના દુઃખોમાં પણ કષાયોદયનો નાશ કે શુભભાવ છૂટી જવા આદિ થતું નથી... નિશ્ચયનયના મતે સમકિતથી પડેલા અનંતસંસારીને વેદ્યસંવેદ્યપદ ન જ હોય, ક્ષાયિક સમકિતવાળાને જ હોય, અને તેને ફરી દુર્ગતિમાં જવાનું ન હોવાથી તેની તપેલા લોઢા પર પગ મૂકવાતુલ્ય પાપપ્રવૃત્તિ પણ છેલ્લી જ હોય.

અવેદ્યસંવેદ્યપદમાં વાસ્તવિક સૂક્ષ્મબોધ ન હોતા ઉપરછલ્લું જ્ઞાન હોય છે, અને પુણ્ય પણ પાપાનુબંધી હોય છે. યોગસાધના પણ મોહગર્ભિત વૈરાગ્યથી યુક્ત હોવાથી સદ્‌ગુરુપારતંત્ર્યના અભાવે ઘોર અપાયમાં ફેંકી દેનાર મોહવાસના ઉત્પન્ન કરે છે. મોહમૂલક અનુષ્ઠાન મોહવાસનાની ઉત્પત્તિનું અવંધ્ય બીજ છે.

મિત્રાદિ ચાર દૃષ્ટિવાળાને પુણ્ય નિરનુબંધી હોય અને ક્ષુદ્રત્વાદિદોષયુક્ત ભવાભિનંદી જીવોને પાપાનુબંધી પાપ હોય છે. રાગ-દ્વેષાદિની પ્રબળતા પાપના અનુબંધના પ્રબળ કારણ છે. અહીં મોહમૂઢમનવાળા ખણજ ખણનારા જીવની જેમ–ભોગપોષક પાપવર્ધક અકાર્ય કરવા જેવા લાગે છે અને આત્મહિ-તકર સત્કાર્ય અકરણીય લાગે છે. માછલા પકડવાના કાંટામાં રહેલ માંસ જેવા તુચ્છ અને ભયંકર નુકશાન કરનારા ભોગસુખમાં આસક્ત ભવાભિનંદી જીવો અશુભ પ્રવૃત્તિથી પોતાના આત્માને ભારે બનાવે છે. સત્સંગ અને આગમવાંચન આદિ દ્વારા યોગસાધકપણાની=કર્મભૂમિજ મનુષ્યપણાની ભૂમિકામાં જ અવેદ્યસંવેદ્યપદને જીતી શકાય છે, માટે આવી તક મેળવનારા જીવોએ વહેલી તકે અવેદ્યસંવેદ્યપદને જીતી લેવું જોઇએ...

## ફીજુલ ચર્ચા નહીં



## ગુરુવચન તહત્તિ



૨૩

# કુતર્કગ્રહનિવૃત્તિ બત્રીશી

❀ અવેદ્યસંવેદ્યપદને જીતતા કુતર્કનો કદાગ્રહ સ્વયં નાશ પામી જાય છે.

❀ પ્રશમ, જ્ઞાન, શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનને કુતર્ક નષ્ટ કરે છે અને મિથ્યાભિમાનને વધારે છે.

❀ મુમુક્ષુને કુતર્કમાં કદાગ્રહ રાખવો એ ઉચિત નથી, શુદ્ધ ચિત્તવાળા સાધકોને આગમનો, વિશ્વાસુપણાનો અને સમાધિનો આગ્રહ રાખવો એ યુક્તિયુક્ત છે.

❀ **પતંજલિ** ઋષિ આદિ યોગમાર્ગના જાણકારો ભાવિ યોગીઓના હિત માટે જણાવે છે – ઘાણીનો બળદ ક્યાંય પહોંચતો નથી તેમ વાદ-પ્રતિવાદ કરનારા, પોતાના મતનો કદાગ્રહ રાખનારા હિતકર સત્યતત્ત્વની પ્રાપ્તિ કરી શકતા નથી.

## કુતર્ક ત્યાજ્ય શા માટે ?

i) જ્ઞાનાવરણ કર્મના ઉદયથી ઉત્પન્ન થતા કુવિકલ્પોની હારમાળારૂપ કુતર્ક છે તેથી ત્યાજ્ય...

ii) અનુભવથી બાધિત અને ફળ(પરિણામ)થી વિપરીત ખોટા દૂષણોના પાયા પર–માત્ર વિરોધની જ ભૂમિકા પર કુતર્ક રચાય છે તેથી ત્યાજ્ય...

iii) સામસામા પ્રશ્ન-પ્રતિપ્રશ્નોની હારમાળામાં અંતિમ જવાબ-જ્યાં ‘સ્વભાવ’ એવો જ આવે છે, તેમજ વાદીઓ દ્વારા જુદા જુદા સ્વભાવની કલ્પના કરાયેલી હોય છે તથા છદ્મસ્થના જ્ઞાન દ્વારા સ્વભાવનો નિર્ણય કરવો સંભવિત નથી તેથી સર્વસંમત નિષ્કર્ષ સાધી શકતો નથી...આવું કુતર્કનું સ્વરૂપ છે તેથી ત્યાજ્ય છે...

iv) તમામ પ્રકારના ઉદાહરણ-દૃષ્ટાંત સુલભ હોવાથી કોઇ પણ પ્રકારનો કુતર્ક કરવો શક્ય છે, તો તેનાથી નિર્ણીત મનફાવતા સ્વભાવનું વારણ કેમ કરાય ? વળી દૃષ્ટાંતબળે કોઇ પણ પ્રકારનો સ્વભાવ નક્કી થઇ ગયા પછી નિષ્પક્ષ તત્ત્વનિર્ણય અંગેના કોઇ નિયમો તેનો બાધ કરવા સમર્થ ન બને. હજારો કલ્પનાઓથી પણ સ્વભાવનો બાધ કરવો અશક્ય છે. જેમ આંખના

રોગીને દેખાતા બે ચન્દ્ર કે સ્વપ્નમાં દેખાતી ઘટનાના દૃષ્ટાંત પરથી **બૌદ્ધદર્શન અંતર્ગત યોગાચાર વિજ્ઞાનવાદી મત** વસ્તુમાત્રને ભ્રમણા અને જ્ઞાનને જ વાસ્તવિક સત્ય તરીકે ઠેરવે છે.

આમ લોકપ્રતીતિનો બાધ કરનાર અનુચિત પદાર્થોને પણ સિદ્ધ કરનાર કુતર્કથી સર્યું...અતીન્દ્રિય પદાર્થોની સિદ્ધિમાં કુતર્કનું કોઇ વજુદ નથી. તેમાં શાસ્ત્રને જ અધિકાર છે. તેથી કુતર્કને સ્વીકાર્યા વિના, શાસ્ત્ર પ્રત્યે શ્રદ્ધાવાળા, શીલવાન અને સદા યોગમાં તત્પર યોગીઓ જ ધર્મ-અધર્મ આદિ અતીન્દ્રિય પદાર્થોને જાણી શકે.

❀ પોતપોતાની સામે રહેલા શ્રોતાની અપેક્ષાએ જુદા-જુદા પ્રકારની દેશના આપવાના કારણે દેશનામાં ભેદ હોવા છતાં શાસ્ત્રકારોના જ્ઞાનમાં કોઇ ભેદ નથી. શાસ્ત્રકારોમાં ભેદ ન હોવાથી તેમના રચેલા શાસ્ત્રોમાં પણ ભેદ નથી. તેથી તે તે અનુયાયીઓ દ્વારા પોતાના શાસ્ત્રકારને ચડિયાતા, અન્યને ઉતરતારૂપે ભેદદૃષ્ટિથી જોવા તે અજ્ઞાન છે, ભ્રમણા છે.

❀ વ્યક્તિરૂપે સર્વજ્ઞ અલગ-અલગ હોવા છતાં તાત્ત્વિક રીતે જાતિરૂપે સર્વજ્ઞ એક જ છે. ભલે વિશેષ પ્રકારનો બોધ ન હોય છતાં સર્વોત્કૃષ્ટ ગુણસંપન્નરૂપે જેની ભક્તિ થાય તે સર્વજ્ઞ જ હોય. સર્વગુણસંપન્નરૂપે તેમનો સ્વીકાર કરવો એ જ તેમની સાચી ભક્તિ કહેવાય...છદ્મસ્થ જીવો સર્વજ્ઞમાં રહેલી વિશેષતાને સર્વ પ્રકારે જાણી શકતા નથી. માટે કોઇપણ ધર્માત્મા સર્વજ્ઞનો તમામ ગુણોને સંપૂર્ણપણે જાણવાપૂર્વક સ્વીકાર કરી શકતો નથી.

સ્વદર્શનરાગ-પરદર્શનદ્વેષ આદિથી રહિત નિર્મળ બુદ્ધિથી નિર્દંભપણે સર્વજ્ઞની આજ્ઞા પાળવામાં તત્પરતાના ધારક સર્વધર્મપરંપરાના યોગીઓ સમાન જ છે. ભિન્ન-ભિન્ન ધર્મમાં રહેલા મુમુક્ષુઓમાં સર્વજ્ઞથી દૂરપણું, નજીકપણું વગેરે રહેલા હોવા છતાં સર્વજ્ઞસેવકપણું હણાતું નથી કારણ કે નામભેદ હોવા છતાં સર્વજ્ઞ તરીકેની માન્યતા દરેકની સમાન છે. યોગશાસ્ત્રમાં બે પ્રકારના દેવોની ભક્તિ બતાવી છે–

**a) સંસારી દેવો :–** ક્ષેત્રપાલ, લોકપાલ, દિક્પાલ આદિ...ભક્તિના પ્રકારો વિવિધ પદ્ધતિના હોય છે...તેમના નોકરદેવ આદિ તરીકે જન્મવાનું ફળ મળે...તે દેવો પ્રત્યે રાગ, અન્ય દેવો પ્રત્યે દ્વેષ આદિ મોહયુક્ત સેવા હોય છે...વિવિધ સંસારી દેવપણાની પ્રાપ્તિ માટે વિવિધ પ્રકારની આરાધના કરાય છે...

b) **મુક્ત દેવો :–** સંસારબંધનથી મુક્ત સર્વજ્ઞ...તેમની ભક્તિ એકસરખી પદ્ધતિથી જ થાય...સંસારથી મુક્ત થવું તે ફળ મળે...ઉપશમપૂર્ણ=રાગ–દ્વેષમુક્ત જ આરાધના હોય...

## ત્રણ પ્રકારનો બોધ હોય છે–

**૧) બુદ્ધિ :–** વિશિષ્ટ વિચારણા વિના કેવળ શબ્દાર્થને સાંભળવામાત્રથી થતું જ્ઞાન તે બુદ્ધિ....તેનાથી થતું અનુષ્ઠાન–શાસ્ત્રવિવેકનો અનાદર કરી માત્ર પોતાની કલ્પનાને જ મુખ્ય કરનારું હોવાથી સંસારવૃદ્ધિનું દારૂણ પરિણામ લાવે...

ઉદા. અબુધ વ્યક્તિને થતું રત્નનું ઉપલક દર્શન...

**૨) જ્ઞાન :–** આગમશાસ્ત્રોના વિધિવત્ અભ્યાસ-વિચારણાપૂર્વક અર્થતત્ત્વનો નિર્ણય કરવો તે જ્ઞાન...જ્ઞાનજન્ય વિવેકદૃષ્ટિથી ઉત્પન્ન થતી અમૃતશક્તિતુલ્ય શ્રુતશક્તિથી રસાયેલું અનુષ્ઠાન મોક્ષપ્રાપ્તિ કરાવે છે...

ઉદા. પારખુ વ્યક્તિને રત્નની ઓળખ...

**૩) અસંમોહ :–** ત્યાજ્યના ત્યાગ અને ગ્રાહ્ય તત્ત્વના ગ્રહણ સહિતનું=તે તરફ પ્રેરતું જ્ઞાન તે અસંમોહ...દરિયામાં કોઇ વહાણ કાંઠાની નજીક, કોઇ દૂર, કોઇ દરિયાની મધ્યમાં–છતાં તમામ માર્ગ સમુદ્રકાંઠે જનારા છે, તેમ તમામ યોગીઓના માર્ગમાં ભેદ હોવા છતાં મોક્ષની મંઝિલ એક જ (સમાન સ્વરૂપવાળી) છે તેથી જલ્દી મુક્તિની પ્રાપ્તિ થાય છે...ઉદા. રત્નની પ્રાપ્તિ...

## સદનુષ્ઠાનનું લક્ષણ –

i) **આદર** – ઇષ્ટપ્રાપ્તિના અતિશયિત પુરૂષાર્થયુક્ત ભાવ...

ii) **કરણે પ્રીતિ** – અનુષ્ઠાન કરવામાં અતિશય રાગ...

iii) **અવિઘ્ન** – પૂર્વપુણ્યથી સાધનામાં વિઘ્ન ન આવવા...

iv) **સંપદાગમ** – આરાધનાથી તથા શુભભાવથી ઉપાર્જિત પુણ્યથી બાહ્ય-આંતર સંપત્તિની પ્રાપ્તિ...

v) **જિજ્ઞાસા** – ઇષ્ટ દેવ, ઇષ્ટ ફળ આદિ સંબંધી ધ્યાન આદિ સાધનાના આગળના પડાવો વિશે વિશેષ જાણવાની ઇચ્છા...

vi) **તજ્જ્ઞસેવા** – અનુષ્ઠાનના, ઇષ્ટવિષયના જાણકારની સેવા કરવી.

vii) **તજ્જ્ઞઅનુગ્રહ** – જાણકારની કૃપા મેળવવી.

આ સાતથી યુક્ત અનુષ્ઠાન તે જ સંપૂર્ણ સદનુષ્ઠાન કહેવાય. તેની ઉત્તરોત્તર ચડિયાતી પરંપરા ચાલે...

❁ **સદાશિવ-પરબ્રહ્મ-સિદ્ધાત્મા-તથાતા આદિ જુદા જુદા શબ્દોથી બતાવાતો મોક્ષ જો એક જ છે, તો તેને બતાવનાર, એકસમાન ભક્તિથી પ્રાપ્ય સર્વજ્ઞ પણ સરખા જ છે. માત્ર સંસારરોગનો ઉપચાર કરનાર શ્રેષ્ઠ વૈદ્ય એવા તેમની વાણીમાં ભેદ—શિષ્યોના સ્વભાવના ભેદથી પડે છે.**

❁ **કપિલઋષિ**ના શિષ્યો મૃત્યુથી ડરનારા હોવાથી પર્યાયને ગૌણ કરી દ્રવ્યને પ્રધાન કરી 'તું નિત્ય, શાશ્વત, અમર છે.'—આવી દેશના આપી. **બુદ્ધ**ના શિષ્યો ભોગસુખમાં આસક્ત હોવાથી દ્રવ્યને ગૌણ કરનારી, 'જગતમાં બધું નાશવંત છે, તું પણ નાશવંત છે, તો શા માટે ભોગ પાછળ દોટ !' આવી દેશના આપી. પરંતુ એટલા માત્રથી તેઓ બાકીના તત્ત્વને નહોતા જાણતા એવું ન કહી શકાય કારણ કે તેમના શાસ્ત્રોમાં મુખ્ય સિદ્ધાંતથી જુદી વાતો પણ બતાવી છે. કપિલઋષિના શાસ્ત્રમાં પર્યાયની વાતો આવે છે તો બૌદ્ધ ગ્રંથોમાં પરલોક આદિની વાતો બતાવી જ છે. આવા વિવિધ સર્વજ્ઞોની વિવિધ નયવાદમય વિશિષ્ટ દેશનાથી જ યથાયોગ્ય જીવોને વૈરાગ્યોત્પત્તિ આદિથી ઉપકાર થાય છે. અથવા એક જ તીર્થંકરના તીર્થંકરનામકર્મના વિપાકોદયથી બીજાને બોધ થાય છે. આમ દેશનાભેદથી સર્વજ્ઞમાં ભેદ માનવો જરૂરી નથી.

કલિકાલ આદિના કારણે જીવોના રાગાદિ ક્લેશબીજોને તોડવા દ્રવ્યાસ્તિકાદિ નયથી અપાતી દેશના સર્વજ્ઞમૂલક જ હોય છે. તે દેશનાના રહસ્યને નહીં જાણનાર, વિરોધ કરનાર અંતે તો સર્વજ્ઞનો વિરોધ જ કરે છે. **અજાણતા પણ થતી સર્વજ્ઞની નિંદા મહાપાપ બંધાવે છે. વાક્યપદીય** ગ્રંથમાં **ભર્તૃહરી** જણાવે છે કે ગમે તેટલી કુશળ રીતે કાળજી રાખીને અનુમાન કરેલા તત્ત્વમાં બીજા વધુ વિદ્વાન વિરોધ સાબિત કરી તત્ત્વને વિપરીતરૂપે સાબિત કરી શકે છે. માટે સર્વજ્ઞના વચનને અનુસરીને જ ચાલવું. જો તર્કવાદથી અતીન્દ્રિય પદાર્થો જાણી શકાતા હોત તો તાર્કિકોએ આટલા સમયમાં તે અતીન્દ્રિય પદાર્થોનું જ્ઞાન કરી લીધું હોત. તેથી આગમને સ્વીકારી લઇ કુતર્કોના આગ્રહ છોડવા જોઇએ. મોક્ષમાં જતા છેલ્લે ક્રિયાત્મક ધર્મ અને ઔપશમિક-ક્ષાયોપશમિક ગુણાત્મક ધર્મો પણ છોડવાના છે. તો અસંગ અનુષ્ઠાનનો વિરોધી અકલ્યાણકારી કુતર્ક અવશ્ય છોડવો જ જોઇએ.

# સુલસા શ્રાવિકાનું દૃઢ સમ્યક્ત્વ



## ૨૪

# સદ્દષ્ટિ બત્રીશી

ગ્રંથિભેદ બાદ સમકિતી જીવોને જ પ્રાપ્ત થતી દૃષ્ટિઓ...

❁ **સ્થિરા દૃષ્ટિ** –યોગનું અંગ **પ્રત્યાહાર,** નિરતિચાર દૃષ્ટિ હોવાથી દર્શન સ્પષ્ટ અને કાયમી હોય...**ભ્રમ** દોષ દૂર થાય...**સૂક્ષ્મબોધ** ગુણ પ્રગટ થાય...

**પ્રત્યાહાર** – ઇન્દ્રિયો વિષયોનું ગ્રહણ કરવાની આસક્તિ છોડી માત્ર પોતાના સ્વરૂપમાં રહે તેવી ઇન્દ્રિયનિરોધયોગ્યતા પ્રાપ્ત થાય. આનાથી ઇન્દ્રિયો એટલી વશ થઇ જાય કે વિષયો તરફ ખેંચીને લઇ જવાનો પ્રયત્ન કરાય તો પણ ન જાય...

❁ ગ્રન્થિભેદથી વિવેકી બનેલા આત્માઓને સંસારની બધી પ્રવૃત્તિઓ યાવત્ ચક્રવર્તીના ભોગો પણ દુર્ગતિદાયક, ચંચળ હોવાના કારણે–બાળકો ધૂળનું ઘર બનાવી રમત કરે–તેવા લજ્જાસ્પદ લાગે. ભોગસુખો સાપની ફેણના ફટાટોપ જેવા અતિદુઃખદાયક લાગે...

જીવહિંસા વિના ભોગસુખ નહી → હિંસાથી પાપ → પાપથી ભયંકર દુઃખપરંપરા આવે. વ્યવહારથી પુણ્ય-પાપ સદાચાર-દુરાચારપણાથી જુદા જુદા હોવા છતાં નિશ્ચયથી સંસારભ્રમણનું કારણ હોવાથી તથા આત્માને વિભાવરૂપ હોવાથી એક જ જેવા ગણવામાં આવે છે. ધર્મથી પણ મળતી ભોગસામગ્રી પ્રમાદ લાવનાર હોવાથી જીવોને પ્રાયઃ નુકશાન માટે જ થાય છે. જેમ શીતલ ચંદનથી પ્રગટેલો પણ અગ્નિ બાળવાનું જ કામ કરે છે. આમ જાણી ઇન્દ્રિયવિષયસંબંધ પ્રત્યે તે ઉદાસીન રહે.

❁ અહીં જ્ઞાનસ્વભાવરૂપ આત્મા જ વાસ્તવિક તત્ત્વરૂપે જણાય છે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર વિગેરે ગુણોના ભેદ વ્યવહારથી છે. નિશ્ચયથી આત્મા જ્ઞાનમય જ છે. બાકીનો બધો જગતનો વિસ્તાર તેને અસાર લાગે છે.

❁ એક ખભા પરથી બીજા ખભા પર ભાર મૂકવામાં જેમ વાસ્તવિક્તામાં ભાર ઉતરતો નથી તેમ ભોગ ભોગવવાથી વાસ્તવિકપણે ઇચ્છાઓ દૂર થતી

નથી કારણ કે ભોગસુખના સંસ્કાર તેનાથી ભૂંસાતા નથી. ભોગપ્રવૃત્તિથી થતા કર્મબંધથી ઊભા થતા ભોગના સંસ્કાર દમન કે ભોગેચ્છાના શમનથી ન ભૂંસાય પરંતુ વૈરાગ્યભાવનાથી કે અધ્યાત્મભાવનાથી ભોગસંસ્કાર ઘટાડતા જવાથી છેવટે નાશ પામે. અન્યદર્શનના યોગાચાર્યો પણ કહે છે–આ દૃષ્ટિમાં- 'અનાસક્તિ, આરોગ્ય, કોમળ સ્વભાવ, શરીરમાં સુગંધ, મળ-મૂત્રની અલ્પતા, તેજસ્વી શરીર, મુખ પ્રસન્નતા, સૌમ્યસ્વર આ બધા યોગની પ્રાથમિક પ્રવૃત્તિના ચિહ્નો છે.' **(શાર્ઙ્ગધર પદ્ધતિ ૧૯૦/૧)**

'મન મૈત્રીભાવથી સંપન્ન, પ્રભાવશાળી, ધૈર્યસભર બને, સુખ-દુઃખ, માન-અપમાન આદિથી તૂટે નહીં, શ્રેષ્ઠ લોકપ્રિયતા, દોષમુક્તિ, પરમતૃપ્તિ, જબ્બર સમતા, પોતાની આસપાસના જીવોમાં વૈર આદિનો નાશ અને ઋતંભરા બુદ્ધિ' – આ નિષ્પન્નયોગીઓના યોગની ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચેલા યોગીઓના લક્ષણ છે. (યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિંદુ ટીકામાં ઉદ્ધૃત)... જિનશાસનમાં બધા ગુણોનો પ્રારંભ અહીંથી મનાયો છે.

❀ **કાન્તાદૃષ્ટિ – તત્ત્વદર્શન** કાયમી હોય...અન્યને પ્રીતિકારક **ધારણા** નામનું યોગાંગ હોય, બીજી આરાધનાની યાદ પણ ન આવતી હોવાથી **અન્યમુદ્** દોષ ન હોય, સદ્વિચાર સ્વરૂપ **મીમાંસા** નામનો ગુણ સમ્યગ્જ્ઞાનનું ફળ આપે છે.

**ધારણા** – અન્ય વિષયનો ત્યાગ કરીને નાભિચક્ર કે નાકના અગ્રભાગ આદિ કોઇ એક સ્થાનમાં મનને ધારી રાખવું તે ધારણા...

કાન્તાદૃષ્ટિમાં રહેલા યોગીનું મન મૈત્રી આદિ ભાવનાઓના દીર્ઘ અભ્યાસથી વાસિત થયેલું હોય, યમ-નિયમના સુંદર પાલનથી પવિત્રતા કેળવાયેલી હોય, આસન આત્મસાત્ કર્યા હોય, શ્વાસોશ્વાસનો વિક્ષેપ કાબુમાં હોય, ઇન્દ્રિયો શાંત થયેલી હોય, શરીર લચીલું હોય, મન સુખ-દુઃખથી પર થયેલું હોય, સંપ્રજ્ઞાતયોગના અભ્યાસમય થયેલું હોય-આ કારણોથી ધારણામાં મન લાંબો સમય ટકી રહે છે, આવા યોગી જગતને પ્રિય બને છે અને ધર્મમાં મન એકાગ્ર થાય છે.

❀ કાન્તાદૃષ્ટિમાં કાયિક પ્રવૃત્તિ બીજી હોવા છતાં મન શ્રુતધર્મમાં લાગેલું રહે છે...આત્માનંદમાં સતત ખેંચી રાખે તેવા જ્ઞાનથી વિષયભોગની પ્રવૃત્તિ સંસારવર્ધક બનતી નથી. રણભૂમિમાં મૃગજળ જોવા છતાં તેમાં અટવાયા

વિના હોંશિયાર પ્રવાસી માર્ગ પસાર કરી દે છે, તે જ રીતે ભોગસુખોને મૃગજળ રૂપે જોતો ઉત્કૃષ્ટ ભોગો વચ્ચે પણ લેપાયા વિના અનાસક્તપણે ભોગવી પરમપદને પામે છે. મૃગજળમાં પાણી જોનારો જેમ આગળ વધી શકતો નથી તેમ ભોગની સામગ્રીમાં સાચું સુખ માનનારો મોક્ષમાર્ગે આગળ વધી શકતો નથી.

❁ અહીં નિર્બળ ભોગશક્તિ ધર્મશક્તિનો પરાભવ કરી શકતી નથી. દીવાને બુઝાવનારો વાયુ દાવાનળને બુઝાવી શકતો નથી, ઉપરથી સહાયક થાય છે, તેમ માત્ર ભોગાવલી કર્મના ઉદયથી ભોગવવા પડતા ભોગો બળવાન ધર્મશક્તિને સહાયક થાય છે, પણ રોકી શકતા નથી.

❁ સ્થિરાદૃષ્ટિમાં પણ ભોગ કરતા જ્ઞાન બળવાન હોવા છતાં સુખના અનુભવના અંશમાં પ્રમાદને સહાયક બને છે જ્યારે કાંતાદૃષ્ટિમાં ધારણાથી જ્ઞાનશક્તિ ટોચે ચડેલી હોવાથી પ્રમાદને પણ સહકારી બનતી નથી. આવી દૃષ્ટિમાં ગૃહસ્થને પણ ઔપચારિક રીતે સાધુપણુ જ હોય છે, માત્ર ચારિત્રમોહના ઉદયથી સંયમસ્થાનનો લાભ થતો નથી. બાકી સંયમની વિરોધી પરિણતિ અંશમાત્ર પણ હોતી નથી.

❁ તત્ત્વજ્ઞાનનો પ્રકાશ ઝળહળાવનાર મોહાંધકારનાશક તત્ત્વચિંતનના પ્રભાવે અવિચારીપણું ક્યારેય હોતું નથી.

❁ **પ્રભાદૃષ્ટિ** – અહીં **ધ્યાન** યોગાંગ હોય, **રોગ** નામનો દોષ ન હોય, ધ્યાનના કારણે અત્યંત રોચક, યથાવસ્થિત આત્માના અનુભવરૂપ **તત્ત્વપ્રતિપત્તિ** હોય..સત્પ્રવૃત્તિપદને લાવનાર આ દૃષ્ટિ છે...

❁ ધારણાના વિષયમાં મનના અલગ-અલગ પરિણામોને છોડી એકસરખા પરિણામની ધારા ટકાવી રાખવી તે ઉપયોગની એકતાનતાને **ધ્યાન** કહેવાય. ધ્યાનથી ઉત્કૃષ્ટ સ્વાધીન સુખ પ્રાપ્ત થાય છે.

**પરાધીન બધું જ દુઃખરૂપ છે, જે સ્વાધીન છે તે જ સુખ છે**–આ સંક્ષેપથી સુખ-દુઃખનું લક્ષણ મહામુનિઓએ કહ્યું છે. અહીં પુણ્યના ઉદયથી મળતું સુખ પરાધીન છે તેથી દુઃખરૂપ છે. માત્ર ધ્યાનથી ઉત્પન્ન થતું જ સુખ સ્વાધીન હોવાથી તાત્વિક સુખ છે.

❁ વાદળ વિનાના આકાશમાં ચંદ્રનો પ્રકાશ સદા પ્રસરતો રહે છે, તેમ તત્ત્વનો બોધ નિર્મળ હોય તો મહાત્માઓને હંમેશાં ધ્યાન જ ચાલતું હોય છે.

❀ દીર્ઘકાળ-સતત-વિધિ-જયણાપૂર્વક કરેલી આરાધનાઓના પ્રભાવે ઊભા થયેલા દૃઢ સંસ્કારના કારણે–ઇચ્છા કર્યા વિના સહજપણે અસંગ અનુષ્ઠાનરૂપ પ્રવૃત્તિથી સત્પ્રવૃત્તિપદ=મોક્ષનું કારણ બને છે. જેમ કુંભારે જોરથી ફેરવેલા દંડના પ્રભાવે, પછીથી વગર ફેરવ્યે ચાકડો ફરે જાય છે, તેમ **અનુષ્ઠાનનો વારંવાર અભ્યાસ કરવાથી ધ્યાન બાદ ઊભા થતા એકસરખા અધ્યવસાયની ધારાનો પ્રવાહ-અસંગ અનુષ્ઠાન** કહેવાય છે. યોગીઓ **અસંગ અનુષ્ઠાનને** ભિન્ન ભિન્ન નામથી ઓળખે છે. **સાંખ્યો પ્રશાંતવાહિતા, બૌદ્ધો વિસભાગપરિ-ક્ષય, શૈવો શિવવર્ત્મ** અને **મહાવ્રતિકો ધ્રુવાધ્વા** તરીકે ઓળખાવે છે.

❀ **પ્રશાંતવાહિતા** – ચિત્તના વિક્ષેપોને છોડી એકસરખા સંસ્કારના પ્રવાહનું પરિણમન...

**નિરોધ**–ચિત્તના નિરોધજન્ય સંસ્કારનું પ્રગટીકરણ અને વ્યુત્થાનજન્ય સંસ્કારોનું કાર્ય કરવાનું સામર્થ્ય ગુમાવવું...

**સમાધિ**–ચંચળતાના કારણે વિવિધ પ્રકારના પદાર્થોનું ગ્રહણ કરતા ચિત્તનો વિક્ષેપરૂપ ધર્મ=સર્વાર્થતા. તેનો ક્ષય=ભવિષ્યમાં ક્યારેય પ્રગટ ન થવું. સર્વાર્થતાનો સર્વથા ક્ષય અને એકાગ્રતાનો સર્વથા ઉદય=સમાધિ.

**એકાગ્રતા**=ભૂતકાળની ચિત્તવૃત્તિઓને શાંત કહેવાય, વર્તમાનની ચિત્તવૃત્તિઓને ઉદિત કહેવાય. શાંત-ઉદિત બન્ને ચિત્તવૃત્તિ એકસરખા વિષયને ગ્રહણ કરે=એકાગ્રતા...

પ્રભાદૃષ્ટિમાં નિરોધ, સમાધિ અને એકાગ્રતા-આ ત્રણે પરિણામ યોગી પ્રગટ કરી શકે. તેથી સત્પ્રવૃત્તિપદ=અસંગ અનુષ્ઠાન સિદ્ધ થાય છે.

❀ **પરાદૃષ્ટિ** – યોગાંગ **સમાધિ**, સમાધિમાં **આસંગ** દોષથી રહિત, સર્વાંગીણ આત્મસાત્ થયેલી **તત્ત્વપ્રવૃત્તિ**, સહજ-સ્વભાવભૂત થયેલ નિરપેક્ષદશાપૂર્વક પ્રવૃત્તિ હોય...

**સમાધિ** – ધ્યેયના સ્વરૂપનો અભેદભાવે અનુભવ થાય તે સમાધિ. આ જ્ઞાન પણ નથી, ધ્યાન પણ નથી, ધ્યાનનું ફળ છે.

❀ ભોજનથી તૃપ્ત થયેલાને ફરી ભોજનક્રિયા નથી હોતી તેમ સંપૂર્ણપણે અતિચારમુક્ત થઇ ચૂકેલા પરાદૃષ્ટિયુક્ત યોગીઓને પ્રતિક્રમણાદિ આચારપા-લનની જરૂર નથી. આચારપાલન દ્વારા જે કર્મોનો નાશ થાય, તે પૂર્વે થઇ જ ચૂક્યો છે.

આ યોગીઓને ભિક્ષાટન વગેરે જે ક્રિયા દેખાય છે તે સાંપરાયિક (ઘાતી) કર્મનો ક્ષય કરવા નહીં, ભવોપગ્રાહી (અઘાતી) કર્મનો ક્ષય કરવા માટે જ હોય છે. અભ્યાસુ વ્યક્તિ કરતા નિષ્ણાત વ્યક્તિની ક્રિયા જેમ જુદી પડે છે તેમ ફળભેદથી અત્રેના યોગીની ક્રિયા જુદી પડે છે.

❀ પરાદૃષ્ટિનો યોગી શ્રેણિપ્રારંભે આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનકે ધર્મસંન્યાસનો પ્રયોગ કરી કૃતકૃત્ય થાય છે. ત્યાર બાદ તમામ ઉત્સુકતાઓ દૂર થવાથી પ્રાપ્ત થતા સર્વલબ્ધિના ફળથી મુક્ત કેવળજ્ઞાનલક્ષ્મીને પ્રાપ્ત કરી ભવ્ય જીવો પર યથાયોગ્ય સમ્યક્ત્વપ્રાપ્તિ વિગેરે ઉપકાર કરી શ્રેષ્ઠ પરોપકાર સાધે છે. ત્યાર બાદ યોગના અંતે શૈલેશી અવસ્થામાં સર્વયોગમાં પ્રધાન અયોગથી ભવોપગ્રાહી અઘાતી કર્મ ખપાવી લોકના છેડે સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે.









# ૨૫

# ક્લેશહાનોપાય બત્રીશી

❁ સારી રીતે સિદ્ધાંતના જાણકાર **ગીતાર્થો કર્મરૂપ ક્લેશોને નાશ કરવાના ઉપાયરૂપે સમ્યગ્જ્ઞાન અને ક્રિયાને** બતાવે છે.

❁ **શાસ્ત્રને નહીં અનુસરનારા-સર્વથા તર્કવાદી બૌદ્ધો** એવું માને છે કે-બધે જ આત્માના અભાવને જોવાથી ક્લેશનું નિમિત્તકારણ ન રહેવાથી તૃષ્ણારૂપ ક્લેશનો ક્ષય થાય છે. આ **નૈરાત્મ્યદર્શન જ સમાધિરાજ, તત્ત્વદર્શન, મમત્વનાશક અને ભાવઅમૃત છે.** 'હું' 'મારું' આ ભાવ આત્માના સ્વીકારમાં આવે જ. આત્મદર્શનથી તૃષ્ણા-મમત્વ જાગે, તેનાથી પુનર્જન્મ, તેનાથી દુઃખપરંપરા ઊભી થાય...જો આત્મા જ નથી તો ક્યાંય મમત્વ જાગતું નથી. માટે આત્મદર્શન વૈરાગ્યનું વિરોધી હોવાથી આત્માના અભાવનું દર્શન મોક્ષનો હેતુ બનશે.

❁ નૈરાત્મ્યદર્શન બે પ્રકારે – i) આત્માનો અભાવ ii) આત્માની ક્ષણિકતા.

i-a) આત્માનો અભાવ હોય તો તેના ગુણધર્મોનો વિચાર જ અયોગ્ય છે. વાંઝણીને દીકરો જ ન હોય, તો તેના રૂપ-રંગની ચર્ચા ક્યાંથી ?

i-b) આત્માનો અભાવ હોય તો આત્માનું જ્ઞાન પણ ન હોય. કુંવારી કન્યાને દીકરો ન હોય, તો 'મને દીકરો થયો' તેવું જ્ઞાન પણ ન હોય ને !!!

ii) આત્મા ક્ષણિક (ક્ષણમાત્રમાં વિનાશ પામવાના સ્વભાવવાળો) હોય તો કરેલા ધર્મ-અધર્મનું ફળ, સ્મૃતિ, પ્રત્યભિજ્ઞા આદિ નહીં ઘટી શકે. માટે આત્માને ક્ષણિક નહીં માની શકાય.

આત્માને શાશ્વત માનવાથી મમત્વઉત્પત્તિ નથી, મોહનીયકર્મના કારણે મમત્વ ઉત્પત્તિ છે. જો રાગ-દ્વેષનો ક્ષય થાય તો મમત્વની ઉત્પત્તિ ન થાય...માટે આત્માને દ્રવ્યથી શાશ્વત, પર્યાયથી પરિવર્તનશીલ માનવો જોઇએ...

❁ **પાતંજલયોગ દર્શન** – વચ્ચે વચ્ચે વિચ્છેદ નહીં પામતી અખંડ વિવેકખ્યાતિ જ અવિદ્યા આદિ ક્લેશોનો નાશ કરે છે.

❁ રજોગુણ અને તમોગુણથી મલિન થયેલી બુદ્ધિમાં જ્ઞાતૃત્વ અને કર્તૃત્વનું મિથ્યાભિમાન પેદા થાય છે, આ અવિદ્યા છે.

**પાંચ પ્રકારના ક્લેશ છે–**

**૧) અવિદ્યા** → અનિત્ય, અશુચિ, દુઃખરૂપ અને જડ પદાર્થમાં નિત્ય, પવિત્ર, સુખરૂપ અને આત્માની બુદ્ધિ થવી તે...

**૨) અસ્મિતા** → પુરુષ અને અંતઃકરણમાં એકત્વની બુદ્ધિ થવી તે અસ્મિતા...

**૩) રાગ** → સુખના જાણકારને સુખના સાધનમાં પૂર્વે ભોગવેલા સુખના સ્મરણપૂર્વક લોભપરિણામ તે રાગ...

**૪) દ્વેષ** → દુઃખના જાણકારને દુઃખના સાધનમાં પૂર્વે ભોગવેલા દુઃખના સ્મરણપૂર્વક નિંદાપરિણામ તે દ્વેષ...

**૫) અભિનિવેશ** → વિદ્વાનને પણ પૂર્વજન્મોના સંસ્કારના કારણે 'શરીરનો અવિયોગ મને થાઓ'–આવી અભિલાષા...

સાધકની ઇચ્છાથી તે નથી થતો, સહજ થાય છે...

❀ અવિદ્યા સિવાયના ચાર ક્લેશોની ચાર પ્રકારની અવસ્થા છે–

**a) પ્રસ્તુત** – ચિત્તભૂમિમાં ક્લેશો વિદ્યમાન હોવા છતાં પ્રબોધકનું બળ ન હોવાના કારણે પોતાનું કાર્ય શરૂ ન કરી શકે.

**b) તનુ** – સ્વવિરોધી ભાવોના અભ્યાસથી અત્યંત નબળી પડી ગયેલી શક્તિ-વાળા...ઉદા. યોગાભ્યાસી જીવના ક્લેશો...કાર્ય કરવા ખૂબ શક્તિ જોઇએ...

**c) વિચ્છિન્ન** – પોતાનાથી ભિન્ન અત્યંત બળવાન ક્લેશ દ્વારા જેની કાર્યજનક શક્તિ અત્યંત નબળી પડી ગઇ હોવા છતાં હાજર હોય. જેમકે દ્વેષના ઉદયમાં રાગ...

**d) ઉદાર** – તમામ સહકારીઓનું સાન્નિધ્ય પામેલા અને પોતાનું કાર્ય કરી રહેલા ક્લેશો. યોગરહિત દશામાં રહેલાના ક્લેશો...

આ ક્લેશોથી કર્માશય(કર્મબંધ) થાય છે. આલોક–પરલોકમાં તેનું ફળ ભોગવવું પડે છે. જન્મ, આયુષ્ય(જીવન) અને ભોગ નામનો કર્મવિપાક (કર્મફળ) પ્રવર્તે છે. દુઃખફલક અને આહ્લાદફલક–બે પ્રકારના કર્મવિપાક હોય છે. પરિણામ, તાપ, સંસ્કાર અને ગુણવૃત્તિવિરોધ–આ ચાર કારણથી કર્મવિપાક દુઃખરૂપ છે.

**i) પરિણામ** – આસક્તિમાં વૃદ્ધિ, કોઇ પદાર્થની અપ્રાપ્તિથી થતું દુઃખ દૂર થાય નહીં, નવા નવા દુઃખોને ઉત્પન્ન કરે રાખે છે. માટે દુઃખકારણ...

**ii) તાપ** – સુખસાધનોના ભોગવટા સમયે પણ તેના વિરોધી કે નડતર (બાધક / અંતરાય) પ્રત્યે દ્વેષ હાજર જ હોય છે...આ સ્વરૂપે સંતાપ...

**iii) સંસ્કાર** – અનુકૂળ-પ્રતિકૂળ વિષયની પ્રાપ્તિમાં સુખ-દુઃખના અનુભવો તેવા સંસ્કાર ઊભા કરે છે જે વારંવાર તેવા પ્રકારની પરિસ્થિતિમાં ઉત્પન્ન થયા જ કરે છે. તેથી ભવભ્રમણનો અંત ન આવે...આમ તે દુઃખરૂપ છે.

**iv) ગુણવૃત્તિવિરોધ** – સાત્ત્વિક, રાજસિક અને તામસિક વૃત્તિઓ–એક આધારમાં રહેલી છે, કાયમ માટે છે અને પરસ્પરની વિરોધી છે. માટે પરસ્પર વિરોધ હોવાથી વિવેકીને બધું જ દુઃખરૂપ લાગે છે.

આ તમામના મૂળરૂપ **અવિદ્યાનો નાશ સાત પ્રકારની વિવેકખ્યાતિથી થાય છે. પ્રથમ ચાર પ્રકાર**–કાર્યવિષયક નિર્મલ જ્ઞાનસ્વરૂપ **કાર્યવિમુક્તિના** છે.

i) મારે જાણવા યોગ્ય કશું બાકી રહ્યું નથી.

ii) મારા ક્લેશો ક્ષીણ થઇ ગયા છે. હવે ક્ષય કરવા યોગ્ય કશું બાકી રહ્યું નથી.

iii) મારા દ્વારા જ્ઞાન મેળવાયું છે.

iv) મને વિવેકખ્યાતિ પ્રાપ્ત થઇ ગઇ છે.

❁ ત્યાર પછી ગુણવિષયક નિર્મલ જ્ઞાનસ્વરૂપ **ચિત્તવિમુક્તિ ત્રણ પ્રકારે** થાય છે.

v) મારી બુદ્ધિ કૃતાર્થ થઇ ગઇ છે. સત્ત્વ-રજસ્-તમસ્ ગુણોના અધિકાર હરાઇ ગયા છે. મોહનું બીજ ન હોવાથી અંકુરા ક્યાંથી ઉગે ?

vi) મને સમાધિ આત્મસાત્ થઇ ગઇ છે.

vii) હું મારા સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત થયેલો છું...

❁ **પાતંજલ મતે** પહેલેથી જ આત્મા પોતાના સ્વરૂપમાં રહેલો છે, નિર્લેપ છે, નિત્ય છે, અપરિણામી છે. તો મોક્ષપુરૂષાર્થની જરૂર જ નહીં રહે. વળી સંસારની ઘટમાળ પણ ઘટી નહીં શકે. મોક્ષમાં ક્લેશહાનિ કલ્પનામાત્ર થઇ જશે. માટે આત્માને પરિણામી નિત્ય માનવાથી અને જ્ઞાન-ક્રિયા ઉભયની સાધનાથી જ ક્લેશહાનિ થઇ શકશે.

❁ **નૈયાયિક મત :–** નૈયાયિક મતે જેમ સંસારી આત્મા ભૌતિક અનુકૂળતાની પ્રાપ્તિ માટે રાજસેવા આદિ ઘણી કષ્ટદાયક પુરૂષાર્થમય પ્રવૃત્તિ કરે છે, તેમ ધર્માત્મા મોક્ષપુરૂષાર્થને અનુલક્ષી ચરમદુઃખને ઉત્પન્ન કરવાનો પુરૂષાર્થ કરશે, અને એ ચરમદુઃખધ્વંસ થતાં ફરી નવું દુઃખ ન આવવાથી મોક્ષ પ્રાપ્ત થશે.

નૈયાયિકો મોક્ષમાં સુખ ન માનતા હોવાથી મોક્ષમાં સુખ નથી અને સાધનામાં તો ઘોર કષ્ટો છે જ–તો દુઃખપ્રાપ્તિ માટે કોણ પુરૂષાર્થ કરે ?

દુનિયામાં સુખ અપાવનાર દુઃખ–કષ્ટ જ સ્વીકાર્ય બની શકે છે, અન્યથા નહીં. તેથી નૈયાયિકમાન્ય મોક્ષમાર્ગ પણ લોકમાન્ય નહીં થઇ શકે.

❁ **જૈન મત :–** ક્લેશ=અનેક પ્રકારના પાપકર્મ. સંસારના દુઃખોથી રહિત એકાંતિક આત્યંતિક શાશ્વત મોક્ષસુખને મેળવવા માટે જ્ઞાન-ક્રિયારૂપ યોગસાધનાથી કર્મનો ક્ષય થઇ શકે છે. ભોગથી ક્ષય માનવામાં અનવસ્થા (ભોગથી કર્મ, કર્મથી ભોગ–આવી અનંત અવિચ્છિન્ન પરંપરા)ની શક્યતા હોવાથી, યોગી કાયવ્યૂહથી (અનાસક્તભાવે વિવિધ શરીરો બનાવી ભોગ ભોગવી) કર્મક્ષય કરે છે તેવી કલ્પના પ્રમાણબાધિત હોવાથી તેનાથી કર્મક્ષય માની નહીં શકાય. પ્રાયશ્ચિત્ત આદિ દ્વારા કર્મનાશ અનેક દર્શનોમાં બતાવ્યો હોવાથી તેનાથી કર્મક્ષય માનવો વધુ ઉચિત છે.

કર્મના ઉચ્છેદથી સંસારની વૃદ્ધિ-વિસ્તારથી રહિત, પરમાનંદથી પરિપુષ્ટ, નિરુપમ, શાશ્વત સિદ્ધશિલા નામના સ્થાનને યોગી પામે છે.




અનાહતચક્ર
દ્વાદશદલપદ્મ
સુષમ્ના
વજ્રા
ચિત્રિણી
બ્રહ્મનાડી
ચક્રસ્થાન હૃદય
પીતા
નીલા
વૃંદા
શારદા
ધ્યાનફળ
વચન રચનામાં સમર્થ યોગીશ્વર
જ્ઞાનવાન ઈન્દ્રિયજિત બને છે.
૯


વિશુદ્ધિચક્ર
ષોડશદલપદ્મ
સુષમ્ના
વજ્રા
ચિત્રિણી
બ્રહ્મનાડી
ચક્રસ્થાન કંઠ
કુમારીકા
ઐશમારિકા
સીતા
માત્રિકા
શિવા
તિક્તા
શ્રીરયતી
અમૃત
બાલા
સરસ્વતી
ધ્યાનફળ
ઉત્તમ વક્તા, કાવ્ય રચનામાં સમર્થ શાંત ચિત્ત આરોગ્યવાન
બને છે.

૧૦


આજ્ઞાચક્ર
દ્વિદલપદ્મ
સુષમ્ના
વજ્રા
ચિત્રિણી
બ્રહ્મનાડી
ચક્રસ્થાન નેત્ર
ગાંધારી
હસ્તિ જિહ્વા
ધ્યાનફળ:વાક્ય સિદ્ધિ
૧૧


શૂન્યચક્ર
સહસ્રદલપદ્મ
ચક્રસ્થાન
મગજ
૧૨
ધ્યાનફળ: આકાશગામી સમાધી યુક્ત મહાતપસ્વી થાય છે.


ષટ્ચક્ર
સહસ્રદલપદ્મ
શુન્ય ચક્ર
દ્વિદલપદ્મ
આજ્ઞાચક્ર
ષોડશદલપદ્મ
વિશુદ્ધિચક્ર
દ્વાદશદલપદ્મ
અનાહત ચક્ર
દશદલપદ્મ
મણિપુર ચક્ર
ષટ્દલ પદ્મ
સ્વાધિષ્ઠાન ચક્ર
ચતુર્દલ પદ્મ
મૂલાધાર ચક્ર
૫


મૂલાધારચક્ર
ચતુર્દલ પદ્મ
સુષુમ્ના
વજ્રા
ચિત્રિણી
બ્રહ્મનાડી
ચક્રસ્થાન કમર હાડ
વં
સં
શં
ષં
ઈલ્તલા
કાલધર્મિની
ધ્યાનફળ : વક્તા શ્રેષ્ઠ પુરુષ વિનોદી આનંદિત
આરોગ્યસિદ્ધિ પ્રાપ્ત થાય છે.
૬


સ્વાધિષ્ઠાન ચક્ર
ષટ્દલ પદ્મ
સુષુમ્ના
વજ્રા
ચિત્રિણી
બ્રહ્મનાડી
ચક્રસ્થાન પેડું
ઈવન્તિકા
વિશ્વા
બં
લં
ભં
રં
મં
યં
શ્રીપાર્શ્વનાથ
પદ્માવતિ
શંખીની
સુત્રા
ધ્યાન ફળ: અવિકારી સંત પુરુષ બને છે.
૭


મણિપૂરચક્ર
દશદલપદ્મ
ચક્રસ્થાન આંતરડું
સુષુમ્ના
વજ્રા
ચિત્રિણી
બ્રહ્મનાડી
તારા
તારકા
અતીતા
માધવી
ડં
ઢં
ણં
પં
તં
ફં
થં
દં
ધં
નં
શ્રી મુનિસુવ્રત સ્વામિ
નરદત્તાદેવી
ઉલ્કિકા
યુક્તા
શુકા
કાલી
વિજોલિકા
ઈલ્તા
ધ્યાનફળ: સરસ્વતિની પૂર્ણ કૃપા પામે છે.
૮

## ૨૬

# યોગમાહાત્મ્ય બત્રીશી

**યોગ એટલે** – શાસ્ત્રનું રહસ્ય, મોક્ષનો માર્ગ, વિઘ્નોનો ઉપશામક, કલ્યાણનું કારણ, આલોકમાં વિવિધ લબ્ધિઓનું કારણ, પરલોકમાં મહાન ઉન્નતિ, પરમાત્માની શરણાગતિ...

ધનવાનને પત્ની-પુત્ર આદિથી સંસારની વૃદ્ધિ થાય, તેમ
પંડિતને યોગરહિત શાસ્ત્રથી સંસારની વૃદ્ધિ થાય છે.

## પાતંજલયોગદર્શનના આધારે યોગફળ

આ દર્શન મુજબ-એક જ વિષયમાં ધારણા, ધ્યાન અને સમાધિ કેળવવા એ સંયમ છે.

૧) ધર્મરૂપ, લક્ષણરૂપ અને અવસ્થારૂપ...ત્રણ પરિણામ પર ધારણાદિના સંયમથી **ભૂત-ભવિષ્યકાળનું જ્ઞાન** થાય છે...

૨) 'ગાય' એવો શબ્દ, ગાય પ્રાણી, મનમાં રમતી ગાય તરીકેની બુદ્ધિ-સામાન્ય લોકોને ત્રણમાં અભેદબુદ્ધિ હોય છે. તેના વિભાગમાં (ભેદમાં) એકાગ્ર બની સંયમ કરવાથી **સર્વ પશુ-પક્ષીજગતની ભાષાને સમજવાની શક્તિ** આવે છે.

૩) સંસ્કાર બે પ્રકારે → સ્મૃતિરૂપ અને જન્મ-જીવન-ભોગરૂપ...બન્ને વિષે સંયમ કરવાથી નિમિત્ત વગર **જાતિસ્મરણ જ્ઞાન** થાય છે.

૪) મોઢાના હાવભાવ વગેરે ચિહ્નથી બીજાના મનના ભાવોને જાણી લેવા= પ્રત્યય. તેના પર સંયમ સાધનારને કોઇ લિંગ વિના પણ **બીજાના ચિત્તનું જ્ઞાન** થાય છે.

૫) શરીરના રૂપનો સંયમ કેળવવાથી—રૂપનું ચક્ષુગ્રાહ્યત્વ રૂંધાય છે. તેથી યોગી **અન્યને અદૃશ્ય** બની જાય છે. તે જ રીતે શબ્દાદિવિષયક સંયમ કેળવવાથી બીજા માટે અશ્રાવ્ય, અસ્પર્શ્ય...આદિ બની જાય છે.

૬) સોપક્રમ– નિરુપક્રમ વગેરે કર્મભેદો અંગે સંયમ કરવાથી (આ જલ્દી

ફળ આપનારું, આ ઓછું ફળ આપનારું આવી પ્રણિધાનની દૃઢતાથી) **ક્યારે, કેમ મૃત્યુ આવશે તેની** અરિષ્ટો દ્વારા **ખબર** પડે છે. અરિષ્ટ ત્રણ પ્રકારના છે...

i) **આધ્યાત્મિક** – બે કાન ઢાંકતા આવતો વાયુનો અવાજ ન સંભળાવો, શરીર અતિનજીક છે અને અશુભભાવ છે માટે આધ્યાત્મિક અરિષ્ટ...

ii) **આધિભૌતિક** – આકાશમાં વિકૃત આકારવાળા પુરૂષનું દર્શન થાય...

iii) **આધિદૈવિક** – જેનું દર્શન વર્તમાનમાં અશક્ય છે તેવા સ્વર્ગાદિનું દર્શન થાય. દેવ સંબંધી હોવાથી દૈવી કહેવાય...

૭) મૈત્ર્યાદિ ભાવનાઓમાં સંયમ કરવાથી તે પ્રકૃષ્ટપણાને પામે છે–સર્વ જીવો પ્રત્યે **મૈત્રી** આદિ ભાવો **ગાઢ બને** છે.

૮) હાથી આદિના બળને વિશે સંયમ કરવાથી તે-તે પ્રકારનું **બલ** પ્રગટ થાય છે.

૯) **વિષયવતી પ્રવૃત્તિ** – શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ જેના ફલરૂપે હોય તે. નાસાગ્રે ચિત્ત ધારનારને **દિવ્યગંધ,** જિહ્વાગ્રે ચિત્ત ધારનારને **દિવ્યરસ,** તાળવાના અગ્રભાગે ચિત્ત ધારનારને **દિવ્યરૂપ,** જીભની મધ્યમાં ચિત્ત ધારનારને **દિવ્યસ્પર્શ** અને જિહ્વામૂળમાં ચિત્ત ધારનારને **દિવ્યશબ્દનું જ્ઞાન** થાય છે.

**જ્યોતિષ્મતી પ્રવૃત્તિ** – બુદ્ધિ-પુરૂષમાંથી એકના સાક્ષાત્કારવિષયમાં મનની પ્રવૃત્તિ...જ્યોતિ=સાત્વિક પ્રકાશ. એ અતિશયિત બળવાન હોય એવી પ્રવૃત્તિ જ્યોતિષ્મતી પ્રવૃત્તિ...બન્ને પ્રવૃત્તિના પ્રભાવે સાત્વિક પ્રકાશ પ્રસરે છે. એમાં સંયમ કરવાથી **સૂક્ષ્મ પદાર્થો,** ભીંત વગેરે આડની પાછળ **ઢંકાયેલા પદાર્થો** અને **દૂર રહેલા પદાર્થોનું જ્ઞાન** થાય છે.

૧૦) પ્રકાશમય સૂર્ય વિશે સંયમથી **સાત લોકનું (ભુવનનું) જ્ઞાન.**

૧૧) ચંદ્ર અંગે સંયમથી જ્યોતિષચક્રની વિશિષ્ટ રચનારૂપ **તારાવ્યૂહનું જ્ઞાન** થાય છે. તારા સૂર્યના તેજથી ઢંકાઇ જતા હોવાથી તેના જ્ઞાન માટે જુદો ઉપાય બતાવ્યો...

૧૨) જ્યોતિષચક્રમાં જે પ્રધાન છે એવા ધ્રુવતારાવિષયક સંયમથી **તારાઓની** નિયતકાળની, નિયતક્ષેત્રની **ગતિ** જણાય છે.

૧૩) શરીરની મધ્યમાં રહેલા અને સમગ્ર અંગરચનાના મૂળભૂત નાભિચક્રના સંયમથી **કાયવ્યૂહ**=રસનાડી-મલનાડીઓનું **જ્ઞાન** થાય છે.

૧૪) ગળામાં કૂવા જેવા ખાડાવાળા ભાગ પર સંયમ કરવાથી **ભૂખ-તરસ-શમી જાય** છે, કારણ કે ત્યાંની ઘંટિકાનાડીમાંથી રસ ઝરે છે.

૧૫) કંઠકૂવાની નીચે રહેલી કૂર્મનાડી પર સંયમથી **મનની ચપળતા દૂર** થઇ **સ્થિરતા** સિદ્ધ થાય છે.
૧૬) હૃદયમાં રહેલો સાત્વિક પ્રકાશ પ્રસરતો બ્રહ્મરંધ્રમાં ભેગો થાય તેને મૂર્ધજ્યોતિ કહેવાય...તેને વિશે સંયમ કરવાથી ધરતી અને સ્વર્ગ વચ્ચે રહેલા સિદ્ધપુરૂષ તરીકે ઓળખાતા **દિવ્યપુરૂષોનું દર્શન, વાર્તાલાપ** થાય છે.
૧૭) નિમિત્ત વગર માત્ર મનથી તાત્કાલિક ઉત્પન્ન થતું અવિસંવાદી જ્ઞાન= પ્રતિભા= પ્રાતિભજ્ઞાન...ત્યાં સંયમ કરવાથી વિવેકખ્યાતિમાં પૂર્વમાં ઉત્પન્ન થતું **તારકજ્ઞાન** ઉત્પન્ન થાય છે. (સૂર્યોદયની પહેલા થતા અરૂણોદય જેવું. તેનાથી તમામ પ્રકારનું જ્ઞાન થાય છે.)
૧૮) શરીરના પ્રદેશવિશેષમાં આવેલા ઊંધા મોઢાવાળા નાનકડા કમળના આકારના હૃદય પર સંયમ કરવાથી સ્વ-પરના હૃદયમાં રહેલા વાસના-રાગ આદિ **ભાવોનું જ્ઞાન** થાય છે.
૧૯) પાતંજલદર્શનમાં પ્રકૃતિ-બુદ્ધિ આદિ જડ છે, પોતાના માટે કોઇ ભોગ કરવાનો નથી. તે પુરૂષના ભોગ માટે જ પ્રવૃત્તિ કરે છે. પરાર્થભોગ સમાપ્ત થતાં કૃતકૃત્ય થઇ જતાં કર્તૃત્વનું અભિમાન છોડી પોતાના સ્વરૂપનું જ કેવળ આલંબન લે છે. આવી અવસ્થામાં રજો-તમોગુણ દૂર થઇ માત્ર સત્ત્વગુણ અત્યંત બળવાન બનતાં અંતઃકરણ અત્યંત નિર્મળ બને છે, ત્યારે તેમાં ચિત્‌છાયાસંક્રમ થાય તે સ્વાર્થ કહેવાય. આવા સંયમથી **આત્મા વિશે જ્ઞાન** થાય છે. પોતાના વિષયક જ્ઞાન સત્ત્વગુણપ્રધાન બુદ્ધિમાં રહે છે તેવું પુરૂષ જાણે છે, પરંતુ તે સ્વયં જ્ઞાનનો વિષય બનતો નથી. જ્ઞાતા-જ્ઞેય બન્ને પરસ્પર અત્યંત વિરોધી છે માટે...
૨૦ થી ૨૫) સ્વાર્થસંયમ એ પુરૂષસંયમનું બીજું નામ છે, તેના અભ્યાસથી પૂર્વે જણાવેલ **પ્રાતિભજ્ઞાન** થાય છે...જેના પ્રભાવથી દિવ્યશબ્દ જણાવતું **શ્રાવણજ્ઞાન**, દિવ્યસ્પર્શને જણાવતું **વેદના,** દિવ્યરૂપને જણાવતું **આદર્શ,** દિવ્યરસનો અનુભવ કરાવતો **આસ્વાદ** અને દિવ્યગંધની અનુભૂતિ કરાવતું **વાર્તા** પ્રાપ્ત થાય છે. આ બધી સિદ્ધિઓ પ્રકર્ષ પામી રહેલ સમાધિને શિથિલ બનાવનાર છે, જ્યારે વ્યવહારદશામાં ઉત્સાહ (હું સાચા રસ્તે છું એવો વિશ્વાસ પેદા કરાવી) વધારનાર અને વિશિષ્ટ ફળદાયક હોવાથી **'સિદ્ધિ'** ગણાય છે.
૨૬) સર્વવ્યાપી હોવા છતાં આત્મા અને મન જે કર્મના કારણે શરીરની મર્યાદાને બંધાઇને રહે છે તે કર્મો ઘટવાથી (નબળા પડવાથી) અને

હૃદયપ્રદેશથી ઇન્દ્રિય દ્વારા વિષયઅભિમુખ પ્રસરતા ચિત્તના જ્ઞાનથી એટલે કે પોતાના કે બીજાના શરીરમાં 'આ ચિત્તવાહિની નાડી છે, તેના દ્વારા ચિત્ત બધે પહોંચે છે, આ નાડી રસવાહિની, પ્રાણવાહિની કરતાં જુદી છે.'–આવું જ્ઞાન થવાથી યોગના આરાધકનું ચિત્ત મરેલા કે જીવતા બીજાના શરીરમાં પ્રવેશ કરે છે, તેને ઇન્દ્રિયો અનુસરે છે અને સ્વેચ્છાનુસાર પરશરીરનો તે ભોગવટો કરી શકે છે. આ **પરકાયપ્રવેશ** નામની યોગની સિદ્ધિ છે.

૨૭) જઠરાગ્નિને વીંટળાઇને રહેલા સમાન વાયુ પરના સંયમથી અગ્નિ ઉપરનું વાયુનું આવરણ દૂર થાય છે, તેથી અગ્નિ ઊર્ધ્વગતિ કરે છે, જેના કારણે યોગીના શરીરમાં **સૂર્યપ્રકાશ જેવું ચમકતું તેજ** પ્રગટે છે.

૨૮) ડોક અને માથાની સંધિના પાછલા ભાગથી માંડીને મસ્તક સુધી વ્યાપીને રહેલા ઉદાન વાયુ પરના વિજયથી અસંગપણું આવવાથી યોગી **પાણી-કાદવ-કાંટા પર હળવાફૂલ બની ચાલી** શકે છે.

૨૯) પાતંજલ મતે કાન એ શબ્દને ગ્રહણ કરનાર અહંકારથી ઉત્પન્ન થતી ઇન્દ્રિય છે. શબ્દ તન્માત્રમાંથી આકાશ ઉત્પન્ન થાય છે. આમ આકાશ દેશ છે, કાળ દેશી છે. આ દેશ-દેશી ભાવસંબંધનો સંયમ કરવાથી એક સાથે **સૂક્ષ્મ શબ્દ, આડશથી આવરાયેલ શબ્દ, દૂરના શબ્દ ગ્રહણ** કરી શકે છે.

૩૦) શરીર-આકાશ વચ્ચે થતા અવકાશદાન સંબંધનો સંયમ કરવાથી શરીર રૂ જેવું હળવું બને છે, જેનાથી પહેલા પાણી પર ચાલી શકે, પછી કરોળિયાના જાળને પકડીને, છેલ્લે સૂર્યકિરણનો આધાર લઇને **યથેચ્છપણે આકાશમાં ઉડી શકે છે.**

૩૧) શરીરમાં 'હું' પણાની બુદ્ધિ તૂટવી તે મહાવિદેહાવૃત્તિ કહેવાય. તેનાથી પ્રકાશનું આવરણ તૂટે છે-તેથી યોગી **સ્વેચ્છા મુજબ વિચરે છે, જાણે છે.**

૩૨) પૃથ્વી વગેરે પાંચ ભૂતની પાંચ અવસ્થાઓ છે–

**i) સ્થૂલરૂપ** – પાંચ ભૂતનો દેખાતો વિશિષ્ટ આકાર...

**ii) સ્વરૂપ** – પૃથ્વીનો કર્કશતા, પાણીનો સ્નેહ (ચીકાશ) ગુણ, અગ્નિનો ઉષ્ણતા, વાયુનો પ્રેરણા અને આકાશનો અવકાશદાનરૂપ સ્વભાવ છે...

**iii) સૂક્ષ્મભૂત** – જેમાંથી પાંચ મહાભૂત ઉત્પન્ન થાય.

ગંધતન્માત્રથી – પૃથ્વી, રસતન્માત્રથી – જલ, રૂપતન્માત્રથી – અગ્નિ, સ્પર્શતન્માત્રથી – વાયુ, શબ્દતન્માત્રથી – આકાશ ઉત્પન્ન થાય...

iv) **અન્વય** – બધા ભૂતોમાં સત્ત્વનો અન્વય પ્રકાશરૂપે, રજસ્‌નો અન્વય પ્રવૃત્તિરૂપે અને તમસ્‌નો અન્વય સ્થિતિરૂપે દેખાય છે.

v) **અર્થવત્ત્વ** – સત્ત્વ આદિ તે જ ગુણોમાં ભોગ કરવાની અને મોક્ષ સંપાદિત કરી આપવાની શક્તિ તે અર્થવત્ત્વ...

આ પાંચ અવસ્થાઓમાં સંયમ કરવાથી ક્રમશઃ ભૂત પર જય મળે છે, તેનાથી તે **પાંચે ભૂતો યોગીની ઇચ્છાને અનુસરે છે.**

૩૩) પાંચ મહાભૂત પરના વિજયથી **અષ્ટ મહાસિદ્ધિ** પ્રાપ્ત થાય છે–

i) **અણિમા** – શરીર અત્યંત નાનું બની શકે.

ii) **ગરિમા** – શરીર વજ્ર જેવું ભારે બને.

iii) **લઘિમા** – શરીર રૂ જેવું હળવંફૂલ બને.

iv) **મહિમા** – આંગળીથી ચંદ્રને અડી જાય તેવું વિરાટ શરીર બને.

v) **પ્રાકામ્ય** – ઇચ્છાપૂર્તિમાં વિઘ્ન ન આવે.

vi) **ઇશિત્વ** – શરીર અને અંતઃકરણ પર સ્વનિયંત્રણ પ્રાપ્ત થાય...

vii) **વશિત્વ** – સમગ્ર પ્રકૃતિ પર નિયંત્રણ પ્રાપ્ત થાય.

viii) **યત્રકામાવસાયિત્વ** – પોતાના ઇષ્ટ કાર્યને પરિપૂર્ણ કરીને જ રહે.

૩૪) **કાયસમ્પત્ :**– ભૂતવિજયથી ઉત્તમ દેહસૌંદર્ય, લાવણ્ય, બળ અને વજ્ર જેવું સંઘયણ મળે.

૩૫) **તદ્ધર્માનભિઘાત :**– યોગીની કાયાને અગ્નિ બાળી ન શકે, પાણી ભીંજવી ન શકે, શસ્ત્ર છેદી ન શકે.

૩૬) **ઇન્દ્રિયજય :**– i) **ગ્રહણ** – ઇન્દ્રિયોની વિષયાભિમુખ પ્રવૃત્તિ...

ii) **સ્વરૂપ** – ઇન્દ્રિયોનું સામાન્યથી પ્રકાશકત્વ...

iii) **અસ્મિતા** – અહંકાર – હું એટલે ઇન્દ્રિય એવો ભ્રમ.

iv) **અન્વય** – v) **અર્થવત્ત્વ** – પૂર્વે ૩૨ મી સિદ્ધિમાં અર્થ બતાવેલ છે. આ પાંચ પર સંયમ કરવાથી **ઇન્દ્રિયજય** પ્રાપ્ત થાય છે.

૩૭) ઇન્દ્રિયજયથી **મનોજય** થાય છે.

૩૮) શરીરથી નિરપેક્ષપણે ઇન્દ્રિયની વૃત્તિ થવા રૂપ **વિકરણભાવ** થાય છે.

૩૯) પ્રધાન=પ્રકૃતિ પર વિજય મળે છે. **સર્વપદાર્થો સ્વવશ** થાય છે.

૪૦) પ્રકૃતિ અને પુરૂષ સર્વથા જુદા છે–આ પ્રમાણે ભેદજ્ઞાન થવાથી સત્ત્વાદિ

ગુણોમાં રહેલું અભિમાન નબળું પડે છે. જે (યોગી) શુદ્ધ સાત્વિક પરિણામરૂપ અન્યથાખ્યાતિમાં જ રહે છે તેને સર્વજ્ઞતા અને સત્ત્વાદિગુણોના તમામ પરિણામો અંગે માલિકની જેવું આધિપત્ય મળે છે. આ બન્નેને **વિશોકાસિદ્ધિ** કહેવાય છે.

૪૧) આ વિશોકાસિદ્ધિ પર પણ વૈરાગ્ય થવાથી યોગીના રાગાદિ દોષોના બીજરૂપ **અવિદ્યાનો ક્ષય** થાય છે. અવિદ્યાનો ક્ષય થતાં **કૈવલ્ય**=પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય છે. અહીં દેવો દ્વારા અપ્સરાઓ, રસાયનો, દિવ્ય ભોગસામગ્રીથી નિમંત્રણ કરાવા છતાં અનાસક્તભાવ અને વિસ્મયઅભાવ રહે તો સ્વરૂપ અવસ્થાન ટકી રહે. અન્યથા આસક્તિથી વારંવાર વિષયભોગની પ્રવૃત્તિ થાય, તથા વિસ્મય-અભિમાન કરે તો પોતાને કૃતાર્થ માનતા સમાધિમાં આગળ વધવાનો ઉત્સાહ તૂટી જાય...

૪૨) કાળનો સૌથી સૂક્ષ્મ અંશ — ક્ષણ, તેના ક્રમના પૂર્વાપરભાવ (પહેલા-પછી થવું) સંબંધના સંયમથી પ્રગટતું **વિવેકજન્ય જ્ઞાન પદાર્થના સૂક્ષ્મ ભેદનો સાક્ષાત્કાર** કરાવી શકે છે. જાતિ, લક્ષણ અને દેશથી પદાર્થોમાં ભેદ પડે છે. 'આ ગાય છે'. 'આ પાડો છે'—**આ જાતિથી ભેદ,** 'કાબરચીતરી ગાય' 'લાલ ગાય' – આ **લક્ષણથી ભેદ,** બધી રીતે સરખા દેખાતા બે અલગ અલગ જગ્યાએ રહેલા આમળા–**આ દેશથી ભેદ..**આ ત્રણથી પણ જેનો ભેદ કરવો શક્ય ન બને તેના ભેદની પ્રતીતિ વિવેકજન્ય જ્ઞાનથી થાય છે.

આ જ્ઞાન અગાધ સંસારસમુદ્રથી તારનારું હોવાથી તેને **તારકજ્ઞાન** તરીકે ઓળખાય છે–આ જ્ઞાનની **સંજ્ઞા** થઇ.

–મહદ્ વિગેરે તમામ પદાર્થો તેના વિષય બને છે–જ્ઞાનનો **વિષય** થયો.

–સ્થૂલ-સૂક્ષ્મ બધી જ રીતે વિષયને જણાવનારું તથા અતીત-અનાગત-વર્તમાન ભાવોને એક સાથે ગ્રહણ કરતું હોવાથી અક્રમ છે. **સ્વભાવ** થયો.

હવે તારકજ્ઞાન થવાથી પ્રકૃતિનું જ્ઞાન કે ભોગ–કોઇ કાર્ય ન રહેવાથી તેના બધા કાર્યો સ્વકારણમાં વિલીન થઇ જાય છે. આમ પુરૂષ અને પ્રકૃતિ બન્નેની શુદ્ધિ થઇ જાય છે. એકલા પુરૂષ(આત્મા)નું અસ્તિત્વ રહે છે. આ જ કૈવલ્ય છે, આ જ મોક્ષ છે. (પુરૂષની શુદ્ધિ–ઔપચારિક ભોગનો અભાવ, પ્રકૃતિની શુદ્ધિ–સર્વથા કર્તૃત્વનું અભિમાન છૂટવાથી સ્વકારણ પ્રધાનતત્ત્વમાં પ્રવેશ પામવો.)

❁ અત્યાર સુધી પાતંજલવિદ્વાનોનો મત દેખાડ્યા પછી **ગ્રંથકારશ્રી જૈનમત બતાવે છે.** સિદ્ધિઓમાં વૈવિધ્યનું કારણ કર્મના ક્ષયોપશમનું વૈચિત્ર્ય છે.

જ્ઞાનપ્રાપ્તિમાં જ્ઞાનાવરણ આદિના ક્ષયોપશમ અને શક્તિવિશેષની પ્રાપ્તિમાં વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ આદિ હેતુ છે. જિનશાસનમાં સંયમ એટલે સત્પ્રવૃત્તિ અને સર્વસાવદ્યનિવૃત્તિ...નહીં કે તે તે વિષયમાં જ્ઞાનના પ્રણિધાન (સંકલ્પ) રૂપ...મર્યાદિત આયુષ્યમાં અનન્તવિષયવાળા જ્ઞાનને પ્રત્યેક વિષયના સંયમથી સાધવું શક્ય નથી. જિનશાસનમાં શાસ્ત્રવિહિત કે જિનાજ્ઞાવિહિત અનુષ્ઠાનના પાલન કે માત્ર પ્રણિધાનરૂપ સંયમથી જ મોહક્ષય થઇ અનંતજ્ઞાનોત્પત્તિ થઇ શકે.

ચિત્તની એકાગ્રતા માટે અલગ અલગ વિષયનું આલંબન લઇએ તો તેમાં કોઇ વાંધો નથી. છેવટે આત્માનું પ્રણિધાન આવે તો જ આખું સંયમ સફળ થાય...આત્માને જ્ઞાનનો વિષય બનાવ્યા વિના તો બધું નિષ્ફળ જ જાય...

પૂર્વજન્મમાં કરેલા કર્મોનું પ્રાયશ્ચિત્ત એ પાપોનું નાશક હોવાથી યોગ છે, તો નિશ્ચયનયથી અપૂર્વકરણના પ્રારંભે અંતઃકોડાકોડિસાગરોપમની સ્થિતિ **વિશેષાવશ્યક ભાષ્યમાં** અવશ્ય બતાવેલી છે, તેનો નાશ ધર્મસંન્યાસથી જ થાય છે, તેથી ધર્મસંન્યાસ એ પણ યોગ છે.

તપથી જે નિકાચિત કર્મ ખપે છે તે આઠમા ગુણસ્થાનકે અપૂર્વકરણ વખતે ઉદયમાં આવતા ધર્મસંન્યાસયોગને આશ્રયી જાણવું. જે તે કોઇ તપને આશ્રયીને નહીં...

## યોગનું માહાત્મ્ય

- ક્ષણવારમાં ક્રૂર કર્મોનો નાશ કરનાર છે યોગ...
- પક્ષપાત વિના પાપીઓને પણ મોક્ષમાં લઇ જનાર છે યોગ...
- આત્માના મહાન ઉદયરૂપી સરોવરના કિનારે વહેતી પવનની શીતલ લહેર છે યોગ...
- પાપકર્મનો આત્મામાં પ્રવેશ અટકાવનાર વજ્રનો આગળિયો છે યોગ...
- સંસારના તાપને શાંત કરવા વાદળ સમાન છે યોગ...
- સાંસારિક પ્રવૃત્તિ માટે યોગની ઉપેક્ષા આપઘાત સમાન છે...
- અન્ય ધર્મમાં યોગમાં અનુગ્રહ કરનાર તરીકે કલ્પિત ભગવાન પોતે–અનંતપુણ્યભંડાર શ્રી જિનેશ્વર ભગવંતથી અનુગ્રાહ્ય (મહેરબાની મેળવનાર) છે.
- રાજ્યલક્ષ્મીના ભોગવટાકાળમાં પણ **ભરત** કેવળજ્ઞાન પામ્યા તે યોગનો પ્રભાવ...
- પૂર્વે કદાપિ ધર્મ ન પામવા છતાં **મરુદેવા** માતાનું મુક્તિગમન તે યોગનો પ્રભાવ...





# ૨૭

# ભિક્ષુ બત્રીશી

વીતરાગને, વીતરાગશાસનને માન્ય ભિક્ષુ કેવો હોય ?

૧) યોગ્યતાપૂર્વક દ્રવ્ય-ભાવઘર છોડીને નીકળનાર.

૨) જ્ઞાનવૃદ્ધ ગુરુભગવંતોના વચનમાં મનનું પ્રણિધાન કરનાર...

૩) ચક્ષુના કટાક્ષોથી વિકારી બનાવનાર સ્ત્રીઓને આધીન ન થનાર...

૪) વમેલા ભોગસુખને ફરી નહીં ચાખનાર...

૫) સુખરાગી અને દુઃખદ્વેષી પૃથ્વીકાયાદિ ષટ્કાય જીવોને પોતાના તુલ્ય ગણી મહાવ્રતપાલનમાં તત્પર રહેનાર...

૬) ત્રસ-સ્થાવર જીવોની હિંસાથી સાધુને ઉદ્દેશીને બનાવેલું કે બનાવડાવેલું ભોજન નહીં વાપરનાર...

૭) જિનવચનથી નિત્ય આરાધનામાં ઉદ્યુક્ત રહેનાર...

૮) ચાર કષાયોના ત્યાગી....

૯) સોનુ-ચાંદી આદિ તમામ પરિગ્રહના ત્યાગી...

૧૦) મમત્વપૂર્વકના ગૃહસ્થના સંબંધને છોડનાર...

૧૧) ભાવસમ્યગ્દર્શનથી જે યુક્ત હોય...

૧૨) તપ-સંયમની બુદ્ધિ વિશે જે સદા અમૂઢ હોય...

૧૩) બીજા-ત્રીજા દિવસે કામ લાગશે એવા આશયથી ભોજન આદિને રાખી ન મૂકે.

૧૪) અન્ય સંયમીઓ પ્રત્યે પોતાના તુલ્ય વાત્સલ્યભાવ રાખી ભક્તિ-વૈયાવચ્ચ કરી પછી જ વાપરે...

૧૫) ભોજન કર્યા પછી પ્રમાદ ન કરે પણ સ્વાધ્યાય કરે. અહીં સદા અપ્રમત્તપણું લેવાનું છે.

૧૬) વાતચીતમાં જે ગુસ્સે ન થાય.

૧૭) અત્યંત ઝઘડો ન કરે.

૧૮) ઉચિત્તપ્રવૃત્તિમાં અનાદર ન કરે.

૧૯) અનુચિત પ્રવૃત્તિમાં આદર ન રાખે.

૨૦) પગ વિગેરે અવયવો માટે કાંટા જેમ દુઃખદાયી છે તેમ ઇન્દ્રિયોને દુઃખદાયી ઠપકો-પ્રહાર-અપમાન આદિને સહન કરે.

૨૧) સ્મશાને કાઉસગ્ગમાં રહે ત્યારે ભયનિમિત્તોથી ડરે નહીં...

૨૨) કઠોર વચનોથી ઠપકો અપાવા છતાં, દાંડા આદિથી મરાવા છતાં કે તલવાર આદિથી હણાવા છતાં પૃથ્વીની જેમ કોઇ પ્રતિકાર ન કરે.

૨૩) શરીર પર મમત્વ ન કરે અને શોભા-શણગાર આદિ ન કરે.

૨૪) સાધનાના પ્રભાવે ભવિષ્યમાં મળનારા ફળની આશંસાથી રહિત હોય. નિયાણું ન કરે.

૨૫) નૃત્ય-ખેલ આદિ જોવાનું કુતૂહલ ન રાખે...

૨૬) 'અનાદિકાળથી તમામ જડદ્રવ્યોની જંજાળથી મુક્ત શુદ્ધ ચિદાનંદ-(જ્ઞાનાનંદ)મય આત્મસ્વભાવધારક હું છું.' આવા આત્મસ્વભાવનો અનુભવ થવાથી બાહ્યતત્ત્વથી અનાસક્ત બનેલ આત્મા શૂલ-તાવ આદિથી શરીર પીડાય ત્યારે પણ–'હું પુદ્‌ગલથી ભિન્ન હોવાથી મને કોઇ તકલીફ-પીડા નથી, પુદ્‌ગલને પીડા છે' આવું વિચારી **નમિરાજર્ષિ**ની જેમ સ્વમસ્તીમાં રમે.

૨૭) કારણ ન હોય ત્યારે કાચબાની જેમ હાથ-પગને સંકોચી રાખે, યોગ્ય કારણ આવે ત્યારે ઇર્યાસમિતિ આદિના પાલનપૂર્વક વાણીનો સંયમ કરે.

૨૮) અશુભ વાણીની અટકાયત અને શુભ વચનના ઉચ્ચારપૂર્વક વાણીનો સંયમ કરે.

૨૯) ઇન્દ્રિયના વિષયોમાં આસક્ત ન બને.

૩૦) આત્મચિંતન–આત્મધ્યાનમાં મગ્ન હોય...

૩૧) સૂત્ર-અર્થનું ઉપયોગપૂર્વક ચિંતન કરે.

૩૨) પોતે ગોચરી વહોરવા આવવાના છે એની જાણકારી ન હોય એવા ઘરોમાંથી થોડી થોડી નિર્દોષ ભિક્ષા લે.

૩૩) અનુકૂળ દ્રવ્યો ન મળે તો તેની માંગણી ન કરે.

૩૪) જે મળી જાય તેમાં આસક્તિ ન કરે.

૩૫) વિવિધ લબ્ધિઓની, લોકો દ્વારા વસ્ત્રાદિથી થતા સત્કારની, પુષ્પાદિથી સન્માનની કે અસંયમથી પોષાતી જિંદગીની ઇચ્છા ન રાખે...

૩૬) બીજાને ગુસ્સો કરાવનાર વચન ન બોલે.
૩૭) સ્વશિષ્ય સિવાયના મહાત્મા કુશીલ હોય તો'ય તેમને કુશીલ ન કહે.
૩૮) પ્રત્યેક આત્માના પોતાના પુણ્ય-પાપ જુદા જુદા છે, તે બીજામાં સંક્રમિત થતા નથી. સહુ પોતાના જ પુણ્ય-પાપનો ભોગવટો કરે છે તે જાણે..
૩૯) તેથી જાતિ વગેરેના મદથી રહિત હોય...
૪૦) અન્યોને શુદ્ધ ધર્મની વ્યવસ્થા જણાવનાર...
૪૧) સ્વયં શુદ્ધ ધર્મમાં સ્થિર રહી બીજાને સ્થાપે...
૪૨) શિથિલાચારીની મલિન/નિર્બળ ધર્મચેષ્ટાનો ત્યાગ કરે.
૪૩) જેને ઉદ્વેગ, શોક, રૂદન, આક્રંદ, જુગુપ્સા, હાસ્ય કે રમતગમત-ક્રીડા ક્યારેય ન હોય...
૪૪) આ શરીર લોહી-વીર્યથી ઉત્પન્ન થયેલું, અપવિત્ર કે વિનાશી છે એમ માનીને જે શાશ્વત મોક્ષ માટે અખંડ પુરૂષાર્થ કરે.

આવો સંયમી સાચો ભિક્ષુ છે. જે ભિક્ષા વડે ભૂખને ભેદે તે ભિક્ષુ...આ વ્યુત્પત્તિ છે. તે મુજબ અશુભ કર્મરૂપી ભૂખને આગમના ઉપયોગપૂર્વકના ઉગ્રતપ દ્વારા જે ભેદે છે તે ભાવભિક્ષુ છે. અહીં અશુભકર્મ=ભેદ્ય છે, આગમના ઉપયોગપૂર્વકનો તપ=ભેદન છે, ભિક્ષુ=ભેદક છે.

હવે ભાવસાધુના વિવિધ પર્યાયવાચી શબ્દો બતાવવામાં આવે છે.

**૧) ભિક્ષુ** – સર્વદોષરહિત નિર્દોષ ભિક્ષાવૃત્તિથી જીવે તે ભિક્ષુ...
**૨) યતિ** – શાસ્ત્રદર્શિત ગુણોને વિશે ભાવપૂર્ણ પ્રયત્ન કરનાર...
**૩) ભવાન્ત** – સંસારના નાશક...
**૪) ચરક** – સત્તર પ્રકારનું સંયમ આચરનાર...
**૫) ક્ષપક** – પાપ ખપાવનાર...
**૬) તપસ્વી** – તપલક્ષ્મીથી શોભનારા...
**૭) તીર્ણ** – વિશુદ્ધ સમ્યગ્દર્શન આદિના લાભથી સંસારસાગર તરી જનાર...
**૮) તાયી** – સારી રીતે જાણેલી દેશના દ્વારા શિષ્યની રક્ષા કરનાર...
**૯) વ્રતી** – હિંસાદિ આશ્રવથી વ્રતપૂર્વક અટકેલા...
**૧૦) દ્રવ્ય** – રાગ-દ્વેષથી રહિત...
**૧૧) ક્ષાન્ત** – ક્ષમા કરનાર...

૧૨) **દાન્ત** – ઇન્દ્રિયો પર નિયંત્રણ કરનાર...
૧૩) **મુનિ** – જગતની ત્રણે કાળની અવસ્થાનું ચિંતન કરનાર...
૧૪) **યતિ** – સંન્યાસાશ્રમરૂપ સૌથી ચડિયાતા આશ્રમવાળા અથવા શ્રેષ્ઠ પ્રયત્નવાળા...
૧૫) **ઋજુ** – માયારહિત-સરળ...
૧૬) **પ્રજ્ઞાપક** – મોક્ષમાર્ગના પ્રરૂપક...
૧૭) **વિદ્વાન** – પંડિત...
૧૮) **વિરત** – વિષયસુખથી પાછા કરેલા, અટકેલા, વિરતિવાળા...
૧૯) **તાપસ** – તપની મુખ્યતાથી જીવનારા...
૨૦) **બુદ્ધ** – તત્ત્વના જાણકાર...
૨૧) **પ્રવ્રજિત** – પાપથી બહાર નીકળી ગયેલ...
૨૨) **મુક્ત** – લોભરહિત...
૨૩) **અનગાર** – દ્રવ્ય-ભાવ ઘરથી રહિત...
૨૪) **પાષંડી** – બંધનમાંથી મુક્ત થયેલ...
૨૫) **બ્રાહ્મણ** – વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલક...
૨૬) **પરિવ્રાજક** – પાપત્યાગી
૨૭) **સંયત** – સંયમનો સાધક...
૨૮) **સાધુ** – મોક્ષસાધક યોગોની સાધના કરનાર...
૨૯) **લૂક્ષ / ઋક્ષ** – સ્વજનો આદિ પ્રત્યે સ્નેહ ન રાખનાર...
૩૦) **તીરાર્થી** – સંસારના કાંઠે પહોંચવાને ઇચ્છુક...
૩૧) **નિર્ગ્રન્થ** – દ્રવ્ય-ભાવ ગ્રંથિ=ગાંઠ=પરિગ્રહથી રહિત...
૩૨) **શ્રમણ** – સર્વજીવ પ્રત્યે આત્મતુલ્ય ભાવ રાખનાર...

**ભાવભિક્ષુના લિંગ–**

૧) **સંવેગ** – મોક્ષસુખનો તીવ્ર અભિલાષ...ઉપલક્ષણથી...
૨) **નિર્વેદ** – સંસારથી ઉદ્વેગ સ્વરૂપ...
૩) **વિષયત્યાગ** – ભોગસુખના સાધનોનો ત્યાગ...
૪) **સુશીલસંગતિ** – સદાચારી સાધુઓની સંગતિ...
૫) **સમ્યગ્જ્ઞાન** – યથાવસ્થિત વસ્તુતત્ત્વનો બોધ...

**૬) સમ્યગ્દર્શન** –યથાવસ્થિત વસ્તુસ્વરૂપ પર શ્રદ્ધા કરવી...નિસર્ગ-અધિગમ એમ બે પ્રકારે...કારક-રોચક-દીપક એમ ત્રણ પ્રકારે...ઔપશમિકાદિ પાંચ પ્રકારે...

**૭) સમ્યક્ચારિત્ર** – સામાયિક, છેદોપસ્થાપનીય આદિ પાંચ પ્રકારે...

**૮) આરાધના** – અંતિમ સમયની નિર્યામણા...

**૯) વિનય** – ગુણપ્રાપ્તિ અને ગુણપોષણ માટે ગુણવાન જીવોની આરાધના...

**૧૦) તપ** – યથાશક્તિ ૬ બાહ્ય-૬અભ્યંતર તપનું સેવન કરવું...

**૧૧) ક્ષાન્તિ** – આક્રોશ, ઠપકો આદિ સાંભળવા છતાં ક્રોધ ન કરવો...

**૧૨) માર્દવ** – શ્રેષ્ઠ જાતિ વગેરે મળવા છતાં અભિમાનનો ત્યાગ કરવો...

**૧૩) ઋજુતા** – આપણી સાથે બીજો ઠગાઇ કરે તો'ય માયાનો ત્યાગ કરવો...

**૧૪) તિતિક્ષા** – ભૂખ-તરસ આદિ પરિષહોને સહન કરવા...

**૧૫) મુક્તિ** – ધર્મના ઉપકરણો પ્રત્યે પણ મૂર્ચ્છા-મમત્વનો ત્યાગ...

**૧૬) અદીનતા** – ગોચરી-પાણી આદિ ન મળે તો પણ વિહ્વલ ન થવું...

**૧૭) આવશ્યકવિશુદ્ધિ** – અવશ્ય કરવાયોગ્ય આરાધનાના યોગોને નિરતિચારપણે આરાધવા.

ઉપરોક્ત તમામ ગુણથી યુક્ત હોય તે જ ભાવભિક્ષુ કહેવાય...તેનાથી વિપરીત=ઓછા ગુણવાળા હોય તે ભાવસાધુ ન કહેવાય...

કષ આદિ પરીક્ષાથી શુદ્ધ સોનાના ગુણયુક્ત સોનુ જ સોનુ કહેવાય... કૃત્રિમ સુવર્ણ નહીં...સોનામાં આઠ ગુણ છે.

| **અસલી સુવર્ણના ગુણ** | **ભાવસાધુની મહત્તા...** |
|---|---|
| ૧) ઝેરનો નાશ કરે | ૧) આશ્રિતના મોહવિષને દૂર કરે. |
| ૨) વીર્ય-ઉંમરનું સ્તંભન કરનાર રસાયણ... | ૨) ધર્મદેશનાથી મોક્ષમાર્ગની સાધના કરાવી મોક્ષે લઇ જઇ અમર બનાવે. |
| ૩) મંગલકારી | ૩) ગુણવત્તાથી બીજા માટે મંગલરૂપ |
| ૪) ગમે તેવો ઘાટ આપી શકાય તેવું વિનીત | ૪) સ્વભાવથી જ વિનયયુક્ત. |
| ૫) તપાવવામાં આવે ત્યારે પ્રદક્ષિણાવર્ત આકારે ફરે... | ૫) મોક્ષમાર્ગને અનુસરનાર હોવાથી સર્વત્ર પ્રદક્ષિણાવર્ત જ ગણાય... |
| ૬) સારભૂત=ભારે. (વજનથી) | ૬) ગંભીરતા આદિ ગુણોથી દૃઢ=ભારે. |

| | |
|---|---|
| ૭) અગ્નિથી બળે નહીં... | ૭) ક્રોધાગ્નિથી બળે નહીં. |
| ૮) કોહવાતું નથી. | ૮) શીલાદિ ગુણોના કારણે કોહવાતું નથી... |

❀ **નીચેની અવસ્થામાં ભાવસાધુપણુ સંભવતું નથી..**

૧) ગમે ત્યાં પૃથ્વીકાયાદિની વિરાધના કરે.

૨) નિર્દોષ વસતિ મળતી હોવા છતાં મૂર્ચ્છાથી પોતાની માલિકીનું ઘર બનાવે અથવા ભાડે ઘર રાખે...

૩) વિના કારણે ઔદ્દેશિક વિગેરે દોષવાળી ગોચરી વાપરે...

૪) વિના કારણે સ્પષ્ટપણે કાચું જણાતું પાણી પીએ તે ભાવભિક્ષુ કઇ રીતે કહેવાય ?

આરંભ-સમારંભમાં બેઠેલા ગૃહસ્થો સરલ વ્યક્તિઓ પાસે યાચના કરે, અથવા ગરીબ, પ્રજ્ઞાચક્ષુ અને કંજૂસ લોકો યાચના કરે તે ખરેખર દ્રવ્યભિક્ષુ કહેવાય...

❀ ત્રસ-સ્થાવર જીવોની કાયમ હિંસા કરે, બ્રહ્મચર્ય ન પાળે, મિથ્યાત્વી હોય, બિનજરૂરીપણે ભેગું કરે (સંગ્રહ કરે), સચિત્તનું ભોજન કરે, વિશુદ્ધ તપના અભાવથી તથા અજ્ઞાનના કારણે જેમની શક્તિઓ હણાયેલી હોય, ઘરનો ત્યાગ કરવા છતાં મન-વચન-કાયાથી પાપમાં આસક્ત હોય તે બધા દ્રવ્યભિક્ષુ કહેવાય...

❀ લાકડાને છોલતો-કાપતો હોવાથી સુથાર દ્રવ્યભિક્ષુ (ભેદ કરે તે ભિક્ષુ એ વ્યાખ્યા મુજબ) કહેવાય. બ્રાહ્મણ આદિ ભિક્ષા લેતા હોવાથી દ્રવ્યભિક્ષુ કહેવાય.

❀ શુદ્ધ સંવિગ્નપાક્ષિક સાધુ અથવા જે ગૃહસ્થ શ્રાવકની વિશિષ્ટ આરાધનારૂપ પ્રતિમા પૂર્ણ કરી દીક્ષા લેવાનો છે તે પ્રધાનદ્રવ્યભિક્ષુ કહેવાય...

❀ ભાવભિક્ષુના અનંતા ગુણો છે, જેનું ભાવન (ચિંતન) પણ પરમાનંદદાયી બની શકે છે.







# ૨૮

# દીક્ષા બત્રીશી

❁ કલ્યાણનું દાન કરે અને અકલ્યાણનો ક્ષય (નાશ) કરે તે દીક્ષા. ભાવદીક્ષા નિયમા જ્ઞાની(ગીતાર્થ)ને અથવા જ્ઞાનીને પરતંત્ર(આજ્ઞાધીન)ને હોય. જેમ આંખે દેખતો અને દેખતાને અનુસરતો પ્રજ્ઞાચક્ષુ–બન્ને જે ગામ જવાનું છે ત્યાં સાથે જ પહોંચે છે તેમ જ્ઞાની અને જ્ઞાનીના નિશ્રાવર્તી બન્નેની મોક્ષમાર્ગમાં પ્રગતિ સરખી થઇ શકે.

❁ **માષતુષ મુનિ** જેવા મુગ્ધમતિ જીવમાં પણ ગુરુના રાગથી સારી રીતે ચારિત્રના અનુષ્ઠાનોને આરાધવાનું સામર્થ્ય હોય તો તેનામાં દીક્ષાની યોગ્યતા છે.

❁ દીક્ષાયોગ્ય જીવને આગમમાં બતાવેલ નામાદિન્યાસની વિધિપૂર્વક દીક્ષા આપવી જોઇએ. મુમુક્ષુનું નામસ્થાપન સંપ્રદાય મુજબ કરવાથી તે દીક્ષા નિર્વિઘ્ન સંપન્ન થાય છે. આગમપ્રસિદ્ધ નામનું સ્થાપન કરવાથી જ વિઘ્નરહિતપણે દીક્ષાનો નિર્વાહ થાય છે. નૂતન દીક્ષિતનું પ્રશાંત આદિ નામ રાખ્યું હોય, તો તે નામથી જ પ્રશમભાવ વગેરે ગુણોનું સ્મરણ થવાથી ઉત્તમ ખાનદાન કુળના આત્માઓ સ્વીકારેલી પ્રતિજ્ઞાનું સુંદર રીતે પાલન કરી શકે છે. પ્રશમભાવ આદિનું સ્વરૂપ તેમાં જોવા મળે છે...

❁ ગુણયુક્ત સાર્થક **નામથી** કીર્તિ પ્રાપ્ત થાય છે. કારણ કે નામ બોલવામાત્રથી શબ્દનો અર્થ જણાવાના લીધે વિદ્વાનોના અને સામાન્ય વ્યક્તિઓના મન પ્રસન્ન બને છે. જેમકે **સુધર્મસ્વામિ, ભદ્રબાહુસ્વામિ** આદિ...

❁ **સ્થાપના** એટલે વિશેષ પ્રકારનો આકાર...રજોહરણ, મુહપત્તિ વગેરેને ધારણ કરવા દ્વારા ભાવગર્ભિત પ્રવૃત્તિ થવાથી રાગ-દ્વેષાદિ ભાવરોગોનો નાશ થાય છે અને ભાવઆરોગ્યની પ્રાપ્તિ થાય છે...

❁ **દ્રવ્ય** નિક્ષેપથી વ્રતમાં સ્થિરતા થાય છે. દ્રવ્ય=ભાવનું કારણ. જ્ઞાનનયની દૃષ્ટિએ **આચારાંગ** વગેરે શાસ્ત્રો ભણવાથી અને ક્રિયાનયની માન્યતા મુજબ સાધુજીવનના તમામ આચાર પાળવાથી સ્વીકારેલી વિરતિમાં દૃઢતા થાય છે.

❁ **ભાવ**નિક્ષેપમાં – સમ્યગ્દર્શનાદિ રત્નત્રયની ટોચ એટલે ભાવદીક્ષા. તેનાથી

આચાર્યપણુ આદિ વિશિષ્ટ સ્થિર અવસ્થા પ્રકાશિત થાય છે. આ ચારે'ય નિક્ષેપા ભેગા થઇને પણ જ્યારે ઉત્કૃષ્ટ બને છે ત્યારે ચારે ય પરિણામ–કીર્તિ, ભાવઆરોગ્યાદિ ઉત્તરોત્તર ચડિયાતા પ્રાપ્ત થાય જ છે.

## ક્ષમાના પાંચ પ્રકાર –

**૧) ઉપકારક્ષમા** – ઉપકારી દ્વારા બોલાયેલા દુર્વચન આદિ સહન કરવા.

**૨) અપકાર ક્ષમા** – 'મારા કડવા વચન આદિને સહન નહીં કરી શકનાર મને નુકસાન કરશે' એવા આશયથી ક્ષમા રાખવી.

**૩) વિપાકક્ષમા** – ક્રોધાદિ કષાયો વિગેરેથી આલોક-પરલોકમાં થનારા નુકશાનને વિચારી ક્ષમા રાખવી...

**૪) વચનક્ષમા** – અન્ય કોઇપણ આલંબન વિના માત્ર જિનવચનને કેન્દ્રમાં રાખી ધારણ કરાતી ક્ષમા...

**૫) ધર્મક્ષમા** – શુદ્ધ આત્મસ્વભાવરૂપ ધર્મથી થતી ક્ષમા...ચંદનને છોલવામાં કે બાળવામાં આવે તો'ય સુગંધ-શીતલાદિ સ્વભાવ ન છોડે તેમ શરીરને છોલો, બાળો (પીડા આપો) તો'ય-પરોપકાર કરવો, સહજપણે અવિકારી રહેવું આદિ સ્વભાવ ન છોડે...

## ❁ આરાધનાના **અનુષ્ઠાનોના ચાર પ્રકાર :–**

**૧) પ્રીતિ અનુષ્ઠાન** – માત્ર સુંદરતાની બુદ્ધિથી પ્રગટેલી રૂચિથી થતું અનુષ્ઠાન...

**૨) ભક્તિ અનુષ્ઠાન** – ગૌરવપણાની બુદ્ધિથી આવેલ રૂચિપૂર્વકનું અનુષ્ઠાન...

**૩) વચન અનુષ્ઠાન** – સર્વત્ર કલ્યાણકર શાસ્ત્રકાર મહર્ષિઓના વચનને કેન્દ્રમાં રાખી કરાતું અનુષ્ઠાન...

**૪) અસંગ અનુષ્ઠાન** – દીર્ઘકાલીન અભ્યાસથી આત્મસાત્ થયેલું, બીજા બાહ્ય દ્રવ્યથી નિરપેક્ષપણે થઇ રહેલું અનુષ્ઠાન...

પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાનમાં પ્રથમની ત્રણ ક્ષમા હોય છે, જ્યારે વચન-અસંગ અનુષ્ઠાનમાં પાછળની બે ક્ષમા હોય છે.

વચન અનુષ્ઠાન / વચન ક્ષમાનો ઉદય થતાં વ્રતમાં અતિચારો અત્યંત સૂક્ષ્મ, ઓછા અને ક્યારેક જ લાગે છે. તેની પરંપરા ચાલતી નથી. જ્યારે તે પૂર્વે અતિચારો મોટા હોય છે, ઘણા હોય છે અને નિરંતર પરંપરા પણ ચાલે

છે. નિરતિચાર ધર્મક્ષમા, ધર્મમાર્દવ આદિ દશવિધ યતિધર્મના શુદ્ધ પાલનથી એક વર્ષના અંતે ક્રિયાઓના મલ(અતિચાર)ના ત્યાગથી બધું શુક્લ-શુક્લાભિજાત્ય થાય છે. આમ મહિનો વગેરેનો પર્યાય થતાં વ્યંતર વગેરેની તેજોલેશ્યાનું અતિક્રમણ (ઓળંગવાનું) કરે છે, એટલે કે તેનાથી અધિક ચડિયાતી પ્રસન્નતા પામે છે. આ વાત ગુણશ્રેણિની વૃદ્ધિથી સંગત થાય છે.

અહીં પર્યાય તરીકે દિવસ, પખવાડિયા, મહિના કે વર્ષો નથી ગણાતા પરંતુ ગુણના અનુભવનો નાશ ન થયો હોય તેવા પ્રસંગોનો / સમયનો અહીં સરવાળો કરાય છે. ભોગસુખ આદિ લૌકિક પદાર્થોની આસક્તિના કારણે જે દીક્ષાજીવનમાંથી પાપરૂપ ઝેરનો નાશ નથી થયો હોતો તે દીક્ષા 'હોળીનો રાજા જેમ રાજા નામ ધરાવતો હોવા છતાં—કાળી શાહીથી મોઢું-કપડાં રંગાવા, ગધેડા પર બેસાડી ગળામાં જોડાનો હાર પહેરાવી અપમાન કારક સરઘસ કઢાવારૂપ વિટંબણા પામે છે' તેમ આત્મહાનિનું-આત્મઅપ-માનનું કારણ બને છે.

❀ ઇન્દ્રિય અને કષાયોના મુંડન થયા બાદ મસ્તક મુંડાવવારૂપ દીક્ષા થાય તે સાચી દીક્ષા...

❀ માત-પિતાજી સંબંધાદિથી મુક્ત થઇ ઉપશમ પામનારો સાધુ અધ્યયનાદિ કાલે સામાન્ય તપ, ત્યારબાદ ઉગ્ર તપ અને અંતે સંલેખના=અણસણઆદિરૂપ તપ દ્વારા કાયાનો રાગ તોડે...મોક્ષગામી આદેયવાક્ય વીર મહાપુરૂષોનો દુષ્કર માર્ગ છે કે બાકીના યુદ્ધ છોડી દીક્ષા લઇને અનાદિકાલીન દુશ્મન એવા શરીર સાથે જ લડે છે. તમામ પાપકર્મો જેના માટે કરાય છે તે શરીરનું લાલનપાલન દૂધ પાઇને સાપ ઉછેરવા જેવું છે. – જેને શરીરનો મોહ વાસ્તવિકપણે તૂટ્યો નથી તેવા જીવોના ઉગ્રસંયમપાલનરૂપ એકાકીવિહાર પણ ક્રોધ-અહંકારાદિથી (યતિધર્મથી વિપરીતપણાથી) વ્યાપેલો છે.

❀ અસંગદશાનો સ્વીકાર હોવાથી સાધુનું ભિક્ષાટન વગેરે શરીરના મોહ આદિથી ઉત્પન્ન થયેલું નથી હોતું પણ સહજ જિનાજ્ઞાના પાલનરૂપ હોય છે. –સાભિષ્વંગ આરાધના એ મમતાના સંસ્કાર-વાસનારૂપ હોય છે. અને અનાસક્ત આરાધના એ મોક્ષની ઇચ્છાને સાનુકૂળ બનનારી છે.
અનાદિકાળથી ચાલી આવતી અતિ બળવાન (મમત્વ-મોહરૂપ) સંગવાસના

તત્ત્વજ્ઞાનના યોગથી યુક્ત દીક્ષાથી જ નાશ પામે છે. જે આત્મા ત્રસ-સ્થાવર આદિ સર્વજીવોને વિશે સમાનભાવ ધારે છે તેની જ દીક્ષા સામાયિક સ્વરૂપ છે. આવી દીક્ષામાં બાહ્યભાવના અરતિ-આનંદને કોઇ અવકાશ નથી હોતો...

❀ આ પ્રમાણે મમત્વ-રતિ-અરતિ આદિથી નહીં ખરડાયેલા આત્મસ્વભાવના આચરણરૂપ શુદ્ધોપયોગરૂપ ભાવદીક્ષા છે, કારણ કે અશુદ્ધતા લાવનાર કષાયનો અંશ પણ અહીં હોતો નથી. આહાર-વિહારાદિ વ્યવહારપ્રવૃત્તિ-સમયે પણ શુદ્ધોપયોગરૂપ દીક્ષાના સંસ્કારોનો નાશ થતો નથી અને સંસ્કારનો વિચ્છેદ ન થાય ત્યાં ફળનો વિચ્છેદ થતો નથી. જેઓ શુભોપયોગ અને શુદ્ધોપયોગને ફળની અપેક્ષાએ સમાન કક્ષાવાળા નથી માનતા, તેઓને તો શૈલેશીકરણમાં જ સર્વશુદ્ધિ રહેશે, અન્યત્ર નહીં માની શકે, કારણ કે ત્યાં જ સર્વસંવર ઘટી શકે છે–ખરેખર સર્વસંવરને ઉપકારી પણુ, નિકટનું ઉપકારીપણું શુદ્ધોપયોગની જેમ અપેક્ષાએ શુભોપયોગમાં પણ ઘટે છે માટે શુભોપયોગ પણ મોક્ષનું કારણ છે. તદુપરાંત શુભોપયોગ ઉચિતગુણવૃત્તિ સ્વરૂપ હોવાથી પણ મોક્ષનું કારણ છે.

❀ જિનશાસનમાં માત્ર ચિત્તવૃત્તિનિરોધને ધ્યાન નથી માન્યું, પરંતુ મન-વચન-કાયાની એકાગ્રતા-જયણાપૂર્વકની પ્રવૃત્તિને પણ ધ્યાન માનીએ છીએ માટે ભિક્ષાટન આદિ વ્યાવહારિક પ્રવૃત્તિ વખતે ધ્યાન અખંડ જ હોય છે.

❀ **ભગવતી સૂત્રમાં** – શુભ યોગને આશ્રયીને ભાવદીક્ષામાં અનારંભિતા બતાવેલ છે. આ અનારંભ અંશની અપેક્ષાએ વ્યવહારવર્તી મહાત્માઓ સ્વભાવ-દશામાં રહેલ છે તેવું સાબિત થાય છે, કારણ કે અનારંભદશા એ ચારિત્ર-ગુણનો સ્વભાવ છે.

અગીતાર્થ મહાત્મામાં જ્ઞાનાદિનો પ્રકર્ષ ન હોવા છતાં ગીતાર્થની પરતંત્રતારૂપ યોગ્યતા હોવાથી જ્ઞાનાદિનો પ્રકર્ષ ઘટી શકે છે–શુદ્ધોપયોગરૂપ સ્વભાવસમવસ્થાન ઘટી શકે.

અગીતાર્થ હોવા છતાં અપ્રમાદના કારણે વિશુદ્ધ પણ છે.

❀ ભિક્ષાટનાદિ વ્યવહારની પ્રવૃત્તિ માત્ર આત્મામાં તલ્લીનતારૂપ ધ્યાનમાં અંતરાયરૂપ બનતી નથી, ઉપરથી સત્પ્રવૃત્તિરૂપ તે મન-વચન-કાયાના નિયંત્રણરૂપ ધ્યાનમાં અનુકૂળતા કરનાર બને છે. મનના વિક્ષેપો જ ધ્યાનમાં બાધક બને છે.

❀ **દિગંબર માન્યતા છે** – શુદ્ધ આત્મા સિવાયના તમામ દેહ, ઇન્દ્રિય, મન, કર્મ, તમામ લેશ્યાસ્થાન, યોગસ્થાન, ગુણસ્થાન આદિ પ્રત્યે માત્ર ચરમ-કોટિની ઉપેક્ષા ધારણ કરવી તે જ શુદ્ધદીક્ષા...આ ભ્રમણાથી વ્યવહાર આરાધના સમયે દિગંબરોએ દીક્ષાના પરમસ્વરૂપનો નિષેધ કર્યો છે. માત્ર ધ્યાન= ઉપેક્ષારૂપ ધ્યાનમાં જ દીક્ષા હોય.

**શ્વેતાંબર માન્યતા** – બકુશ, કુશીલ, પુલાક, નિર્ગ્રન્થ, સ્નાતક...આ પાંચે'ય ભેદોમાં દીક્ષા માન્ય છે. સર્વશુદ્ધભાંગો સ્નાતક છે, તે સિવાયના ભાંગાઓમાં તરતમભાવે પણ દીક્ષા માન્ય છે. જિનાજ્ઞાવિહિત વ્યવહારોના પાલનમાં પણ દીક્ષા માન્ય છે.

❀ ક્રિયારૂપે દીક્ષા વિવિધ પ્રકારની છે, સમતાપરિણામથી દીક્ષા એક પ્રકારની છે. આમ જ્ઞાન-ક્રિયાના તુલ્યબળથી જ ઉત્તમપુરૂષોએ દીક્ષા પરમાનંદકારી બતાવી છે.







## ૨૯

# વિનય બત્રીશી

❁ જ્ઞાનાવરણીયાદિ કર્મોને શીઘ્ર દૂર કરે તે વિનય...
મુક્તિદાતા ધર્મનું મૂળ વિનય છે...

**વિનયના પાંચ પ્રકાર :-**

૧) જ્ઞાનવિનય-(આઠ પ્રકારે)
૨) દર્શનવિનય- (આઠ પ્રકારે)
૩) ચારિત્રવિનય - (આઠ પ્રકારે)
૪) તપ વિનય - (ચાર પ્રકારે)
૫) ઉપચાર વિનય...

પૂર્વે બંધાયેલા કર્મોનો નાશ કરવાથી અને નવા કર્મોને આત્મામાં ન બંધાવા દેવાથી વિનય (કર્મોને દૂર કરનાર) તરીકે કહેવાય છે.

❁ **ઉપચાર વિનયના બે પ્રકાર :-** ૧) પ્રતિરૂપ યોગ=ઉચિત યોગ...
૨) આશાતનાત્યાગ...

❁ **પ્રતિરૂપ યોગ ઉપચાર વિનયના ત્રણ પ્રકાર :-** ૧) કાયિક વિનય,
૨) વાચિક વિનય ૩) માનસિક વિનય...

❁ **કાયિક** પ્રતિરૂપયોગ ઉપચાર **વિનયના આઠ પ્રકાર :-**

**૧) અભિગ્રહ** → ગુરુના કાર્યો કરવાનો નિયમ લેવો...

**૨) આસનત્યાગ** = આસનદાન → ગુરુભગવંત આદિને બેસવા માટે જાતે પાટ-પીઠફલકાદિ લાવી આપવા...

**૩) અભ્યુત્થાન** → પોતે આસન પર બેઠા હોય, અચાનક રત્નાધિક આદિ પધારે તો ઊભા થવું...

**૪) અંજલિગ્રહ** → જ્ઞાનપ્રાપ્તિ, પ્રશ્નો પૂછવા આદિ માટે હાથ જોડી ઊભા રહેવું...

**૫) કૃતિકર્મ** → વંદન...

**૬) શુશ્રૂષા** → વિધિપૂર્વક સેવા કરવા અતિદૂર કે અતિનજીક ઊભા ન રહેવું...

**૭) પશ્ચાદ્ગતિ** - બહાર જતાને પાછા વળાવવા જવું...

૮) **સન્મુખગતિ** – આવે ત્યારે સામે લેવા જવું...

❀ **વાચિક** પ્રતિરૂપયોગ ઉપચાર **વિનય ચાર પ્રકારે :-**

૧) **હિતકર બોલવું** – જેનું પરિણામ સુંદર હોય તેવું બોલવું.

૨) **મિત બોલવું** – મર્યાદિત શબ્દોમાં બોલવું..

૩) **અપરુષ બોલવું** – નિષ્ઠુરતારહિત વચનો બોલવા...

૪) **અનુવિચિન્ત્ય બોલવું** – લાંબું વિચારીને બોલવું.

❀ **માનસિક** પ્રતિરૂપયોગ ઉપચાર **વિનય બે પ્રકારે :-**

૧) ધર્મધ્યાન આદિ કરવા...

૨) આર્તધ્યાન આદિ છોડવા...

આ બધો જ પ્રતિરૂપ યોગવિનય પ્રાયઃ છદ્મસ્થોને પોતાનાથી ચડિયાતી વ્યક્તિને અનુકૂળ વર્તવારૂપે હોય છે. કેવલજ્ઞાની પણ કેવળી તરીકે ઓળખાય નહીં ત્યારે આ વિનય કરે છે. કેવળી તરીકે જણાઇ જાય ત્યારે અપ્રતિરૂપ (બીજાને ન ઝૂકવારૂપ) હોય છે.

❀ **આશાતનાવર્જન વિનય :- ૧) અરિહંત ૨) સિદ્ધ ૩)** ૧ આચાર્યના પરિવારરૂપ **કુલ ૪) આચાર્ય ૫) ઉપાધ્યાય ૬) સ્થવિર ૭)** કુલના સમુહરૂપ **ગચ્છ** ૮) ગચ્છોના સમુહરૂપ **સંઘ** ૯) આસ્તિકતાદિરૂપ **ક્રિયા** ૧૦) શ્રુતધર્મ/આચારધર્માદિરૂપ **ધર્મ** ૧૧) પાંચ **જ્ઞાન** ૧૨) પાંચ જ્ઞાનથી યુક્ત **જ્ઞાનીઓ** ૧૩) **ગચ્છાધિપતિ...** આ ૧૩ તત્ત્વો પ્રત્યે–

a) **અનાશાતના** – કોઇ પણ રીતે હીલના ન કરવી... b) **ભક્તિ** – ઉચિત સેવા c) **બહુમાન** – આંતરિક અહોભાવ d) **વાસ્તવિક ગુણોને બીજા પાસે રજૂ કરવા...** આમ ૧૩ x ૪ = ૫૨ પ્રકારે આશાતનાવર્જન વિનય છે.

❀ અરિહંતાદિમાં જે એકમાં શુદ્ધ જ્ઞાનગુણ હોય, તે જ જ્ઞાનગુણ અન્ય પણ અરિહંતાદિમાં હોય છે...આમ હીલનાના વિષયભૂત જ્ઞાનાદિનો સંબંધ સર્વત્ર સમાન હોવાથી એકની હીલનામાં સર્વની હીલના થવાથી ભયંકર કર્મવિપાકો ભોગવવા પડતા હોવાથી કોઇની હીલના-નિંદા ન કરવા...

શાસ્ત્રાભ્યાસ ઓછો હોવા છતાં કારણવિશેષથી આચાર્યપદે સ્થાપિત કરેલ પંચાચારપાલક આચાર્યની આશાતના પોતાના ચારિત્રાદિ ગુણો બાળી નાખે છે. શક્તિ નામના વિશિષ્ટ શસ્ત્રનો અગ્રભાગ, અગ્નિ, સાપ અને

સિંહના ક્રોધ કરતાં અનંત દુઃખ આપનાર તરીકે ગુરુ આશાતના **દશવૈકાલિક** સૂત્રમાં બતાવેલ છે. જેમની પાસે ધર્મનું ફળ આપનાર ધર્મશાસ્ત્રો ભણે, તેમની માત્ર ભણતી વખતે નહીં પરંતુ મન-વચન-કાયાની વિશુદ્ધિથી સતત કાયમ માટે વિનય કરે. જો અભ્યાસ પૂર્ણ થયા પછી વિનય છોડે તો કુશલાનુબંધ (પુણ્યનો અનુબંધ) નાશ પામે.

❀ ધર્મ ભણાવનાર સદા વિનયને યોગ્ય જ છે તેથી પર્યાયથી નાના પણ શુદ્ધ જ્ઞાનગુણમાં ચડિયાતા વિદ્યાગુરુ જ્ઞાનદાનના સામર્થ્યથી ચડિયાતા હોવાથી રત્નાધિક ગણાય છે આવું **આવશ્યક નિર્યુક્તિમાં** જણાવ્યું છે.

❀ શિલ્પ વગેરે લૌકિક વિદ્યા-કળા શીખવા માટે પણ શિલ્પાચાર્યની સેવા કરે છે તો લોકોત્તર ધર્મ માટે ધર્માચાર્યના સેવા-વિનયમાં ખામી કેમ રખાય ?

❀ જ્ઞાનાદિનું ગ્રહણ વિનયપૂર્વક જ કરાય–આવો શાસ્ત્રીય નિયમ પ્રસિદ્ધ હોવાથી જ અપવાદપદે વિશિષ્ટ જ્ઞાન મેળવવા શિથિલાચારીનો પણ વિનય કરવાનું શાસ્ત્રકાર ભગવંતોએ જણાવ્યું છે. જો શિથિલાચારી વિદ્યાગુરુનો ય વિનય ન કરાય તો ય શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન થાય...

શિથિલાચારી સાધુમાં અતિ મોટા દોષ જણાય અને સહજપણે વંદન કરવાના પરિણામ ન જાગી શકે તેવા સ્થળે જ **ઉપદેશપદમાં** પૂ. આચાર્યદેવ શ્રી **હરિભદ્રસૂરિજી** મહારાજે જણાવ્યા મુજબ દ્રવ્યવંદન કરવું...સામાન્ય દોષ હોય ત્યારે જ્ઞાન, શક્તિ વિગેરે શાસનને લાભદાયી ભાવને મહત્વ આપી પુષ્ટાલંબન હોવાથી ભાવવંદન કરવું...

❀ પાણીના સિંચન વિના વૃક્ષની વૃદ્ધિ થઇ શકતી નથી, તેમ વિનયના સિંચન વિના જિનશાસનની ઉન્નતિ થઇ શકતી નથી...

❀ હળવા ઉપાયથી પણ વિનય શીખવાડતા જે ગુસ્સે થાય, તે સામે ચાલીને આવતી લક્ષ્મીને લાકડીથી હાંકી કાઢે છે.

❀ ત્રણે લોકમાં વિનીતને સુખની પ્રાપ્તિ, અવિનીતને દુઃખની પ્રાપ્તિ દેખાય છે.

❀ જ્ઞાનાદિના વિનયથી જ શાસ્ત્રમાં પૂજ્યત્વની પ્રાપ્તિ બતાવી છે. ગુરુપણુ (પૂજ્યપણુ) ગુણસાપેક્ષ છે. પોતાની ઇચ્છા મુજબ સામેથી દોડતું ન આવે...

❀ **ચાર પ્રકારની સમાધિ** – વિનયસમાધિ, શ્રુતસમાધિ, તપસમાધિ, આચારસમાધિ...દરેકના ચાર-ચાર પ્રકાર છે.

❀ ચાર પ્રકારની **વિનયસમાધિ :–**
૧) વિનયી થઇને ગુરુના અનુશાસનને સાંભળવા ઇચ્છે...
૨) ગુરુના અનુશાસનને સારી રીતે જાણે...
૩) જેવું સાંભળ્યું છે, તેવું જ આચરે...
૪) અહંકારથી છકી ન જાય...
❀ ચાર પ્રકારની **શ્રુતસમાધિ :–**
૧) મને શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થશે.
૨) મને એકાગ્રતા પ્રાપ્ત થશે.
૩) આત્માને ભાવિત કરી ધર્મમાં સ્થિર કરીશ...
૪) બીજા યોગ્ય જીવને ધર્મમાં જોડીશ–આવા ભાવથી શુદ્ધ આગમને ભણે...
❀ ચાર પ્રકારની **તપ/આચાર સમાધિ :–**
૧) આલોકની આશંસા વિના,
૨) પરલોકની આશંસા વિના,
૩) કીર્તિની અપેક્ષા વિના, અને
૪) નિષ્કામભાવે નિર્જરા માટે તપ કરે તથા આચાર પાળે...

❀ ઉપરોક્ત સમાધિથી અંતઃકરણ ભાવિત થાય ત્યારે વિનયના ફળરૂપે **સ્પર્શ** નામનું જ્ઞાન થાય. તેજ સાચી તત્ત્વપ્રાપ્તિ છે. બાકીનું બોધમાત્ર (Information) છે. **ષોડશક** પ્રકરણ અનુસારે તત્ત્વપ્રાપ્તિ=સંવેદનપૂર્વકનું જ્ઞાન... સ્પર્શજ્ઞાન શીઘ્ર ફળદાયી હોય છે.

❀ જેમ સર્વ મિઠાઇમાં પડતો શેરડીનો રસ (ખાંડ કે ગોળરૂપે) મુખ્ય છે, તેમ સર્વયોગોમાં સર્વાનુગમશક્તિ (સંપૂર્ણતયા ફેલાઇ જવાની શક્તિ)ના કારણે વિનય મુખ્ય છે. વિનયથી તમામ દોષો નાશ પામે છે. વિનય વિના શાસ્ત્રને ગ્રહણ કરવું અત્યંત દોષ માટે થાય છે.

❀ વિનયની મહત્તા બતાવવા જ પરમાત્મા તીર્થને નમસ્કાર કરી દેશના આપે છે. શુદ્ધ ચારિત્રપાલક આત્મા પણ વિનયભંગ કરે તો તેઓ મોક્ષમાર્ગનો જ ભંગ કરે છે.

યથાસ્થાન વિનયનું પાલન કરનાર પાસે મોક્ષલક્ષ્મી સ્વયંવરા આવીને વરે છે.

## કેવલી ભગવંતની ભક્તિ કરતા સિંહઅણગાર અને રેવતી શ્રાવિકા



# કેવલીભુક્તિવ્યવસ્થાપન બત્રીશી

❁ કેવલી તીર્થંકર જો કવલાહાર કરે. તો તેમની કૃતકૃત્યતા ન રહે, નષ્ટ થાય તેથી કેવલી ભોજન ન કરે, આવી દિગંબરોની ભ્રમણા દૂર કરવા અહીં તેમના પ્રત્યેક તર્કોનો સચોટ પ્રત્યુત્તર અપાય છે.

| દિગંબર મત | શ્વેતાંબર મત |
|---|---|
| ૧) કેવલી સર્વથા દોષમુક્ત હોય. ક્ષુધા એ દોષ છે, તે તેમને ન હોય. | ૧) અજ્ઞાન વિગેરે દોષો ઘાતીકર્મના ઉદયથી થાય છે. જ્યારે ભૂખ વેદનીય કર્મરૂપ અઘાતીકર્મના ઉદયથી હોવાથી દોષરૂપ નથી. |
| ૨) કેવલીને ભૂખ માનો તો અવ્યાબાધ સુખનો વિઘાત થશે, તેથી આત્મગુણમાં હાનિ આવશે. | ૨) આવું જ માનશો, તો સિદ્ધદશાને દૂષિત કરનાર મનુષ્યપણુ પણ દોષરૂપ માનવું પડશે. તેથી અજ્ઞાનાદિ (ઘાતીકર્મના ઉદયથી આવનારા)ને જ દોષરૂપ માનો, ભૂખ નહીં... |
| ૩) કેવલી કૃતકૃત્ય છે, તેથી ભોજનની જરૂર નથી. | ૩) ઘાતીકર્મના ક્ષયથી તેમની કૃતકૃત્યતા અખંડ છે, સંપૂર્ણ કૃતકૃત્યતા તો સિદ્ધોમાં જ છે, તેવી સંપૂર્ણ કૃતકૃત્યતાનો અભાવ સયોગી કેવલીપણામાં માન્ય જ છે. રાગાદિના અભાવરૂપ કૃતકૃત્યતા ભોજન વખતે પણ અખંડ જ રહે છે. |
| ૪) કેવલીને આહારસંજ્ઞા ન હોવાથી ન વાપરે... | ૪) જેમ મોહથી અભિવ્યક્ત ચૈતન્યરૂપ તૃષ્ણારૂપ સંજ્ઞા ભાવસાધુને પણ નથી તેમ કેવલીને તેવી આહારસંજ્ઞા નથી, તેથી તેના અભાવમાં ભોજન માનવા- |

માં બાધ નથી. આહારસંજ્ઞાને અતિચાર સાથે સંબંધ છે, કવલાહાર સાથે નહીં.

૫) અનંતસુખનો ભોગ હોવાથી કેવલી ન વાપરે...

૫) અનંતજ્ઞાનમય સુખ કેવલીને છે જ, તેને ભૂખ નડી શકતી નથી. વળી સંપૂર્ણ સુખ તો મોક્ષમાં જ છે, કારણ કે ત્યાં જ સર્વકર્મનો ક્ષય છે. તે-તે દોષ તેના અભાવથી ઉત્પન્ન થતા ગુણનો જ બાધ કરી શકે, બીજાનો નહીં.

૬) કેવલીના અઘાતી કર્મો બળી ગયેલા દોરડા સમાન હોવાથી પોતાનું ફળ બતાવી શકતા નથી, માટે ભૂખ પણ ન હોય, ભોજન પણ ન હોય...

૬) અઘાતી એવા તીર્થંકરનામકર્મનો તીવ્ર વિપાકોદય તીર્થંકરને માન્ય જ છે, તો અઘાતી વેદનીય કર્મનો વિપાકોદય માનવો જ રહ્યો. દગ્ધરજ્જુસમાનપણુ કર્મની શેષ સ્થિતિને આશ્રયીને છે, રસને નહીં...

૭) કેવલીને ઇન્દ્રિયજન્ય જ્ઞાન નથી, તેમ ઇન્દ્રિયજન્ય સુખ-દુઃખ ન હોય, તેથી ભૂખ અને ભોજન ન હોય...

૭) બાહ્ય સુખ-દુઃખ માટે ઇન્દ્રિય-પદાર્થનો સંપર્ક જરૂરી છે, જ્ઞાન નહીં. કેવલીને બાહ્ય પદાર્થ સાથે સંપર્ક છે જ, તેથી તૃણપરિષહ આદિ પરિષહ બતાવ્યા છે.–તેથી ભૂખપરિષહ (તેમાંનો જ એક) પણ હોય જ...

૮) બુદ્ધિપૂર્વક પરદ્રવ્યમાં પ્રવૃત્તિ મોહનીયકર્મથી થાય. વીતરાગ હોવાથી મોહ નષ્ટ થયો હોવાથી ભોજનની પ્રવૃત્તિ ન થાય...

૮) સર્વજ્ઞ વીતરાગ ભગવંત હોવા છતાં દેશના આપવા રૂપે પરદ્રવ્યમાં પ્રવૃત્તિ કરે છે, તેજ રીતે ભોજનપ્રવૃત્તિ કરવામાં વીતરાગતાને ક્ષતિ ન આવે... જેમ લોહીનું પરિભ્રમણ આદિ ક્રિયા ઇન્દ્રિયજન્ય બુદ્ધિ વિના થાય છે તેમ ભોજન, દેશના આદિ ક્રિયા પણ ઇન્દ્રિય-જન્ય બુદ્ધિ વિના માની લેવી જોઇએ.

| | |
|---|---|
| ૯) ભોજનથી શાતાવેદનીયની ઉદીરણા થાય, જે ૧૩મા ગુણ-સ્થાનકે ન થઇ શકે. માટે કેવલીને ભોજન ન માનવું.... | ૯) તો પછી કેવલીને દેશના આપવામાં શ્રમ થવાથી અશાતાવેદનીયની ઉદીરણા થશે ? જો દેશનામાં ઉદીરણા નથી માનતા તો ભોજનમાં શા માટે માનવી ?– માટે ભોજન સંગત છે. |
| ૧૦) આહાર કથાની જેમ આહાર-પ્રવૃત્તિ પ્રમાદ છે, માટે કેવલીને ભોજન ન માનવું... | ૧૦) આહારની કથાથી આહારની ઇચ્છાના સંસ્કારમાં વધારો થાય તો પ્રમાદ...ઇચ્છા વિના ભોજન કરવાથી ભાવસાધુને પણ પ્રમાદ ગણાતો નથી તો સર્વજ્ઞ તીર્થંકરને પ્રમાદ કેમ હોય ? |
| ૧૧) ભોજન નિદ્રાને લાવે છે. કેવળીને નિદ્રા ન હોવાથી ભોજન ન હોય.... | ૧૧) નિદ્રા દર્શનાવરણ કર્મના ઉદયથી આવે, ભોજનથી નહીં. દર્શનાવરણના ક્ષયથી કેવળીને નિદ્રા નથી, તેથી ભોજનનો બાધ નથી. |
| ૧૨) કેવળજ્ઞાન પછી છાદ્મસ્થિક જ્ઞાન ન હોય. ભોજન લે તો રસના-જન્ય મતિજ્ઞાન માનવું પડે, જે ન હોય માટે કેવલીને ભોજન નહીં. | ૧૨) સમવસરણમાં સુગંધી પુષ્પવૃષ્ટિથી ઘ્રાણજ મતિજ્ઞાન માનવું પડે. આવું તો તમે પણ માનતા નથી. માટે ભોજનમાં બાધ નથી. |
| ૧૩) ભોજનપ્રવૃત્તિ કરે તો પ્રતિ-ક્રમણયોગ્ય ઇરિયાવહિયાની આપત્તિ આવે. | ૧૩) આવી આપત્તિ વિહારમાં પણ આવશે. તેથી ભોજનમાં બાધ નથી. |
| ૧૪) ભોજનથી ધ્યાન અને તપનો નાશ થાય, તેથી કેવલી ન વાપરે. | ૧૪) સર્વજ્ઞને ધ્યાન તો યોગનિરોધ સમયે શુકલધ્યાનના ચોથા પાયારૂપ હોય. પર્યંતસંલેખના રૂપ તપ મોક્ષ-ગમનસમયે જ હોય. બાકીના સમયે ન હોવાથી અંતરાય થતો નથી. |
| ૧૫) તીર્થંકરને પરમઔદારિક શરીર હોવાથી ભોજન વિના પણ લાંબો | ૧૫) ઔદારિક અને પરમઔદારિક– આ બે ભિન્ન શરીરની કલ્પના જ બિન- |

| | |
|---|---|
| સમય ટકી શકે છે, તેથી ભોજનની જરૂર નથી. | જરૂરી છે. પરમઔદારિક શરીર માનો તો પણ છદ્મસ્થ અવસ્થામાં ભોજનની જરૂર પડે છે, તો કેવલી અવસ્થામાં શું બાધ ? શાસ્ત્રમાં આવો કોઇ દેહનો ભેદ બતાવ્યો નથી... |
| ૧૬) કેવલી તીર્થંકર ભોજન કરે તો પરોપકારમાં હાનિ પહોંચે. | ૧૬) ત્રીજા પહોરમાં ભોજન કરવા સિવાય બધો જ સમય પરોપકાર કરી શકાય છે. દેશના માટે તો પહેલો/ ચોથો પ્રહર નિયત છે. તેથી પરોપકારને હાનિ નહીં પહોંચે. |
| ૧૭) આહાર પછી નિહાર આવે. જે જુગુપ્સાનું કારણ બને. માટે કેવલી ન વાપરે. | ૧૭) કેવલી મોહરહિત છે, તેથી સ્વયંને જુગુપ્સા ન થાય. સમવસરણમાં બાર પર્ષદા વચ્ચે નગ્નતાથી અન્યને જુગુપ્સા ન થાય તેવો અતિશય હોય તો અહીં પણ અતિશય માનવો જોઇએ. સામાન્ય સાધુની જેમ સામાન્ય કેવલી એકાંત-નિર્જન સ્થાનમાં સ્થંડિલ જાય તો અન્યને જુગુપ્સા નહીં થાય... |
| ૧૮) ભોજનથી વ્યાધિ ઉત્પન્ન થાય, માટે કેવલી ન વાપરે. | ૧૮) સ્વયંના પુણ્યથી ઊભા થયેલા વિવેકપૂર્ણ સ્વભાવથી હિત-મિત આહાર વાપરવાથી રોગોત્પત્તિની શક્યતા નથી. તેથી કેવલીના કવલાહારમાં કોઇ બાધ નથી. |

❁ જો હજી કુતર્ક ન છૂટે તો દિગંબરોએ શરીરથી શરમાઇને નૈયાયિકાદિને માન્ય અશરીરી ભગવાન જ માનવા જોઇએ...

❁ અઘાતી કર્મજન્ય દોષને વધારે પહોળો કરીને દિગંબરો કદાગ્રહથી પરમાત્મા પર કલંક થોપીને મહાપાપ બાંધે છે.

❁ ચોર ગમે તેટલી ધૂળ ઉડાડે, સૂર્યને તે અડતી ય નથી, તેમ અસત્કલ્પનાઓથી અપાતા કલંકથી પરમાત્મા દૂષિત નથી.



# ૩૧

# મુક્તિ દ્વાત્રિંશિકા

❀ કેવળજ્ઞાની ભગવંતો મોક્ષમાં જઇને જ સર્વથા કૃતકૃત્ય થઇ શકે છે – તેથી મોક્ષનું સ્વરૂપ બતાવતા વિવિધ દર્શનોની માન્યતા બતાવાય છે.

## મુક્તિસ્વરૂપ અંગે વિવિધ દર્શનોની માન્યતા

❀ મોક્ષ અંગે **નવ્યન્યાય** પ્રણેતા **ગંગેશ** ઉપાધ્યાયના પુત્ર **વર્ધમાન** ઉપાધ્યાયનો **મત**–અત્યંત દુઃખધ્વંસ (દુઃખનો કાયમી નાશ)=મુક્તિ...

એક દિવસ મહાપ્રલય આવશે ત્યારે સર્વ કાર્યો, સર્વ જીવોના પુણ્ય-પાપ કર્મ નાશ પામશે. તેથી મહાપ્રલય સમયે સર્વ જીવોનો અવશ્ય મોક્ષ થશે.

**સમીક્ષા :–** જૈનદર્શન ભવ્ય-અભવ્ય-જાતિભવ્ય એમ ત્રણ પ્રકારના જીવો માને છે. તેમાંથી અભવ્ય-જાતિભવ્ય જીવોનો ક્યારેય મોક્ષ થવાનો નથી. ભવ્ય જીવોમાં પણ જેનામાં પાત્રતા-પુણ્ય-પ્રસાદ-પરિણતિનું સર્જન થાય તેવા જીવો જ મોક્ષે જવાના છે, તેથી સર્વજીવમુક્તિ માન્ય નથી. ભવ્ય જીવો 'મારો મોક્ષ થઇ શકે છે'–આ શક્યતાથી ઉલ્લસિત થઇ યોગસાધનાથી વિશિષ્ટ શમાદિની પ્રાપ્તિ કરી મોક્ષ સાધે છે, સાધી શકે છે.

❀ **ત્રિદંડી મત :–** પરમાત્મામાં જીવાત્માનો લય એટલે મુક્તિ...

**સમીક્ષા :–** અહીં લય એટલે કર્મનો નાશ એવો અર્થ હોય તો જૈનોને પણ માન્ય છે. જ્યારે લય એટલે જીવનો નાશ એવો અર્થ હોય તો જૈનોને માન્ય નથી.

❀ **બૌદ્ધ મત :–** રાગ-દ્વેષની મલિનતા અને ચંચળતાથી રહિત શુદ્ધ જ્ઞાનક્ષણની પરંપરા તે મુક્તિ...

**સમીક્ષા :–** બદલાતા પર્યાયોની (અવસ્થાઓની) હારમાળા વચ્ચે એક આધાર સમાન આત્માના સ્વીકાર વગર આવો મોક્ષ નહીં ઘટી શકે. આવો આધાર માનો તો અમારી પર્યાયનયની પરંપરા તરીકે તમારું સ્વાગત છે.

❀ **અન્ય વાદી :–** સ્વતંત્રતા=મોક્ષ...

**સમીક્ષા :–** અહીં સ્વતંત્રતા એટલે ઐશ્વર્ય, સત્તા એવું માનવામાં આવે તો તે અભિમાન થયું. તે તો નશ્વર છે. જો સ્વતંત્રતા=કર્મની નિવૃત્તિ માનો...આ

તો અમારો જ મત થયો...
❁ **સાંખ્ય મત :–** પ્રકૃતિ અને તેના વિકારોનું સાન્નિધ્ય દૂર થતાં ચૈતન્યમાત્રરૂપ નિજસ્વરૂપમાં અવસ્થાન=મુક્તિ...
**સમીક્ષા :–** એકાંતે કૂટસ્થ નિત્ય આત્મા માનવામાં મુક્તિ અસાધ્ય બની જશે.
❁ **અન્ય બૌદ્ધ મત :–** સતત વિજ્ઞાનની ધારા પ્રતિક્ષણ બદલાતી રહે છે. પ્રત્યેક ક્ષણે પૂર્વકાલીન ચિત્ત (જ્ઞાનક્ષણ) નિવૃત્ત થાય છે અને ઉત્તરકાલીન ચિત્ત ઉત્પન્ન થાય છે. જ્યારે જૂનું ચિત્ત નિવૃત્ત થયા પછી નવું જ્ઞાનચિત્ત ઉત્પન્ન ન થાય તેને મોક્ષ કહે છે...
**સમીક્ષા :–** અહીં મોક્ષ અભાવસ્વરૂપ હોવાથી પુરૂષાર્થસાધ્ય નથી. માટે મોક્ષપુરૂષાર્થનો ઉચ્છેદ થઇ જશે.
❁ **ચાર્વાક (નાસ્તિક) મત :–** આત્મહત્યા=મુક્તિ
**સમીક્ષા :–** આવું વિચારવું એ પણ પાપ છે. વળી આત્માનો નાશ થઇ શકે નહીં. કોઇ પોતાના નાશ માટે પુરૂષાર્થ કરે પણ નહીં...તેથી આ મત અનુચિત છે.
❁ **તૌતાતિત મત :–** નિત્ય અને ઉત્કૃષ્ટ સુખની અભિવ્યક્તિ=મુક્તિ...
**સમીક્ષા :–** અહીં નિત્ય એટલે અનંત (જેનો છેડો નહીં તેવા) રૂપે હોય તો તો જૈનદર્શનની જ માન્યતા થઇ.
❁ **વેદાંતી મત :–** અવિદ્યાની વિદાય થતાં માત્ર આત્માનું રહેવું=મુક્તિ...
**સમીક્ષા :–** આમાં આત્મા તો જ્ઞાનાનંદમય બ્રહ્મસ્વરૂપ હોવાથી શાશ્વત વિદ્યમાન છે, તો નવું શું આવ્યું ? સિદ્ધને સાધવાનો પુરૂષાર્થ ન હોય...

ભ્રમસ્વરૂપ પુરૂષાર્થ ક્યારેય વિવેકીજનો ન કરે.
❁ **સ્યાદ્વાદ–જૈનમત :–** તમામ કર્મોનો ક્ષય થવો તે મોક્ષ...
વિવિધ દર્શનોના સમુહરૂપ સ્યાદ્વાદમતનો આ ઉદ્ગાર છે.
– **ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ-એવંભૂત નય માન્યતા** – જ્ઞાન-સુખ વગેરેની પરંપરા તે મુક્તિ...
– **સંગ્રહનય માન્યતા** – કર્મરૂપી આવરણના નાશથી પ્રગટ થતું સુખ=મુક્તિ...
– **વ્યવહારનય માન્યતા** – જીવના પુરૂષાર્થથી સાધ્ય કર્મનો ક્ષય=મુક્તિ...

દુઃખના કારણભૂત કર્મોનો ક્ષય કરવાના ઉપાયરૂપ જ્ઞાનાચારાદિના પાલનની ઇચ્છા થવાથી જીવ પુરૂષાર્થ કરે જ...
❁ મોક્ષ અનંત જ્ઞાનાદિ ગુણમય, અનંતસુખમય હોય છે, ગુણરહિત નથી હોતો.

# સજ્જનોને ભાવથી નમસ્કાર



૩૨

# સજ્જનસ્તુતિ બત્રીશી

❀ **સજ્જન** આ ત્રણ અક્ષર કાને પડતા દુર્જનના વચનો-શબ્દોની અસર થતી નથી.

❀ સજ્જનોની હાજરીમાં દુર્જનનું બળ ચાલતું નથી.

❀ સજ્જન કોમળ વચનો જ બોલે, દુર્જન કઠોર વચનો જ બોલે...

❀ સજ્જન સતત દુર્જનતાનું ખંડન કરે, હૃદયમાં પરમાત્માને સ્થાપિત કરે અને અધ્યાત્મમાં સતત આગળ વધે.

❀ સજ્જન પાસે ગુણાનુરાગી દૃષ્ટિ હોય, દુર્જન પાસે દોષદૃષ્ટિ હોય...

❀ સજ્જન સર્જનમાં સહાયક બને છે, દુર્જન વિઘ્નકારી બને છે.

❀ આગમો સર્વાંગસંપૂર્ણ હોવા છતાં નવા શાસ્ત્રોનું સર્જન– આગમશાસ્ત્રોમાં સરળતાથી પ્રવેશ કરવા અને પાર પામવા નાવ સમાન છે. સજ્જન તેમાં સહાયક બને છે, દુર્જન તેમાં વિઘ્ન નાખે છે.

નવા શાસ્ત્રોના સર્જન દ્વારા સ્વ-પર ઉપર ઉપકાર અને નવા નવા ભાવોન્મેષયુક્ત બુદ્ધિ થાય છે.

❀ ઉત્તમ શિષ્ય પરંપરાનો વિકાસ કરનાર, લોકોને આનંદદાયક, પાપનો નાશ કરનાર સજ્જનને લાખ લાખ નમન...

## ગ્રંથકારની ગુરુપરંપરાનો પરિચય...

❀ ગુરુનું નામ પણ ઇષ્ટફલની સિદ્ધિમાં કામઘટ કરતા અધિક ફળદાયક છે.

❀ ગુરુના નામસ્મરણ માત્રથી દરેક શાસ્ત્રમાં બુદ્ધિ દોડે,
દરેક શાસ્ત્રના અર્થો ખુલવા માંડે...

**તપાગચ્છની** ઉજ્જ્વલ પરંપરામાં સૂર્ય સમા જગદ્ગુરુ આચાર્યશ્રી **વિજયહીરસૂરીશ્વરજી મહારાજા**ની પાટપરંપરામાં પરમ પૂજ્ય આચાર્યશ્રી **વિજયદેવસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર પ.પૂ. આચાર્ય શ્રી **વિજયસિંહસૂરિજી મ.**ના સામ્રાજ્યમાં જગદ્ગુરુ પ.પૂ. **વિજયહીરસૂરીશ્વરજી મ.**ના શિષ્ય પ.પૂ. ઉપાધ્યાયજી શ્રી **કલ્યાણવિજયજી** મ.ના શિષ્ય પ.પૂ.ઉપાધ્યાયજી શ્રી **લાભવિજયજી** મ.

ના શિષ્ય પ.પૂ. ઉપાધ્યાયજી **શ્રી જીતવિજયજી** મ.ના ગુરુબંધુ પ.પૂ.ઉપાધ્યાયજી **શ્રી નયવિજયજી મ.સા.** ના શિષ્ય પ.પૂ.ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાયજી **શ્રી યશોવિજયજી** મહારાજ સાહેબે ગ્રંથની રચના કરી.

## સારસંગ્રહકાર પ્રશસ્તિ

તપાગચ્છમાં અતિવિશાળ સંખ્યક સાધુ-સાધ્વીજીથી શોભતા શ્રી **પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.ના સમુદાયના પ.પૂ. પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી** મ.સા.ના પુણ્ય સામ્રાજ્યમાં પ.પૂ. પ્રાચીનશ્રુતોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ **વિજયહેમચંદ્રસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્ય આચાર્ય **વિજયસંયમબોધિસૂરિએ** – સારસંગ્રહ શ્રેણિના બીજા મણકા તરીકે પ.પૂ. મહોપાધ્યાયજી શ્રી **યશોવિજયજી મ.સા.** રચિત **બત્રીશ-બત્રીશી**નો સારસંગ્રહ **સુરત-ઉમરા જૈન સંઘ**માં રહીને કર્યો...

સકલ સંઘ મોક્ષમાર્ગમાં અપ્રમત્તભાવે વિકાસ કરો...

**મહોપાધ્યાયજીશ્રી યશોવિજયજી મ.સા.**



# પરિશિષ્ટ-૧

## બત્રીશ બત્રીશીના ચુંટેલા શ્લોકો

**अनुकम्पाऽनुकम्प्ये स्याद्भक्तिः पात्रे तु सङ्गता ।**
**अन्यथाधीस्तु दातृणामतिचारप्रसञ्जिका ।।१/२।।**

**અર્થ :–** અનુકંપનીયમાં અનુકંપા અને પાત્રમાં ભક્તિ ઉચિત છે. આનાથી વિપરીત બુદ્ધિ દાતાને અતિચાર લગાડનારી બને છે.

**कालेऽल्पमपि लाभाय नाकाले कर्म बह्वपि ।**
**वृष्टौ वृद्धिः कणस्यापि कणकोटिर्वृथाऽन्यथा ।।१/८।।**

**અર્થ :–** યોગ્ય સમયે થોડીક ક્રિયા લાભદાયી બને, અકાળે ઘણી ક્રિયા પણ નહીં...ચોમાસામાં એક કણ વાવીએ તો વૃદ્ધિ થાય, અન્ય સમયે ક્રોડો દાણા પણ નિષ્ફળ જાય...

**भक्तिस्तु भवनिस्तारवाञ्छा स्वस्य सुपात्रतः ।**
**तया दत्तं सुपात्राय बहुकर्मक्षयक्षमम् ।।१/२०।।**

**અર્થ :–** સુપાત્રના પ્રભાવે પોતાનો સંસાર તરી જવાની ઇચ્છા તે ભક્તિ છે. આવી ભક્તિથી સુપાત્રને આપેલું દાન ઘણા કર્મની નિર્જરા માટે સમર્થ છે.

**अतः पात्रं परीक्षेत दानशौण्डः स्वयं धिया ।**
**तत् त्रिधा स्यान्मुनिः श्राद्धः सम्यग्दृष्टिस्तथापरः ।।१/२६।।**

**અર્થ :–** તેથી દાનવીરે સ્વયં (માર્ગાનુસારિ) બુદ્ધિથી પાત્રની પરીક્ષા કરવી જોઇએ. તે પાત્ર ત્રણ પ્રકારે છે–સંયમી, શ્રાવક અને અવિરત સમ્યગ્દૃષ્ટિ.

**यथास्थानं गुणोत्पत्तेः सुवैद्येनेव भेषजम् ।**
**बालाद्यपेक्षया देया देशना क्लेशनाशिनी ।।२/१।।**

**અર્થ :–** જેમ સારો વૈદ્ય બાલ-યુવાદિ દર્દીને અનુસરી દવા આપે, તેમ સ્થાનને (પાત્ર, પાત્રતાને) અનુરૂપ ગુણોત્પત્તિ થતી હોવાથી (ઉપદેશકે) શ્રોતાની કક્ષાને અનુરૂપ ક્લેશનાશક દેશના આપવી જોઇએ.

**अज्ञातवाग्विवेकानां पण्डितत्वाभिमानिनाम् ।**
**विषं यद्वर्तते वाचि मुखे नाशीविषस्य तत् ।।२/५।।**

**અર્થ :–** વાણીના વિવેકને ન જાણનાર, વિદ્વાનપણાના અભિમાનમાં રાચનારની વાણીમાં જે ઝેર હોય છે તે જંગલી ઝેરી સાપના મોઢામાં પણ નથી હોતું.

**वचनाराधनाद्धर्मोऽधर्मस्तस्य च बाधनात् ।।२/२४।।**

**અર્થ :–** જિનવચનની આરાધનાથી (પાલનથી) ધર્મ, તેના અપાલનથી અધર્મ...

**मार्ग : प्रवर्तकं मानं शब्दो भगवतोदितः ।**

**संविग्नाऽशठगीतार्थाऽऽचरणं चेति स द्विधा ।।३/९।।**

**અર્થ :–** મોક્ષપ્રાપક પ્રવૃત્તિની ઇચ્છાને ઉત્પન્ન કરતું જ્ઞાનરૂપ પ્રમાણ તે માર્ગ કહેવાય...માર્ગ બે પ્રકારે છે–૧) ભગવાને કહેલ શબ્દ ૨) સંવિગ્ન અશઠ ગીતાર્થોનું આચરણ...(વૈરાગી અભ્રાન્ત શુદ્ધજ્ઞાનીઓનું આચરણ...)

**निषेधः सर्वथा नास्ति विधिर्वा सर्वथाऽऽगमे ।**

**आयं व्ययं च तुलयेल्लाभाकांक्षी वणिग्यथा ।।३/५।।**

**અર્થ :–** આગમશાસ્ત્રોમાં સંપૂર્ણપણે (જકારપૂર્વક) કોઇ બાબતનો નિષેધ કે વિધાન નથી. જેમ લાભાર્થી વાણિયો લાભ-નુકશાનની ગણતરી માંડે તેમ સાધકે કરવું.

**आद्यं ज्ञानात्परं मोहाद्विशेषो विशदोऽनयोः ।।३/८।।**

**અર્થ :–** સંવિગ્નોનું આચરણ જ્ઞાનથી, જ્યારે શિથિલાચાર મોહથી થાય છે. બે વચ્ચેનો આ ભેદ સ્પષ્ટ છે.

**गीतार्थपारतन्त्र्येण ज्ञानमज्ञानिनां मतम् ।**

**विना चक्षुष्मदाधारमन्धः पथि कथं व्रजेत् ।।३/१७।।**

**અર્થ :–** અજ્ઞાનીઓમાં ગીતાર્થની પરતંત્રતાથી જ જ્ઞાન મનાયું છે. દેખતાની સહાય વિના અંધ વ્યક્તિ રસ્તે કેમ આગળ વધે ?

**ये तु स्वकर्मदोषेण प्रमाद्यन्तोऽपि धार्मिकाः ।**

**संविग्नपाक्षिकास्तेऽपि मार्गान्वाचयशालिनः ।।३/२१।।**

**शुद्धप्ररूपणैतेषां मूलमुत्तरसम्पदः ।**

**सुसाधुग्लानिभैषज्यप्रदानाभ्यर्चनादिकाः ।।३/२२।।**

**અર્થ :–** જેઓ વીર્યાંતરાય કર્મોદયના દોષથી પ્રમાદ કરવા છતાં ચારિત્રધર્મ

પ્રત્યે શ્રદ્ધાવાળા સંવિગ્નપાક્ષિક છે, તેઓ પણ ઉત્તમ સાધુથી થોડાક જ પાછળ શોભી રહ્યા છે.

શુદ્ધપ્રરૂપણા તેમનો મૂલગુણ છે તથા ઉત્તમ સંયમીઓની બિમારી સમયે ઔષધ લાવી આપવું, તેમનો સત્કાર-સન્માન આદિ ઉત્તરગુણ છે.

**साधुः श्राद्धश्च संविग्नपक्षी शिवपथास्त्रयः ।**
**शेषा भवपथा गेहिद्रव्यलिङ्गिकुलिङ्गिनः ।।३/२९।।**
**गुणी च गुणरागी च गुणद्वेषी च साधुषु ।**
**श्रूयन्ते व्यक्तमुत्कृष्टमध्यमाधमबुद्धयः ।।३/३०।।**
**ते च चारित्र-सम्यक्त्व-मिथ्यादर्शनभूमयः ।**
**अतो द्वयोः प्रकृत्यैव वर्तितव्यं यथाबलम् ।।३/३१।।**

**અર્થ :–** મોક્ષમાર્ગ ત્રણ પ્રકારે – સાધુ, શ્રાવક, સંવિગ્નપાક્ષિક... સંસારમાર્ગ ત્રણ પ્રકારે – ગૃહસ્થ, શિથિલાચારી સાધુઓ, મિથ્યાત્વી સાધુઓ...
ગુણવાન–ઉત્કૃષ્ટ બુદ્ધિ–ચારિત્રધર
ગુણાનુરાગી–મધ્યમબુદ્ધિ–સમ્યકત્વધારી
ગુણદ્વેષી–અધમબુદ્ધિ–મિથ્યાત્વી...
યથાશક્તિ ગુણી કે ગુણાનુરાગીપણામાં પ્રવર્તવું...

**परः सहस्राः शरदां परे योगमुपासताम् ।**
**हन्ताऽर्हन्तमनासेव्य गन्तारो न परं पदम् ।।४/२९।।**
**पूज्योऽयं स्मरणीयोऽयं सेवनीयोऽयमादरात् ।**
**अस्यैव शासने भक्तिः कार्या चेच्चेतनाऽस्ति वः ।।३१।।**
**सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात् ।**
**भक्तिर्भागवती बीजं परमानन्दसम्पदाम् ।।४/३२।।**

**અર્થ :–** અન્ય ધર્મીઓ હજારોના હજારો વર્ષ યોગની ઉપાસના કરતા રહો, અરિહંત (ભાવશત્રુઘાતક વીતરાગ)ની ઉપાસના કર્યા વિના મોક્ષમાં જઇ શકવાના નથી...જો તમારામાં થોડી પણ બુદ્ધિ હોય તો આ જ (વીતરાગ જ) પૂજ્ય છે, સ્મરવા લાયક છે, સેવ્ય છે અને એના જ શાસનમાં ભક્તિ કરવી જોઇએ...–શ્રુતસાગરનું અવગાહન કરીને મને આ સાર મળ્યો છે કે ભગવાનની

ભક્તિ જ પરમાનંદસ્વરૂપ મુક્તિનું બીજ (મુખ્ય કારણ) છે.

**अप्रीतिर्नैव कस्यापि कार्या धर्मोद्यतेन वै ।**

**इत्थं शुभाऽनुबन्धः स्यादत्रोदाहरणं प्रभुः ।।५/४।।**

**અર્થ :–** ધર્મમાં ઉદ્યમ કરનાર વ્યક્તિએ કોઇને પણ અપ્રીતિ થાય તેવું ન કરવું...તેનાથી શુભાનુબન્ધ પડે છે...આ વિષયમાં પ્રભુવીર દૃષ્ટાંતરૂપ છે.

**हेमादिना विशेषस्तु न बिम्बे किन्तु भावतः ।**

**चेष्टया स शुभो भक्त्या तन्त्रोक्तस्मृतिमूलया ।।५/१५।।**

**અર્થ :–** પ્રતિમામાં સોના વગેરે દ્વારા કોઇ વિશેષતા નથી, પણ ભાવથી વિશેષતા છે. 'શાસ્ત્રમાં કહ્યું છે' તેવી સ્મૃતિ આદિપૂર્વકના ઉત્કૃષ્ટ ભક્તિભાવની ચેષ્ટાથી ભાવ શુભ બને છે.

**अन्यत्रारम्भवान् यस्तु तस्याऽत्राऽऽरम्भशङ्किनः ।**

**अबोधिरेव परमा विवेकौदार्यनाशतः ।।५/३०।।**

**અર્થ :–** જે ગૃહસ્થ સંસારમાં (જીવહિંસક) આરંભ-સમારંભ કરતો હોય, તેને પ્રભુપૂજામાં આરંભસમારંભના ભયથી શંકા હોય તો વિવેકદૃષ્ટિ અને ઉદારતાના નાશથી દુર્લભબોધિતા જ થાય...

**ज्ञानेन ज्ञानिभावः स्याद् भिक्षुभावश्च भिक्षया ।**

**वैराग्येण विरक्तत्वं संयतस्य महात्मनः ।।६/१।।**

**અર્થ :–** સંયમી મહાત્મા જ્ઞાનથી જ્ઞાની બને, ભિક્ષાથી ભિક્ષુકપણું અને વૈરાગ્યથી વિરક્તપણું પામે.

**विषयप्रतिभासाख्यं तथाऽऽत्मपरिणामवत् ।**

**तत्त्वसंवेदनं चेति त्रिधा ज्ञानं प्रकीर्तितम् ।।६/२।।**

**અર્થ :–** જ્ઞાન ત્રણ પ્રકારનું કહેવાયું છે. ૧) વિષયપ્રતિભાસ ૨) આત્મ-પરિણામયુક્ત ૩) તત્ત્વસંવેદન.

**त्रिधा भिक्षाऽपि तथाऽऽद्या सर्वसम्पत्करी मता ।**

**द्वितीया पौरुषघ्नी स्याद् वृत्तिभिक्षा तथाऽन्तिमा ।।६/९।।**

**અર્થ :–** ભિક્ષા ત્રણ પ્રકારે છે– ૧) સર્વસંપત્કરી ૨) પૌરુષઘ્ની ૩) વૃત્તિભિક્ષા...

**वैराग्यं च स्मृतं दुःख-मोह-ज्ञानान्वितं त्रिधा ।।६/२१।।**

**અર્થ :–** વૈરાગ્ય ત્રણ પ્રકારે કહેવાયેલ છે. ૧) દુઃખગર્ભિત ૨) મોહગર્ભિત ૩) જ્ઞાનગર્ભિત...

**यस्तु नाऽन्यगुणान् वेद न वा स्वगुणदोषवित् ।**

**स एवैतन्नाद्रियते न त्वासन्नमहोदयः ।।६/२८।।**

**गुणवद्बहुमानाद्यः कुर्यात्प्रवचनोन्नतिम् ।**

**अन्येषां दर्शनोत्पत्तेस्तस्य स्यादुन्नतिः परा ।।६/२९।।**

**यस्तु शासनमालिन्येऽनाभोगेनाऽपि वर्तते ।**

**बध्नाति स तु मिथ्यात्वं महाऽनर्थनिबन्धनम् ।।६/३०।।**

**અર્થ :–** જે ઉત્તમના ગુણોને ન પિછાણે, તથા પોતાના ગુણ-દોષને સ્પષ્ટતયા ન જાણે, તે જ ગુરુપારતન્ત્ર્યને ન સ્વીકારે. જેનું આત્મકલ્યાણ નિકટ છે તે તો સ્વીકારે જ.

ગુણવાનનું બહુમાન કરવા દ્વારા સામાન્ય જનમાં જિનશાસન પ્રત્યે અહોભાવ પેદા કરવામાં નિમિત્ત બને છે, તે બીજામાં સમક્તિનું બીજ નાખવાથી સ્વયં ઉત્કૃષ્ટ આત્મોન્નતિ પામે છે.

જે અજાણતા પણ (ગુણવાન ગુરુની નિંદા-અવજ્ઞા આદિથી) શાસનના માલિન્યમાં નિમિત્ત બને છે તે મહાઅનર્થના કારણભૂત મિથ્યાત્વને બાંધે છે.

**स्वेच्छाचारे च बालानां मालिन्यं मार्गबाधया ।**

**गुणानां तेन सामग्र्यं गुणवत्पारतन्त्र्यतः ।।६/३१।।**

**અર્થ :–** બાલકક્ષાના જીવોની સ્વચ્છંદ પ્રવૃત્તિથી 'જિનશાસન ધણીધોરી વગરનું છે'–આવી છાપ પડવાથી શાસનહીલના થાય છે. તેથી ગુણવાન ગુરુના પારતન્ત્ર્યથી ગુણો પૂર્ણ બને છે.

**भक्ष्याभक्ष्यविवेकाच्च गम्याऽगम्यविवेकतः ।**

**तपोदयाविशेषाच्च स धर्मो व्यवतिष्ठते ।।७/१।।**

**અર્થ :–** ભક્ષ્યાભક્ષ્ય તથા ગમ્ય-અગમ્ય (વ્યવહાર કરવા યોગ્ય-અયોગ્ય)ના વિવેકથી, વિશિષ્ટ તપ અને વિશિષ્ટ દયાથી ધર્મની વ્યવસ્થા થાય છે.

पच्यमानाऽऽम-पक्वासु मांसपेशीषु सर्वथा ।

तन्त्रे निगोदजीवानामुत्पत्तिर्भणिता जिनैः ।।७/६।।

**અર્થ :–** કાચી, પાકી અને પકાવાતી માંસપેશીઓમાં એકાંતે નિગોદજીવોની ઉત્પત્તિ શ્રી તીર્થંકર ભગવંતોએ જિનશાસનમાં જણાવેલી છે.

मद्येऽपि प्रकटो दोषः श्री–ह्रीनाशादिरैहिकः ।

सन्धानजीवमिश्रत्वान्महानामुष्मिकोऽपि च ।।७/१६।।

**અર્થ :–** આલોકમાં ધન-લજ્જા આદિનો નાશ અને સન્ધાનજીવોથી મિશ્ર હોવાના કારણે કર્મબંધથી પરલોકમાં પણ મોટો દોષ મદ્યપાનમાં સ્પષ્ટ જ છે.

व्यवहारात्परप्राणरक्षणं यतनावतः ।

निश्चयान्निर्विकल्पस्वभावप्राणाऽवनं तु सा ।।७/२८।।

**અર્થ :–** જયણાવાળો જીવ બીજાના પ્રાણનું રક્ષણ કરે તે વ્યવહારનયથી દયા છે. નિશ્ચયનયથી તો નિર્વિકલ્પ સ્વભાવરૂપ પોતાના ભાવપ્રાણનું રક્ષણ કરવું તે દયા છે.

यत्नतो जीवरक्षार्था तत्पीडाऽपि न दोषकृत् ।

अपीडनेऽपि पीडैव भवेदयतनावतः ।।७/२९।।

**અર્થ :–** આગમોક્ત જયણાપૂર્વક થતી જીવરક્ષાની પ્રવૃત્તિમાં તે જીવોને પીડા પણ થાય તે દોષકારી નથી, અને અજયણાવાળો જીવ પીડા ન આપવા છતાં પીડાજન્ય દોષબંધ કરે છે.

रहस्यं परमं साधोः समग्रश्रुतधारिणः ।

परिणामप्रमाणत्वं निश्चयैकाग्रचेतसः ।।७/३०।।

**અર્થ :–** સમગ્ર શ્રુતને ધારણ કરનાર, નિશ્ચય (નિજસ્વભાવ)માં એકાગ્ર ચિત્તવાળા સાધુ શ્રેષ્ઠ રહસ્યભૂત વાત જણાવે છે કે–(કર્મબંધમાં) પરિણામ= ભાવ એજ પ્રમાણ છે.

तिष्ठतो न शुभो भावो ह्यसदायतनेषु च ।

गन्तव्यं तत्सदाचारभावाऽभ्यन्तरवर्त्मना ।।७/३१।।

**અર્થઃ–**ખરાબ નિમિત્તો-પ્રવૃત્તિઓમાં પરોવાયેલ માણસને પ્રાયઃ શુભભાવ જાગતો નથી, માટે સદાચાર અને શુદ્ધભાવ દ્વારા આંતરિક મોક્ષમાર્ગે આગળ વધવું જોઇએ.

**विदित्वा लोकमुत्क्षिप्य लोकसंज्ञां च लभ्यते ।**

**इत्थं व्यवस्थितो धर्मः परमानन्दकन्दभूः ।।७/३२।।**

**અર્થ :-** સ્વચ્છંદતામગ્ન લોકને જાણીને, લોકસંજ્ઞાને (બધા કરે તેમ કરવું તેવી વિચારધારાને) છોડીને ઉપરોક્ત વ્યવસ્થાવાળો ધર્મ પરમાનંદરૂપી કંદનું ઉત્પત્તિસ્થાન છે.

**शुष्कवादो विवादश्च धर्मवादस्तथाऽपरः ।**

**कीर्तितस्त्रिविधो वाद इत्येवं तत्त्वदर्शिभिः ।।८/१।।**

**पराऽनर्थो लघुत्वं वा विजये च पराजये ।**

**यत्रोक्तौ सह दृष्टेन शुष्कवादः स कीर्तितः ।।८/२।।**

**छलजातिप्रधानोक्तिर्दुःस्थितेनाऽर्थिना सह ।**

**विवादोऽत्रापि विजयाऽलाभो वा विघ्नकारिता ।।८/३।।**

**ज्ञातस्वशास्त्रतत्त्वेन मध्यस्थेनाघभीरुणा ।**

**कथाबन्धस्तत्त्वधिया धर्मवादः प्रकीर्तितः ।।८/४।।**

**અર્થ :-** તત્ત્વદ્દષ્ટાઓ વડે ત્રણ પ્રકારના વાદ કહેવાયેલા છે-શુષ્કવાદ, વિવાદ અને ધર્મવાદ.

-દુષ્ટ પ્રતિવાદીની સાથે જે વાદ કરવામાં-વાદીનો વિજય થાય તો પ્રતિવાદીને નુકશાન થાય, વાદીનો પરાજય થાય તો લોકમાં લઘુતા થાય-આ વાદ શુષ્કવાદ કહેવાય છે.

-દરિદ્ર અને દુઃસ્થિત એવા પ્રતિવાદી સાથેની છલ-જાતિ (કપટ-અસત્યભાષણ) પ્રધાન એવી ચર્ચા તથા પ્રતિવાદીની કીર્તિ વગેરેમાં વિઘ્ન થાય છે.

-સ્વશાસ્ત્રોના રહસ્યના જાણકાર, મધ્યસ્થ અને પાપભીરુ પ્રતિવાદી સાથે તત્ત્વ જાણવાની બુદ્ધિથી થતી ચર્ચા ધર્મવાદ કહેવાય છે.

**अपवर्गतरोर्बीजं मुख्याऽहिंसेयमुच्यते ।**

**सत्यादीनि व्रतान्यत्र जायन्ते पल्लवा नवाः ।।८/३१।।**

**અર્થ :-** મોક્ષરૂપી વૃક્ષનું બીજ આ મુખ્ય અહિંસા કહેવાય છે. સત્ય, અચૌર્ય વગેરે વ્રતો અહીં નવા અંકુરારૂપ છે.

अर्थ-कामकथा धर्मकथा मिश्रकथा तथा ।
कथा चतुर्विधा तत्र प्रथमा यत्र वर्ण्यते ।।९/१।।
विद्या शिल्पमुपायश्चानिर्वेदश्चापि सञ्चयः ।
दक्षत्वं साम भेदश्च दण्डो दानं च यत्नतः ।।९/२।।
रूपं वयश्च वेषश्च दाक्षिण्यं चापि शिक्षितम् ।
दृष्टं श्रुतं चानुभूतं द्वितीयायां च संस्तवः ।।९/३।।
तृतीयाऽऽक्षेपणी चैका तथा विक्षेपणी परा ।
अन्या संवेजनी निर्वेजनी चेति चतुर्विधा ।।९/४।।

**અર્થ :–** કથા ચાર પ્રકારે–અર્થકથા, કામકથા, ધર્મકથા તથા મિશ્રકથા...
**અર્થકથા** – વિદ્યા, શિલ્પ, ધન મેળવવાના ઉપાયો, થાક્યા વગર પુરૂષાર્થ, સંગ્રહશીલતા, હોંશિયારી, સામ, ભેદ, દંડ અને પ્રયત્નપૂર્વક દાન (લાંચ-રૂશ્વત) આદિની વાતો...
**કામકથા** – સજાતીય-વિજાતીયના રૂપ, ઉંમર, વેષ, સુકોમળ વ્યવહાર, વૈષયિક હોંશિયારી, અજાયબીભૂત જોયેલું, સાંભળેલું કે અનુભવેલું–તેની વાતો આવે.
**ધર્મકથા** - આક્ષેપણી, વિક્ષેપણી, સંવેજની અને નિર્વેજની - એમ ચાર પ્રકારની કથા આવે.

प्रज्ञापकं समाश्रित्य कथा एता अपि क्रमात् ।
अकथा विकथा वा स्युः कथा वा भावभेदतः ।।९/२१।।

**અર્થ :–** વક્તા પુરૂષના આશયની વિવિધતાથી આ કથા (પૂર્વે કહેલી ચાર પ્રકારની કથાઓ) અકથા, વિકથા અથવા કથા બની શકે...

मिथ्यात्वं वेदयन् ब्रूते लिङ्गस्थो वा गृहस्थितः ।
यत्साऽकथाशयोद्भूतेः श्रोतुर्वक्त्रनुसारतः ।।९/२२।।
ज्ञानक्रियातपोयुक्ताः सद्भावं कथयन्ति यत् ।
जगज्जीवहितं सेयं कथा धीरैरुदाहृता ।।९/२३।।
यः संयतः प्रमत्तस्तु ब्रूते सा विकथा मता ।
कर्तृश्रोत्राशये तु स्याद्भजना भेदमञ्चति ।।९/२४।।

**અર્થ :–** વિપાકોદયથી મિથ્યાત્વને અનુભવતો **(અંગારમર્દકતુલ્ય)** દ્રવ્યસાધુ

કે ગૃહસ્થ જે બોલે તે **અકથા** કહેવાય. કારણ કે વક્તાના ભાવ અનુસારે શ્રોતાને ભાવ પેદા થાય છે.

–જ્ઞાન, ક્રિયા અને તપથી યુક્ત ધર્મોપદેશકો જગતના જીવોને હિતકારી જે પરમસત્યનું કથન કરે તેને ધીરપુરૂષો દ્વારા **કથારૂ**પે કહેવાય છે. જે પ્રમાદી સર્વવિરતિધર બોલે તે **વિકથા** કહેવાય. કર્તા-શ્રોતાના ભાવ/આશય બદલાઇ જાય તો તેમાં ભજના જાણવી.

**तपोनियमसारा तु कथनीया विपश्चिता ।**
**संवेगं वापि निर्वेदं यां श्रुत्वा मनुजो व्रजेत् ।।९/२६।।**
**विधिना कथयन् धर्मं हीनोऽपि श्रुतदीपनात् ।**
**वरं न तु क्रियास्थोऽपि मूढो धर्माऽध्वतस्करः ।।९/३१।।**

**અર્થ :–** વિદ્વાન વક્તાએ તપ અને નિયમથી સમૃદ્ધ એવી કથા કરવી જોઇએ જેને સાંભળીને મનુષ્ય સંવેગ કે નિર્વેદ પામે. આચારમાં હીન હોવા છતાં વિધિથી ધર્મ કહેનાર શ્રુતની=પ્રવચનની પ્રભાવના કરનાર સારા. પરંતુ સત્ક્રિયામાં રહેનાર પણ મૂઢ અને ધર્મમાર્ગને (ખોટી ધર્મદેશનાથી) લૂંટનાર સારો નહીં.

**लोकाऽऽराधनहेतोर्या मलिनेनान्तरात्मना ।**
**क्रियते सत्क्रिया सा च लोकपङ्क्तिरूदाहृता ।।१०/६।।**
**महत्यल्पत्वबोधेन विपरीतफलाऽऽवहा ।**
**भवाभिनन्दिनो लोकपङ्क्त्या धर्मक्रिया मता ।।१०/७।।**
**धर्मार्थं सा शुभायाऽपि धर्मस्तु न तदर्थिनः ।**
**क्लेशोऽपीष्टो धनार्थं हि क्लेशार्थं जातु नो धनम् ।।१०/८।।**

**અર્થ :–** કીર્તિની સ્પૃહા આદિ મલિનતાવાળા મન વડે લોકમાનસને આકર્ષિત કરાતો શિષ્ટાચાર, તેને લોકપંક્તિ કહેવાય છે. ભવાભિનંદી જીવની લોકપંક્તિથી કરાતી ધર્મક્રિયા–કલ્પવૃક્ષ-કામધેનુ-ચિંતામણિથી ચડિયાતા ધર્મને અતિતુચ્છ યશ-ખ્યાતિના કારણરૂપે જોવાને લીધે અતિદીર્ઘ ભવપરંપરાને લાવનારી બને છે. સમ્યગ્દર્શન વિગેરેના બીજ વાવવાની ગણતરીએ દાન-સન્માન-ઉચિત વાતચીત આદિ રૂપે સેવાતી લોકપંક્તિ શુભાનુબંધનું કારણ

બની શકે, પરંતુ લોકપંક્તિના અર્થીને ધર્મારાધન હિત માટે ન થાય...ધન માટે કષ્ટ ઉઠાવાય, કષ્ટ વધારવા ધન કોઇ બુદ્ધિશાળી મેળવતું નથી.

**भावस्य मुख्यहेतुत्वं तेन मोक्षे व्यवस्थितम् ।**

**અર્થ :–** તેથી મોક્ષ પ્રત્યે ભાવ જ મુખ્ય હેતુ છે.

**रसानुवेधात्ताम्रस्य हेमत्वं जायते यथा ।**
**क्रियाया अपि सम्यक्त्वं तथा भावाऽनुवेधतः ।।१०/२३।।**
**शिरोदकसमो भावः क्रिया च खननोपमा ।**
**भावपूर्वादनुष्ठानाद् भाववृद्धिरतो ध्रुवा ।।१०/२५।।**
**मण्डूकचूर्णसदृशः क्लेशध्वंसः क्रियाकृतः ।**
**तद्भस्मसदृशस्तु स्याद् भावपूर्वक्रियाकृतः ।।१०/२६।।**

**અર્થ :–** સિદ્ધરસના વેધથી (આરપારના સંયોગથી) જેમ તાંબુ સોનુ થઇ જાય છે તેમ ભાવના અનુવેધથી ક્રિયા પણ સમ્યક્=મોક્ષસંપાદક શક્તિશાળી બની જાય છે. જમીનમાં સાહજિક વહેતી પાણીની સેરતુલ્ય ભાવ છે, કૂવો ખોદવા સમાન ક્રિયા છે. આમ ભાવસહિત ક્રિયા કરવાથી ભાવવૃદ્ધિ ચોક્કસ થાય છે. માત્ર ક્રિયાથી કરાતો રાગાદિ દોષનો ક્ષય દેડકાના ચૂરાતુલ્ય છે. (ફરી ઉત્પન્ન થઇ શકનાર) જ્યારે ભાવપૂર્વકની ક્રિયાથી કરાતો દોષક્ષય દેડકાની રાખતુલ્ય છે.

**पूर्वसेवा तु योगस्य गुरुदेवादिपूजनम् ।**
**सदाचारस्तपो मुक्त्यद्वेषश्चेति प्रकीर्तिता ।।११/१।।**
**माता पिता कलाचार्य एतेषां ज्ञातयस्तथा ।**
**वृद्धा धर्मोपदेष्टारो गुरुवर्गः सतां मतः ।।११/२।।**
**पूजनं चाऽस्य नमनं त्रिसन्ध्यं पर्युपासनम् ।**
**अवर्णाऽश्रवणं नामश्लाघोत्थानाऽऽसनाऽर्पणे ।।११/३।।**
**सर्वदा तदनिष्टेष्टत्यागोपादाननिष्ठता ।**
**स्वपुमर्थमनाबाध्य साराणां च निवेदनम् ।।११/४।।**
**तद्वित्तयोजनं तीर्थे तन्मृत्यनुमतेर्भिया ।**
**तदासनाद्यभोगश्च तद्बिम्बस्थापनाऽर्चने ।।११/५।।**

**देवानां पूजनं ज्ञेयं शौचश्रद्धादिपूर्वकम् ।**

**पुष्पैर्विलेपनैर्धूपैर्नैवेद्यैः शोभनैः स्तवैः ।।११/६।।**

**અર્થ :–** યોગની પૂર્વસેવા (પ્રારંભિક ભૂમિકા) ચાર છે.–ગુરુપૂજન, દેવાદિપૂજન, સદાચાર, તપ, મુક્તિઅદ્વેષ.

**ગુરુવર્ગ**=માતા, પિતા, કલાશિક્ષક અને તેમના સ્વજનો, જ્ઞાન-વયોવૃદ્ધ, વ્યક્તિઓ ધર્મોપદેશકો...

**પૂજા**=ત્રિકાળ વંદન, સેવાભક્તિ, નિંદા ન સાંભળવી, નામની પ્રશંસા કરવી, પધારે ત્યારે ઊભા થઇ સામે જવું, બેસવા આસન આપવું, પોતાના ધર્માદિ પુરૂષાર્થને બાધા ન પહોંચે તેમ તેમને નાપસંદ છોડી દેવું, ગમતામાં પ્રવૃત્ત થવું, અલંકારાદિ સારદ્રવ્ય અર્પવું, તેમના મૃત્યુની અનુમતિ ન લાગે તે માટે તેમનું ધન તીર્થમાં વાપરવું, તેમના અંગત ઉપયોગના આસન આદિ ન વાપરવા, તેમની પ્રતિકૃતિને સ્થાપવી, પૂજવી...

દેવપૂજા=શુદ્ધિ અને શ્રદ્ધાપૂર્વક પુષ્પ-ધૂપ-વિલેપન-નૈવેદ્ય-સુંદર સ્તોત્રો વડે ભક્તિ કરવી.

**नातुराऽपथ्यतुल्यं यद्दानं तदपि चेष्यते ।**

**पात्रे दीनादिवर्गे च पोष्यवर्गाऽविरोधतः ।।११/११।।**

**सुदाक्षिण्यं दयालुत्वं दीनोद्धारः कृतज्ञता ।**

**जनाऽपवादभीरुत्वं सदाचाराः प्रकीर्तिताः ।।११/१२।।**

**रागी गुणिनि सर्वत्र, निन्दात्यागस्तथाऽऽपदि ।**

**अदैन्यं सत्प्रतिज्ञत्वं सम्पत्तावपि नम्रता ।।११/१४।।**

**अविरुद्धकुलाचारपालनं मितभाषिता ।**

**अपि कण्ठगतैः प्राणैरप्रवृत्तिश्च गर्हिते ।।११/१५।।**

**प्रधानकार्यनिर्बन्धः सद्व्ययोऽसद्व्ययोज्झनम् ।**

**लोकानुवृत्तिरुचिता प्रमादस्य च वर्जनम् ।।११/१६।।**

**અર્થ :–** સદાચારોનું સ્વરૂપ બતાવાય છે. ૧) આશ્રિતવર્ગને હાનિ ન પહોંચે તેમ પાત્ર અને દીનાદિવર્ગમાં–બિમારને અપથ્યના દાન જેવું ન હોય તેવું– ઉચિત દાન ૨) દાક્ષિણ્ય ૩) દયાલુતા ૪) દીન દુઃખીઓનો ઉદ્ધાર ૫) કૃતજ્ઞતા

૬) લોકનિંદાથી ડરવું ૭) સર્વત્ર ગુણવાન વિષે રાગ, ૮) નિન્દાનો ત્યાગ ૯) આપત્તિમાં દીનતા નહીં ૧૦) દૃઢ પ્રતિજ્ઞાપાલન ૧૧) સંપત્તિમાં નમ્રતા ૧૨) ધર્મઅવિરોધી કુલાચારનું પાલન ૧૩) પરિમિત બોલવું ૧૪) પ્રાણ ગળે આવે તો પણ નિન્દ્ય પ્રવૃત્તિ નહીં. ૧૫) ઉત્તમ કાર્યોને મહત્વ આપવું. ૧૬) સત્પ્રવૃત્તિમાં વાપરવું. ૧૭) અસદ્વ્યયનો ત્યાગ, ૧૮) ઉચિત લોકાચારનું પાલન તથા ૧૯) પ્રમાદનો ત્યાગ...

**मोक्षः कर्मक्षयो नाम भोगसंक्लेशवर्जितः ।।११/२२।।**

**અર્થ :–** ભોગના સંક્લેશથી રહિત કર્મનો સર્વથા નાશ એટલે મોક્ષ...

**मुक्तौ च मुक्त्युपाये च मुक्त्यर्थं प्रस्थिते पुनः ।**
**यस्य द्वेषो न तस्यैव न्याय्यं गुर्वादि पूजनम् ।।१२/५।।**

**અર્થ :–** મોક્ષ, મોક્ષના ઉપાય અને મોક્ષમાર્ગમાં પ્રસ્થાન કરનાર સાધક પ્રત્યે જેને દ્વેષ નથી તેની જ ગુર્વાદિપૂજનરૂપ પૂર્વસેવા ફળદાયી બને.

**विषं लब्ध्याद्यपेक्षातः क्षणात्सच्चित्तनाशनात् ।**
**दिव्यभोगाभिलाषेण गरः कालान्तरे क्षयात् ।।१२/१२।।**
**सम्मोहादननुष्ठानं सदनुष्ठानरागतः ।**
**तद्धेतुरमृतं तु स्याच्छ्रद्धया जैनवर्त्मनः ।।१२/१३।।**

**અર્થ :–** લબ્ધિ આદિની લાલસાથી ક્ષણવારમાં શુભચિત્તનો નાશ કરનાર =**વિષાનુષ્ઠાન.** દેવતાઇ ભોગોની અભિલાષાથી લાંબા ગાળે શુભભાવનો નાશ કરનાર=**ગરાનુષ્ઠાન...**મૂઢતાપૂર્ણ રીતે આરાધના=**અનનુષ્ઠાન,** સદનુષ્ઠાનના રાગપૂર્વક આરાધના=**તદ્ધેતુ અનુષ્ઠાન.** જૈનમાર્ગ પ્રત્યેની છલકતી શ્રદ્ધાથી થતું અનુષ્ઠાન=**અમૃત અનુષ્ઠાન.**

**क्रोधाद्यबाधितः शान्त उदात्तस्तु महाशयः ।**
**बीजं रूपं फलं चाऽयमूहते भवगोचरम् ।।१४/९।।**
**भवोऽयं दु:खगहनो जन्म-मृत्यु-जरामयः ।**
**अनादिरप्युपायेन पृथग्भवितुमर्हति ।।१४/११।।**
**फलं भवस्य विपुलः क्लेश एव विजृम्भते ।**
**न्यग्भाव्याऽऽत्मस्वभावं हि पयो निम्बरसो यथा ।।१४/१२।।**

**અર્થ :–** વિષય-કષાયાદિથી નહીં પીડાતો શાંત કહેવાય. ઉમદા અંતઃકરણવાળો ઉદાત્ત કહેવાય. આવો જીવ સંસારસંબંધી કારણ, સ્વરૂપ અને ફળની વિચારણા કરે છે. આ સંસાર દુઃખોથી ભરેલો છે, જન્મ-જરા-મૃત્યુમય છે, અનાદિકાલીન હોવા છતાં યોગ્ય ઉપાયથી મુક્ત થઇ શકાય છે. સંસારનું ફળ માત્ર પુષ્કળ કષ્ટો છે. જેમ લીમડાનો રસ દૂધના મધુર રસને દબાવી કડવાશ ફેલાવે છે તેમ આત્મસ્વભાવને દબાવી દુઃખો જ પોતાનો વિલાસ દેખાડે છે.

**वाग्योगापेक्षया मनोयोगस्याऽधिकत्वात् ।**

**अत एव मौनविशेषेणैव जपः प्रशस्यते ।।१४/१५।।**

**અર્થ :–** વચનયોગ કરતાં મનોયોગ બળવાન છે માટે વિશિષ્ટ રીતે મૌનપૂર્વકનો જાપ વખણાય છે.

**निजाऽऽशयविशुद्धौ हि बाह्यो हेतुरकारणम् ।।१४/१८।।**

**અર્થ :–** પોતાનો આશય વિશુદ્ધ હોય તો બાહ્ય હેતુઓ કર્મબંધના કારણ બની શકતા નથી.

**शास्त्रमासन्नभव्यस्य मानमामुष्मिके विधौ ।।१४/२०।।**

**અર્થ :–** નિકટમોક્ષગામી જીવને પરલોકહિતકર કાર્યમાં શાસ્ત્ર જ પ્રમાણભૂત બને છે.

**अप्राप्ते भगवद्वाक्ये धावत्यस्य मनो यथा ।**

**विशेषदर्शिनोऽर्थेषु प्राप्तपूर्वेषु नो तथा ।।१५/३।।**

**धर्मरागोऽधिको भावाद् भोगिनः स्त्र्यादिरागतः ।**

**प्रवृत्तिस्त्वन्यथापि स्यात्कर्मणो बलवत्तया ।।१५/४।।**

**અર્થ :–** વિશેષજ્ઞ સમકિતીનું મન જે રીતે પૂર્વે પ્રાપ્ત ન થયેલ જિનવચન પ્રાપ્ત કરવા દોડે છે. તે રીતે પૂર્વપ્રાપ્ત ધન વિગેરે વિષે દોડતું નથી હોતું... ભોગીનો સ્ત્રી આદિને રાગ હોય તેથી અધિક રાગ સમકિતીને ભાવથી ચારિત્રધર્મ પર હોય છે. બળવાન કર્મના કારણે ક્યારેક પ્રવૃત્તિ વિપરીત હોઇ શકે.

**गुरुदेवादिपूजाऽस्य त्यागात्कार्यान्तरस्य च ।**

**भावसारा विनिर्दिष्टा निजशक्त्यनतिक्रमात् ।।१५/६।।**

**અર્થ :–** સમકિતીને ગુરુદેવ આદિની પૂજા પોતાની શક્તિ ગોપવ્યા વિના

અન્ય ભૌતિક કાર્યોનો ત્યાગ કરીને એકદમ ભાવોલ્લાસપૂર્વક–અનંત બહુમાનપૂર્વક કર્તવ્ય તરીકે પૂર્વપુરૂષોએ જણાવી છે.

**तप्तलोहपदन्यासतुल्या वृत्तिः क्वचिद्यदि ।**

**इत्युक्तेः कायपात्येव चित्तपाती न स स्मृतः ।।१५/११।।**

**અર્થ :–** 'સમકિતી જો આરંભાદિ પ્રવૃત્તિ કરે, તો પણ તપેલા લોખંડ પર પગલું મૂકવા તુલ્ય તે પ્રવૃત્તિ હોય'' આવી શાસ્ત્રપંક્તિથી સિદ્ધ થાય છે કે સમકિતી જીવ કાયાથી પાપ કરે, મનથી ક્યારેય ન કરે.

**माध्यस्थ्यमवलम्ब्यैव देवताऽतिशयस्य च । सेवा सर्वैर्बुधैरिष्टा।।१६/१६।।**

**અર્થઃ**–માધ્યસ્થ્યનું અવલંબન કરીને જ સાતિશય દેવની સેવા સર્વપંડિતોને માન્ય છે.

**शास्त्रादाचरणं सम्यक् स्याद्वादन्यायसंगतम् ।**

**ईशस्यानुग्रहस्तस्माद्दृष्टेष्टाऽर्थाऽविरोधिनः ।।१६/२९।।**

**यद्दातव्यं जिनैः सर्वैर्दत्तमेव तदेकदा ।**

**दर्शन-ज्ञान-चारित्रमयो मोक्षपथः सताम् ।।१६/३०।।**

**जिनेभ्यो याचमानोऽन्यं लब्धं बोधिमपालयन् ।**

**तं विह्वलो विना भाग्यं केन मूल्येन लप्स्यसे ? ।।१६/३१।।**

**अनुष्ठानं ततः स्वामिगुणरागपुरःसरम् ।**

**परमान्नन्दतः कार्यं मन्यमानैरनुग्रहम् ।।१६/३२।।**

**અર્થ :–** તેથી દૃષ્ટ અને ઇષ્ટ અર્થનો પરસ્પર વિરોધ ન આવતો હોય તેવી રીતે સિદ્ધાંતપ્રરૂપક શાસ્ત્રના આધારે સારા સ્યાદ્વાદન્યાયથી સમન્વિત આચરણ કરવું તે જ ઇશ્વરનો અનુગ્રહ છે.

જે કાંઇ આપવા જેવું હતું તે સર્વ જિનેશ્વર ભગવંતોએ દર્શન-જ્ઞાન-ચારિત્રમય મોક્ષમાર્ગ સજ્જનોને એકસાથે આપેલ જ છે. તે મળેલા ધર્મને નહીં આચરતો અને નવો ધર્મ જિનેશ્વર પાસે માંગતો વિહ્‌વલ (દીન)-ભાગ્ય વિના ક્યા મૂલ્યથી તે ધર્મને મેળવીશ ? તેથી પ્રભુકૃપા માનતા સાધકોએ પ્રભુના ગુણાનુરાગપૂર્વક પરમાનંદથી આરાધના કરવી જોઇએ.

**मार्गानुसारिता श्रद्धा प्राज्ञप्रज्ञापनारतिः ।**

**गुणरागश्च लिङ्गानि शक्यारम्भोऽपि चाऽस्य हि ।।१७/३१।।**

**અર્થ :–** માર્ગાનુસારિતા, શ્રદ્ધા, પ્રાજ્ઞના ઉપદેશમાં રતિ, ગુણરાગ અને શક્યધર્મમાં પ્રવૃત્તિ આ ચારિત્રના લક્ષણો છે.

**विमुक्तकल्पनाजालं समत्वे सुप्रतिष्ठितम् ।**
**आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिस्त्रिधोदिता ।।१८/२९।।**

**અર્થ :–** કલ્પનાસમૂહથી વિમુક્ત મન, સમત્વમાં સારી રીતે સ્થિર મન અને આત્મરમણતામાં મગ્ન મન–આમ જાણકારો વડે મનોગુપ્તિ ત્રણ પ્રકારે જણાવાયેલી છે.

**ये योगिनां कुले जातास्तद्धर्मानुगताश्च ये ।**
**कुलयोगिन उच्यन्ते गोत्रवन्तोऽपि नापरे ।।१९/२१।।**
**सर्वत्राऽद्वेषिणश्चैते गुरु-देव-द्विजप्रियाः ।**
**दयालवो विनीताश्च बोधवन्तो जितेन्द्रियाः ।।१९/२२।।**

**અર્થ :–** જેઓ યોગીઓના કુળમાં ઉત્પન્ન થયેલા હોય તથા તેમના ધર્મને અનુસરનારા હોય તેમને પણ કુલયોગી કહેવાય છે. બીજા ઉત્તમભૂમિ-કુલમાં જન્મ લેનાર પણ નામમાત્રથી યોગીઓ કુલયોગી કહેવાતા નથી. આ કુલયોગીઓ સર્વત્ર દ્વેષ વિનાના, ગુરુ-દેવ-બ્રાહ્મણને અત્યંત પ્રેમ કરનાર, દયાળુ, વિનયી, બોધસંપન્ન અને જિતેન્દ્રિય હોય છે.

**सद्भिः कल्याणसम्पन्नैर्दर्शनादपि पावनैः ।**
**तथादर्शनतो योग आद्याऽवञ्चक उच्यते ।।१९/२९।।**
**तेषामेव प्रणामादिक्रियानियम इत्यलम् ।**
**क्रियाऽवञ्चकयोगः स्यान्महापापक्षयोदयः ।।१९/३०।।**
**फलावञ्चकयोगस्तु सद्भ्य एव नियोगतः ।**
**सानुबन्धफलावाप्तिधर्मसिद्धौ सतां मता ।।१९/३१।।**

**અર્થ :–** કલ્યાણસંપન્ન અને દર્શનથી પણ પાવન કરનાર ઉત્તમ પુરૂષોનો તેવા પ્રકારે દર્શનથી યોગ(મેળાપ) થવો તે યોગાવંચક કહેવાય. તે જ ઉત્તમપુરૂષોને પ્રણામાદિ વિનય કરવાનો નિયમ લેવો તે સમર્થ, મહાપાપના ક્ષયનો ઉદયકારી ક્રિયાઅવંચકયોગ બને છે. તે મહાપુરૂષો પાસેથી જ અવશ્ય ધર્મસિદ્ધિવિષયક ઉત્તરોત્તર ચડિયાતા ફળની પ્રાપ્તિ થવી તે ફલાવંચક યોગરૂપે સજ્જનોને માન્ય છે.

**बाह्यात्मा चान्तरात्मा च परमात्मेति च त्रयः ।**

**कायाऽधिष्ठायक-ध्येयाः प्रसिद्धा योगवाङ्मये ।।२०/१७।।**

**अन्ये मिथ्यात्व-सम्यक्त्व-केवलज्ञानभागिनः ।**

**मिश्रे च क्षीणमोहे च विश्रान्तास्ते त्वयोगिनि ।।२०/१८।।**

**અર્થ :–** યોગગ્રંથોમાં કાયારૂપ બાહ્યાત્મા, અધિષ્ઠાયક (આત્મા) રૂપ અંતરાત્મા અને ધ્યેયસ્વરૂપ પરમાત્મા – આ પ્રમાણે ત્રણ આત્મા પ્રસિદ્ધ છે. અન્ય વિદ્વાનો કહે છે-મિથ્યાત્વી બાહ્યાત્મા, સમકિતી અંતરાત્મા અને કેવલજ્ઞાની પરમાત્મા છે. તે યથાક્રમે મિશ્ર ગુણસ્થાનકે (૧ થી ૩), ક્ષીણમોહ ગુણસ્થાનકે (૪ થી ૧૨) અને અયોગી કેવલી ગુણસ્થાનકે (૧૩-૧૪) પર્યવસિત થાય છે.

**अत एव च योऽर्हन्तं स्वद्रव्य-गुण-पर्ययैः ।**

**वेदाऽऽत्मानं स एव मां वेदेत्युक्तं महर्षिभिः ।।२०/२०।।**

**અર્થ :–** માટે જ જે સ્વદ્રવ્ય (શુદ્ધાત્મા)–ગુણ (કેવળજ્ઞાન) – પર્યાય (સ્વભાવ-પરિણમન) દ્વારા તીર્થંકર પરમાત્માને જાણે છે, તે જ પોતાના આત્માને જાણે છે, તેમ મહર્ષિઓએ કહેલ છે.

**प्रकृत्या भद्रकः शान्तो विनीतो मृदुरुत्तमः ।**

**सूत्रे मिथ्यादृगप्युक्तः परमानन्दभागतः ।।२०/३२।।**

**અર્થ :–** આથી જ આત્મોન્નતિને સાધવાના સ્વભાવવાળો, ક્રોધાદિકષાય-રહિત, વિનયી, દંભરહિત, સંતોષમાં સુખ માનનાર મિથ્યાત્વી જીવ પણ પરમાનંદનું ભજન બને છે તેમ શાસ્ત્રમાં જમાવેલ છે.

**सत्सु सत्त्वधियं हन्त मले तीव्र लभेत कः ।**

**अङ्गुल्या न स्पृशेत् पङ्गुः शाखां सुमहतस्तरोः ।।२१/२१।।**

**અર્થ :–** ભાવમલ તીવ્ર હોય ત્યારે સાધુમાં સાધુપણાની બુદ્ધિ કોણ મેળવી શકે ? અત્યંત ઊંચા ઝાડની ડાળીને પાંગળો માણસ આંગળીથી ખરેખર ન સ્પર્શી શકે...

**यथौषधीषु पीयूषं द्रुमेषु स्वर्द्रुमो यथा ।**

**गुणेष्वपि सतां योगस्तथा मुख्य इहेष्यते ।।२१/३०।।**

**અર્થ :–** જેમ ઔષધિઓમાં અમૃત અને વૃક્ષોમાં કલ્પવૃક્ષ મુખ્ય છે, તેમ જિનશાસનમાં સાધુસમાગમ ગુણોમાં મુખ્ય=મુખ્ય ગુણ મનાય છે.

अभावेऽस्याः श्रुतं व्यर्थं बीजन्यास इवोषरे ।
श्रुताऽभावेऽपि भावेऽस्याः ध्रुवः कर्मक्षयः पुनः ।।२२/१४।।

**અર્થ :–** ઉખરભૂમિમાં બીજની વાવણી વ્યર્થ છે તેમ તત્વશુશ્રુષા વિના સાંભળેલું નિષ્ફળ છે. તથા તત્વશ્રવણના અભાવમાં પણ તત્ત્વશુશ્રુષા (શ્રવણેચ્છા) હોય તો નિયમા કર્મનિર્જરા થાય છે.

प्राणेभ्योऽपि गुरुर्धर्मः इत्यतोऽस्यां विनिश्चयात् ।
प्राणांस्त्यजति धर्मार्थं, न धर्मं प्राणसङ्कटे ।।२२/२०।।

**અર્થ :–** ભાવપ્રાણાયામના કારણે દીપ્રાદૃષ્ટિમાં 'પ્રાણો કરતાં પણ ધર્મ મહાન છે.' આવી માન્યતા નિશ્ચિત થઇ હોવાથી ધર્મ ખાતર પ્રાણોને છોડે છે પણ પ્રાણઘાતક સંકટમાં પણ ધર્મન છોડે.

तत्त्वश्रवणतस्तीव्रा गुरुभक्तिः सुखावहा ।
समापत्त्यादिभेदेन तीर्थकृद्दर्शनं ततः ।।२२/२२।।

**અર્થ :–** તત્ત્વશ્રવણથી ઉભયલોકમાં સુખ આપનારી ઉત્કટ ગુરુભક્તિ પ્રગટે છે. તે ગુરુભક્તિથી સમાપત્તિ=ધ્યાનજન્ય સ્પર્શના આદિ દ્વારા તીર્થંકર ભગવંતનો સાક્ષાત્કાર થાય છે.

वेद्यं संवेद्यते यस्मिन्नपायादिनिबन्धनम् ।
पदं तद्वेद्यसंवेद्यमन्यदेतद्विपर्ययात् ।।२२/२५।।

**અર્થ :–** હિતકર-અહિતકર, સુખરૂપ કે દુઃખરૂપનું કારણ બને તેવા વેદ્ય (ઓળખવા યોગ્ય) પદાર્થનું ક્ષયોપશમ અનુરૂપ નિશ્ચય બુદ્ધિથી યથાસ્થિત જ્ઞાન થાય તે વેદ્યસંવેદ્યપદ કહેવાય. આનાથી ઉલટું અવેદ્યસંવેદ્યપદ કહેવાય.

अवेद्यसंवेद्यपदे पुण्यं निरनुबन्धकम् ।
भवाभिनन्दिजन्तूनां पापं स्यात्सानुबन्धकम् ।।२२/२९।।

**અર્થ :–** અવેદ્યસંવેદ્યપદ (મિથ્યાત્વ)માં રહેલા જીવો દ્વારા બંધાતું પુણ્ય અનુબંધરહિત બંધાય (જો પાપાનુબંધી ન બંધાય તો), ભવાભિનન્દિ જીવોને પાપ પાપાનુબંધી જ બંધાય...રાગ-દ્વેષની પ્રબળતા પાપાનુબંધનું અમોઘ બીજ છે.

शमारामाऽनलज्वाला हिमानि ज्ञानपङ्कजे ।
श्रद्धाशल्यं स्मयोल्लासः कुतर्कः सुनयाऽर्गला ।।२३/२।।

कुतर्केऽभिनिवेशस्तन्न युक्तो मुक्तिमिच्छताम् ।

युक्तः पुनः श्रुते शीले समाधौ शुद्ध चेतसाम् ।।२२/३।।

**અર્થ :–** ઉપશમભાવના ઉદ્યાનને બાળવા અગ્નિજ્વાલા સમાન, જ્ઞાનકમળને બાળનાર હિમસમાન, શ્રદ્ધાને પીડનાર કાંટા સમાન, મિથ્યા અભિમાનને ઉછાળનાર અને સુનયની પ્રાપ્તિમાં આગળિયા સમાન કુતર્ક છે. તેથી મુક્તિવાંછુઓને કુતર્ક આગ્રહ રાખવો એ યોગ્ય નથી. જ્યારે શુદ્ધ ચિત્તવાળા સાધકોને શ્રુત, શીલ અને સમાધિમાં આગ્રહ રાખવો યુક્તિયુક્ત છે.

वादांश्च प्रतिवादांश्च वदन्तो निश्चितांस्तथा ।

तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद् गतौ ।।२३/५।।

**અર્થ :–** નિશ્ચિત શાસ્ત્રીય વ્યવસ્થાથી વાદ-પ્રતિવાદને કરતા યોગીઓ ઘાણીના બળદની જેમ કોઇપણ તત્ત્વનો પાર (રહસ્ય) પામી શકતા નથી.

शास्त्रस्यैवाऽवकाशोऽत्र कुतर्काऽग्रहतस्ततः ।

शीलवान् योगवानत्र श्रद्धावांस्तत्त्वविद् भवेत् ।।२३/१३।।

**અર્થ :–** અતીન્દ્રિય પદાર્થની સિદ્ધિમાં શાસ્ત્રનો જ અવકાશ છે. તેથી કુતર્કને પકડ્યા વિના શાસ્ત્રમાં શ્રદ્ધાવાળો, શીલયુક્ત અને સદા યોગતત્પર હોય તેજ અતીન્દ્રિયાર્થનો જાણકાર બની શકે.

संसारिषु हि देवेषु भक्तिस्तत्कायगामिनाम् ।

तदतीते पुनस्तत्त्वे तदतीताऽर्थयायिनाम् ।।२३/२७।।

**અર્થ :–** સંસારી દેવોના સમૂહમાં ઉત્પન્ન થનારા જીવોની ભક્તિ સંસારી દેવો પ્રત્યે હોય છે, જ્યારે સંસારમુક્તિને ઇચ્છુક યોગીઓ મુક્ત સર્વજ્ઞ ભગવંતને ભજે છે.

बुद्धिर्ज्ञानमसंमोहस्त्रिविधो बोध इष्यते ।

रत्नोपलम्भ-तज्ज्ञान-तदवाप्तिनिदर्शनात् ।।२३/२३।।

**અર્થ :–** બોધ ત્રણ પ્રકારે માન્ય છે– ૧) બુદ્ધિ ૨) જ્ઞાન ૩) અસંમોહ. આ વિષયમાં ત્રણ યથાક્રમ ઉદાહરણ છે. ૧) રત્નનું દર્શન ૨) રત્નનું જ્ઞાન ૩) રત્નની પ્રાપ્તિ...

आदरः करणे प्रीतिरविघ्नः सम्पदागमः ।

जिज्ञासा तज्ज्ञसेवा च सदनुष्ठानलक्षणम् ।।२३/२४।।

**અર્થ :–** વિશેષ પુરૂષાર્થરૂપ આદર, અનુષ્ઠાન પ્રત્યે તીવ્ર રાગ, વિઘ્નનો અભાવ, સંપત્તિની પ્રાપ્તિ, અનુષ્ઠાન વિશે જિજ્ઞાસા, તેના જાણકારની સેવા અને તેની કૃપા મેળવવી, આ સદનુષ્ઠાનના લક્ષણ છે.

**अतो ग्रन्थिविभेदेन विवेकोपेतचेतसाम् ।**

**त्रपायै भवचेष्टा स्याद् बालक्रीडोपमाऽखिला ।।२४/३।।**

**અર્થ :–** ગ્રંથિભેદથી વિવેકયુક્ત ચિત્તવાળા જીવોને ઇન્દ્રિયનિરોધરૂપ પ્રત્યાહારથી તમામ સાંસારિક પ્રવૃત્તિઓ બાલક્રીડા જેવી લજ્જાસ્પદ લાગે છે.

**धर्मादपि भवन् भोगः प्रायोऽनर्थाय देहिनाम् ।**

**चन्दनादपि सम्भूतो दहत्येव हुताशनः ।।२४/६।।**

**અર્થ :–** ધર્મથી પણ મળતા ભોગસુખો મોટાભાગે જીવોને નુકશાનકારક જ થાય છે. ચન્દનથી પણ ઉત્પન્ન થતો અગ્નિ બાળે જ છે.

**सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ।**

**एतदुक्तं समासेन लक्षणं सुख-दुःखयोः ।।२४/१९।।**

**અર્થ :–** પરાધીન બધું દુઃખરૂપ છે, સ્વાધીન બધું સુખરૂપ છે. આ સંક્ષેપથી સુખ-દુઃખનું લક્ષણ કહેવાયેલ છે.

**ज्ञानं च सदनुष्ठानं सम्यक् सिद्धान्तवेदिनः ।**

**क्लेशानां कर्मरूपाणां हानोपायं प्रचक्षते ।।२५/१।।**

**અર્થ :–** સિદ્ધાંતના સારા જાણકારો કર્મરૂપી ક્લેશના ક્ષયના ઉપાય તરીકે સમ્યક્જ્ઞાન અને સમ્યક્ક્રિયાને જણાવે છે.

**शास्त्रस्योपनिषद्योगो योगो मोक्षस्य वर्तनी ।**

**अपायशमनो योगो योगः कल्याणकारणम् ।।२६/१।।**

**संसारवृद्धिर्धनिनां पुत्रदारादिना यथा ।**

**शास्त्रेणाऽपि तथा योगं विना हन्त विपश्चिताम् ।।२६/२।।**

**અર્થ :–** યોગ શાસ્ત્રનું રહસ્ય, મોક્ષની કેડી, વિઘ્નશામક અને કલ્યાણનું કારણ બને છે. જેમ ધનવાનને પુત્ર, પત્ની આદિથી સંસારની વૃદ્ધિ થાય છે, તેમ પંડિતોને યોગસાધના વિના શાસ્ત્રથી પણ સંસારવૃદ્ધિ થાય છે...

अपि क्रूराणि कर्माणि क्षणाद्योगः क्षिणोति हि ।
ज्वालनो ज्वालयत्येव कुटिलानपि पादपान् ।।२६/२५।।
अहर्निशमपि ध्यातं योग इत्यक्षरद्वयम् ।
अप्रवेशाय पापानां ध्रुवं वज्राऽर्गलायते ।।२६/२७।।
आजीविकादिनाऽर्थेन योगस्य च विऽम्बना ।
पवनाऽभिमुखस्थस्य ज्वलनज्वालनोपमा ।।२६/२८।।

**અર્થ :–** ક્રૂર (ભયાનક) પણ કર્મોને યોગ ક્ષણવારમાં નષ્ટ કરે છે. જેમ અગ્નિ કુટિલ પણ વૃક્ષોને બાળે છે. 'યોગ' એ બે અક્ષરનું પણ રાત-દિવસ ધ્યાન કરાય તો આત્મામાં પાપનો પ્રવેશ ન થવા માટે વજ્રના આગળીયાનું કામ કરે છે. આજીવિકા આદિ પ્રયોજન માટે યોગની વિડંબના, પવનની સન્મુખ રહેલા વ્યક્તિની અગ્નિ પ્રગટાવવાની પ્રવૃત્તિ સમાન છે, એટલે કે પોતાના જ વિનાશ કરવાતુલ્ય છે.

न कुप्यति कथायां यो नाऽप्युच्चैः कलहायते ।
उचितेऽनादरो यस्य नाऽऽदरोऽनुचितेऽपि च ।।२७/६।।

**અર્થ :–** જે વાતોમાં ગુસ્સે થતો નથી, અતિશય ઝઘડો કરતો નથી, જેને ઉચિતમાં અનાદર ન હોય અને અનુચિતમાં આદર ન હોય તે સાચો ભિક્ષુ=સાધુ.

यश्च निर्ममभावेन काये दोषैरुपप्लुते ।
जानाति पुद्गलाऽन्यस्य न मे किञ्चिदुपप्लुतम् ।।२७/९।।

**અર્થ :–** તાવ-શૂલ વગેરે દોષોથી(રોગોથી) શરીર પીડાય ત્યારે નિર્મમપણાથી 'શરીર તો પુદ્‌ગલ છે, હું પુદ્‌ગલથી જુદો છું, માટે મારું કશું બગડતું નથી, મને કોઇ પીડા નથી' આવું જે જાણે તે ભાવસાધુ કહેવાય.

उद्वेगो हसितं शोको रुदितं क्रन्दितं तथा ।
यस्य नाऽस्ति जुगुप्सा च क्रीडा चाऽपि कदाचन ।।२७/१५।।

**અર્થ :–** ઉદ્વેગ, હાસ્ય, શોક, રૂદન, આક્રંદ, જુગુપ્સા તથા ક્રીડા (રમત, ખેલકૂદ) જેને ન હોય તે ભાવસાધુ કહેવાય.

भिक्षामात्रेण वा भिक्षुर्यतमानो यतिर्भवेत् ।
भवक्षयाद् भवान्तश्च चरकः संयमं चरन् ।।२७/१८।।

**क्षपकः क्षपयन् पापं तपस्वी च तपःश्रिया ।**

**भिक्षुशब्दनिरुक्तस्य भेदाः खल्वर्थतो ह्यमी ।।२७/१९।।**

**અર્થ :–** નિર્દોષ ભિક્ષાથી ભિક્ષુ, જયણા કરવાથી યતિ, ભવનો નાશ કરવાથી ભવાન્ત અને ૧૭ પ્રકારના સંયમનું આચરણ કરવાથી ચરક બને. પાપને ખપાવતા ક્ષપક, તપશોભાથી તપસ્વી...ભિક્ષુશબ્દની નિરુકિતનો વિષય બનનારા સાધુના અર્થને આશ્રયીને આ ભેદો છે.

**संवेगो विषयत्यागः सुशीलानां च सङ्गतिः ।**

**ज्ञान-दर्शन-चारित्राराधना विनयस्तपः ।।२७/२३।।**

**क्षान्तिर्मार्दवमृजुता तितिक्षा मुक्त्यदीनते ।**

**आवश्यकविशुद्धिश्च भिक्षोर्लिङ्गान्यकीर्तयन् ।।२७/२४।।**

**અર્થ :–** સંવેગ, વિષયત્યાગ, સાધુઓનો સત્સંગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, આરાધના, વિનય, તપ, ક્ષમા, નિરહંકારિતા, માયાત્યાગ, પરિષહસહિષ્ણુતા, મૂર્ચ્છાત્યાગ, અદીનતા અને આવશ્યક યોગોમાં નિરતિચારતા–આ ભાવભિક્ષુના લિંગ ગણધરભગવંતોએ જણાવ્યા છે.

**षट्कायभिद् गृहं कुर्याद् भुञ्जीतौद्देशिकं च यः ।**

**पिबेत् प्रत्यक्षमप्कायं स कथं भिक्षुरुच्यते ।।२७/२६।।**

**અર્થ :–** ષડ્જીવનિકાયની વિરાધના કરે, નિર્દોષ વસતિ મળે છતાં આસક્તિથી ઘર બનાવે, સાધુને ઉદ્દેશીને બનાવેલી ગોચરી વાપરે, પ્રત્યક્ષ કાચા પાણીને પીએ, તે ભિક્ષુ કઇ રીતે કહેવાય ?

**दीक्षा हि श्रेयसो दानादशिवक्षपणात्तथा ।**

**सा ज्ञानिनो नियोगेन ज्ञानिनिश्रावतोऽथवा ।।२८/१।।**

**અર્થ :–** કલ્યાણના દાનથી અને અકલ્યાણનો ક્ષય કરવાથી દીક્ષા કહેવાય છે. તે દીક્ષા અવશ્ય જ્ઞાનીને અથવા જ્ઞાનીની નિશ્રાવાળાને જ હોય.

**यस्य क्रियासु सामर्थ्यं स्यात्सम्यग्गुरुरागतः ।**

**योग्यता तस्य दीक्षायामपि माषतुषाऽऽकृतेः ।।२८/३।।**

**અર્થ :–** જે જીવમાં સારી રીતે ગુરુ પ્રત્યેના રાગથી ચારિત્રના અનુષ્ઠાનોને આરાધવાનું સામર્થ્ય આવે, તે માષતુષ મુનિ જેવા મુગ્ધમતિ જીવોમાં પણ દીક્ષાની યોગ્યતા હોય છે.

**नाम्नाऽन्वर्थेन कीर्तिः स्यात् स्थापनाऽऽरोग्यकारिणी ।**

**द्रव्येण च व्रतस्यैर्यं भावः सत्पददीपनः ।।२८/५।।**

**અર્થ :–** સાર્થક **નામ**થી કીર્તિ-પ્રસિદ્ધિ થાય છે. રજોહરણ-મુહપત્તિને ધારણ કરવારૂપ **સ્થાપના** ભાવઆરોગ્ય કરનાર છે. **દ્રવ્ય** (જ્ઞાન-ક્રિયારૂપ)થી વ્રતમાં સ્થિરતા આવે છે. તથા **ભાવ** સુંદર પદનું પ્રકાશન કરે છે.

**दिनानि पक्षा मासा वा गण्यन्ते शरदोऽपि च ।**

**नाऽस्यां गुणाऽविघातस्य गण्यतेऽवसरः पुनः ।।२८/१२।।**

**અર્થ :–** સંયમપર્યાયની વૃદ્ધિ સાથે તેજોલેશ્યારૂપ પ્રસન્નતાની વૃદ્ધિ બતાવી છે તેમાં પર્યાયસ્વરૂપે દિવસો, પખવાડિયા, મહિના કે વર્ષો પણ નથી ગણાતા, પરંતુ જે સમયમાં ગુણને હાનિ ન પહોંચી હોય તે જ સમય અહીં ગણાય છે.

**इन्द्रियाणां कषायाणां गृह्यते मुण्डनोत्तरम् ।**

**या शिरोमुण्डनव्यङ्ग्या तां सद्दीक्षां प्रचक्षते ।।२८/१४।।**

**અર્થ :–** ઇન્દ્રિય અને કષાયોના મુંડન (નિર્બળ કરવા, નાશ કરવારૂપ) પછી માથું મુંડાવવારૂપ જે દીક્ષા થાય છે તેને શાસ્ત્રકાર મહર્ષિઓ સદ્દીક્ષા કહે છે.

**शरीरेणैव युध्यन्ते दीक्षापरिणतौ बुधाः ।**

**दुलभं वैरिणं प्राप्य व्यावृत्ता बाह्ययुद्धतः ।।२८/१७।।**

**शरीराद्यनुरागस्तु न गतो यस्य तत्त्वतः ।**

**तेषामेकाकिभावोऽपि क्रोधादिनियतः स्मृतः ।।२८/१९।।**

**અર્થ:–**દીક્ષાની પરિણતિ પ્રગટે ત્યારે બાહ્ય યુદ્ધથી નિવૃત્ત થઇને-શરીર જેવા દુર્લભ દુશ્મનને પ્રાપ્ત કરી (ઓળખીને) પોતાના શરીર સાથે જ વિવેકી જીવો લડે છે.

જે જીવોને વાસ્તવિક રીતે શરીર આદિનો અનુરાગ નષ્ટ નથી થયો, તેઓનો એકાકિભાવ પણ ક્રોધાદિથી ઘેરાયેલો હોય છે તેવું શાસ્ત્રમાં સંભળાય છે.

**ससङ्गप्रतिपत्तिर्हि ममतावासनात्मिका ।**

**असङ्गप्रतिपत्तिश्च मुक्तिवाच्छानुरोधिनी ।।२८/२१।।**

**अनादिकालानुगता महती सङ्गवासना ।**

**तत्त्वज्ञानानुगतया दीक्षयैव निरस्यते ।।२८/२२।।**

**य: सम: सर्वभूतेषु त्रसेषु स्थावरेषु च ।**
**अत एव च तस्यैव दीक्षा सामायिकात्मिका ।।२८/२३।।**

**અર્થ :–** સસંગપ્રતિપત્તિ એ મમત્વના સંસ્કારસ્વરૂપ છે, અને અસંગ પ્રતિપત્તિ એ મોક્ષની ઇચ્છાને અનુસરનારી છે...અનાદિ કાળથી ચાલી આવતી સંગવાસના (મમત્વના સંસ્કાર) બહુ બળવાન છે, તે તત્ત્વજ્ઞાનથી ભાવિત થયેલી દીક્ષાથી જ દૂર થાય છે...માટે જ જે ત્રસ-સ્થાવર આદિ સર્વજીવોને વિષે સમાન= પક્ષપાતરહિત હોય, તેની જ દીક્ષા સામાયિકસ્વરૂપ છે.

**व्यवहारेऽपि च ध्यानमक्षतप्रसरं सदा ।**
**मनोवाक्काययोगानां सुव्यापारस्य तत्वत: ।।२८/२८।।**

**અર્થ :–** વ્યવહારમાં પણ સદા ધ્યાનની હાજરી અક્ષત હોય છે કારણ કે મન-વચન અને કાયાના યોગોની સુંદર-એકાગ્ર પ્રવૃત્તિ જ વાસ્તવિક ધ્યાનરૂપ છે.

**कर्मणां द्राग्विनयनाद्विनयो विदुषां मत: ।**
**अपवर्गफलाऽऽढ्यस्य मूलं धर्मतरोरयम् ।।२९/१।।**

**અર્થ :–** કર્મોને ઝડપથી દૂર કરવારૂપે વિનય વિદ્વાનોને માન્ય છે. મોક્ષફળથી ભરપૂર ધર્મવૃક્ષનું મૂળ આ વિનય છે.

**एकस्याऽऽशातनाऽप्यत्र सर्वेषामेव तत्त्वत: ।**
**अन्योऽन्यमनुविद्धा हि तेषु ज्ञानादयो गुणा: ।।२९/५।।**

**અર્થ :–** જે જ્ઞાન આદિ ગુણ અરિહંત વિગેરે એકમાં છે તેજ ગુણો સિદ્ધાદિ અન્ય તમામ આરાધ્ય તત્વોમાં છે, આમ ગુણોથી તમામ પરસ્પર સંકળાયેલા હોવાથી એકની આશાતનામાં વાસ્તવિકતાથી તમામની આશાતના થાય છે.

**विनयं ग्राह्यमाणो यो मृदूपायेन कुप्यति ।**
**उत्तमां श्रियमायान्तीं दण्डेनाऽपनयत्यसौ ।।२९/१८।।**
**त्रैलोक्येऽपि विनीतानां दृश्यते सुखमङ्गिनाम् ।**
**त्रैलोक्येऽप्यविनीतानां दृश्यतेऽसुखमङ्गिनाम् ।।२९/१९।।**
**ज्ञानादिविनयेनैव पूज्यत्वाऽऽप्ति: श्रुतोदिता ।**
**गुरुत्वं हि गुणाऽपेक्षं न स्वेच्छामनुधावति ।।२९/२०।।**

**અર્થ:–**હળવા ઉપાયોથી વિનય શીખડાવવા છતાં જે ગુસ્સે થાય છે તે સામે ચાલીને આવતી ઉત્તમ લક્ષ્મીને લાકડીથી હાંકી કાઢે છે...ત્રણે લોકમાં વિનયી જીવોને સુખ

અને અવિનયી જીવોને દુઃખ મળતું દેખાય છે. જ્ઞાનાદિસંબંધી વિનય કરવાથી જ પૂજ્યપણાની પ્રાપ્તિ શાસ્ત્રમાં જણાવેલી છે. પૂજ્યપણું એ ગુણસાપેક્ષ છે, પોતાની ઇચ્છાને અનુસરતું નથી. એટલે કે ઇચ્છાથી ન મળે, ગુણસમૃદ્ધિથી જ મળે.

**दोषाः किल तमांसीव क्षीयन्ते विनयेन च ।**
**प्रसृतेनांशुजालेन चण्डमार्तण्डमण्डलात् ।।२९/२८।।**
**श्रुतस्याऽप्यतिदोषाय ग्रहणं विनयं विना ।।**
**यथा महानिधानस्य विना साधनसन्निधिम् ।।२९/२९।।**
**विनयस्य प्रधानत्वद्योतनायैव पर्षदि ।**
**तीर्थं तीर्थपतिर्नत्वा कृतार्थोऽपि कथां जगौ ।।२९/३०।।**
**छिद्यते विनयो यैस्तु शुद्धोच्छादिपरैरपि ।**
**तैरप्यग्रेसरीभूय मोक्षमार्गो विलुप्यते ।।२९/३१।।**

**અર્થ :–** પ્રચંડ સૂર્યમંડલના પ્રસરતા તેજસમુહથી અંધકાર નાશ પામે તેમ વિનયથી સર્વ દોષો નાશ પામે છે...જેમ મહાનિધાનનું ગ્રહણ અધિષ્ઠાયક દેવોના પૂજન-ઉપચારની સાધનસામગ્રી વિના મોટા દોષ માટે થાય છે તેમ વિનય વિના શ્રુતજ્ઞાનનું ગ્રહણ પણ મોટા દોષ માટે થાય છે...વિનયની મુખ્યતા જણાવવા માટે જ કૃતાર્થ એવા તીર્થંકર ભગવાન પણ તીર્થને નમસ્કાર કરીને જ દેશના આપે છે...જેઓ નિર્દોષ ગોચરી વગેરેમાં સાવધાન હોવા છતાં વિનયનો ઉચ્છેદ કરે છે તેઓ તો આગળ થઇને મોક્ષમાર્ગનો જ ઉચ્છેદ કરે છે.

**कलङ्कैः कल्पितैर्दुष्टैः स्वामी नो नैव दूष्यते ।**
**चौराद्युत्क्षिप्तधूलिभिः स्पृश्यते नैव भानुमान् ।।३०/३१।।**

**અર્થ :–** ચોર વગેરે ગમે તેટલી ધૂળ ઉડાડે, તેનાથી સૂર્ય સ્પર્શાતો નથી, તેમ કલ્પિત દુષ્ટ કલંકો દ્વારા અમારા સ્વામી (વીતરાગ ભગવાન) દૂષિત થતા નથી.

**दुःखद्वेषे हि तद्धेतून् द्वेष्टि प्राणी नियोगतः ।**
**जायतेऽस्य प्रवृत्तिश्च ततस्तन्नाशहेतुषु ।।३१/२३।।**

**અર્થ :–**દુઃખનો દ્વેષ હોય ત્યારે જીવ અવશ્ય દુઃખના હેતુઓ પ્રત્યે પણ દ્વેષ રાખે છે. તેથી તે જીવની દુઃખકારણના નાશના ઉપાયોમાં પ્રવૃત્તિ થાય છે.

**सुखमात्यन्तिकं यत्र बुद्धिग्राह्यमतीन्द्रियम् ।**
**तं वै मोक्षं विजानीयादुष्प्रापमकृतात्मभिः ।।३१/३०।।**

**અર્થ :–** જ્યાં ઇન્દ્રિયાતીત આત્યંતિક અનુભવગમ્ય વિશુદ્ધ સુખ પ્રાપ્ત થાય છે તેને મોક્ષ જાણવો જોઇએ. શાસ્ત્રોક્ત આચારો દ્વારા જેણે આત્માને સક્ષમ ન બનાવ્યો હોય તેમના માટે મોક્ષ દુર્લભ છે.

**नाम सज्जन इति त्रिवर्णकं, कर्णकोटरकुटुम्बि चेद् भवेत् ।**
**नोल्लसन्ति विषशक्तयस्तदा, दिव्यमन्त्रनिहताः खलोक्तयः ।।३२/१।।**

**અર્થ :–** 'સજ્જન' આ પ્રમાણે ત્રણ અક્ષરવાળું નામ જો કાનરૂપી બખોલનો રહેવાસી બને તો દિવ્યમન્ત્રોથી હણાયેલી ઝેરની શક્તિની જેમ દુર્જનોના વચનો પ્રભાવશાળી બનતા નથી.

**दुर्जनस्य रसना सनातनीं, सङ्गतिं न परुषस्य मुञ्चति ।**
**सज्जनस्य तु सुधाऽतिशायिनः, कोमलस्य वचनस्य केवलम् ।।३२/३।।**

**અર્થ :–** દુર્જનની જીભ કઠોરવચનની અનાદિકાલીન સંગત છોડતી નથી, જ્યારે સજ્જનની જીભ અમૃતને જીતનારા માત્ર કોમળ વચનની સંગત છોડતી નથી.

**यद्यनुग्रहपरं सतां मनो दुर्जनात् किमपि नो भयं तदा ।**
**सिंह एव तरसा वशीकृते किं भयं भुवि शृगालबालकात् ।।३२/१०।।**

**અર્થ :–** જો સજ્જનોનું મન અનુગ્રહપરાયણ હોય ત્યારે દુર્જનથી કોઇપણ પ્રકારનો ભય નથી હોતો. સિંહને જે ઝડપથી વશ કરી લે, તેને પૃથ્વી પર શિયાળબાળકથી શું ભય હોય ?

**निर्गुणो बहुगुणैर्विराजितांस्तान् गुरूनुपकरोमि कैर्गुणैः ।**
**वारिदस्य ददतो हि जीवनं किं ददातु बत चातकाऽर्भकः ।।३२/२५।।**

**અર્થ :–** ઘણા ગુણોથી શોભતા તે ગુરુને નિર્ગુણ એવો હું ક્યા ગુણોથી ઉપકૃત કરું ? પોતાને જીવન આપનાર વાદળને બિચારું ચાતકબચ્ચું શું આપે... ?

# પરિશિષ્ટ-૨

## સ્વોપજ્ઞ ટીકાના માર્મિક ચમકારાઓ...

**बलवदनिष्टाननुबन्धी यो दुःखिदुःखोद्धारस्तद्विषयिणी स्वस्येच्छाऽनुकम्पेति ।।१/३।।**

**અર્થ :–** બળવાન અનિષ્ટને ન લાવે તેવી દુઃખીઓના દુઃખને દૂર કરવાની ઇચ્છા–તે અનુકંપા...

**महता धर्माऽवसरेऽनुष्ठितं सर्वस्याप्यवस्थौचित्ययोगेन धर्माङ्गमिति ।।१/९।।**

**અર્થ :–** મહાપુરૂષોએ ધર્મપ્રસંગે આચરેલું આચરણ બધાને પોતપોતાની અવસ્થાને / ભૂમિકાને અનુરૂપ ઔચિત્યથી ધર્મનું કારણ બને છે.

**अपवादो ह्युत्सर्गं बाधते, न तूत्सर्गोऽपवादमिति ।।१/१२।।**

**અર્થ :–** અપવાદ ઉત્સર્ગની પ્રવૃત્તિને અટકાવી શકે, ઉત્સર્ગ અપવાદને ન બાધિત કરી શકે.

**राग-द्वेषयोरिव शक्तिनिगूहनस्यापि चारित्रप्रतिपक्षत्वात् ।।१/१५।।**

**અર્થ :–** જેમ રાગ-દ્વેષ એ ચારિત્રના વિરોધી છે તેમ શક્તિ ગોપવવી એ પણ ચારિત્રનું વિરોધી છે.

**आराध्यत्वेन ज्ञानं भक्तिः, आराधना च गौरवितप्रीतिहेतुः क्रिया गौरवितसेवा चेति ।।१/२०।।**

**અર્થ :–** 'મારા માટે આરાધ્ય છે' તેવું જ્ઞાન તે ભક્તિ, અને ગૌરવ કરવાયોગ્ય ગુરુદેવની પ્રસન્નતાના કારણભૂત ક્રિયા અથવા તેમની સેવા તે આરાધના છે.

**अनुकम्पादानस्य क्वाऽप्यनिषिद्धत्वात् ।।१/२०।।**

**અર્થ :–** અનુકંપાદાનનો ક્યાંય (અન્યધર્મી, નિહ્નવ, પાસત્થાદિ કે સંસારી) માટે નિષેધ નથી.

**अनाभोगेनाऽपि स्वतः परेषां मार्गभेदप्रसङ्गस्य प्रबलापायहेतुत्वाद् ।।**

**અર્થ :–** અનાભોગથી પણ પોતાનાથી બીજાને માર્ગભેદ (મોક્ષમાર્ગથી ભ્રષ્ટતા, ઉન્માર્ગમાં માર્ગની કલ્પના) થાય એ ઉત્કૃષ્ટ નુકશાનનું કારણ બને છે.

माध्यस्थ्यं स्व-परतन्त्रोक्तस्य न्यायबलायातस्यार्थस्य समर्थनसामर्थ्याविशेषरूपम् ।।२/१४।।

**અર્થ :–** પ્રત્યક્ષાદિ પ્રમાણથી સંગત, યુક્તિયુક્ત, શિષ્ટજનોને માન્ય પદાર્થ સ્વદર્શનમાં હોય કે પરદર્શનમાં, તે બન્નેનું સમર્થન સમાનરૂપે કરવાનું સામર્થ્ય =માધ્યસ્થ્ય...

जीतप्राधान्यानादरे तत्प्रतिपादकशास्त्रानादराद् व्यक्तमेव नास्तिकत्वम् ।।३/२।।

**અર્થ :–** સંવિગ્નઅશઠગીતાર્થની આચારપરંપરાનો અનાદર કરવામાં તેના પ્રતિપાદક શાસ્ત્રોના અનાદરથી સ્પષ્ટ નાસ્તિકપણું જ આવી જાય છે.

शिष्टसम्मतत्वसन्देहेऽपि तद्दूषणमन्याय्यं किं पुनस्तन्निश्चय इति ।।३/६।।

**અર્થ :–** પરંપરાથી ચાલી આવતી જે આચાર આદિ પરંપરા–કોણે શરૂ કરી, કોણે સંમતિ આપી તેની શંકા હોવા છતાં અત્યાર સુધી કોઇએ પડકારી ન હોય–તેને પણ નકારવી એ દૂષણરૂપ છે તો જે ગીતાર્થોને સમ્મત હોય, તેમાં દૂષણ બતાવવું એ તો ન્યાયસંગત ન જ કહેવાય.

इच्छायोगसम्भवाच्चात्र नेतराङ्गवैकल्येऽपि फलवैकल्यम् । सम्यग्दर्शनस्यैवात्र सहकारित्वात्, शास्त्रयोग एव सम्यग्दर्शनचारित्रयोर्द्वयोस्तुल्यवदपेक्षणात् ।।३/२२।।

**અર્થ :–** સંવિગ્નપાક્ષિકને ઇચ્છાયોગની આરાધના સંભવિત હોવાથી અન્ય ખામીઓ હોવા છતાં ઇચ્છાયોગને અનુરૂપ ફળમાં ખામી નહીં રહે, કારણકે અહીં સમ્યગ્દર્શન જ સહકારીકારણ છે. માત્ર શાસ્ત્રયોગમાં જ સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્રની પરસ્પર સમાનકક્ષાએ અપેક્ષા રહે છે.

व्यवस्था चेयं–संविग्नपाक्षिकस्य वचनेऽविकल्पेनैव तथाकारोऽन्यस्य तु विकल्पेनैवेति ।।३/२८।।

**અર્થ :–** સંવિગ્ન-સંવિગ્નપાક્ષિકના વચનમાં વિના વિકલ્પે તહત્તિ કરવું, તેનાથી અન્યના વચનમાં વિચારીને તહત્તિ કરવું...

इष्टसंसिद्धेः उचितप्रवृत्तिर्हि तदुपायोऽनुचितप्रवृत्तिश्च तद्विघ्न इति ।।४/१८।।

**અર્થ :–** મોક્ષની સિદ્ધિમાં (ઇષ્ટની સિદ્ધિમાં) ઉચિત પ્રવૃત્તિ એ ઉપાયરૂપ છે અને અનુચિત પ્રવૃત્તિ વિઘ્નરૂપ છે.

**गुर्वोः मातापित्रोः शुश्रूषणं परिचरणं एतद्धि प्रारम्भमंगलम् आदिमङ्गलम् प्रव्रज्यालक्षणशुभकार्यस्येति नैतद्विना प्रव्रज्यासिद्धिः ।।४/१८।।**

**અર્થ :–** માતા-પિતાની સેવા કરવી એ દીક્ષારૂપ શુભકાર્યનું પ્રારંભમંગલ છે. એના વિના દીક્ષાની સિદ્ધિ (સફળતા) નથી થતી...

**विवेकः कार्याऽकार्यज्ञानमौदार्यं च विपुलाऽऽशयलक्षणं ।**

**અર્થ :–** કર્તવ્ય-અકર્તવ્યનું જ્ઞાન તે વિવેક, અને હૃદયની/ભાવોની વિશાળતારૂપ ઉદારતા છે.

**श्रद्धावत्=वस्तुगुणदोषपरिज्ञानपूर्वकं चारित्रेच्छाऽन्वितम् ।।६/४।।**

**અર્થ :–** શ્રદ્ધા=હેયપદાર્થોની હેયતા, ઉપાદેયની ઉપાદેયતાના જ્ઞાનમય આચરણરૂપ ચારિત્રની ઇચ્છાથી યુક્ત...

**विरतिः=सदसत्प्रवृत्तिनिवृत्त्यात्मिका ।।६/५।।**

**અર્થ :–** સત્પ્રવૃત્તિ અને અસદ્‌નિવૃત્તિસ્વરૂપ વિરતિ છે.

**यतिधर्मो मूलोत्तरगुणसमुदायरूपोऽतिदुष्कर उक्तः, अतिदुर्लभं मोक्षं प्रत्यतिदुष्करस्यैव धर्मस्य हेतुत्वात् ।।६/१८।।**

**અર્થ :–** મૂલગુણ અનેં ઉત્તરગુણના સમુદાયરૂપ સાધુધર્મ અતિદુષ્કર કહ્યો છે. અતિદુર્લભ મોક્ષનું કારણ બનતો ધર્મ અતિદુષ્કર જ હોય ને !!!

**तात्त्विकं तु वैराग्यं शक्तिमतिक्रम्यापि श्रद्धातिशयेन प्रवृत्तिं जनयेदिति ।।६/२१।।**

**અર્થ :–** સાચો (તાત્વિક) વૈરાગ્ય (મોક્ષમાર્ગમાં) અધ્યાત્મક્ષેત્રમાં શક્તિ ઉપરવટની પણ સાધના ઝળહળતી શ્રદ્ધાપૂર્વક કરાવે.

**इच्छाविच्छेदो हि द्विधा स्याद्–अलभ्यविषयत्वज्ञानाद्, द्वेषाच्च ।।६/२२।।**

**અર્થ :–** ભોગસુખની ઇચ્છાનો નાશ બે રીતે થાય– ૧) પુણ્યઅભાવે મને નહીં જ મળી શકે તેવા જ્ઞાનથી, ૨) ભોગસુખ પ્રત્યેના દ્વેષથી...

**ज्ञानसहितवैराग्यस्यापायशक्तिप्रतिबन्धकत्वात् ।।६/२५।।**

**અર્થ :–** જ્ઞાનગર્ભિત વૈરાગ્ય આત્માના કુસંસ્કાર/અનુબંધ=અપાયશક્તિનો નાશ કરે છે.

**ज्ञानवत्पारतन्त्र्यस्यापि फलतो ज्ञानत्वात् ।।६/२५।।**

**અર્થ :–** જ્ઞાનીની આજ્ઞાને આધીનપણું–પરિણામે જ્ઞાનસ્વરૂપ બની જાય છે.

**गुणवत्पारतन्त्र्यं च मोहानुत्कर्षकृत् स्वाऽऽग्रहहेतुमोहापकर्षनिबन्धनम् ।।६/२३।।**

**અર્થ :–** પોતાના કદાગ્રહના કારણભૂત એવા મોહને ઘટાડવાનું સાધન ગુણવાન જ્ઞાનીની આજ્ઞાને આધીનપણું છે.

**न हि शक्यभक्षणकत्वमेव भक्ष्यत्वं, किंत्वधर्माऽजनकभक्षणत्वं, तत्र च लोकाऽऽगमसिद्धभक्ष्या-भक्ष्यव्यवस्था प्रयोजिका ।।७/३।।**

**અર્થ :–** 'જેનું ભક્ષણ થઇ શકે તે ભક્ષ્ય કહેવાય' આવું નથી, પરંતુ જે ભક્ષણ પાપનું કારણ ન બને તે ભક્ષ્ય કહેવાય. આ વિષયમાં શિષ્ટલોકો અને શાસ્ત્રસિદ્ધ ભક્ષ્યાભક્ષ્યવ્યવસ્થા જ પ્રમાણ બને.

**निषिद्धकर्मकरणे पापप्रचयस्यैव सम्भवात् ।।७/१४।।**

**અર્થ :–** શાસ્ત્ર દ્વારા નિષેધિત પ્રવૃત્તિ કરવામાં પાપનો ઢગલો જ ઊભો થાય છે.

**उत्सर्गतो निषिद्धं पुष्टालम्बनसमावेशेन क्वचित्कदाचित्कस्यचिद् गुणावहमपि स्वरूपतो दुष्टतां न परित्यजति ।।७/१६।।**

**અર્થ :–** ઉત્સર્ગથી નિષેધિત બાબત પણ ક્યારેક બળવાન કારણવશ ક્યાંક કોઇકને ગુણકારી બનતું હોવા છતાં મૂળભૂત પોતાની દુષ્ટતાને છોડતું નથી= (દોષકારિતા ઊભી જ રહે છે.)

**गम्याऽगम्यविवेकधर्माऽऽहितशुभाशयादेव चाऽचिरेण परममाध्यस्थ्यमप्युपपद्यत इति ।।७/२४।।**

**અર્થ :–** ગમ્ય અને અગમ્યની વિવેકદૃષ્ટિસ્વરૂપ ધર્મથી ઉત્પન્ન થયેલ શુભભાવથી જ ટૂંકસમયમાં પરમમધ્યસ્થતા પણ પ્રાપ્ત થાય છે.

**चारित्रमोहनीयकर्मक्षयोपशमसमुद्भवत्वान्न तप औदयिकत्वादनादरणीयम् ।।७/२६।।**

**અર્થ :–** તપ ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતો હોવાથી ઔદયિકરૂપ (અશાતાવેદનીયના ઉદયથી ઉત્પન્ન થયેલ) ન હોવાથી અનાદર કરવાલાયક નથી.

**प्रमादादिदोषविरोधेन तपसोऽप्यात्मगुणत्वाच्च ।।७/२६।।**

**અર્થ :–** પ્રમાદ વિગેરે દોષનો વિરોધી હોવાથી તપ પણ આત્માનો ગુણ જ છે.

**दयाया ज्ञानसाध्यत्वात् ।।७/२७।।**

**અર્થ :–** દયા એ જ્ઞાનસાધ્ય છે.

**आत्मैव हिंसा निजगुणप्रतिपक्षप्रमादपरिणतः,**

**स्वभावपरिणतश्चात्मैवाहिंसेति ।।७/२८।।**

**અર્થ :–** પોતાના ગુણ(સ્વભાવ)થી વિરોધી પ્રમાદથી પરિણત આત્મા એ જ હિંસા છે, તથા સ્વભાવ(ગુણ)રૂપે પરિણમેલો આત્મા જ અહિંસા છે.

**येत्वेकान्तनिश्चयमेवाद्रियन्ते ते निश्चयतो निश्चयमेव न जानते,**

**हेतुस्वरूपानुबन्धशुद्धतज्ज्ञानाभावात् ।।७/३१।।**

**અર્થ :–** જેઓ એકાંતે નિશ્ચયને જ સ્વીકારે છે તેઓ પરમાર્થથી નિશ્ચયનયને જાણતા જ નથી, કારણ કે હેતુશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબન્ધશુદ્ધ નિશ્ચયનયનું જ્ઞાન જ તેમની પાસે નથી.

**बाधते च पराऽपायनिमित्तता तपस्विनः परलोकसाधनमिति ।।८/३।।**

**અર્થ :–** બીજાને નુકશાનીમાં નિમિત્ત બનવું, તે તપસ્વીને પરલોકની સાધનામાં નડતરરૂપ થાય છે.

**मध्यस्थेन आत्यन्तिकस्वदर्शनानुराग-परदर्शनद्वेषरहितेन ।।८/४।।**

**અર્થ :–** મધ્યસ્થ=સ્વદર્શનનોઆત્યંતિક અનુરાગ તથા પરદર્શન પ્રત્યેના દ્વેષ વગરનો...

**धर्मवादेनैवाऽसद्ग्रहनिवृत्त्या मार्गाऽभिमुखभावादिति ।।८/८।।**

**અર્થ :–** ધર્મવાદ દ્વારા અસદ્ આગ્રહ દૂર થતા મોક્ષમાર્ગને સન્મુખ થવાય છે.

**अर्थाऽनर्थसंशययोः प्रवृत्ति-निवृत्त्यङ्गत्वाद् ।।८/३०।।**

**અર્થ :–** લાભ અને નુકશાનની સંભાવના ઉપાદેયની પ્રવૃત્તિ અને હેયની નિવૃત્તિનું કારણ બને છે.

**श्रोतुः चित्ताक्षेपस्य तत्त्वप्रतिपत्त्याऽऽभिमुख्यलक्षणस्य ।**

**अपूर्वशमरसवर्णिकास्वादलक्षणस्य वा कारणम् ।।९/५।।**

**અર્થ :–** શ્રોતાના ચિત્તના આકર્ષણનું=જિનોક્ત તત્ત્વના સ્વીકાર માટે જરૂરી આકર્ષણ અથવા અપૂર્વ ઉપશમરસની મિઠાઇના આસ્વાદતુલ્ય અનુભૂતિ કરાવવાનું કારણ બને તે આક્ષેપણી કથા.

**विद्या ज्ञानमत्यन्तापकारिभावतमोभेदकं...**

**वीर्यं कर्मशत्रुविजयानुकूलः पराक्रमः ।।९/८।।**

**અર્થ :–** વિદ્યા=અત્યંત નુકશાન કરનાર ભાવઅંધકારરૂપ અજ્ઞાનને ભેદનાર જ્ઞાન...વીર્ય=કર્મશત્રુ પર વિજય મેળવવામાં સહાયક બને તેવું પરાક્રમ...

**ज्ञानसम्पच्चतुर्दशपूर्विण एकस्माद् घटादेः घटादिसहस्रनिर्माणलक्षणा... चरणसम्पच्च सकलफलसिद्धिरूपा ।।९/१४।।**

**અર્થ :– જ્ઞાનસંપત્તિ**–ચૌદપૂર્વી એક ઘડા આદિમાંથી હજારો ઘડા આદિ બનાવી શકે તેવી શક્તિ. **ચારિત્રસંપત્તિ**–સઘળા ફળોની સિદ્ધિ કરનારી...

**मोक्षेण योजनादेव योगो ।**

**અર્થ :–** મોક્ષ સાથે જોડી આપે તેવી આરાધના...

**अभव्य-दूरभव्यक्रियाव्यवच्छेदः कृतो भवति,**

**एकस्या मोक्षानुपादानत्वादन्यस्याश्च फलविलम्बादिति ।।१०/३।।**

**અર્થ :–** અભવ્ય-દૂરભવ્યની ધર્મક્રિયાની યોગમાંથી બાદબાકી થાય છે, કારણ કે અભવ્યની ક્રિયા મોક્ષનું કારણ બની શકતી નથી અને દૂરભવ્યની આરાધના મુક્તિરૂપ ફળ વિલંબથી આપે છે માટે...

**नाऽत्र केवलमफलत्वमेव किंतु विपरीतफलत्वमिति ।।१०/७।।**

**અર્થ :–** અતિસંસારરસિક જીવોની ધર્મક્રિયા માત્ર નિષ્ફળ જતી નથી પરંતુ વિપરીત ફળ લાવનારી બને છે.

**शुभाशयाः=स्वपुष्टि-शुद्ध्यनुबन्धहेतवः शुभपरिणामाः । पुष्टिरुपचयः, शुद्धिश्च ज्ञानादिगुणविघातिघातिकर्मह्रासोत्थनिर्मलतेति ।।१०/१०।।**

**અર્થ :–** શુભાશય=ધર્મક્રિયાની શુદ્ધિ અને પુષ્ટિની પરંપરાને વધારનાર શુભપરિણામો. પુષ્ટિ=વધવું. શુદ્ધિ=જ્ઞાનાદિગુણોના નાશક ઘાતિકર્મના ઘટાડાથી (ક્ષયોપશમથી) ઊભી થતી નિર્મલતા.

**चरमावर्त एव विमलो भावो भावाभिष्वङ्गाऽभावाद् भवति ।।१०/१८।।**

**અર્થ :–** સંસારની તીવ્ર આસક્તિ ન હોવાથી ચરમાવર્તમાં જ નિર્મળ ભાવ થાય છે.

**क्षेत्ररोगो नाम रोगान्तराऽऽधारभूतः कुष्ठादिरोगः ।।१०/२०।।**

**અર્થ :–** અન્ય (નવા-નવા) રોગના આધારભૂત કોઢ-ડાયાબિટીસ આદિ ક્ષેત્રરોગ કહેવાય.

**यथा हि सुवर्णघटो भिद्यमानोऽपि न सुवर्णानुबन्धं मुञ्चति एवं शुभक्रिया तथाविधकषायोदयाद् भग्नाऽपि शुभफलैवेति ।।१०/२४।।**

**અર્થ :–** જેમ સોનાનો ઘડો તૂટે તો પણ સોનાપણુ નાશ પામતું નથી, તેમ તેવા પ્રકારના કોઇ કષાયના ઉદયથી શુભક્રિયા નષ્ટ થવા છતાં પણ તે શુભફલને જ આપનારી બને છે.

**क्लेशध्वंसविशेषजनकः शक्तिविशेष एव क्रियायां भाववृद्ध्यनुकूल इति ।।१०/२६।।**

**અર્થ :–** વિશેષ પ્રકારે રાગ-દ્વેષનો ક્ષય કરનાર વિશિષ્ટ શક્તિ જ ક્રિયામાં ભાવવૃદ્ધિની અનુકૂળતા કરી આપનાર છે.

**अतिदुर्लभत्वात् पुरुषार्थाऽऽराधनकालस्य ।।११/४।।**

**અર્થ :–** ધર્મ અને મોક્ષ પુરૂષાર્થની આરાધના કરવા અનુકૂળ સમય અતિદુર્લભ છે.

**आदिकर्मणां=प्रथममेवाऽऽरब्धस्थूलधर्माचाराणाम् ।।११/९।।**

**અર્થ :–** આદિધાર્મિક જીવો=ઉપલક (સ્થૂલ) ધર્માચારોનો જેમણે હજુ પ્રારંભ જ કર્યો છે.

**दीनाः=क्षीणसकलपुरुषार्थशक्तयः ।।११/१२।।**

**અર્થ :–** દીન=જેમની તમામ પ્રકારના પુરૂષાર્થની શક્તિ ક્ષય પામી ચુકી છે.

**जनापवादान्मरणान्निर्विशिष्यमाणाद् भीरुत्वं=भीतभावः ।।११/१३।।**

**અર્થ :–** લોકોમાં થતી નિંદા એ મોતથી તુલ્ય લાગે, તેનાથી ડર લાગવો.

**सुदाक्षिण्यं=गम्भीर-धीरचेतसः प्रकृत्यैव परकृत्याभियोगपरता, दयालुता=निरुपधिपरदुःखप्रहाणेच्छा ।।११/१२।।**

**અર્થ :–** દાક્ષિણ્ય=ગંભીર-ધીર સ્વભાવવાળા જીવની સ્વભાવથી જ બીજાના કાર્ય કરવામાં તત્પરતા. દયાલુતા=નિઃસ્વાર્થપણે બીજાના દુઃખ દૂર કરવાની ઇચ્છા...

**तस्या एव बहुत्वाऽल्पत्वाभ्यां दोषोत्कर्षाऽपकर्षोपपत्तेः ।।११/२७।।**

**અર્થ :–** યોગ અને કષાયરૂપે પરિણમવાની આત્માની યોગ્યતાની વૃદ્ધિથી દોષોની વૃદ્ધિ અને હાનિથી દોષોની હાનિ થાય છે.

**रागसामग्र्यां द्वेषाऽनवकाशात् ।।१२/४।।**

**અર્થ :–** રાગના સાધનોમાં દ્વેષ થવાની શક્યતા રહેતી જ નથી.

सामान्ययोग्यता=मुक्त्युपायस्वरूपयोग्यता ।

समुचितयोग्यता तु तत्सहकारियोग्यता ।।१२/१५।।

**અર્થ :–** મોક્ષના ઉપાયો માટે અપેક્ષિત સ્વરૂપયોગ્યતા=સામાન્યયોગ્યતા. મોક્ષના ઉપાયોના સહકારી કારણોની પ્રાપ્તિની યોગ્યતા=સહકારી યોગ્યતા.

बाध्यफलाऽपेक्षासहकृतस्य तस्य मोक्षार्थसदनुष्ठानरागाऽनुबन्धित्वात् ।।१२/२०।।

मुक्त्यद्वेषे सति अन्यस्यां=बाध्यायां फलापेक्षायां समुचितयोग्यतावशेन मोक्षार्थशास्त्रश्रवणस्वारस्योत्पन्नायां बुद्धिर्मार्गानुसारिणी मोक्षपथाऽऽभिमुख्यशालिनी भवतीति भवति तेषां तीव्रपापक्षयात् सदनुष्ठानरागः ।।१२/२२।।

**અર્થ :–** મુક્તિઅદ્વેષ અને બાધ્યફલાપેક્ષા હોય ત્યારે પ્રગટતી સમુચિત યોગ્યતાના પ્રભાવે મોક્ષપ્રેરક શાસ્ત્રાર્થને સ્વેચ્છાથી સાંભળતા મોક્ષમાર્ગાનુકૂળ (માર્ગાનુસારી) બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેનાથી તીવ્ર મિથ્યાત્વમોહનીયનો ઘટાડો થતાં સદનુષ્ઠાનનો રાગ પેદા થાય છે.

मनागपि हि तन्निवृत्तौ तस्यापुनर्बन्धकत्वमेव ।।१४/५।।

**અર્થ :–** સહજમલ (કર્મમલ)નો થોડો પણ ઘટાડો થાય તો તે જીવ અપુનર્બંધક જ બની જાય.

शान्तोदात्तत्वविरहे क्रियाऽपि गुर्वादिपूजनरूपा विकल्पजा विपर्यासजनिता, न तु तात्त्विकी, अन्तःसुखप्रवाहाऽनुत्थानात्।।१४/८।।

**અર્થ :–** વિષય-કષાયના વિકારોથી રહિતપણુ અને ઉત્તમ સદાચારીપણુ ન હોય તો ગુરુપૂજનાદિરૂપ ધર્મક્રિયા પણ ભ્રમણારૂપ બને, તે તાત્વિક નથી બનતી કારણ કે અંદરમાં આનંદપ્રવાહ અનુભવાતો નથી.

भवति हि महता प्रतिपन्थिनाऽल्पस्याऽभिभव इति । यदा त्वात्मस्वभाव एव भूयान् भवति तदा तेनाऽपि क्लेशाभिभवः कर्तुं शक्यत इति न संसारदशायां क्लेशेनाऽऽत्माऽभिभवाऽनुपपत्तिरिति ।।१४/१२।।

**અર્થ :–** બળવાન વિરોધીથી નબળાનો પરાભવ થાય છે. જ્યારે આત્મસ્વભાવ બળવાન બને, ત્યારે કર્મજન્ય દુઃખનો પરાભવ કરવો શક્ય બને છે, એજ રીતે સંસારદશા બળવાન હોય ત્યારે ક્લેશથી આત્માનો પરાભવ થવાનું અસંગત નથી.

इन्द्रिय-कषायानुकूला हि वृत्तिरनुश्रोतः ।

तत्प्रतिकूला तु प्रतिश्रोत इति ।।१४/१५।।

**અર્થ :–** ઇન્દ્રિયવિષયો-કષાયોને અનુકૂળ વૃત્તિ તે અનુશ્રોત કહેવાય. ઇન્દ્રિયવિષયો-કષાયોને પ્રતિકૂળ વૃત્તિ તે પ્રતિશ્રોત કહેવાય.

**सम्यग्दृष्टेर्हि मोक्षाऽऽकाङ्क्षाऽक्षणिकचित्तस्य या या चेष्टा सा सा मोक्षप्राप्तिपर्यवसानफलिकेति ।।१४/१६।।**

**અર્થ :–** સમકિતી સતત મોક્ષને ઝંખતો હોવાથી તેની જે જે પ્રવૃત્તિ હોય છે તે અંતે તો મોક્ષની જ પ્રાપ્તિ કરાવે છે.

**पुण्ययोगेऽपि पापपरिणामेन पापस्यैव बन्धवदशुभकुटुम्बचिन्तनादियोगेऽपि शुद्धपरिणामेन सदनुबन्धस्यैवोपपत्तेः ।।१४/१७।।**

**અર્થ :–** પુણ્યના નિમિત્તની હાજરીમાં પણ પાપઅધ્યવસાયથી પાપનો જ બંધ થાય છે તેમ કુટુંબચિંતા વિગેરે અશુભયોગની હાજરીમાં શુદ્ધ પરિણામથી શુભ અનુબંધ થવો એ સંગત છે.

**भवहेतूनामेव परिणामविशेषेण मोक्षहेतुत्वेन परिणमनात् ।।१४/१८।।**

**અર્થ :–** સંસારના હેતુઓ જ વિશિષ્ટ પરિણામોથી (ભાવોથી) મોક્ષના હેતુ તરીકે પરિણમી શકે છે.

**चित्तशुद्ध्यर्थं शास्त्रमेवाऽऽदरणीयमिति ।।१४/२०।।**

**અર્થ :–** ચિત્તની શુદ્ધિ માટે શાસ્ત્રને જ આદરવું જોઇએ.

**निरनुवृत्तिदोषविगमे हि गुरुलाघवचिन्ता-दृढप्रवृत्त्यादिकं हेतुः ।।१४/२४।।**

**અર્થ :–** પુનરાવર્તન ન થાય તે રીતે દોષનો નાશ કરવામાં ગુરુલાઘવ-જ્ઞાનયુક્ત દૃઢપ્રવૃત્તિ વગેરે કારણ બને છે.

**यथा हि गृहाऽऽद्यभूमिकाप्रारम्भदार्ढ्यं नोपरितनगृहभङ्गफलं सम्पद्यते, किंतु तदनुबन्धप्रधानं, एवं तत्त्वसंवेदनानुगतमनुष्ठानमुत्तरोत्तरदोषविगमाऽऽवहमेव भवति, न तु कदाचनाऽप्यन्यथारूपमिति ।।१४/२६।।**

**અર્થ :–** જેમ ઘરના પાયાનો પ્રારંભ મજબૂત હોય તો ઉપરના માળ પડે નહીં, પરંતુ લાંબા સમય મજબૂતીથી ટકે છે, તેમ તત્ત્વસંવેદનજ્ઞાનથી ગર્ભિત અનુષ્ઠાન ઉત્તરોત્તર દોષહાનિને જ લાવનાર બને છે, દોષવૃદ્ધિને ક્યારેય નહીં...

**बाह्याऽसदनुष्ठानस्य साम्येऽपि बन्धाऽल्पत्वस्य सुन्दरपरिणामनिबन्धनत्वाद् ।।१५/९।।**

**અર્થ :–** બાહ્ય પાપપ્રવૃત્તિ અનાદિ મિથ્યાત્વી-સમકિતભ્રષ્ટની સમાન હોવા છતાં પણ ભ્રષ્ટસમકિતીનો કર્મબંધ અલ્પ થવાનું કારણ સુંદર પરિણામો છે.

**भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वं अनादिपारिणामिको भावः । तथाभव्यत्वं चैतदेव कालनैयत्यादिना प्रकारेण वैचित्र्यमापन्नम् ।।१५/१३।।**

**અર્થ :–** ભવ્યત્વ એટલે મોક્ષમાં જવાની યોગ્યતા જે અનાદિપારિણામિક ભાવ છે. આ જ ભવ્યત્વ ચોક્કસ પ્રકારના કાળ વગેરે સ્વરૂપે વિવિધતાને ધારણ કરે ત્યારે તથાભવ્યત્વ કહેવાય.

**क्षीणदोषः पुरुषः शिष्टः ।।१५/१६।।**

**અર્થ :–** જેના દોષો ક્ષીણ થયેલા હોય તે શિષ્ટપુરૂષ કહેવાય...

**सम्यग्दृष्टिगृहीतं तु मिथ्या अपि श्रुतं वेद-पुराणादिकं सम्यक्, तं प्रति तस्य यथाऽर्थबोधनिमित्तत्वात् ।।१५/२९।।**

**અર્થ :–** સમ્યગ્દૃષ્ટિએ ગ્રહણ કરેલ વેદ-પુરાણ વિગેરે મિથ્યાશ્રુત સમ્યક્શ્રુત બને છે, કારણ કે તેના માટે તે યથાર્થબોધનું કારણ બને છે.

**सर्वस्यैव भगवद्वचनस्य युक्तिप्रतिष्ठितत्वात् ।।१५/३०।।**

**અર્થ :–** સંપૂર્ણ ભગવાનનું વચન યુક્તિસંગત જ હોય છે.

**माध्यस्थ्यं अनिर्णितविशेषकलहाऽभिनिवेशाऽभावलक्षणम् ।।१६/१५।।**

**અર્થ :–** જેની વિશિષ્ટતાનો નિર્ણય ન થયો હોય તે વસ્તુ કે વ્યક્તિ બાબતમાં કલહ કે કદાગ્રહ ન કરવો તે માધ્યસ્થ્યનું લક્ષણ છે.

**स्तवनादिक्रियायाः स्वकर्तृकायाः फलदानसमर्थत्वेऽपि स्तवनीयाद्यालम्बनत्वेन तस्याः स्तोत्रादेः फललाभस्य स्तोतव्यादिनिमित्तकत्वव्यवहारात् ।।१६/१६।।**

**અર્થ :–** પોતાના દ્વારા કરાતી સ્તવનાદિ ક્રિયા ફળ આપવા સમર્થ છે, છતાં સ્તવનીયઆદિ રૂપે આલંબનરૂપ બનીને ફળ આપે છે માટે ફળપ્રાપ્તિ સ્તોતવ્ય(પરમાત્મા)ના નિમિત્તે છે તેવો વ્યવહાર ઉચિત છે.

**गुणप्रकर्षविषयस्य बहुमानस्यैव फलदायकत्वात् ।।१६/२०।।**

**અર્થ :–** ગુણોની ઉત્કૃષ્ટતા વિષયક બહુમાનભાવ જ ફળદાયક બને છે.

**भवकारणमात्रज्ञानात्तदपनयनार्थं गुणवत्पुरुषविशेषाऽऽराधनं कर्तव्यं, विशेषविमर्शस्तु निष्प्रयोजन इति ।।१६/२३।।**

**અર્થ :–** સંસારના કારણોના જ્ઞાનમાત્રથી તેને દૂર કરવા વિશિષ્ટ ગુણવાન પુરુષની=પરમાત્માની આરાધના કરવી જોઇએ...તે અનાદિ શુદ્ધ છે કે નહીં આદિ વિશુદ્ધ વિચારણા નિરર્થક છે.

**निरभिनिवेशस्य शास्त्रानुसारेण विशेषविमर्शोऽपि भगवद्विशिष्टोपासना-रूपतयाऽश्रद्धामलक्षालनेन तत्त्वज्ञानगर्भवैराग्यजीवातुभूतत्वात् ।।१६/२३।।**

**અર્થ :–** કદાગ્રહમુક્ત પ્રાજ્ઞ વ્યક્તિનું શાસ્ત્રાનુસારી તત્ત્વચિંતન (વિચારવિમર્શ) ભગવાનની વિશિષ્ટ ઉપાસનારૂપ હોવાથી અશ્રદ્ધારૂપ કચરાને આત્મામાંથી દૂર કરી તત્ત્વજ્ઞાનગર્ભિત વૈરાગ્યને જીવાડવા અમૃતતુલ્ય બને છે-તેથી વિશિષ્ટ નિર્જરાનું કારણ બને છે.

**क्वचित्कार्ये हि किञ्चिद् गौणतयोपयुज्यते, किञ्चिच्च मुख्यतया ।।१७/५।।**

**અર્થ :–** કોઇક કાર્યમાં કાંઇક (વસ્તુ/તત્ત્વ) ગૌણપણે ઉપયોગી બને છે, કાંઇક મુખ્યતયા...

**अल्पस्याऽपि बलीयसो गौणत्वाऽव्यपदेशात् ।।१७/६।।**

**અર્થ :–** અલ્પ હોવા છતાં બળવાન તત્ત્વમાં ગૌણ તરીકે વ્યવહાર ન થાય...

**एकधर्मोत्कटजिज्ञासयैवाऽपरधर्माऽग्रहः ।।१७/८।।**

**અર્થ :–** એક ગુણધર્મને જાણવાની ઉત્કટ જિજ્ઞાસાના કારણે જ અન્ય ગુણધર્મનું ગ્રહણ થતું નથી...

**न हि केवलं कर्म किञ्चिदुपहन्तुं निगृहीतुं वा क्षमं असहायत्वात् ।।१७/१८।।**

**અર્થ :–** ખરેખર એકલું કર્મ કોઇને અનુગૃહીત કરવા કે નિગ્રહ કરવા સમર્થ નથી, કારણ કે તે અસહાય છે.

**औचित्येन=धर्मार्थादिगोचरन्याय्यप्रवृत्तिप्रधानत्वेन ।।१७/२८।।**

**અર્થ :–** ધર્મ-અર્થ આદિ પુરૂષાર્થવિષયક ન્યાયસંગત પ્રવૃત્તિ પ્રધાન બને તેવું આચરણ તે ઔચિત્ય.

**उपदेशोऽपि गुणप्रारम्भाय तत्पातप्रतिबन्धाय वोपयुज्यते ।।१७/२९।।**

**અર્થ :–** ગુરુનો ઉપદેશ નવા ગુણસ્થાનક મેળવવા કે મેળવેલા ગુણસ્થાનકથી થઇ રહેલા પતનને અટકાવવા ઉપયોગી બને છે.

**अमृतं स्फुटं अध्यात्ममेव,**

**अतिदारुणमोहविषविकारनिराकारकत्वादस्य ।।१८/८।।**

**અર્થ :–** અધ્યાત્મ જ સ્વાનુભવથી પ્રત્યક્ષ સિદ્ધ થયેલું અમૃત છે, કારણ કે અતિભયંકર મોહરૂપી ઝેરની વિકૃતિઓનું નિરાકરણ / નાશ કરનાર છે.

**भाववृद्धिश्च शुद्धसत्त्वसमुत्कर्षरूपा ।।१८/९।।**

**અર્થ :–** શુદ્ધ સત્ત્વનો ઉત્તમ રીતે ઉત્કર્ષ સાધવા સ્વરૂપ ભાવવૃદ્ધિ છે.

**भावनाया एव पटुतरभावनाजनकत्वनियमात् ।।१८/१०।।**

**અર્થ :–** ભાવના જ વધુ ચડિયાતી ભાવનાની ઉત્પાદિકા બને તેવો નિયમ છે.

**अनादरेण योगक्रियाया योगिकुलजन्मबाधकत्वनियमात् ।।१८/१४।।**

**અર્થ :–** આદર વિનાની યોગપ્રવૃત્તિ—શ્રીમંત અને શ્રદ્ધાસંપન્ન કુળમાં જન્મ થવામાં બાધક બને તેવો નિયમ છે.

**संस्काररहितयोगस्य तादृश योग एव हेतुत्वाद् ।।१८/१५।।**

**અર્થ :–** સંસ્કારરહિત યોગપ્રવૃત્તિ તે સંસ્કારહીન યોગસાધનાનું કારણ / બીજ બને.

**इष्टानिष्टत्वपरिहारेण तुल्यताधीरुपेक्षालक्षणा समता ।।१८/२२।।**

**અર્થ :–** ગમતા-અણગમતાની કલ્પનાનો ત્યાગ કરી વિષયોમાં તુલ્યતાની બુદ્ધિ કરવામાં આવે તે ઉપેક્ષારૂપ સમતા કહેવાય.

**समतया विना हि ध्यानं न स्यात्, चित्तव्यासङ्गानुपरमात् ।।१८/२३।।**

**અર્થ :–**મનની ચંચળતા અટકતી ન હોવાથી–સમતા વિના ધ્યાન ન જ થઇ શકે.

**समिति-गुप्तीनां प्रपञ्चो यथापर्यायं विस्तारो योग उच्यते उत्तम:=उत्कृष्ट: ।**

**न तु समिति-गुप्तिविभिन्नस्वभावो**

**योगपदार्थोऽतिरिक्त: कोऽपि विद्यते ।।१८/३०।।**

**અર્થ :–** સમિતિ–ગુપ્તિના પર્યાયને યથાયોગ્યપણે વિસ્તારવા એ ઉત્કૃષ્ટ યોગ કહેવાય છે. સમિતિ-ગુપ્તિથી ભિન્ન સ્વભાવવાળો કોઇ સ્વતંત્ર યોગપદાર્થ વિદ્યમાન નથી.

**सव्याजस्तु योगाऽऽभासो गणनायामेव नाऽवतरतीति ।।१९/१।।**

**અર્થ :–** દંભસહિત કરાતો ધર્મ કે આરાધના યોગાભાસરૂપ છે, જે યોગની ગણતરીમાં આવતો નથી.

**क्षपकश्रेणिगतस्य धर्मव्यापारस्य स्वाऽनुभवमात्रवेद्यत्वात् ।।१९/७।।**

**અર્થ :–** ક્ષપકશ્રેણિગત ધર્મપ્રવૃત્તિ માત્ર સ્વાનુભવથી જ જાણી શકાય છે.

**प्रवृत्तिलक्षणधर्मसन्न्यासाया: प्रव्रज्याया ज्ञानयोगप्रतिपत्तिरूपत्वात् ।।१९/१२।।**

**અર્થ :–** (પૂજા-પૌષધ વિ.) પ્રવૃત્તિરૂપ ધર્મનો ત્યાગ જેમાં છે તેવી પ્રવ્રજ્યા જ્ઞાનયોગના સ્વીકારસ્વરૂપ છે.

**सर्वज्ञवचनमागमस्तन्नाऽयमनिरूपितार्थ इति ।।१९/१२।।**

**અર્થ :–** આગમ એ સર્વજ્ઞના વચનરૂપ છે, તેથી તે ક્યારેય સર્વજ્ઞ ભગવંતે ન જોયેલા વિષયનું નિરૂપણ ન કરે.

**स्वत एव विदितवेद्यस्य उद्देश:=सदसत्कर्तव्याऽकर्तव्याऽऽदेशो नास्ति ।।१९/१९।।**

**અર્થ :–** જેણે સ્વયં જ જાણવા યોગ્ય જાણી લીધું છે તેવા પશ્યક(જ્ઞાની)ને 'સારું કરવું અને ખરાબ ન કરવું' એવો ઉપદેશ આપવાનો નથી હોતો.

**तात्त्विकपक्षपातस्याऽपि द्रव्यक्रियातिशयित्वात् ।।१९/२६।।**

**અર્થ :–** (ક્રિયારહિત માત્ર) તાત્ત્વિક પક્ષપાત પણ દ્રવ્યક્રિયા કરતાં ચડિયાતો છે.

**तथाज्ञानस्य तथाध्यानद्वारा समापत्तिजनकत्वात् ।।२०/२०।।**

**અર્થ :–** જેવું જ્ઞાન, તેવું ધ્યાન...જેવું ધ્યાન તેવા પ્રકારની સમાપત્તિ (પરિણામ) ઉત્પન્ન થાય છે.

**सच्छ्रद्धया शास्त्रबाह्याऽभिप्रायविकलसदूहलक्षणया सङ्गतो बोधो दृष्टि:, तस्या उत्तरोत्तरगुणाऽऽधानद्वारा सत्प्रवृत्तिपदाऽऽवहत्वात् ।।२०/२५।।**

**અર્થ :–** શાસ્ત્રબાહ્ય અભિપ્રાયરહિત સુંદર જિજ્ઞાસા-સમાધાનરૂપ વિચારણાથી યુક્ત સારી શ્રદ્ધાથી સભર બોધ=દૃષ્ટિ, આવી યોગદૃષ્ટિ ઉત્તરોત્તરગુણનું આધાન કરવા દ્વારા સત્પ્રવૃત્તિપદ=વેદસંવેદ્યપદ=વિવેકપૂર્ણ તત્ત્વદૃષ્ટિ લાવે છે.

**भद्रक:=निरुपमकल्याणमूर्ति:...उत्तम:=सन्तोषसुखप्रधान: ।।२०/३२।।**

**અર્થ :–** ભદ્રક=ઉપમારહિત આત્મોન્નતિ પામવાના સ્વભાવવાળો... ઉત્તમ=શ્રેષ્ઠ સંતોષસુખને મહત્ત્વ આપનાર.

**अहिंसादिनां यमानां योगाङ्गत्वं प्रतिबन्धकहिंसाद्यपनायकतयैव ।।२१/३।।**

**અર્થ :–** યોગના પ્રતિબંધક એવા હિંસા, જૂઠ વગેરેને દૂર કરવારૂપે જ અહિંસા વિગેરે યમ યોગના અંગ બને છે.

क्रोधः कृत्याकृत्यविवेकोन्मूलकः प्रज्वलनात्मकश्चित्तधर्मः,

मोहश्च सर्वक्लेशानां मूलमनात्मन्यात्माऽभिमानलक्षणः ।।२१/४।।

**અર્થ :–** કર્તવ્ય અને અકર્તવ્યના વિવેકને મૂળમાંથી ઉખેડી નાખનાર, અગ્નિના ગુણધર્મ જેવો ચિત્તધર્મ ધરાવનાર ક્રોધ છે. આત્મા ન હોય, તેમાં આત્મા તરીકેનું અભિમાન કરવું તે મોહનું લક્ષણ છે અને તે સર્વસંક્લેશોનું મૂળ છે.

दुःखं प्रतिकूलतयाऽवभासमानो राजसश्चित्तधर्मः ।।२१/५।।

**અર્થ :–** પ્રતિકૂળ તરીકે જણાતો રજોગુણપ્રધાન ચિત્તધર્મ તે દુઃખ છે.

वीर्यनिरोधो हि ब्रह्मचर्यं, तस्य प्रकर्षाच्च वीर्यं शरीरेन्द्रियमनःसु प्रकर्षमागच्छतीति ।।२१/६।।

**અર્થ :–** વીર્યસ્ખલન થતું અટકાવવું તે બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્યની ગુણવત્તા વધતા શરીર, ઇન્દ્રિય અને મનમાં વીર્યશક્તિ પ્રકર્ષને પામે છે.

तथाभव्यत्वस्य पाकतो मिथ्यात्वकटुकत्वनिवृत्त्या

मनाग्माधुर्यसिद्धेः।।२१/९।।

**અર્થ :–** તથાભવ્યત્વનો પરિપાક થવાથી મિથ્યાત્વની કડવાશ દૂર થવાથી કાંઇક માધુર્ય આત્મામાં પ્રગટે છે.

असङ्गसक्त्यैव ह्यनुष्ठानमुत्तरोत्तरपरिणामप्रवाहजननेन

मोक्षफलपर्यवसानं भवति ।।२१/१०।।

**અર્થ :–**અસંગ (અનાસક્ત)પણાની પરંપરાયુક્ત અનુષ્ઠાન જ ઉત્તરોત્તર નિર્મલતર પરિણામના પ્રવાહને જન્માવીને છેવટે મોક્ષફળને પ્રાપ્ત કરાવનાર બને છે.

कूटेऽकूटधियोऽपि हि असारत्वात्...तस्याः

सद्योगबीजत्वाऽनुपपत्तेः ।।२१/१३।।

**અર્થઃ–**ખોટામાં સાચાપણાની બુદ્ધિ સારી નથી હોતી. તે શુદ્ધ યોગબીજ ન બની શકે.

श्रद्धा='इदमित्थमेव' इति प्रतिपत्तिरूपा ।।२१/१७।।

**અર્થ :–** શ્રદ્ધા='આ આમ જ છે (સર્વજ્ઞે પ્રરૂપ્યું તેમ જ છે.)' તેવો સ્વીકાર કરવારૂપ છે.

शौचं=शुचित्वं, तद् द्विविधं–बाह्यमाभ्यन्तरं च । बाह्यं मृज्जलादिभिः कायप्रक्षालनं, आभ्यन्तरं मैत्र्यादिभिश्चित्तमलप्रक्षालनम् ।।२२/२।।

**અર્થ :–** શૌચ=પવિત્રતા/શુદ્ધિ...તે બે પ્રકારે–બાહ્ય અને અભ્યંતર.

માટી, પાણી આદિથી કાયાની શુદ્ધિ તે બાહ્યશુદ્ધિ. મૈત્રી આદિ ભાવનાઓ દ્વારા ચિત્તની મલિનતાઓનું શુદ્ધિકરણ કરવું તે અભ્યંતર શૌચ.

**सन्तोषात् स्वभ्यस्तात् योगिन उत्तमम्=अतिशयितं सौख्यं भवति, यस्य बाह्येन्द्रियप्रभवं सुखं शतांशेनाऽपि न समं ।।२२/४।।**

**અર્થ :–** સારી રીતે કેળવાયેલા સંતોષથી યોગીને એવું અતિશય ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે, જેની સામે બાહ્ય ઇન્દ્રિયજન્યસુખ સોમા ભાગે પણ ન આવે.

**त्वरा=अन्याऽन्यफलौत्सुक्यलक्षणा ।।२२/११।।**

**અર્થ :–** નવા નવા બીજા ફળની ઉત્સુકતાસ્વરૂપ ત્વરા...

**भगवत्प्रवचने तु व्याकुलताहेतुत्वेन निषिद्ध एव श्वास-प्रश्वासरोधः, यथायोगसमाधानमेव प्रवृत्तेः श्रेयस्त्वात्, प्राणरोधपलिमन्थस्याऽनतिप्रयोजनत्वात् ।।२२/१८।।**

**અર્થ :–** પ્રભુશાસનમાં શ્વાસ-પ્રશ્વાસને અટકાવવું એ વ્યાકુળતાનું કારણ હોવાથી તેના માટે મનાઇ ફરમાવેલ છે. મન-વચન-કાયાની યોગની સમાધિ ટકી રહે તેમ પ્રવૃત્તિ કરવી કલ્યાણકર છે. શ્વાસ અટકાવવાના ત્રાસદાયક પુરૂષાર્થનું વિશેષ કોઇ પ્રયોજન નથી...

**स्वरुचिसम्पत्तिसिद्धस्योत्साहस्य योगोपायत्वात् ।।२२/१८।।**

**અર્થ :–** પોતાની રુચિ અનુસાર પ્રાપ્ત સાધન-સામગ્રી આદિ દ્વારા સિદ્ધ ઉછળતો ઉત્સાહ એ યોગનો ઉપાય છે.

**यथा हि मधुरोदकयोगतस्तन्माधुर्याऽनवगमेऽपि बीजं प्ररोहमादत्ते, तथा तत्त्वश्रुतेरचिन्त्यसामर्थ्यात्तत्त्वविषयस्पष्टसंवित्त्यभावेऽपि अतत्त्वश्रवण-त्यागेन तद्योगात् पुण्यवृद्धिः स्यादेव ।।**

**અર્થ :–** જેમ મીઠા પાણીની મીઠાશનું જ્ઞાન ન થવા છતાં મીઠાપાણીથી બીજ અંકુરિત થાય છે, તેમ દીપ્રાદૃષ્ટિવાળા યોગીને તત્ત્વવિષયક સ્પષ્ટ બોધ ન હોવા છતાં પણ તત્ત્વશ્રવણના અચિંત્ય સામર્થ્યથી અતત્ત્વશ્રવણના ત્યાગપૂર્વક તત્ત્વશ્રવણથી પુણ્યની વૃદ્ધિ થાય જ છે.

**समापत्तिरत्र ध्यानजस्पर्शना भण्यते, आदिना तन्नामकर्मबन्ध-विपाक-तद्भावापत्त्युपपत्तिपरिग्रहः ।।२२/२२।।**

**અર્થ :–** સમાપત્તિ અહીં ધ્યાન દ્વારા થતી સ્પર્શના જાણવી. આદિથી તીર્થંકર નામકર્મનો બંધ, તીર્થંકર નામકર્મનો વિપાકોદય, તીર્થંકરપણાની પ્રાપ્તિ, કેવળજ્ઞાનાવસ્થામાં દેશના આદિ જાણી લેવું.

**सद्गुरुपारतन्त्र्याऽभावे मोहमूलाऽनुष्ठानस्य मोहवासनाऽवन्ध्यबीजत्वात् ।।२२/२८।।**

**અર્થ :–** સદ્ગુરુનું પારતંત્ર્ય ન હોય તો મોહગર્ભિત વૈરાગ્યથી થતું અનુષ્ઠાન મોહવાસનાની વૃદ્ધિનું અવંધ્ય કારણ બને છે.

**अनुवादपरोऽप्यागमः, अयोग्यनियोगासिद्धेरिति ।।२२/३२।।**

**અર્થ :–** આગમશાસ્ત્રો યોગ્ય-અયોગ્ય વ્યક્તિઓની પ્રવૃત્તિઓના માત્ર અનુવાદક છે, કારણ કે અયોગ્યને આજ્ઞા કરવામાં કોઇ સિદ્ધિ થતી નથી, યોગ્ય પોતાની પાત્રતા-ઉત્સાહથી સ્વયં પ્રવૃત્ત થાય છે.

**शीले=परद्रोहविरतिलक्षणे ।।२३/३।।**

**અર્થ :–** બીજાનો વિશ્વાસઘાત કરવાથી અટકવારૂપ શીલ છે.

**प्रशमप्रधानेन तपसा क्षीणमार्गानुसारिबोधबाधकमोहमलैः...**

**भविष्यद्विवादबहुलकलिकालयोगिहितार्थं...।।२३/४।।**

**અર્થ :–** મોક્ષમાર્ગને અનુસરનારા તત્ત્વબોધનો બાધક મોહમલ ઉપશમભાવની મુખ્યતાયુક્ત તપથી ક્ષય પામે છે...(તેનું સૂચન થયું). ભવિષ્યમાં થનારા વાદવિવાદબહુલ કલિકાલના યોગીઓના હિત માટે (અહીં કાળની ભયંકરતાથી સાધનાની દુર્લભતા અને પાત્રતાની અલ્પતાનું સૂચન થયું, સાથે સાથે... બિનજરૂરી વિવાદમાં ન પડવા Red Signal આપ્યું...)

**दुष्टकारणप्रभवस्य सत्कार्याऽहेतुत्वात् ।।२३/६।।**

**અર્થ :–** ખરાબ કારણથી ઉત્પન્ન થયેલું કાર્ય ક્યારેય શુભ કાર્યનો હેતુ ન બને...

**कल्पनासहस्रेणाऽपि स्वभावस्याऽन्यथाकर्तुमशक्यत्वात् ।।२३/१०।।**

**અર્થ :–** હજારો કલ્પના કરીને પણ સ્વભાવને બદલાવવો શક્ય નથી.

**निरतिशयितगुणवत्त्वेन प्रतिपत्तेः वस्तुतः सर्वज्ञविषयकत्वात्,**

**गुणवत्ताऽवगाहनेनैव तस्या भक्तित्वाच्च ।।२३/१५।।**

**અર્થ :–** સર્વોત્કૃષ્ટ ગુણવાનરૂપે જેનો સ્વીકાર કરવામાં આવે, તે વાસ્તવમાં સર્વજ્ઞ જ હોય. સર્વોત્કૃષ્ટ ગુણવાનપણે સ્વીકાર કરવો તે જ સાચી ભક્તિ છે.

**गुणस्थानपरिणतितारतम्येऽपि तेषां योगिनां**
**एकोऽध्वा=एक एव मार्गः ।।२३/२६।।**

**અર્થ :–** ગુણસ્થાનકની પરિણતિની તરતમતા હોવા છતાં (પરિણતિના કારણે યોગીઓની અવસ્થામાં, માન્યતામાં, અનુષ્ઠાનમાં ભેદ હોવા છતાં) યોગીઓનો માર્ગ એક જ છે...

**आर्यापवादस्याऽनाभोगजस्याऽपि महापापनिबन्धनत्वात् ।।२३/२९।।**

**અર્થ :–** અજાણતા પણ આર્ય (ઉત્તમ) પુરૂષોની નિંદા થાય તે મહાપાપનું કારણ બને છે.

**क्वचिदपि ग्रहस्याऽसङ्गानुष्ठानप्रतिपन्थित्वेनाऽश्रेयस्त्वादिति ।।२३/३२।।**

**અર્થ :–** ક્યાંય પણ ઊભો થતો આગ્રહ અસંગ અનુષ્ઠાનનો વિરોધી હોવાથી અકલ્યાણકર છે, કલ્યાણકર નથી.

**नाऽनुपहत्य भूतानि भोगः सम्भवति, ततश्च पापं,**
**ततो दारुणदुःखपरम्परा ।।२४/५।।**

**અર્થ :–** જીવોની હિંસા કર્યા વિના ભોગ સંભવિત નથી, હિંસાથી પાપ બંધાય છે, અને પાપોદયથી ભયાનક દુ:ખોની હારમાળા ઊભી થાય છે.

**व्यवहारतः सुशीलत्व-कुशीलत्वाभ्यां द्वयोर्विभेदेऽपि**
**निश्चयतः संसारप्रवेशकत्वेन कुशीलत्वाऽविशेषात् ।।२४/५।।**

**અર્થ :–** વ્યવહારથી સારા શીલવાળુ કે ખરાબ શીલવાળાપણાથી પુણ્ય-પાપ બન્નેમાં ભેદ હોવા છતાં નિશ્ચયનયથી બન્ને સંસારમાં જ લઇ જનારા હોવાથી કુશીલ જ છે.

**निश्चयतो येनांशेन ज्ञानादिकं तेनांशेनाऽबन्धनमेव,**
**येन च प्रमादादिकं तेन बन्धनमेव ।।२४/६।।**

**અર્થ :–** નિશ્ચયનયથી તો ભોગસુખાદિ પ્રવૃત્તિમાં-સંવેદનમાં જે અંશે જ્ઞાનઆદિ રહ્યા છે, તે અંશથી બંધન નથી જ, જે અંશથી પ્રમાદાદિ રહેલા હોય, તે અંશમાં તે બંધનસ્વરૂપ જ છે.

**कर्माऽऽक्षिप्तत्वेन निर्बला भोगशक्तिः अनवरतस्वरसप्रवृत्तत्वेन**
**बलीयसीं धर्मशक्तिं न हन्ति, विरोधिनोऽपि**
**निर्बलस्याऽकिञ्चित्करत्वात्।।२४/१५।।**

**અર્થ :–** સતત પોતાના સ્વયંભૂ ઉત્સાહ અને આદરપૂર્વકની પ્રવૃત્તિ દ્વારા બળવાન બનેલી ધર્મશક્તિને માત્ર કર્મથી જ ખેંચાઇને લવાયેલી હોવાથી

નિર્બળ એવી ભોગશક્તિ હણી શક્તી નથી. વિરોધી હોવા છતાં નિર્બળ હોય તે નુકશાનકારક ન બની શકે.

**ध्यानजमेव तत्त्वत: सुखं, न तु पुण्योदयभवमपि ।।२४/१९।।**

**અર્થ :–** તાત્વિકપણે (વાસ્તવિક રીતે) ધ્યાનથી ઉત્પન્ન થતું સુખ જ સાચું સુખ છે, પુણ્યોદયજન્ય નહીં...

**न च आत्मदर्शनहेतुक: स्नेह: किंतु**

**कर्मोदयोद्भवो=मोहनीयकर्मोदयनिमित्तक: ।।२५/१०।।**

**અર્થ :–** આત્મદર્શનના કારણે બાહ્યરાગ નથી થતો પરંતુ મોહનીય કર્મના ઉદયથી થાય છે.

**निरुपक्रमकर्मणामेव भोगैकनाश्यत्वम् ।।२५/३१।।**

**અર્થ :–** નિકાચિત કર્મો જ-ભોગવવાથી જ નાશ પામે તેવા હોય છે. બાકીના બધા યોગસાધનાથી નાશ પામી શકે છે.

**समाधिविघ्ना – व्युत्थाने सिद्धय:...।।२६/११।।**

**અર્થ :–** વ્યવહારશામાં જે સિદ્ધિઓ કહેવાય છે, તે સમાધિદશામાં વિઘ્નરૂપ છે.

**सिद्धयश्च समाधे: प्रकर्षं गच्छत: सती विघ्ना:,**

**हर्ष-विस्मयादिकरणेन तच्छिथिलीकरणात् ।।२६/११।।**

**અર્થ :–** પ્રકર્ષ પામતી સમાધિ માટે સિદ્ધિઓ વિઘ્નરૂપ છે, કારણ કે હર્ષ, વિસ્મય આદિમાં ખેંચી જઇ સમાધિને નબળી કરી નાખે છે.

**विहितानुष्ठानप्रणिधानमात्रसंयमेनैव मोहक्षयात्तदुपपत्ते: । (अनन्तज्ञानोपपत्ते:)। केवलमात्मप्रणिधानपर्यवसान एव सर्व: संयम: फलवानित्यात्मनो ज्ञेयत्वं विना सर्वं विलूनशीर्णं भवेद्।।२६/२२।।**

**અર્થ :–** શાસ્ત્રવિહિત અનુષ્ઠાનો વિશે પ્રણિધાનરૂપ સંયમથી જ મોહનીય કર્મનો ક્ષય, તેના દ્વારા અનન્ત વિષયોનું જ્ઞાન થઇ શકે છે.

ફક્ત આત્માના જ પ્રણિધાનથી સંપૂર્ણ સંયમ સફળ થઇ શકે છે માટે આત્માને જ્ઞાનનો વિષય બનાવ્યા વિના તો બધું જ ભાંગી પડે.

**प्राग्जन्मकृतपाप्मनां पुन: प्रायश्चित्तं योग: तन्नाशकत्वात् तस्य ।।२६/२३।।**

**અર્થ :–** પૂર્વજન્મમાં કરેલા પાપોનું પ્રાયશ્ચિત્ત પણ યોગ છે, કારણ કે પ્રાયશ્ચિત્ત તેનું નાશક છે.

**व्युत्सृष्टो भावप्रतिबन्धाभावेन त्यक्तश्च विभूषाकरणेन देहः ।।२७/८।।**
**અર્થ :–** ભાવથી મમત્વ અભાવથી દેહનું વ્યુસર્જન કર્યું હોય, અને શરીર શણગારના ત્યાગથી દેહનો ત્યાગ કર્યો હોય તે સાચો સાધુ.

**निर्ममभावेन=आकालं सकलपरिग्रहोपादानशून्यचिदानन्दैकमूर्तिक-शुद्धात्मस्वभावानुभवजनितेन निर्ममत्वेन ।।२७/९।।**
**અર્થ :–** નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા ક્યારેય પણ શરીરાદિ કોઇ પણ પરદ્રવ્યને માલિકીમાં લેતો નથી. તેથી અનાદિકાળથી સર્વપરિગ્રહસ્વીકારથી રહિત માત્ર જ્ઞાનાનંદમય શુદ્ધ આત્મસ્વભાવના અનુભવથી રચાયેલ નિર્મમત્વભાવ હોય છે.

**प्रवचनप्रसिद्धनामादिन्यासेनैव निर्विघ्नदीक्षानिर्वाहात् ।।२८/४।।**
**અર્થ :–** સિદ્ધાન્તમાં પ્રસિદ્ધ નામ આદિની સ્થાપનાથી જ નિર્વિઘ્નપણે દીક્ષાનો નિર્વાહ થાય છે.(પાર પડે છે.)

**वचनाऽनुष्ठानात् अध्ययनाद्यभिरतिलक्षणाद् ।।२८/७।।**
**અર્થ :–** વચન અનુષ્ઠાન—અધ્યયનાદિ આરાધનામાં અભિરતિ=અનુરાગ / પ્રસન્નતારૂપ છે.

**ममत्वाऽरत्यानन्दाद्यनाक्रान्तसच्चिदानन्दमयशुद्धात्मस्वभावाऽचरणरूपत्वे इयं दीक्षा शुद्धोपयोगरूपा ।।२८/२५।।**
**અર્થ :–**મમત્વ, અરતિ, આનંદ(રતિ) આદિથી નહીં આવરાયેલા શુદ્ધ જ્ઞાનાનંદ-મય આત્મસ્વભાવનું આચરણ કરવાસ્વરૂપ ભાવદીક્ષા શુદ્ધ ઉપયોગસ્વરૂપ છે.

**न हि चित्तनिरोधमात्रमेव ध्यानमभ्युपेमः,**
**किं तु करणदृढसुव्यापारमपीति ।।२८/२८।।**
**અર્થ :–** અમે સ્યાદ્વાદમતાવલંબીઓ માત્ર ચિત્તનિરોધને ધ્યાનરૂપે નથી સ્વીકારતા, પરંતુ ઇન્દ્રિયોના સુદૃઢ પ્રવર્તનને પણ ધ્યાન માનીએ છીએ...

**ज्ञानाद्यप्रकर्षेऽपि ज्ञानवत्पारतन्त्र्ययोग्यतया तदुपपत्तेः ।।२८/२९।।**
**અર્થ :–** અગીતાર્થ આત્મામાં જ્ઞાનઆદિની વિરાટતા કે ઉચ્ચતા ન હોવા છતાં જ્ઞાનીની પરતંત્રતારૂપ યોગ્યતાના કારણે જ્ઞાનાદિની ઊંચાઇ તેમનામાં સંગત થઇ શકશે.

**ज्ञानादीनां विनयत्वं पूर्वकर्मविनयनादुत्तरकर्माऽबन्धाच्च ।।२९/२।।**

**અર્થ :–** જ્ઞાન–દર્શન વગેરે પૂર્વે બાંધેલા કર્મોના નાશ કરવાથી અને નવા કર્મોનો બંધ અટકાવવાથી વિનયરૂપ બતાવ્યા છે.

**यस्यान्तिके सिद्धान्तपदानि पठेत् अस्य सन्ततमपि कायवाङ्मनसां शुद्ध्या उत्तमं विनयं कुर्यात्, न तु सूत्रग्रहणकाल एव, कुशलाऽनुबन्धव्यवच्छेद-प्रसङ्गात् ।।२९/१२।।**

**અર્થ :–** જેમની પાસે આગમશાસ્ત્રો, ધર્મશાસ્ત્રો ભણ્યા, તેમનો સતત કાયમ માટે મન-વચન-કાયાની વિશુદ્ધિથી ઉત્તમ વિનય કરે, માત્ર સૂત્ર ભણતી વખતે નહીં...નહિંતર કુશલાનુબંધ (પુણ્યાનુબંધીપણું) નાશ પામે.

**केवलज्ञानप्रतिबन्धकत्वेन घातिकर्मोदयोद्भवानामज्ञानादीनामेव दोषत्वं, न तु क्षुधादीनाम् ।।३०/८।।**

**અર્થ :–** કેવળજ્ઞાનને અટકાવતા હોવાથી ઘાતિકર્મના ઉદયથી ઉત્પન્ન થતા અજ્ઞાનાદિ જ દોષરૂપ છે, ભૂખ-તરસ આદિ નહીં...

**मोहाभिव्यक्तचैतन्यस्य संज्ञापदार्थत्वात् ।।३०/१०।।**

**અર્થ :–** મોહનીય કર્મની અભિવ્યક્તિથી યુક્ત ચૈતન્ય તે સંજ્ઞાપદનો અર્થ છે.

**सर्वेषामेव कर्मणां परिणामदुःखहेतुत्वात्,**
**स्वाऽभावनियतसुखानामेव तैर्बाधनम् ।।३०/१९।।**

**અર્થ :–** તમામ કર્મો પરિણામે દુઃખનું જ કારણ બને છે, વળી તે પોતાના અભાવમાં જ આવતા સુખોને જ બાધિત કરે છે.

**क्वचिद्बहिरिन्द्रियव्यापाराभावेऽपि मनोमात्रव्यापारेण सदसच्चिन्ता-भ्यामेव तयोरुत्पत्तेः । क्वचिच्च तस्याऽप्यभावे आध्यात्मिकदोषोपशम-मोद्रेकाभ्यामेव तदुत्पत्तेर्दर्शनाद् ।।३०/१४।।**

**અર્થ :–** ક્યારેક બાહ્ય ઇન્દ્રિયની પ્રવૃત્તિ ન હોવા છતાં માત્ર મનના વ્યવહારથી સારી-ખોટી ચિંતાથી જ આધ્યાત્મિક=માનસિક સુખ-દુઃખ ઉત્પન્ન થાય છે. ક્યારેક તો મનની પ્રવૃત્તિ ન હોય તો પણ માત્ર આધ્યાત્મિક દોષોના ઉપશમથી આધ્યાત્મિક સુખ અને આધ્યાત્મિક દોષોના ઉછાળાથી આધ્યાત્મિક દુઃખની ઉત્પત્તિ થતી દેખાય છે.

**सर्वथा कृतार्थत्वं चाऽस्य (केवलिनो) मुक्तौ व्यवतिष्ठते ।।३१/१।।**

**અર્થ :–** કેવળજ્ઞાની ભગવંતની સર્વથા કૃતકૃત્યતા મોક્ષમાં હોય છે.

**शमादिसम्पत्तेः पूर्वसेवया योगप्रवृत्तेः प्रागपि सम्भवात् ।**
**योगप्रवृत्तेरतिशयितशमादिसम्पादकत्वेनैव फलवत्त्वात् ।**
**सामान्यतस्तु तत्र कर्मविशेषक्षयोपशम एव हेतुः ।।३१/५।।**

**અર્થ :–** (પ્રવ્રજ્યાદિ) યોગપ્રવૃતિની પહેલા પણ પૂર્વસેવાથી શમ-દમ વિગેરે ગુણોની પ્રાપ્તિ શક્ય છે. યોગપ્રવૃત્તિ વિશિષ્ટ કક્ષાના (અદ્‌ભૂત-ઉત્કૃષ્ટ) શમ-દમ આદિ ગુણોને વિકસાવવા દ્વારા જ સફળ બને છે. સામાન્યતયા શમાદિ ગુણોની પ્રાપ્તિનો હેતુ તે-તે ચોક્કસ પ્રકારનો કર્મ ક્ષયોપશમ જ છે.

**भव्यत्वाऽभव्यत्वशङ्कयैव भव्यत्वनिश्चयेन प्रवृत्त्यप्रतिबन्धात् ।।३१/७।।**

**અર્થ :–** 'હું ભવ્ય છું કે અભવ્ય ?' – આવી શંકાથી જ ભવ્યપણાનો નિર્ણય થઇ જાય છે. (આવી શંકા ભવ્યને જ થઇ શકે.) તેનાથી યોગપ્રવૃત્તિનો ઉત્સાહ અકબંધ રહેવાથી–યોગસાધનામાં અંતરાય નહીં થાય...

**षड्दर्शनसमूहमयत्वस्य जैनदर्शने सम्मतिसम्मतत्वात् ।।३१/१८।।**

**અર્થઃ**–જૈન દર્શન છ એ દર્શનના સમૂહમય છે–આવું સમ્મતિતર્ક આદિને સંમત છે.

**सुखेच्छया वैराग्यस्येव दुःखद्वेषात् प्रशान्तत्वस्यापि व्याहतिः ।।३१/२४।।**

**અર્થ :–** સુખની ઇચ્છાથી વૈરાગ્યનો નાશ, તો દુઃખના દ્વેષથી પ્રશાંતપણાનો નાશ થાય છે.

## દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા
### (સારસંગ્રહ)

**સમાપ્ત...**

લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે,
સદ્ભાગ્યને વધાવી જ લઇએ...

તીર્થંકર ભગવંતના કેવળજ્ઞાનનો સાર
ગણધર ભગવંતોએ આગમમાં ગુંથ્યો,
ગહનતમ આગમોનો સાર
પૂજ્યપાદ હરિભદ્રસૂરિજી મહારાજાએ
પ્રકરણ ગ્રંથોમાં ગુંથ્યો,
કઠિનતમ હારિભદ્રીય ગ્રંથોનો સાર
મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે
બત્રીશ-બત્રીશી ગ્રંથમાં ગુંથ્યો...
આવો, સરળતમ ભાષામાં
ગહનતમ પદાર્થોનું જ્ઞાન મળી રહ્યું છે–
ત્યારે જિનશાસનની અધ્યાત્મ સમૃદ્ધિની
શ્રીમંતાઈનો અદ્ભૂત અનુભવ માણી લઈએ...

**પાનું ફરે, અમૃત ઝરે...**

Shubhay 98205 30299